## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
## સંલગ્ન એમ.ફિલ. ઇન ગુજરાતી (ઇન્ડિયન લિટરેચર)ની
## પદવી માટે લઘુશોધ નિબંધ

:: શીર્ષક ::

# ''સર્જક મધુકાન્ત કલ્પિત : એક અભ્યાસ''



:: પ્રસ્તુતકર્તા ::

ગાયત્રીબેન ધીરૂભાઇ પટેલ
મુ.પો. આછવણી
તા. ખેરગામ, જિ. નવસારી-૩૯૬૦૪૦

:: માર્ગદર્શકશ્રી ::

ડૉ. રાજેશ મકવાણા
(એમ.એ., એમ.ફિલ., પીએચ.ડી.)
ગુજરાતી વિભાગ,
મ્યુનિ. આર્ટ્સ એન્ડ અર્બન સાયન્સ કોલેજ,
મહેસાણા-૩૮૪૦૦૨
હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ

:: કો-ઓર્ડિનેટરશ્રી ::

ડૉ. અમૃતભાઇ પી. પટેલ
એમ.ફિલ. ઇન ગુજરાતી
સંસ્કૃત અને ભારતીયવિદ્યા ભવન,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવિર્સિટી,
પાટણ-૩૮૪૨૬૫

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

વર્ષ : ૨૦૧૭-૨૦૧૮

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
# પાટણ, એમ.ફિલ. ઇન ગુજરાતી,
# પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫



## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન એમ.ફિલ. ઈન ગુજરાતી લિટરેચરમાં અભ્યાસ કરતા **પટેલ ગાયત્રીબેન ધીરૂભાઇ** એમ.ફિલ. ઈન ગુજરાતી લિટરેચરની પદવી મેળવવા માટે પ્રસ્તુત લઘુશોધ નિબંધ **''સર્જક મધુકાન્ત કલ્પિત : એક અભ્યાસ''** તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધન કાર્ય છે. તેમને પ્રા. ડૉ. રાજેશ મકવાણા સાહેબના માર્ગદર્શન હેઠળ આવશ્યક અધ્યયન પરામર્શ નિષ્ઠાપૂર્વક કરેલ છે.

**બેઠક નંબર** : ૬
**પરીક્ષા બેઠક નંબર** :
**સ્થળ** : પાટણ
**તારીખ** : / /૨૦૧૮

**:: માર્ગદર્શકશ્રી ::**
**ડૉ. રાજેશ મકવાણા**
(એમ.એ., એમ.ફિલ., પીએચ.ડી.)
ગુજરાતી વિભાગ,
મ્યુનિ. આર્ટ્સ એન્ડ અર્બન સાયન્સ કોલેજ,
મહેસાણા-૩૮૪૦૦૨
હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ

**:: અધ્યક્ષશ્રી ::**
**ડૉ. અમૃતભાઇ પી. પટેલ**
એમ.ફિલ. ઈન ગુજરાતી
સંસ્કૃત અને ભારતીયવિદ્યા ભવન,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવિર્સિટી,
પાટણ-૩૮૪૨૬૫

**વર્ષ : ૨૦૧૭-૨૦૧૮**

# નિવેદન

હું એક નશ્વર દેહ ધરાવતી માનવી છું. આપણે બધા જાણીએ છીએ કે માનવી એ સ્વયંસંપૂર્ણ નથી. કારણ કે તે ઈશ્વર નથી માનવીને જીવનમાં સફળ થવા માટે કોઈને કોઈની મદદની જરૂર હોય છે. તે જ રીતે એના કાર્યને પાર પાડવામાં ઘણાં પરિબળો મદદરૂપ થાય છે. મારા આ લઘુશોધનિબંધને હું સમયસર પૂર્ણ કરી શકી તે માટે પણ ઘણાં બધાં પરિબળોનું યોગદાન છે. આવા આ શુભપ્રસંગે જો હું આ બધાં પરિબળોનો કે વ્યક્તિઓનો ઋણ ન સ્વીકારું તો હું કૃતઘ્ની ગણાવું. તેથી હું આ બધી વ્યક્તિઓનો આભાર માનું છું.

સૌપ્રથમ આ સુંદરતમ વિશ્વમાં એ સજીવ વ્યક્તિરૂપે મને દેહરૂપી જીવન આપનાર ઈશ્વરનો હું પરમ આભાર માનું છું.

આ શોધનિબંધ હું સમયસર પૂર્ણ કરી શકી છું. જે માટે મારા ગુરુવર્ય ડૉ. રાજેશ મકવાણા સાહેબનો ખૂબ જ મહત્ત્વનો ફાળો છે મને યોગ્ય વિષયની પસંદગી કરવામાં અને મારા વિષય સંબંધી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં એમણે મને ખૂબ જ મદદ કરી છે. એવા મારા ગુરુવર્ય ડૉ. રાજેશ મકવાણા સાહેબની હું હૃદયપૂર્વક આભારી છું.

આ ઉપરાંત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના આચાર્યશ્રી અન્ય ગુરુજનો ખાસ કરીને સાહેબે આપેલી બુકો, લાયબ્રેરી, હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના કર્મચારીગણ ટાઈપ કરનાર અને ગ્રંથને પ્રસ્તુતી યોગ્ય રૂપ આપનાર સર્વની હું આભારી છું.

મારા કુટુંબીજનો જેમાં ખાસ કરીને મારા પતિ કે જેમણે મને આ શોધનિબંધ સમયસર પૂર્ણ કરવા માટે બધી જ સગવડો કરી આપી. તે જ રીતે મારા માતા-પિતા, દાદા-દાદી તેમજ ભાઈ બધાની હું હૃદયપૂર્વક ખૂબ આભારી છું.


મારા અભ્યાસ અને લેખનને યોગ્ય દિશામાં વાળી સૂચક માહિતી પૂરી પાડનાર સર્વની હું ઋણી રહીશ.

**સ્થળ : આછવણી**

**તા. :**

**અધ્યેત્રી**

**(ગાયત્રીબેન ડી. પટેલ)**



## મધુકાન્ત કલ્પિત

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ❖ | મુખપૃષ્ઠ | I |
| ❖ | પ્રમાણપત્ર | II |
| ❖ | નિવેદન | III |
| ❖ | અનુક્રમણિકા | IV |

| પ્રકરણ નંબર | પ્રકરણનું નામ અને વિગત | પાન નં. |
|---|---|---|
| ❖ | **પ્રસ્તાવના** | ૧-૪ |
| **પ્રકરણ-૧** | **મધુકાન્ત કલ્પિત : જીવન અને સર્જન** | ૫-૩૨ |
| ❖ | પ્રસ્તાવના | ૬ |
| ❖ | જન્મ અને બાળપણ | ૭ |
| ❖ | શિક્ષણ | ૯ |
| ❖ | લગ્નજીવન | ૯ |
| ❖ | લેખનમાં પગરણ | ૧૦ |
| ❖ | વ્યક્તિત્વને ઘડનારાં પરિબળો | ૧૦ |
| ❖ | મધુકાન્ત કલ્પિતનું કવિકર્મ | ૧૩ |
| ❖ | શ્રી મધુકાન્ત કલ્પિતનું સાહિત્યક્ષેત્રે પ્રદાન | ૧૪ |
| ❖ | એવોર્ડ | ૧૭ |
| ❖ | સાહિત્ય સર્જન | ૧૮ |
| ❖ | પાદટીપ | ૩૨ |
| **પ્રકરણ-૨** | **કવિ મધુકાન્ત કલ્પિત** | ૩૩-૧૦૭ |
| ❖ | ગીતકવિ મધુકાન્ત કલ્પિત | ૩૪ |
| ❖ | વેદનાનો તરજુમો | ૬૪ |
| ❖ | અસ્તિત્વની આત્માનું ભૂતિનું ગીત | ૭૬ |
| ❖ | નારીજીવનની કરુણતા વ્યકત કરતા ગીતો | ૮૨ |
| ❖ | માનવીય ગરીમા સ્થાપવા માટે મથતી કવિતા | ૮૫ |

| પ્રકરણ નંબર | પ્રકરણનું નામ અને વિગત | પાન નં. |
|---|---|---|
| ❖ | કેસરિયા ટશરનું આકાશ (૧૯૭૯) | ૯૧ |
| ❖ | શ્વાસોચ્છવાસના કવિ મધુકાન્ત કલ્પિત | ૧૦૦ |
| ❖ | પાદટીપ | ૧૦૭ |
| **પ્રકરણ-૩** | **વિવેચક મધુકાન્ત કલ્પિત** | **૧૦૮-૧૨૧** |
| **પ્રકરણ-૪** | **મધુકાન્ત કલ્પિતનું અન્ય પ્રદાન** | **૧૨૨-૧૭૭** |
| ❖ | વાર્તાકાર મધુકાન્ત કલ્પિત | ૧૨૩ |
| ❖ | ‘કુળકથા’ વાર્તા | ૧૩૧ |
| ❖ | ‘હુતાશન’ વાર્તા | ૧૩૫ |
| ❖ | ‘લાખું’ વાર્તાની કથાવસ્તુ | ૧૩૯ |
| ❖ | ‘માણસ બની ગયો’ વાર્તા | ૧૫૦ |
| ❖ | ‘મનજી’ વાર્તા | ૧૫૧ |
| ❖ | મધુકાન્ત કલ્પિના રેખાચિત્રો | ૧૫૪ |
| ❖ | ‘મા જૂજવા રૂપે’ | ૧૫૪ |
| ❖ | ‘મધુકાન્ત કલ્પિતનું ફૂમતું’ | ૧૫૭ |
| ❖ | લઘુનવલકથા | ૧૬૬ |
| | ⇨ ‘તમને કયાંક જોયાનું યાદ’ નવલકથા | ૧૬૬ |
| ❖ | પાદટીપ | ૧૭૬ |
| **પ્રકરણ-૫** | **ઉપસંહાર** | **૧૭૮-૧૮૬** |
| ❖ | **પરિશિષ્ટ-૧ : રૂબરૂ મુલાકાત** | **૧૮૭-૧૯૬** |
| ❖ | **પરિશિષ્ટ-૨ : ફોટોગ્રાફ્સ** | **૧૯૭** |
| ❖ | **પરિશિષ્ટ-૩ : સંદર્ભ સૂચિ** | **૧૯૮-૧૯૯** |

# પ્રસ્તાવના

આપણા જીવનમાં સાહિત્યકારો મળે એ ખૂબ જ મહત્ત્વનું છે. સાહિત્યકારોના માનવહૃદયને વિશેષરૂપે ઉઘાડું કરનારું એમનું શ્રેષ્ઠ ઉપાદાન છે. શાળાના અભ્યાસકાળ દરમિયાન ગુજરાતી સાહિત્યના કવિ અને લેખકો જેવા કે ઉમાશંકર જોશી, સુંદરમ, રાજેન્દ્રશાહ, બી. કેશરશિવમ, મણિલાલ હ. પટેલ વગેરે જેવા સાહિત્યકારોનો પરિચય, કૃતિઓનો અભ્યાસ અધ્યાપકો સરસ રીતે કરાવતા હતા. ત્યારથી કૃતિઓને મારા સૂક્ષ્મભાવથી  સમજવાની તેની ગહરાઈમાં ઊતારવાની મારી કુતૂહલતા વધતી હતી. એમ.ફિલ.નાં પ્રવેશ મેળવ્યો. અને સદ્‌ભાગ્યે માર્ગદર્શક તરીકે ડૉ. રાજેશ મકવાણા સાહેબને પામી શકી વિષય પસંદગી અર્થે મારે તેમની પાસે જવાનું થયું. તેમણે મને મારા પસંદગીના સાહિત્ય વિશે પૂછ્યું, તેમને ગદ્યમાં રસ છે કે પદ્યમાં ? ત્યારે મારી રુચિ મુજબ સહેજે મારા મુખમાંથી શબ્દ સરી પડ્યો ‘પદ્યમાં’.

મારા ગુરુવર્યે ડૉ. રાજેશ મકવાણા સાહેબે ‘સર્જક મધુકાન્ત કલ્પિત : એક અભ્યાસ’ વિષય સૂચવ્યું આ વિષયમાં કાવ્ય ગમતું સ્વરૂપ તો ખરું પણ કાવ્યને  કયા સંદર્ભે મૂલવવું ? કયા પ્રકારને મૂલવવો ? એવા પ્રશ્નો મારા મનમાં ગડમથલ સર્જી રહ્યા હતા. ત્યારે મારા ગુરુવર્યે ડૉ. રાજેશ મકવાણા સાહેબે યોગ્ય સલાહ આપી અને ઉપર મુજબનો વિષય તૈયાર કરી આપ્યો. મેં ‘સર્જક મધુકાન્ત કલ્પિત : એક અભ્યાસ’ એ વિષયને જ ઉત્સાહ અને પ્રસન્નતાથી સ્વીકારી લીધો.

આ વિષયમાં મધુકાન્ત કલ્પિતનું જન્મથી હાલ સુધીનું આલેખન કરવામાં આવ્યું છે. મધુકાન્ત સૌ પ્રથમ તો દલિત સાહિત્યકાર તરીકે ઓળખાય છે. સૌપ્રથમ ગીતોમાં દલિત વેદનાને સૌપ્રથમ આલેખે છે. વાર્તા, કવિતા, નવલકથા વગેરે જેવા સાહિત્ય સ્વરૂપોમાં ખેડાણ કરે છે. પીડા, વેદના, અત્યાચારનું એમણે ગીતો દ્વારા આલેખન કર્યું છે. જેને મારી સમજશક્તિ

પ્રમાણે મૂલવવાનો પ્રયાસ કર્યો છે.

આમ 'સર્જક મધુકાન્ત કલ્પિત : એક અભ્યાસ' નામનાં લઘુશોધ નિબંધને મેં પાંચ પ્રકરણોમાં વિભાજીત કર્યાં છે.

પ્રકરણ-૧ મધુકાન્ત કલ્પિત : જીવન અને સર્જન

પ્રકરણ-૨ કવિશ્રી મધુકાન્ત કલ્પિત

પ્રકરણ-૩ વિવેચક શ્રી મધુકાન્ત કલ્પિત

પ્રકરણ-૪ મધુકાન્ત કલ્પિતનું અન્ય પ્રદાન

પ્રકરણ-૫ ઉપસંહાર

## પ્રકરણ-૧

## મધુકાન્ત કલ્પિત : જીવન અને સર્જન

પ્રસ્તુત પ્રકરણમાં મધુકાન્ત કલ્પિતનું જીવન અને સર્જક વ્યક્તિત્વનું આલેખન કરવામાં આવ્યું છે. મધુકાન્ત કલ્પિતનો જન્મ લાંઘણજ ગામમાં ૧૯૪૫માં ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં બાળપણ, પ્રાથમિક શિક્ષણ વતનમાં જ વિકસ્યું અને સ્નાતક અમદાવાદમાં (માનસશાસ્ત્ર) વિષયમાં કર્યું. એમણે લેખનનો પ્રારંભ ૧૯૬૪ થી 'અડધે રસ્તે અડવાણી' થી કર્યો. કવિનું કવિકર્મ એમના મળેલા પારિતોષિક એવોર્ડથી માહિતી, સાહિત્ય સર્જનની પ્રેરણા તેમજ જુદી જુદી વ્યક્તિઓનો તેમના સાહિત્ય પર પડેલો પ્રભાવ, તથા સાહિત્યના વિવિધ ક્ષેત્રો જેવા કે કવિતા, વાર્તા, નવલકથા, રેખાચિત્રોમાં કરેલું પ્રદાન ઇત્યાદિની ચર્ચા કરવામાં આવી છે.

## પ્રકરણ-૨

## કવિશ્રી મધુકાન્ત કલ્પિત

ગુજરાતી સાહિત્યમાં ગીતોમાં સૌપ્રથમ દલિતસાહિત્યનો પ્રયોગ કરનાર મધુકાન્ત કલ્પિતે ત્રણ કાવ્યસંગ્રહો આપ્યા. 'કેસરિયા ટશરનું આકાશ' (૧૯૭૯), 'તરજુમો' ૨૦૦૮, 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે.'

(૨૦૦૮)માં ગીતકવિ તરીકે સુખ્યાત છે. જેમાં દલિતો-પીડિતોની વેદના વ્યક્ત કરતા ગીતો, અસ્તિત્વની આભાનુભૂતિમાં ગીતો, નારીજીવનની કરુણતા વ્યક્ત કરતા ગીતો, સપનાને ઉદ્દેશીને લખાયેલા ગીતો, શૃંગાર મૂલક પ્રકૃતિગીતો જેવા ગીતોમાં કવિએ કલ્પનોમાં શ્વાસોચ્છવાસમાં લખેલા ગીતોના કાવ્યસૌંદર્યની સમીક્ષા કરી છે.

## પ્રકરણ-૩

## વિવેચકશ્રી મધુકાન્ત કલ્પિત

'પ્રત્યક્ષ' વિવેચન દલિત સાહિત્યના આસ્વાદમૂલક લેખોનો સંગ્રહો કરતો ૧૫ લેખોનાં સંગ્રહો છે. દલિતોની વેદના, આક્રોશ, અત્યાચારની ચર્ચા સંક્ષિપ્તમાં માહિતી આપી છે.

## પ્રકરણ-૪

## મધુકાન્ત કલ્પિતનું અન્ય પ્રદાન

પ્રસ્તુત પ્રકરણમાં વાર્તાકાર મધુકાન્ત કલ્પિતે 'અધૂરો પુલ', 'લાખું', 'કુળકથા', 'માણસ બની ગયો', 'હુતાશન', 'રમતી', 'ચંદા' જેવી વાર્તામાં દલિત સ્ત્રીનું શોષણ વર્ગભેદ, શોષાતો વર્ગનું આલેખન, અંધશ્રધ્ધાને નિવારવાની કથાનું આલેખન કરતી વાર્તાનો ઉલ્લેખ કરવામાં આવ્યા છે. મધુકાન્ત કલ્પિતમાં રેખાચિત્રો 'મા જૂજવા રૂપે', માની વ્યાકુળતા ભાવ, દયાને સવર્ણ સ્ત્રીઓ દ્વારા થતું શોષણ અને 'મધુકાન્ત કલ્પિતનું ફૂમતું' પુત્રી પ્રિયંકાનું કવયિત્રી બન્યા ત્યાં સુધીનું આલેખન કરવામાં આવ્યું છે. સહનવલકથા 'તમને ક્યાંક જોયાનું યાદ' (૧૯૯૦) રશ્મિન્ પટેલ સાથે સહનવલકથામાં બિન્દુના મનોસંચલનો પ્રકૃતિ વર્ણનો દ્વારા અભિવ્યક્ત કરી સંક્ષિપ્તમાં નિરૂપણ કરવામાં આવ્યું છે.

# પ્રકરણ-૫

## ઉપસંહાર

લઘુશોધ નિબંધના તારણો રજૂ કરી મૂલ્યાંકન સહિત રજૂ કરવામાં આવ્યા છે.

અંતે,

પરિશિષ્ટ-૧ માં મધુકાન્ત કલ્પિત સાથેની મુલાકાત

પરિશિષ્ટ-૨ ફોટોગ્રાફ્સ

પરિશિષ્ટ-૩ માં ઉપયોગી બનેલ (૧) સહાયક ગ્રંથો, (૨) આધાર ગ્રંથો, (૩) સામયિક/લેખ રજૂ કરીને શોધનિબંધનું કાર્ય પૂર્ણ કરેલ છે.

અસ્તુ

**પટેલ ગાયત્રીબેન ડી.**

**અધ્યેત્રી**

# પ્રકરણ : ૧

# મધુકાન્ત કલ્પિત : જીવન અને સર્જન

- ❖ પ્રસ્તાવના
- ❖ જન્મ અને બાળપણ
- ❖ શિક્ષણ
- ❖ લગ્નજીવન
- ❖ લેખનમાં પગરણ
- ❖ વ્યક્તિત્વને ઘડનારાં પરિબળો
- ❖ મધુકાન્ત કલ્પિતનું કવિકર્મ
- ❖ શ્રી મધુકાન્ત કલ્પિતનું સાહિત્યક્ષેત્રે પ્રદાન
- ❖ એવોર્ડ
- ❖ સાહિત્ય સર્જન
- ❖ કવિ તરીકે
  - (૧) કેસરિયા ટશરનું આકાશ (૧૯૭૯)
  - (૨) તરજુમો : ૨૦૦૮
  - (૩) 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' (૨૦૦૮)
- ❖ નવલકથા : 'તમને ક્યાંક જોયાનું યાદ' (સહનવલ) ૧૯૯૦
- ❖ વિવેચન : પ્રત્યક્ષ (લેખસંગ્રહ - ૨૦૦૮)
- ❖ વાર્તાકાર તરીકે
  - (૧) 'લાખુ' વાર્તા
  - (૨) 'કુળકથા' વાર્તા
  - (૩) 'હુતાશન' વાર્તા
  - (૪) 'મનજી વાર્તા
- ❖ મધુકાન્ત કલ્પિતના રેખાચિત્રો
- ❖ સંપાદનો
- ❖ પાદટીપ

# પ્રકરણ : ૧
# મધુકાન્ત કલ્પિત : જીવન અને સર્જન

❖ **પ્રસ્તાવના :**

''૧૯૬૪ના ગાળાના અપૂર્વ ચેતનસ્પંદની સાથે ગુજરાતમાં અનેક કવિકંઠ ખીલ્યા, તેમાં સાચી કવિતાનો રણકો જેઓના અવાજમાં વરતાતો હતો. તેઓમાંના એક હતા શ્રી મધુકાન્ત કલ્પિત.'' ૧૯૪૫ માં જન્મેલ અનુઆધુનિક યુગમાં દલિત સાહિત્ય વિકાસોન્મુખ બન્યો એ પૂર્વે દલિત સમાજના જે કેટલાક સર્જકો આધુનિક સાહિત્યક્ષેત્રે પોતાની પ્રયોગશીલતાને કારણે ધ્યાનપાત્ર અને પ્રતિષ્ઠિત થયા. ''મોરની ઓળખ એટલે એનો ટહુકો... શ્રી મધુકાન્ત કલ્પિત એટલે ઉત્તર ગુજરાતની લોકબોલીનો પ્રભાવક ટહુકો. એમના ગીતત્વ, કાવ્યત્વનો ટહુકો એમના સમકાલીનોથી અલગ તરી આવે છે.[૧]'' કવિ જન્મે છે બનાવી શકતા નથી. આ વિધાન સનાતન સત્યની રજૂઆત કરે છે અને એથી ગુજરાતી સાહિત્યને ઉત્તમ એવા સર્જકો મળ્યા. અને સાહિત્યને પોતાના સર્જનકાર્યથી સમૃદ્ધ બનાવ્યું અને પોતાના કાર્યની કદી ન ભૂંસાઇ એવી છાપ મૂકી છે. એટલે જ તો આપણા દષ્ટિવંત વિવેચક શ્રી રાધેશ્યામ શર્માએ તેમને ''ગુજરાતી ગાળોના ગાલિબ'' કહીને નવાજ્યા છે.[૨] મધુકાન્ત કલ્પિત સદાય હસતો ચહેરો અને નાવીન્યની ખોજવાળા આ સર્જકે ૧૯૬૪ થી સર્જનનો શુભારંભ કર્યો. એમણે ગુજરાતી દલિત સાહિત્યમાં પ્રતિષ્ઠિત અને ઊજળું નામ છે. એમણે વિવેચન, નવલકથા, વાર્તા, કવિતામાં ઘણું ઊંડુ ખેડાણ કરેલ છે. એવા સાહિત્યકારનું જીવન ઘડતર એમને મળેલું કૌટુંબિક વાતાવરણ અભ્યાસ, મિત્રો, શોખ વગેરે બાબતો સાથે સંકળાયેલું જોવા મળે છે. અને તે દ્વારા જ એમને સર્જનની પ્રેરણા મળી. આ વાત એટલી જ સત્ય સાબિત થાય છે. શ્રી મધુકાન્ત કલ્પિતના જન્મ, બાળપણ, જીવન ઘડતર અને સાહિત્ય તરફનો પ્રભાવક પરિબળોને આપણે અહીં જોઇશું.

## ❖ જન્મ અને બાળપણ :

શ્રીમધુકાન્ત કલ્પિતનો જન્મ ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લાના લાંઘણજ ગામમાં તા. ૧૮/૧૧/૧૯૪૫ના રોજ થયો હતો.માતાનું નામ મંછીમા અને પિતાનું નામ શંકરાભાઈ સાત બહેનો હતી. પત્નીનું નામ વિદ્યાબહેન અને પુત્રી પ્રિયંકા પુત્રો નિરો, નિકેતન હાલ અમદાવાદમાં રહે છે.

એમના પિતા શંકરાભાઈ અમદાવાદમાં મિલોના રાક્ષસી સાંચામાં લોહી પરસેવા ગાળી બે પૈસા કમાતા અને માતા મંછીમાં ઘરાકવટીનાં વૈતરાંકૂટી ધાંધી રઘવાઈ દહાડા ટૂંકાવે. તેમનાં દાદી હતાં. મા ગાવામાં માહિર હતા એટલે વાર તહેવારે પરબડામાં તો સળંગ અઠવાડિયું દંતકથાઓ, ધર્મકથાઓ, વીરકથાઓ, ઐતિહાસિક આખ્યાનોની રમઝટ ચાલે ને ધરતી ધમધમે, કુંડાળે ઘૂમતી દીકરીઓ વહુવારુઓની આગેવાની કરતી હતી. પિતા થાક્યા પાક્યા ખાટલે સુઈને પડ્યા ગીતો ગાતા હોય. આ તેમનો નિત્યક્રમ હતો સૂતી વખતે માથામાં આંગળીઓ ફેરવતાં દાદીમાં સોનબાઈ રૂપબાઈના જેવી તાલબદ્ધ સાંભળેલી વાર્તાના સ્વરાંકિત અંકોડો ક્યારેક એમનામાં લબૂક ઝબૂક થતા ઉઘાડવાસ થયો હતો. ઘરની પરિસ્થિતિ આર્થિક રીતે પિંજાય ગયેલી મજૂર સ્ત્રી, દલિત ગરીબ પર થતા અત્યાચાર, પશુતા અને શોષણની કરુણ કથા જીવંત રૂપે ચિત્રિત થઈ છે. આદિમનાદ અને તળના અવાજની આદિમતાના મૂળમાં નાદ અને લયનો ધસમસતો પ્રવાહના કારણે હંમેશા સંચેત, વિચારશીલ અને જીવંત શક્તિનો વિકાસ થવા માંડ્યો. ગામને ગઢ-કાંગરા કે નદી-કોતર-પ્હાડ જેવા ઊડીને આંખે વળગે એવો ખાસ કોઈ મનોહારી વૈભવ ન હતો. તેવા સામાન્ય ગામમાં મળી હોય એવી પ્રાકૃતિક શોભાને સ્મૃતિમાં ખખડાવતો મધુકાન્ત કલ્પિત મોટા થયા હતા.

એમના પિતા મિલોના સાંચામાં બે પૈસા કમાતા. આમા વળી કાંધવાળો દમ મારી બટકું પડાવતો જાય એક સાંધે ત્યાં તૈણ તૂટે એવી પરિસ્થિતિ, વેદના,

શોષણ, અત્યાચારને એમણે વાસ્તવમાં જોયા તેની છબીને યાદદાસ્તમાં સંગ્રહી રાખી હતી. માનવસર્જિત તુચ્છકારાયેલ, તિરસ્કારાયેલા, છુણાયેલાં દુભાયેલાં માનવકુળના  વિસંવાદ, અસંતોષ અને અભાવોનો એમણે બારીકાઈપૂર્વક જોયું નાનપણમાં અસહ્ય પીડાઓમાં રહીને ઘણું સહન કર્યું હતું. ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. તેથી મજૂરી કરતા ગામડાની ગલીમાં પાદર, સીમ, શેઢાની દાડીમાંથી કટુ-મધુર સ્વાદ ચાખતો એક સામાન્ય ગામને મળી હોય એવી પ્રાકૃતિક શોભાને સ્મૃતિમાં રાખીને મોટો થયા પ્રકૃતિ સાથે પ્રીતિ હોવાને કારણે એમણે મૂળસોતો ખેંચી કાઢેલો કાંટાદાર લીલોકચ ભેંભરો ખભે ઉલાળતો પતંગિયાં પકડતા પુવાડિયા - આવળ - બાવળના રસ્તેથી વીણેલાં પીળાં ફૂલ સૂંઘતા મોડેથી ઘર પરત વાળતા. એમના દોકાન જોઈને એમની મા ખીજવાઈ ઊઠે અને ઠપકાવે ''ભાના દિયોર, બાસ વગરનાં ફૂલ તે કદી હૂંગાતા અર્સ ?[૩] એમની માતાને કલશોર કરી આખા ઘરને ગજવી મૂકી તોફાનમસ્તી કરતા હતા. મધુકાન્ત કલ્પિતનો પ્રકૃતિ સાથે નાતો હોવાને કારણે તેઓ ખેતરમાં મોચમના લીલવા છોડવાઓ સાથે દેવચકલી, હૂડા, લેલાં, કાબરની ભરચક અદાલતો નિહાળતાં તેનાથી એમના ખાલીપાને છલોછલ ભરી દેતાં.

બાળપણમાં એમણે છઠ્ઠી ડિસેમ્બરે ૧૯૫૬ના રોજ વિશ્વમાનવ બોધિસત્વ બાબા સાહેબ આંબેડકરના પરિનિર્વાણ પામ્યા ત્યારે એમની વિદાયના કારમાઆઘાતને ન સહી શકેલી અભણ, અર્ધશિક્ષિત, દલિત દમિત પ્રજાએ ખાસ તો અમદાવાદના કામદાર વર્ગ માટે થોકબંધ શોકજંલિઓને એમણે લખી આપી હતી. એમનો અવાજ તીણો અને મધુર હોવાથી વાજિંત્રો વગાડી અને રાગ રાગિણીઓનોય આછોપાતળો ખ્યાલના કારણે આજુબાજુના ગામમાં ગાવા માટે કહેણ આવતા તેમને સ્વીકારી મધુકાન્ત કલ્પિત આમંત્રિત સ્થળે પહોંચી મન મૂકીને શ્રોતાગણ સમક્ષ ગાતાં શ્રોતાગણ ખુશીના આંસુએ રડે. બાળપણથી જ આંબેડકરનો વિચાર એમના હૃદયમાં અડી ગયો હોત. ગામડાની

પરિસ્થિતિઓમાં રહીને જીવનમાં વિવિધ અનુભવો સાથે એમણે બાળપણ વીતાવ્યું. ક્યારેક મનને ખીલવે અને મનને અસહ્ય પીડા આપે એવી રીતે એમણે બાળપણને હળવું ફૂલ બનાવે.

❖ **શિક્ષણ :**

શ્રી મધુકાન્ત કલ્પિતનો અભ્યાસ પોતાના વતન લાંઘણજમાં જ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરું કર્યું હતું. અમદાવાદ જેવા મહાનગરોમાં એમણે મનોવિજ્ઞાનના (માનસશાસ્ત્ર) વિષયમાં સ્નાતક થયા. એમને વધુ ભણવાની તમન્ના હોવા છતાં ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ના હોવાથી એમણે ભણવાનું છોડી દીધા પછી થોડા સમયમાં અમદાવાદમાં સરકારી નોકરી લાગી જાય છે. પ્રાથમિક શાળામાં એમને એક ગુજરાતી શિક્ષક પાઠ્યપુસ્તકની કવિતાઓ ગાઈને ભણાવતા તેથી ગીતના રાગ-રાગિણીની લય ઢાળની અસર આ ગાળામાં જ એમના ચિત્તમાં  બળવાન બનેલી તેના પરિણામરૂપે એમણે કાવ્યપ્રવૃત્તિનો પ્રારંભ થયો. કૉલેજ કાળ દરમિયાન ડૉ. મફત ઓઝા, મફતભાઈ પટેલ વગેરેએ કવિતા લખાવા માટે એમનો ઉત્સાહ વધારવાનું કામ કર્યું. એમણે કોલેજની સ્મરણિકામાં 'હું' વાર્તા અને 'કાલની આજ' કવિતા પ્રગટ થઈ. અહીં એમનું લેખનમાં પગરણ થાય છે. સાથે સાથે એમને ભજનો પ્રિય હતા. પ્રિય શોખના કારણે તેઓ વાજિંત્રો પણ વગાડતા.

❖ **લગ્નજીવન :**

મધુકાન્ત કલ્પિતના લગ્ન ૧૯૬૭ના રોજ વિજાપુર તાલુકાના મંડાલી ગામમાં વિદ્યાગૌરી સાથે થયા હતા. વિદ્યાગૌરી આઠમું ધોરણ સુધી ભણેલી હતી. વિદ્યાગૌરી વતનમાં બા અને બાપુજી સાથે રહેતા. બાળકોની સંભાળ બા અને બાપુજી રાખતા હતા. થોડા સમય પછી એમની સાથે અમદાવાદમાં સ્થાયી થયા. ત્યાંની નર્કાગાર જેવી ચાલીઓના પચરંગી રાજપુર વિસ્તારમાં માહોલ વચ્ચે મન વસાવ્યું. હાલ પણ મધુકાન્ત કલ્પિત અમદાવાદમાં રહે છે.

## ❖ લેખનમાં પગરણ

નગરની ભીડ, એકલતા અને લાગણીશૂન્યતાની અનુભૂતિ મનને વેરવિખેર કરી. એમનામાં જાનપદી સંસ્કારના મૂળમાં નાદ અને લયનો ધસમસતો પ્રવાહ એમને સતત ગૂંજતો રાખ્યો છે. તળના અવાજની આદિમતા એમનામાં માથું મારીને બેઠી થાય અને ઊંડેથી કોઈ રસનું રસબસતું પૂમડું એમના લોહીને લયને થરકાવે એવા મનભીતરને કવિ શ્રી મધુકાન્ત કલ્પિત ૧૯૬૪ થી ચિતારતા થયા હતા. એમના મનના આવેગો, ગુજરાતી શિક્ષકની કવિતા એમનો લય ઘૂંટાતો એમને પાકો થયેલો જેને ‘અડધે રસ્તે અડવાણી’ ગેય રચનાથી લખવાનું શરૂ કર્યું. રમેશ શિમ્પી અને રશ્મિન્ પટેલ જેવા મિત્રો સાથે ‘કુમાર’ બુધસભા શરૂ કરી. બુધસભામાં બચુભાઈ એ ‘એક ગાંમેતી ગીત’ વાંચ્યું અને ‘કુમાર’ માં મોકલી આપ્યું અને એમનું ગીત ‘કવિ લોક’ માટે ‘ઈન્ની માનો દરિયો ગાંમેતી ગીત’ પ્રકાશિત થયા હતા. આ સમયગાળા દરમિયાન બચુભાઈ રાવત, રાજેન્દ્રશાહ, નિરંજન ભગત, પિનાકિન ઠાકોર, રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત શેઠ-રે મઠ ગ્રુપ ગાંધીનગરના કવિ મિત્રોએ એમને ભરપૂર પ્રેમ અને વિકસાવા મોકળું મેદાન આપ્યું. બચપણથી જ તેમના લોહીમાં જાનપદી આદિમલય ઘુંટાતો હતો, એમાં વળી શબ્દ ભળ્યો. એટલે ‘કુમાર’ જેવી સંસ્થામાં ટીપાઈ ઘટાઈને એમણે પોતાના સર્જનમાં ઓજસ પાથર્યું. તેથી એમણે કવિતા, વાર્તા, નવલકથા, વિવેચન, સંપાદન લખવાનું ચાલુ કર્યું.

આમ એમને સર્જનની પ્રવૃત્તિઓ વિશાળકાય જોવા મળે છે.

## ❖ વ્યક્તિત્વને ઘડનારાં પરિબળો :

મધુકાન્ત કલ્પિતના વ્યક્તિત્વ ઘડતરમાં મુખ્ય ભાગ તરીકે જે સમાજમાં ઉછેર થયો હતો. તે દલિતો-પીડિતોની વેદના, દાદીમાની સોનબાઈ પરીકથાઓની વાર્તાએ એમનું ઘડતર કરેલું જોઈ શકાય છે. મધુકાન્ત કલ્પિત પ્રકૃતિપ્રેમી હતા. જન્મથી ઘરની આર્થિક રીતે પિંજાઈ ગયેલું આકારી રૂઢિઓ,

પરંપરાઓ, રીત-રસમો, વિપરિત, ભેદમૂલક અને વિષમતા ભર્યું વિશ્વ પરથી તેમને ઘણું શીખવાનું મળ્યું. ગુજરાત સરકારના પરિવાર કલ્યાણ ખાતામાં સેવા બજાવી ફરજનિવૃત્ત થયેલા મધુકાન્ત કલ્પિતને આલ્બેર કામૂનું વાક્ય પ્રેરણારૂપ બને છે. 'માનવ એ જ મોટું મૂલ્ય છે[૩] એમણે બાળપણમાં વેઠલું દુ:ખો સામે સંઘર્ષતા, બાખડતાં ને તૂટી જતો ને મરણ શરણ થઈ જતાં માણસો જોયાં ને માંહ્યલાને એમણે ટાકોર્યા છે કે અમેનાથી તારુ જગત નોખું ના હોઈ શકે. એમની વેદના એમણે જાણ્યું છે તેની અસર થાય છે. સમાંતરે મહારાષ્ટ્રમાં સામાજિક ક્રાંતિના પિતામહ જ્યોતિબા ફૂલેની સામાજિક પરિવર્તન અને મહામાનવ ડૉ. બાબાસાહેબના વૈચારિક પરિવર્તનના આંદોલનોની અસર ઝીલી શરૂ થયેલું દલિત સાહિત્ય આંદોલન ગુજરાતમાં પ્રસરેલું તેમાંથી એમને ઘણું જ જાણવાનું અનુભવથી મળ્યું હતું. ૧૯૭૦ પછી ગુજરાતમાં દલિતોને થતો અત્યાચાર અન્યાય અને તેની સમસ્યાઓને વાચા આપવાનું કામ મધુકાન્ત કલ્પિતે કર્યું. દલિત પેંથર, કાળો સૂરજથી સમન્વય સાધીને આગળ વધેલા જોવા મળે છે. એમનામાં થતો હાકોહાક કવિતાનો સંચાર પ્રાથમિક ગુજરાતી પાઠ્યપુસ્તકના ગીતને ગાઈને ભણતા તેના પરથી તેમને પ્રેરણા મળે છે. સતત કાવ્યમય જીવન છેક ૧૯૬૭ થી તે આજલગ શારીરિક અસહ્ય પ્રતિકૂળતાઓની વચ્ચે પણ સર્જનપ્રવૃત્તિમાં અડગ રહ્યા છે. અડગ કેમ ના રહે એમનું ઘડતર 'કુમાર' અને કવિલોકની બુધસભા થયું છે. એમની લલિતકવિતાના કેન્દ્રમાં પણ માનવીય વેદના અને પીડા રહી છે. અનામત વિરોધી આ હુલ્લડોએ કવિને પણ મૂળસોતાં ઉથલાવી દીધો છે. એમનાં જાનપદી સંસ્કારના મૂળમાં નાદ અને લયનો ધસમસતો પ્રવાહ એમને સતત ગુંજતો રાખ્યો છે. પ્રત્યક્ષ સ્થિતિઓ, પરિસ્થિતિઓ, સંયોગોના કારણે ક્યારેક એકાંગી રીતે તો ક્યારેક પિતૃક, પારિવારિક અને સામાજિક વારસાની સામુહિક પકડના લીધે એમનું ઘડતર થાય છે. જાધિયાભેર, ઉઘાડા બરડે, નિશાળના પ્રાંગણમાં, છેલ્લી હરોળમાં બેસી

પ્રથમવાર એકડો ઘૂંટવા મથ્યો ત્યારે કાળી આંકણીના સટ્ટાક સોળ વિદ્યા નહોતી ચઢી. પણ ભારતીય સંસ્કૃતિની વર્ણાશ્રમ અને જાતિગત સમાજ રચનાએ થોપેલી મર્યાદાસંહિતાના પ્રતાપે જીવનરીતિ નસનસમાં એમનામાં દોડતી થઇ હતી. કવિ કહેતા કે દાદીના ખોળામાં બેસીને સાંભળેલી સઘળી આચારસંહિતાઓ જાહેરમાં કેમ નીકળાયા, કેમ ચલાય, કેમ બોલાય, કેમ બેસાય, કેમ વર્તાય એ બધી બોલશા-હેંડશાથી માંડી જીવનની પ્રાથમિક જરૂરિયાત જેવી ભૂખ તરસની સમયસારણિ અમસ્તીયે સલાહરૂપે પુનરાવર્તન પામે. આમ મધુકાન્ત કલ્પિતનું ઘડતરમાં મહત્ત્વનો ફાળો પોતાની મા મંછીમાનો સૌથી વધુ જોવા મળે છે. કવિની અંદરનો એક બુલંદ અવાજ ઊઠે છે.

'મારે મારા જગત સામે વિદ્રોહ થઇને તકરાર થઇને, ચેલેન્જ થઇને જીવવું જોઇએ, કારણ કે 'સર્જક સતત ઝગડતો રહ્યો છે. દુનિયા સાથે પોતાની અંગત દુનિયા ચાલે. આમ સંઘર્ષ કરતાં કરતાં આમાંથી એક સત્ય પણ એમને લાધ્યું છે કે જીવન તકલાદી હોય તો ભલે, માણસ નગદ છે. સૃષ્ટિની સિતાર જ રણઝણતી હોય છે. ભીતરમાં પ્રેરણારૂપે, એમાં શ્વાસ ખાતાં કૃશ બાળકો, ચિંથરેહાલ - કંતાયેલો પરિવારો, અન્ન-પાણી માટે ટળવળતી અભાવયુક્ત ગરીબ વસાહતો. જ્યારે પણ આ બધું ચાક્ષુસ થાય છે ત્યારે એમને મન સ્ફટીક જેવાં સંવેદનાથી ભરાઇ જાય છે. ર.વ. દેસાઇ, ધૂમકેતુ, કવિ કાન્ત, સુરેશ જોશી, રાવજી પટેલની કૃતિઓ વાંચી રસિક બન્યા હતા. એમણે 'દેવદાસ' 'સુરજનો સાતમો ઘોડો' 'હજાર ચુરાસિર મા' 'ચાની' 'મરણોત્તર' 'અંગત' જેવી કૃતિઓનો પ્રભાવ જોવા મળે છે. એમને ફિલ્મ જોવાનો અને નાટક નિહાળવાનો પણ શોખ હતો. એમને ગમતી ફિલ્મ 'આક્રોશ' અને નાટક કોઇપણ 'એક ફુલનું નામ બોલો તો ?' એમને ચિત્રકળામાં રુચિ હોવા છતાં કશું પ્રદાન નથી કર્યું. એમને ટી.વી. પર કવિતા વાંચવાનો શોખ હોવાના કારણે વાચનને ખોરાક જેવી જરૂરિયાત સમજી તેમનું વાંચન કરતા. એમના પર વિદેશી

સર્જકો પાબ્લો, નેરુદા, યહુદા આમિચાઈ, એમે સેઝર જેવા વિદ્વાનો પ્રિય હતા. આમ મધુકાન્ત કલ્પિતનું ઘડતર એમની આજુબાજુનું શ્વસતું વિશ્વ છે.

## ❖ મધુકાન્ત કલ્પિતનું કવિકર્મ :

મધુકાન્ત કલ્પિત સૌપ્રથમ 'કુમાર' બુધસભા રમેશ શિમ્પી અને રશ્મિન્ પટેલ જેવા મિત્રો સાથે શરૂ કરે છે. સર્જનમાં હંમેશા પ્રયોગશીલ અભિગમ રહેતો એટલે મિત્ર રશ્મિન્ પટેલ સાથે 'ઉદ્‌ભવ' (૧૦-૯-૧૯૭૯) કવિતા દ્વિમાસિક શરૂ કર્યું. ગુજરાતીના ગણમાન્ય સાહિત્યકારો એમાં કવિતા-વિવેચનલેખો મોકલતા. એમાં 'એક આભાસી મૃત્યુનું ગીત' નું એમણે રસદર્શન કરેલું. ત્યારપછી 'ઉદ્‌ભવ' બંધ થયું. ડૉ. મફત ઓઝા સાથે મિત્રોએ મળીને 'કાવ્યગોષ્ઠી' શરૂ કરી. 'ફાઉન્ટર પોએટ્સ' શરૂ કરેલું. એમાં કવિઓની મૌલિક કૃતિઓની સાથે સાથે વિશ્વકવિઓની કવિતાઓની ચર્ચા કરતા. દલિત સાહિત્ય સંપુટ કરવાનું આયોજન 'સંગત' માં કર્યું. એમણે સર્જકો સાથે મળીને સામાજિક પરિવર્તનની દિશામાં કામ થાય તે હેતુથી તા. ૨૨/૬/૧૯૮૨ ના રોજ શ્રી હરીશ મંગલમ્ સાથે 'લિટરેચર સ્ટડી ફોરમ' ની સ્થાપના કરી અને ૨૬/૭/૮૧ ને રવિવારે સાંજે ૫ વાગ્યે એનેક્ષી, શાહીબાગ, અમદાવાદ ખાતે 'સ્વરચિત કૃતિ વાંચન' ના કાર્યક્રમ નિમિત્તે દલિતોની દશા અને દિશા, દલિત સાહિત્ય સંદર્ભે વિસ્તૃત અને તલસ્પર્શી ચર્ચા કરવામાં આવ્યા. પછી સામાજિક ઉત્થાન માટે સમસંવેદક મિત્રોએ તા. ૧૭/૧/૧૯૯૧માં 'મહાભિનિષ્ક્રમણ બોદ્ધ સંઘ' (રજી.નં.ઈ.(૧૨૧) ની સ્થાપના કરી. એમાં બૌદ્ધભિક્ષુઓને આમંત્રી ધર્મસભાઓ યોજી. ૧૯૯૫માં શ્રીપાલ વર્ધનના તંત્રીપદે શરૂ થયેલ 'અવસર' (પાક્ષિક) ના કવિતા વિભાગ એમણે સંભાળ્યા તથા 'છઠ્ઠા વર્ષમાં મંગલપ્રવેશ વિશેષાંક તથા વિવિધલક્ષી વિચારક ડૉ. બાબાસાહેબ આંબેડકર વિશેષાંકના અતિથિ સંપાદક તરીકેની સેવા પણ બજાવી હતી.

૧૯૯૬ માં ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી અમદાવાદનું માળખું

ઘડાયું અને સર્જકોની સાથે એમણે (રજી.નં.ઈ ૧૯૫૫૫/અમદાવાદ) સ્થાપક સભ્ય તરીકે અને ખજાનચીનો કાર્ય સંભાળ્યો હતા. સંસ્થાના મુખપત્ર 'હયાતી' ના સંપાદક તરીકે સેવાઓ આપી હતી. પાછલા વીષ વર્ષથી વગર જાહેરાતે કવિ મધુકાન્ત કલ્પિત દલિત સાહિત્ય પીરસતું દલિત સામયિકોમાં શિરમોર રહ્યા છે. દલિત ચળવળ અને એના સાહિત્યને ઉન્નત કરવા પ્રકાશન પ્રચારની જવાબદારી સાથે સાહિત્યિક શિબિર, ઈનામ, વિતરણ કાર્યક્રમો, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સેમિનારો અને મજબૂત ટીમ રિપરિટથી થાય છે. ગુજરાતની એકમાત્ર વરિષ્ઠ સંસ્થા તરીકે નામ કમાવનાર અકાદમી દલિત ચળવળ, સાહિત્ય અને આંબેડકરીય વિચારધારાને ઉજળતું ભવિષ્ય છે. હાલ કવિશ્રી મધુકાન્ત કલ્પિત ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીનો ટ્રસ્ટી અને 'હયાતી' મુખપત્રનો પદભાર સંભાળે છે.

## ❖ શ્રી મધુકાન્ત કલ્પિતનું સાહિત્યક્ષેત્રે પ્રદાન :

શ્રી મધુકાન્ત કલ્પિત પાસે એક વિશાળ સામાજિક સંદર્ભ છે. ગ્રામજીવન, નગર સંસ્કૃતિ, લોકજીવન જુદા જુદા વ્યક્તિઓ અને વિશાળ વિશ્વના બહોળા અનુભવ છે. સાથે-સાથે તેમની પાસે આ બધાને સહજ અને ઊંડાણથી સમજી શકે તેવી ઉદાત માનવીય દ્રષ્ટિ પણ છે. ગુજરાતી ભાષાને પ્રયોજવા માટેની તેમની પાસે સમર્થતા છે. એમણે ગુજરાતી દલિતસાહિત્ય ક્ષેત્રે કવિતા, નવલકથા, વાર્તા, વિવેચન, સંપાદન આપ્યું છે. એમનું સાહિત્યસર્જન ગીતથી કરવામાં આવ્યું છે. દલિત સાહિત્યકાર શ્રીમધુકાન્ત કલ્પિતે દલિતો સમાજમાં જે ભય, લહેરાત, ભીતિ વચ્ચે જે પીડા અને દુઃખ ને અનુભવ્યાં એની પ્રતિક્રિયા રૂપે ભણ્યાં ગણ્યાં શિક્ષિત વર્ગમાં આક્રોશ અને વિદ્રોહની આગ ભભૂકી ગઈ. એમની પાસે વેદના સંવેદનાઓના ભંડાર હતા. અત્યાચાર જુલ્મ, શોષણ, સામે સંઘર્ષ કરવા શ્રી મધુકાન્ત કલ્પિત સાહિત્યસર્જનમાં દલિતસાહિત્યમાં દલિતોની વ્યથાનું ખેડાણ કરે છે.

➢ **કાવ્યસંગ્રહો :**

'કેસરિયા ટશરનું આકાશ' (જાન્યુઆરી ૧૯૭૯)

'તરજુમો' (જૂન-૨૦૦૮)

'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' (ગીતસંગ્રહ-૨૦૦૮)

➢ **નવલકથા :**

'તમને ક્યાંક જોયાનું યાદ' (સહનવલકથા) (સપ્ટેમ્બર-૧૯૯૦)

➢ **વિવેચન :**

'પ્રત્યક્ષ' (ડિસેમ્બર-૨૦૦૮)

'સાભિપ્રાય' (૨૦૧૮)

➢ **સંપાદન :**

'વાર્તાલોક' (ગુજરાતી દલિત વાર્તા સંચય) (૨૦૦૮)

'બ્રેઈન વોશ' ગુજરાતી દલિત કવિતા અન્ય સાથે (જુલાઈ-૨૦૧૨)

'ગુજરાતી દલિત કવિતાનો ઉદ્ભવ અને વિકાસ' અન્ય સાથે (ફેબ્રુઆરી-૨૦૧૫)

સમર્થ સર્જક જોસેફ મેકવાન-સહસંપાદન (જાન્યુઆરી-૨૦૧૨)

'અનન્ય' આંબેડકરવાદી સાહિત્ય (અન્ય સાથે) (એપ્રિલ-૨૦૧૭)

હવે પછી 'મધુકાન્ત કલ્પિત-સમગ્ર' (વિવેચન સંગ્રહ) 'હુતાશન' વાર્તાસંગ્રહ આ બંન્ને સંગ્રહો પ્રકાશિત થઈ રહ્યા છે.

મધુકાન્ત કલ્પિતની કૃતિઓ ગુજરાતી, ઉપરાંત અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, મરાઠી, ઉડીયા, ઉર્દુમાં અનુવાદિત થળને પ્રકાશિત થઈ છે જેવા કે Indian literature journal of literature and Esthestics contemporary vibs, skylark writer festival India, International Kafla, Kohinoor, All - Round भारतीय दलित साहित्य का विद्रोह स्वर, दलित अस्मिता, दलित साहित्य - वार्षिकी, कथादश, बयान, युध्धरत आम आदमी, लमही गुजराती में दलित कलम,

मंतव्य, सनद, भाषासेतु, हि संडे पोस्ट, साहित्य आभाप्रतीक ગુજરાતીમાં કુમાર, કવિલોક, કવિતા, શબ્દસૃષ્ટિ, બુદ્ધિ પ્રકાશ, ફાર્બસ ત્રૈમાસિક, ગ્રંથ વિમર્શ, મુંબઈ સમાચાર, રાજભાષા, હયાતી, નયામાર્ગ, દિશા, સમાજમિત્ર, સર્વનામ, વાચા, કહાની અવસર, ગાંધીનગર સમાચાર જેવાં કેટલાંય સાહિત્યિક સામયિકો વર્તમાનપત્રોમાં એમની કવિતા-વાર્તા-લેખો રેખાચિત્રો પ્રગટ થયો છે. ૭૦ થી વધારે પ્રતિનિધિ સંગ્રહો ઐતિહાસિક સંકલનો, પ્રતિષ્ઠિત સામયિકોના વિશેષાંકોમાં એમની કૃતિઓ સંગ્રહિત થઈ છે. ક્ષેત્રિય, રાજકક્ષા, ઉપરાંત રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં સાહિત્યિક ગોષ્ઠિઓ કાવ્યવાંચન તથા તદ્અંતર્ગત વિવિધ વિષયે અભ્યાસપૂર્ણ વકતવ્યો પણ આપ્યાં છે.

એમના પોતાના પુસ્તકોમાં 'કેસરિયા ટશરનું આકાશ' - ૧૯૭૯ (કાવ્યસંગ્રહ)

'તમને ક્યાંક જોયાનું યાદ' -૧૯૯૦ (સહનવલકથા)

તરજુમો' - ૨૦૦૮ (કાવ્યસંગ્રહ)

'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' - ૨૦૦૮

'પ્રત્યક્ષ' - ૨૦૦૮ (વિવેચનસંગ્રહ)

'વાર્તાલોક' (સહસંપાદન) - ૨૦૦૮

'ગુજરાતી દલિત કવિતાનો ઉદ્ભવ અને વિકાસ (સંયુ)-૨૦૧૫

'અનન્ય' આંબેડકરવાદી સાહિત્ય - ૨૦૧૭ (સંયુ)

એમનું આ સાહિત્યસર્જનમાંથી સાત પુસ્તકો દલિત સાહિત્યનો છે. ત્રણ દલિત સાહિત્યનાં પુસ્તકો પ્રકાશનની રાહમાં છે. એમની સાહિત્યિક, સામાજિક ધાર્મિક પ્રવૃત્તિઓના પરિપાકરૂપે પ્રાદેશિક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય ૩૦ થી વધારે પરિચયકોશોમાં એમનો પરિચય શબ્દસ્થ થયો છે. આમ મધુકાન્ત કલ્પિતની વિશાળ સાહિત્યસર્જન જોવા મળે છે. એમણે કવિતા, નવલકથા, વાર્તા, વકતવ્યો, સંપાદન, વિવેચન, એમના અનુવાદિત ગ્રંથો એ રીતે ગુજરાતી

સાહિત્યમાં નોંધપાત્ર છે. પોતાના ગીતોમાં પ્રથમવાર તેમણે ઉત્તર ગુજરાતની તળપદી બોલીનો પ્રભાવક પ્રયોગ કર્યો. તદ્-વિષયક આસ્વાદો અને વિવેચનો પણ તેમણે લખ્યાં છે. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ તેમની કૃતિઓ અભ્યાસક્રમોમાં ભણાવાઈ છે. નાદુરસ્ત તબિયત હોવા છતાં કવિ કલ્પિત સર્જનકાર્યમાં હંમેશા કાર્યરત જોવા મળે છે. એની મૂળમાં એમણે સામાજિક નિસબત અને દલિત વાસ્તવને એક વાહક તરીકે પ્રામાણિક પણે વ્યક્ત કરી આપવાની ખેવના જ કારણભૂત છે. એટલે તો દલિત સમાજ અને દલિત સાહિત્ય સંશોધકોએ એમના કામને બિરદાવ્યું છે. તેમના અલગ ટહુકાની નોંધ વોશિંગ્ટનના લાયબ્રેરીના રેકર્ડમાં, 'હુઝ હુ અક્રિ ઈન્ડિયન રાઈડર્સ-૧૯૮૩માં લેવાયા છે જે તેમના સર્જનકર્મની સાર્થકતા પુરવાર કરી આપે છે. એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગના સાહિત્ય દસ્તાવેજની સંદર્ભ સૂચિમાં પણ તેમનું નામ સંમિલિત કર્યું છે.

❖ **એવોર્ડ :**

મધુકાન્ત કલ્પિત સૌપ્રથમ ગીતકવિ તરીકે સુખ્પાત છે. ૧૯૬૪ થી તેઓ સાહિત્યિક લેખન, કાવ્યસર્જન, સમાજસેવા, સમાજચિંતનમાં પ્રવૃત્ત છે. 'કુમાર' જેવી સંસ્થામાં ઘડાઈને પોતાના સર્જનમાં ઓજસ પાથરનાર મધુકાન્ત કલ્પિત કવિતા, વાર્તા, નવલકથા, રેખાચિત્રો, સંપાદન જેવા સાહિત્ય સંપત્તિથી હર્યાભર્યા છે. દલિત સાહિત્ય સંપત્તિથી હર્યાભર્યા છે. દલિત સાહિત્ય સર્જનમાં મહત્ત્વપૂર્ણ અને મૌલિક યોગદાન આપી. દલિત સાહિત્યને સર્વમાન્ય સાહિત્ય બનાવવા, સામાજિક નિષ્ઠા પ્રતિબદ્ધતા સાથે પ્રદાન કરેલી વિશિષ્ટ સેવાઓ બદલ રાજસ્થાન સાહિત્ય અકાદમી પ્રેરિત આંતર ભારતીય સાહિત્ય બંધુત્વ મંચ સંલગ્ન ગુજરાત સાહિત્ય સંગમ, અમદાવાદથી હસિત બૂચ એવોર્ડ તેમજ 'Home of Letter (India) Bhubaneswar માં 'creative Gaint - 2007' એવોર્ડથી તેઓ સન્માનિત થયા છે.

ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી દ્વારા તરજુમો કાવ્યસંગ્રહને શ્રી ચીમનભાઈ સોમાભાઈ પટેલ શ્રેષ્ઠ દલિત કવિતા એવોર્ડ-૨૦૧૧ માં આપવામાં આવે છે.

૨૦૧૪ ના વર્ષના પ્રથમ દિવસે અમદાવાદના ટાગોર હોલમાં મધુકાન્ત કલ્પિત ને વર્ષ ૨૦૧૧-૧૨ નો રૂા. ૫૦,૦૦૦/- નો સંત શ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ પ્રાપ્ત થયો છે. તથા ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઉપક્રમે 'લોક ડાયરા' ના કાર્યક્રમમાં તા. ૨૩/૨/૨૦૧૬ ના રોજ કેબીનેટ મંત્રીશ્રીની નિશ્રામાં સમાજ કલ્યાણ ક્ષેત્રે આપેલ વિશિષ્ટ યોગદાન બદલ સાલ, સ્મૃતિચિહનથી એમનું જાહેરમાં સન્માન કરવામાં આવ્યું હતું.

રાજ્ય, દેશ અને વિદેશોનાં સત્તર જેટલાં પરિચયગ્રંથોમાં તેમણે સ્થાન ગ્રહણ કર્યું છે. સાહિત્યિક સર્જન ઉપરાંત તેમની સામાજિક ધાર્મિક પ્રવૃત્તિઓને લક્ષમાં લઈને 'અમેરિકન બાયોગ્રાફીકલ ઈન્સ્ટીટ્યુટ' નામની અમેરિકાની સંસ્થાએ ૨૦૦૩ થી તેમના રીસર્ચ બોર્ડ ઓફ એડવાઈઝર્સ માં તેમને સલાહકાર નીમ્યા.

### ❖ સાહિત્ય સર્જન :

શ્રી મધુકાન્ત કલ્પિતનું સાહિત્ય સર્જન જોતાં જણાય એવા છે કે તેઓ પ્રથમ કવિ છે. ત્યારબાદ ગદ્યકાર છે. તેમને કવિ તરીકેની સિદ્ધિ એમના કાવ્યસંગ્રહ દ્વારા મળી રહે છે. કવિ, વિવેચક, સંપાદક વાર્તાકાર તરીકે ગુજરાતી સાહિત્યમાં એમનું પ્રતિષ્ઠિત અને ઊજળું નામ છે. એટલે તો દ્રષ્ટિવંત વિવેચક શ્રી રાધેશ્યામ શર્માએ તેમને 'ગુજરાતી ગાળોના ગાલિબ' કહીને નવાજ્યા છે. સદાય હસતો ચહેરો અને નાવીન્યની ખોજવાળા આ સર્જકે ૧૯૬૪ થી સર્જનનો શુભારંભ કર્યો. મોરની ઓળખ એટલે એનો ટહુકો... શ્રી મધુકાન્ત કલ્પિત

એટલે ઉત્તર ગુજરાતની લોક બોલીનો પ્રભાવક ટહુકો એમના ગીતત્વ, કાવ્યત્વનો ટહુકો એમના સમકાલિનોથી અલગ તરી આવે છે. ભાવને ભાષા સુધી પહોંચાડવાની તાકાત ધરાવતો ભરચક ભીડમાંય એકલો અટુલો આ કવિ છે. મધુકાન્ત કલ્પિત એમનું સાહિત્યસર્જન નીચે મુજબ છે.

❖ **કવિ તરીકે :**

**(૧) 'કેસરિયા ટશરનું આકાશ' (૧૯૭૯) :**

મધુકાન્ત કલ્પિતનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ભીતર' હતો. પરંતુ 'કેસરિયા ટશરનું આકાશ' (૧૯૭૯) કાવ્યસંગ્રહોએ સૌને ધ્યાનમાં આવ્યું. આ કાવ્યસંગ્રહોમાં નવી જે ભાત પડી છે. અમદાવાદના શ્રી રશ્મિન્ પટેલ સંચાલિત નવોદિત લેખક સહકારી સંસ્થા દ્વારા પ્રકાશિત આ ૮૮ પાનાંનો કાવ્યસંગ્રહ 'કેસરિયા ટશરનું આકાશ' નો પ્રકાશનવિધિ સ.પ. કોલેજમાં સ્થાનિક કાવ્ય જાન્યુ. ૭૯ ના રોજ વિદ્વાન વિવેચક, કવિ અને ગુ.રા. ના ભાષાનિયામક શ્રી હસિત હ. બૂચના અતિથિ વિશેષ પદે યોજ્યો હતો.

શ્રી રસિકભાઈ શાહ દ્વારા સોલા રાઈઝડ કરેલા ફોટોગ્રાફ પરથી તૈયાર કરવામાં આવેલા હેતુલક્ષી મુખપૃષ્ઠ ધરાવતાં 'કેસરિયા ટશરનું આકાશ'માં શ્રી મધુકાન્ત કલ્પિતની અછાંદસ કાવ્યકૃતિઓ ગીતો તથા ગઝલો સમાવવામાં આવ્યા છે. કવિ કહે છે 'કેસરિયા ટશરના આકાશમાં પોત-પોતાની નીજીરૂપ પામવા મથતી આ વ્યર્થતાઓને સંકુલતાઓને અને અવસાદજન્ય ભગ્નટાઓને અહીં શબ્દ દ્વારા ઉકેલવાની મે મથામણ કરી છે.[૫] આ સંગ્રહમાં ૧૮ ગીતમાંથી ૧૧ ગીત અષ્ટકલમાં અને ૭ ગીત ષટ્કલમાં છે. તેમાં નાયિકાના મુખમાં ૧૦ ગીત અને નાયકના મુખમાં ૭ ગીત છે. એક સંવાદગીત છે. મધુકાન્ત કલ્પિતના ગીતોમાં કલ્પન દ્વારા લખેલા ગીત સિદ્ધ કરવા મથે છે. તેથી જ તો શ્રી હસિત બૂચ લખે છે

તેમ.

'સંગ્રહમાં પ્રત્યેક શબ્દને અને તેના અન્વયને સાર્થ કરે છે, મસ્ત સ્વસ્થ રંગ છે, સુમેળ, મૃદુતા - એકાગ્રતા છે અને કોઈક સળંગ વરતાતી વિશાળતા, ગહરાઈ આત્મીયતા છે... એમાં શ્રધ્ધા છે, સંયમ છે.[૬] આમ આ સંગ્રહની કવિતામાં ચિત્રાત્મકતા, તાજગીભર્યા ઉપમાનો ગીતોમાં જાનપદી મિજાજ છે. પોતીકો નાદ, લય, કલમનો વૈભવ છે. ઉત્તર ગુજરાતની લોકબોલીનો પ્રભાવક ઉપયોગ છે. એક ગામેંતી ગીત તેનો ઉત્તમ નમૂનો છે.

''ઈન્નીમાનો... દરિયો હેનો ?

હેનું દરિયું ફરિયું ? (પૃ.૪૬)

સૌમ્ય અને સાલસ સ્વભાવ છતાંય ક્યારેક ધડાક ધૂમ કરતા કવિ ગર્જી પણ ઊઠે આ ગીતમાં જાનપદી સંસ્કાર અને તેઓના તળના નાદ અને લયની રમણા સાથે જાગે છે. ત્યારે ભાવમગ્ન બની કવિ ઝૂમી ઉઠે છે.

'થાય છ આખી સેમ ખુંદી નં
વાડની પાંહણ આંતરું બધાં મોયડાં
પછી ઘોંઘી ઘોંઘી લોલ પેછોમાં ચટકો ભરું ?

એમણે આ કાવ્યસંગ્રહોમાં 'એક ગોઝારું ગીત' એક કુંવારુ ગીત' ઉંમરે પહોંચેલી કુંવારી સ્ત્રીનું ગીત' તારા ગયા પછીનું ગીત ઉજ્જડ ગામની ભાગોળે બેસી ગાવાનું ઉદાસ ગીત' એકાંતમાં ગાવાનું ગીત' એક ગાંમેતી ગીત' નગરને આવેલા દુઃસ્વપ્નનું ગીત' સ્મૃતિમાં કાંઠે ફરતું ગીત' અને 'સંવાદ ગીત' જેવા ગીતો આપ્યાં છે. 'કેસરિયા ટશરનું આકાશ' ની કવિતામાંથી કવિનો નિજી અવાજ સંભળાય છે. એમના ગીતમાં વાસ્તવનું આલેખન ઉપર વિશેષ ધ્યાન આપ્યું છે. કવિની

ગીતોમાં ગયેતા, લયતત્ત્વ અને હિલ્લોળની સૂઝ પ્રગટ કરે છે. પૂર્વાનુભુતિ અને વર્તમાનની સ્વાનુભૂતિના સંવેદનની ક્ષણોને સંસ્કારથી સમૃદ્ધ કરે છે. એમાં બે ગઝલ અને ત્રીસ ગદ્યકાવ્યો મળીને કુલ પચાસ રચનાઓ છે. મધુકાન્ત કલ્પિતની પોતાની કાવ્યનાયિકા તરીકે સપના ને સ્થાપે છે. આ સંગ્રહના ઘણા ગદ્યકાવ્યો સપનાં ને સંબોધીને રચાયા છે. પરંતુ એમની કલમ વધુ ખીલે છે. ગીતમાં, એમનાં ગીતો એ આ સંગ્રહનું એક આકર્ષક અંગ બની રહે છે. 'સપનાને આવકારવા લખેલી રક કવિતા' 'કેમ તુ આ બીજી નથી આવતી ? ૐ ના સુક્કા બાવળ હેઠળ' 'ગામ છોડી ને ચાલ્યા ગયા પહેલાંની કવિતા' 'મૃત્યુ' ઘોર અવાજોની વચ્ચેથી કોઈ મને દૂર ભગાડી દો' લલિત કળાની રચના રીતિ સાથે દલિત કવિતાને સંયોજે છે. પૂર્વાનુભૂતિ અને વર્તમાનની સ્વાનુભૂતિના સંવેદનની ક્ષણોને સંસ્કારથી સમૃદ્ધ કરે છે. સર્જક ચિત્તના ઉકળાટ અને ઉભરાટ બોલચાલની ભાષામાં પ્રણયથી પ્રકૃતિ સંસ્કૃતિ સુધીના વિવિધ બિન્દુઓ સુધી કવિનું સંવેદનચિત્ત પહોંચે છે. જે ભાવક માટે આસ્વાદ્ય બની રહે છે. આમ કવિ શ્રી મધુકાન્ત કલ્પિતનું નામ ગીત કવિ તરીકે જ વિશેષ બની રહે છે.

**(૨) તરજુમો : ૨૦૦૮**

કવિશ્રી મધુકાન્ત કલ્પિતના ત્રણ કાવ્યસંગ્રહો છે. તરજુમો દલિત કાવ્યસંગ્રહ છે. જ્યારે કેસરિયા ટશરનું આકાશ' અને 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' લલિત કાવ્યસંગ્રહ છે. 'તરજૂમો' કાવ્યસંગ્રહ વેદનાનો તરજુમો છે. આ સંગ્રહમાં ૩૬ કાવ્ય રચના છે. દલપત ચૌહાણની પ્રસ્તાવના અને પરિશિષ્ટમાં હરીશ મંગલમ્, મંગળ રાઠોડ, યશવંત વાઘેલા, વિશ્વનાથ પટેલ, અને પથિક પરમારના સમીક્ષા-અભ્યાસલેખો મૂકાયેલા છે. આ સંગ્રહના આવરણ પર કું. અક્ષિતા

મંગલમે કરેલું ચિત્રાંકન ધ્યાનાકર્ષક છે.

'તરજુમો' કાવ્યસંગ્રહમાં વેદના, સ્વસમાજની પીડાનો ચિતાર, શોષણનો ચિતાર આપીને દલિત સમાજની સ્થિતિનું આલેખન કરેલ છે. ગુજરાતી સાહિત્યમાં  દલિતસાહિત્યમાં જોસેફ મેકવાન, હરીશ મંગલમ્, દલપત ચૌહાણ, પથિક પરમારની સાથે જ મધુકાન્ત કલ્પિતનું બોલાવાય છે. નારીજીવનની કરુણતા દલિત પીડિત શોષણની વેદનાનું હૃદયસ્પર્શી નિરૂપણ કરતી કવિતા જેવી કે 'અમને અધિકાર આપો' લાચારી મિલ છૂટ્યાની વેળા' ધુમાડો' ધસરકો' તુંકારાનું ગીત' ઘોર અવાજોની વચ્ચેથી કોઈ મને દૂર ભગાડી દો' જેવી કવિતામાં દલિતોની પીડાનો ચિતાર થયેલ છે. અસ્તિત્વની આત્માનુભૂતિ કરાવતી કવિતા, જાત સાથેનો સંઘર્ષ અને અસ્તિત્વહીનતાની કવિતા, મધૂકાન્ત કલ્પિતે 'તરજુમો' કાવ્યસંગ્રહમાં આપી છે.

'તરજુમોમાં ૨૯ કવિતા, સાત ગીત એક અભ્યાસ લેખ અને પાંચ આસ્વાદો સમાવાયા છે. ક્રાંતિને 'અંધકાર' 'આંગળીઓ' બેનીમાં' 'સમતાઘર' 'અમે' 'તક' જેવી કવિતાનો સંગ્રહો ઓ કાવ્યસંગ્રહોમાં જોવા મળે છે.

**(૩) 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' (૨૦૦૮) :**

મધુકાન્ત કલ્પિતનો ત્રીજો સંગ્રહ છે. આ કાવ્યસંગ્રહમાં કુલ ૫૭ ગીત રચનાઓનો સમાવેશ થયેલો છે. રન્નાદે પ્રકાશનમાં આ કાવ્યસંગ્રહોને પ્રકાશિત કરવામાં આવ્યો. ઉશનસ્ આવકાર આમુખ, પરિશિષ્ટમાં કાવ્યસ્વાદો હસિત બૂચ, રાધેશ્યામ શર્મા, રતિલાલ સથવારા, પરિશિષ્ટ બીજોમાં પરિચય આલેખ ડૉ. પથિક પરમાર અને આવરણ આલેખ ડૉ. ચંદ્રકાન્ત શેઠ કરેલ છે. ગીત રચનાઓના શીર્ષકો પણ બહુધા ગીત શબ્દવાળાં છે. ગીતસંગ્રહમાં પણ રમેશ

પારેખની જેમ જ કન્યાના સોળ વર્ષની વયના ઉઘાડના અસંમજસવાળી મનોવૃત્તિવાળી શૃંગારમૂલક રચનાઓ છે. ગીતોમાં 'હું' નો વિખરાવ, માનવ વિભાવનાઓનો-ગરિમાનો ભ્રંશ, વેરવિખરપણું વગેરે જે બીજો વિષય તરીકે ગણાય છે. મધુકાન્તમાં ઉત્તર ગુજરાત કે ચરોતરી વાણી એમને શ્વાસવગી છે. 'સંવાદગીત' માં અ-બ-ક વધ્યાનો સંવાદ નિરૂપાયો છે. આ ગીત કેસરિયા ટશરનું આકાશ કાવ્યસંગ્રહમાં જોવા મળે છે. કદાચ ગીતરચના હોવાના કારણે મધુકાન્ત કલ્પિત 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' કાવ્યસંગ્રહમાં ગીતો મૂક્યા હશે. 'એકાંતમાં ગાવાનું ગીત' વેદનાનો માનવી' તારા ગયા પછીનું ગીત' 'ભીંજાયેલું ગીત' એક કુંવારું ગીત 'ઉંમરે પહોંચેલી કુંવારી સ્ત્રીનું ગીત' 'સુખની સૂકી કવિતા' નગરને આવેલા દુઃસ્વપ્નનું ગીત' રાજબાની આંખોમાં દોહરાતું ગીત' એક ગોઝારું ગીત' મને' 'પીડામય ગીત' 'તું' વગેરે ગીતોમાં મધુકાન્ત કલ્પિતની ગીતશક્તિ, બરાબર હિલ્લોળે ચઢી છે જે ભાવકને તેના વેગને આવર્તનમાં ખેચી જાય છે. 'પાસે બેસો, તો કાંક પૂછું' વિશે હસિત બૂચ કાવ્યસ્વાદ, રાધેશ્યામ શર્મા 'હિજરતી' ગીત રચનાને હયાતીના પરાયાપણાનું કરુણ સ્પન્દન તરીકે ઓળખાવે છે. એમને ગીતોમાં કથનકેન્દ્ર નાયક છે, તેમ નાયિકા પણ છે. નાયિકાના મુખમાં મુકાયેલા ગીતોમાં શૃંગારિક તત્ત્વ છે તો નાયકના મુખમાં મુકાયેલાં ગીતોમાં હયાતીની પીડાનો ભારોભાર આવિષ્કાર છે. કેટલાંક ગીતોનું કથનકેન્દ્ર કવિ પોતે જોવા મળે છે. 'એક અફવા ગીત' માં કવિ પોતાની ભીતરમાં રહેલા માણસના અણસારને ફંફોસે છે. પણ ક્યાંય નથી જડતો આ જણ મૂઓ' ની વેદના ગીતમાં વિસ્મય બનીને વિફરે છે. 'માણસનું ભંગાર ગીત' માં કવિએ માણસજાત અજબ તકતી લાગે છે. એમાં આવતી લોકબોલી બોલચાલની ભાષાના ગદ્યાળુપ્રયોગો ગીતને જીવંત

બનાવે છે. 'ભડાકાબોળ ગીત' માં મૂંગા મોઢે અન્યાય ભોગવતા દલિતજનને ઢંઢોળવાનો પ્રયત્ન થયો છે.

'હડિયાળું ગીત' ના મુખડાની પ્રાસયોજના આસ્વાદ્ય છે. તો ચહેરો ઉગામેલી છોકરીનું ગીત' માં છોકરીની ઘટના કંઈ જુદી જ એને સકારણ છે. 'સભાનતા' ગીતમાં અણિયાળાં પથ્થર જેવું સપનું આંખોને વાગે છે. 'ભીંજાયેલું ગીત' માં આંતરપ્રણયનું મનોમંથન વ્યક્ત થયેલું છે. આમ, આ કાવ્યસંગ્રહોમાં દલિત જીવનના વિષય અનુભવોનું દ્રવ્ય વેદનાનો ભાવ પ્રગટ કરતું વર્તાય છે. મધુકાન્તમાં રમેશને એક સમર્થ અનુયાયી મળ્યો છે એમ આ સંગ્રહમાં વાસ્તવિકતા છે. નક્કર હકીકત છે.

'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' ના ટાઈટલ પેજ-૪ માં ડૉ. ચંદ્રકાન્ત શેઠ લખે છે :

'પ્રણયથી માંડીને પ્રકૃતિ સંસ્કૃતિના વિવિધ બિંદુઓ સુધી આ કવિની સંવેદનાની રેખા લંબાય છે. પોતાની તેમજ અભ્યાસની પરિસ્થિતિ સાથેનો કવિનો મુકાબલો એમનો ખુદવકાઈ પ્રેરિત સંઘર્ષ એમના ગીત ઉદ્‌ગારમાં આક્રોશનું તત્ત્વ પણ સ્ફુરાવે છે. અમૂર્ત ને મૂર્ત કરવાની કવિની સહજ ચાલતી કેટલીક ખાસિયતો આકર્ષક છે. લોકકવિતા અને લોકબાનીના તેજતરિકાઓ પણ કવિની ગીતશક્તિને પુષ્ટ કરતા જણાય છે. અંધારે પીઠ ઘસીને તડકો થયેલા આ કવિ એમના ગીતોમાં સૂર્યમૂખી પુષ્પો દ્વારા સૂર્યની લીલેરી પિછાન ઉત્તરોત્તર વધુને વધુ ગાઢ રીતે આપતા રહે એવી સદ્‌ભાવના ![૭]

❖ **નવલકથા : 'તમને ક્યાંક જોયાનું યાદ' (સહનવલ) ૧૯૯૦ :**

મધુકાન્ત કલ્પિત અને રશ્મિન્ પટેલ બન્ને સર્જકો સાથે મળીને સર્જન કર્યું. આમુખની પ્રશ્નાવલિમાં ડૉ. ચિનુ મોદી તારવે છે.

'સદર હું લઘુનવલમાં આર્કષણનાં જે કેટલાંક સ્થાનો છે. એમાં પહેલું સ્થાન છે. રચનારીતિનું જ્યાં પણ જરૂરી લાગ્યું છે ત્યાં ડાયરીથી માંડીને નવલિકા સુધીના કોઈપણ સ્વરૂપને અહીં સર્જનાત્મક રીતે ઉપયોગી બનાવવાનું તમારા બેઉનું લક્ષ્ય છે. પ્રકૃતિનું અહીં પાત્ર ભાવે આલેખન થઈ શક્યું છે. અને એ પણ વૃત્તિમય ભાવાભાસની રીતે નહીં લઘુનવલની જેટલી લાક્ષણિક્તાઓ છે એ લાક્ષણિક્તાઓ અહીં પ્રણયકથા નિમિત્તે તણી શકાય છે. જે થયું છે તે પ્રમાણમાં સંતર્પક છે. પ્રતીકો ઓગળીને જ આવવા જોઈએ. અને વસ્તુ સાથે તદાકાર બની જવાં જોઈએ. અહીં ઘોડો સમડી નાગ, કાગડો, આદિમાં એમ થઈ શક્યું છે. અહીં ચરિત્રચિત્રણ જે રીતે થયું છે તે જિજ્ઞાસા રસને દ્રવતો રાખે એ રીતે થયું છે તે પાત્રોના ઈતિહાસને સાંપ્રતમાં સંવેદનાત્મક વિશ્વ મળે એ માટે તે ઉપયોગમાં લીધો છે. બિન્દુ તો નાયિકા છે. અને આમેય એમાં રસ પડે એવું એનું સૌષ્ઠવ પણ છે. પણ અલપઝલપ ઠોકાતું મિતલનું પાત્ર બહુ ઓછા ભાર સાથે પરોક્ષ રીતે અહીં વધારે સુંદર બનાવી શક્યા છે. સમીરનું પાત્ર તમારા અને ભાવકના ચિત્તમાં સ્પષ્ટ મુદ્રા ઉપસાવે છે. આ પાત્ર જેટલાં જ બીજા પાત્રો with their fallies જો ચિત્રિત થયાં હોત તો આવી જ મુદ્રા ઊભા કરી શકયાં હોત. નવલકથાનું સર્જન રશ્મિન્ પટેલના નવલિકા સંગ્રહ 'લોહીનાં વમળ' માંથી નવલિકા 'પરિચય' ને નવલકથા માટે પસંદ કરે છે. લઘુનવલની ઘટના, પ્રતીકો, કલ્પનો વિશેનું ચિન્તન, મનન, ચર્ચા, લેખન સહિયારો છે. જેમાં રશ્મિન્ પટેલની શૈલી છે.

રાધેશ્યામ શર્મા કહે છે :

'તમને ક્યાંક જોયાનું યાદ' કાવ્યાત્મક લઘુનવલ બનવાનું તાકે છે. છતાં કવિતાવેડાથી માવજત ખરડાઈ નથી. પ્રકૃતિનાં વર્ણનો પણ આ નવલકથામાં આવે છે. અને પાત્રોમાં નાયિકા બિન્દુનાં મનોસંચલનો તેમજ દિવાસ્વપ્નો માનસશાસ્ત્રીય તથા સાહિત્યિક અભિરુચિને ઉત્તેજે છે. બિન્દુની ગિલ્ટ સેન્સમાં

અશ્વ એક સંકુલ અને સમૃદ્ધ પ્રતીકરૂપે વણાઈ જતા એની ગતિમય છબીઓનું આલેખન વાસ્તવિકતા અને ફેન્ટસિનું ઈન્ટરસ્પલિંગ લેખકો સુભગ રીતે કરી શક્યાં છે.''

## ❖ વિવેચન : પ્રત્યક્ષ (લેખસંગ્રહ - ૨૦૦૮)

'પ્રત્યક્ષ' વિવેચનની પ્રસ્તાવના શ્રી હરીશ મંગલમ્ અવલોકે છે. પરિશિષ્ટ-૩ છે. જેમાં શ્વાસોશ્વાસના સર્જક મધુકાન્ત કલ્પિત સાથે થોડીક પળો રમેશ દેવમણિએ આ શીર્ષકમાં મધુકાન્ત કલ્પિત વિશે લખ્યું છે. એમને પ્રશ્નો પૂછી એમના અભિપ્રાયનો ઉલ્લેખ કરવામાં આવ્યા છે. 'ગુજરાતી ગાળોના ગાલિબ' કહીને રાધેશ્યામ શર્માએ એમના સર્જન, વાર્તા, ગીત, ગઝલ વિશે અને જન્મથી એમના અનુભવ શિક્ષણ વિશેની પ્રશ્નોત્તરીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સદુભાઈ પણ દલિત સાહિત્ય સંદેર્ભ પ્રશ્નોત્તરી કરેલ છે. જે 'પ્રત્યક્ષ' વિવેચનમાંથી મળે છે. મધુકાન્ત કલ્પિત 'પ્રત્યક્ષ' વિવેચનમાં ચારેક લેખોમાંથી દલિત સાહિત્ય જોવા મળતું નથી. બાકીના દલિત સાહિત્યના લેખો છે. આ પુસ્તકના લેખોમાં સર્જક ચેતના, સર્જનપ્રક્રિયા સર્જન અને સર્જકના સામાજિક સંદર્ભો વિષેની તાત્વિક મુદ્દાઓની ઊંડાણપૂર્વકની ચર્ચા નૂતન અભિગમમાં દિશાસૂચક બની રહે છે. સામાજિક સંદર્ભે રચાતા દલિત સાહિત્યની એમાં ખેવના કરી છે. 'જીવન માટે કલા' અને 'કલા ખાતર કલા' ની એમની બારીક છણાવટ સૈદ્ધાંતિક બની રહી છે. લેખોમાં વ્યક્ત થયેલા માનવીય ચિંતન, આલોચકની કલાદ્રષ્ટિ, તટસ્થ અને બળૂકાં તારણો અને એમાંના તાટસ્થ્યને બિરદાવ્યા છે. એ રીતે 'એકવચન' ના લેખોને બિરદાવી પુસ્તકને 'દલિત ચેતનાનું સત્યબોધક એકવચન' તરીકે મૂલવ્યું છે. તેમ છતાં એમણે હંમેશા વિવેચનનું વિવેચન કર્યું છે. આમ, સમગ્ર રીતે 'પ્રત્યક્ષ' ના લેખો જોતા તપાસતાં એમાંથી સ્ફૂટ થતું પ્રત્યક્ષીકરણ 'સંવિત્તિ' થી 'પ્રત્યક્ષ લગીના કાળખંડ માટે સેતુ રચે છે, જે દલિત સાહિત્યક આંદોલનને એક ધક્કો મારી

આગળ ધપાવવાનું સમયસરનું કાર્ય કરે છે.

મધુકાન્ત કલ્પિતનો 'સાભિપ્રાય' વિવેચનગ્રંથ ૨૦૧૮ માં હાલ પ્રકાશનમાં જ છે.

❖ **વાર્તાકાર તરીકે :**

મધુકાન્ત કલ્પિત વાર્તાકાર તરીકે પણ ઓળખાય છે. એમની વાર્તા જેવી કે 'અધૂરો પૂલ' 'કુળકથા' 'હુતાશન' 'લાખુ' માણસ બની ગયો, 'રમતી' ચંદ્રા' જેવી વાર્તા આપી છે. એમને લેખનમાં રુચિ હોવાથી એમણે વાર્તાલેખન જથ્થામાં ઓછી પણ ગુણવત્તાની દ્રષ્ટિ સારી એવી વાર્તાઓ લખી છે. એમની અવાર-નવાર ચર્ચામાં રહી હોય એવી વાર્તા 'અધુરો પુલ'

આ વાર્તામાં મધુકાન્ત કલ્પિત દ્વારા લિખિત દલિત ચેતનાનું આલેખન થયેલું છે. વાર્તામાં ઉજળિયાત શેઠ અને મજૂરણ વચ્ચેના અવૈદ્ય સંબંધની કથા કેન્દ્રમાં છે. લેખકે ભાષાકર્મના પ્રયોજનથી કથાનાયક પોતાના અસ્તિત્વની શોધમાં નીકળી પડે છે તેનું કથાનાયક શેઠને મળવા જાય છે. ત્યારે પુલનું બાંધકામ ચાલુ છે. કથાનાયકને મૃતમાનું સ્મરણ થાય છે. માના મૃત્યુ પાછળ શેઠ નિમિત્ત છે. મા અને શેઠ વચ્ચેના અવૈદ્ય સંબંધોથી માના મૃત્યુ પછી કથાનાયકને કોઈ બોલાવતું નથી. વાર્તામાં આવતાં શેઠ વિષેના વિધાનો સૂક્ષ્મ તંતુઓ સાંધી આપે છે. 'મા મરી ગઈ ત્યારે અંત્યેષ્ટિનો સઘળો ખર્ચ શેઠ આપી ગયા હતા. હવે લાગે છે કે શેઠ મા સાથે લગ્ન કરી શક્યા હોત. અને મા જીવતી હોત ! મા કોઈ સારા ઘરની હોત કાશ...! મા મજૂરણ હતી એટલે મરી ગઈ..' 'મા નથી એની અવેજીમાં નોકરી હતી..' વગેરે દ્વારા વાર્તાનું ગૂંથન થયું છે. વાર્તામાં કથાનાયક અને શેઠ વચ્ચે રૂઢિગત સમાજરચનાની જાતિગત વ્યવસ્થાન ને લીધે પુલ રચી શક્યો નહિ. બાહ્ય દ્રષ્ટિએ પુલનું બાંધકામ ચાલુ છે અને કથાનાયકની ભીતર એક પુલ અધુરો રહે છે. અહીં પુલને લેખક પ્રતીકાત્મક દ્રષ્ટિએ નિરૂપે છે. ઘટનાઓને ઓગળવાનો વાર્તાલેખકે સભાન પ્રયાસ કર્યો છે. આ વાર્તામાં

શેઠની હીનતા, માની ગરીબી, જાતિ વગેરે વિગતોને બાજુ પર મૂકીને તોપણ કથાનાયકની આંતરચેતનાનું પ્રવર્તન અને સંચારી વ્યભિચારી ભાવોનું સૃષ્ટિનું આલેખન પણ આસ્વાદ્ય બની રહે તેવું છે.

લેખકની દલિત સમસ્યાને પ્રતીકાત્મક તેમજ કાવ્યમય ભાષાત્મક અભિવ્યક્ત વડે રજૂ કરવાની નવતર શૈલી આસ્વાદ્ય બની રહે છે.

## (૧) 'લાખુ' વાર્તા :

મધુકાન્ત કલ્પિતની 'લાખુ' વાર્તા અસ્પૃશ્યતા અને નારી શોષણના પ્રશ્નોને લઈ ચાલે છે. વાર્તામાં કાર્યસાધક પ્રતીકકલ્પ કલ્પનોનો સાર્થ વિનિયોગએ પ્રકાર થયેલો છે કે ભોળી ભોટ કાળી અને કામુક રમતૂડાનાં અસલી રૂપો યથાર્થ રીતે ઉપસી આવે. કૃતિ પ્રયોજનને અનુરૂપ ચરિત્ર ચિત્રણમાં અમને સજીવ સ્પર્શક્ષમ પરિવેશ નિર્માણમાં પ્રગટતી કર્તાની કળાગત સૂઝ-સજ્જતા સવિશેષ નોંધપાત્ર લખાય તેવી છે. લાખાના વ્યંજનાગર્ભ પ્રતીકવિધાનમાં દ્રષ્ટિત થતી લેખકની સર્ગશક્તિ સરાહનીય છે.

## (૨) 'કુળકથા' વાર્તા :

પ્રસ્તુત વાર્તામાં પરાપૂર્વથી ચાલ્યા આવતા જાતિભેદના રાક્ષસના અત્યાચારની કથા છે. વંચિત, પીડિત, દલિત જનસમૂહ માટે વિષમતાનો સ્વીકાર અને જાણે આપણી સંસ્કૃતિની રૂઢિગત દેન છે. આનું કારણ આ વિષમતા દલિતોને પેઢીગત વારસામાં મળે છે. આ કથામાં દાદા બાળકને કુળકથા વાર્તા સંભાળાવતા જેમાં અત્યાચાર, શોષણ, અસમાનતાની રસમ હવે આવનારી પેઢીઓને આપવાની છે. આ માનવસર્જિત પેઢીઓને આપવાની છે. આ માનવસર્જિત વેદનાની સાંકળને સામાજિક સાંસ્કૃતિક સંદર્ભે વિચારી, દલિત વાસ્તવને અહીં હૃદયને સ્પર્શી જાય એ રીતે નિરૂપ્યું છે.

### (૩) 'હુતાશન' વાર્તા :

પ્રસ્તુત વાર્તા, 'હુતાશન' માં મધુકાન્ત કલ્પિતે ગામને છેડે આવેલા વાસનું વર્ણન અને સાથે સાથે ગૂંથાતું આવતું બે પાત્ર (૧) નરસિંહ (૨) વૃદ્ધ. ના મનની ડામોડાળ સ્થિતિ બંનેનું સરસ આલેખન થયું છે. અંતિમ દ્રશ્યોમાં શોષણનો ભોગ બનેલી વ્યક્તિ અને સમાજ બેઉના સદીઓથી સપ્રગટ અવ્યક્ત રહેલો બળવાન આક્રોશ પ્રગટ થયો છે.

### (૪) 'મનજી' વાર્તા :

આ વાર્તાતંતુ આમ તો ચોટદાર કે સચોટ જોવા મળે છે. ગુજરાતના દલિતોમાં પણ સાવ છેવોડે રહી ગયેલ વાલ્મિકી સમાજના જનજીવનના તાણવાણા આ વાર્તામાં ગૂંથાયા છે. આર્થિક રીતે ભીંસાયેલા અને સાલ દુભાયેલા સમાજની અહીં વાર્તામાં પ્રગટતા મૂક ઊંચેરો માનવીઓના ભાવ-પ્રીતના કારણે મોટો અને મહાન છે. તેમના ઉમદા માનવવર્તન અને સ્વભાવના કારણે અતિ પછાત અને અતિ શુદ્રમાં પણ છેડે ગણાતો માનવ સમાજ વાર્તામાં વિશેષ પ્રતિષ્ઠા પામે છે.

આમ મધુકાન્ત કલ્પિતની વાર્તાઓમાં શોષણ, અત્યાચારો, જાતિભેદ, દલિતોની વ્યથાનું આલેખન કરેલું જોવા મળે છે.

## ❖ મધુકાન્ત કલ્પિતના રેખાચિત્રો :

'મા જૂજવા રૂપે' અને 'મધુકાન્ત કલ્પિતનું ફૂમતું' આ બન્ને રેખાચિત્રોમાં માની મમતા, પરિસ્થિતિ, પુત્રીનો સેવાભાવ, કવયિત્રી તરીકે જેવું આલેખન પ્રસંગોમાં કરવામાં આવ્યું છે.

## ❖ સંપાદનો :

વાર્તાલોક (દલિત વાર્તા સંચય) (અન્ય સાથે) ૨૦૦૮ આ 'વાર્તાલોક' સંપાદન દલિત વાર્તાનો સંપાદન કરવામાં આવ્યું છે. સંપાદકો હરીશ મંગલમ્

ડૉ. પથિક પરમાર, મધુકાન્ત કલ્પિત, અરવિંદ વેગડા સાથે મળીને એમણે ગુજરાતી દલિત વાર્તાઓનું આલેખન કરવામાં આવ્યું છે. ૪૨ વાર્તાઓમાં સાચી દલિત સૃષ્ટિના દર્શન કરાવ્યા છે. ગુજરાતી દલિત વાર્તાએ એ અભિગમ કેળવી આમૂલ પરિવર્તનના વિચારોનો પ્રસાર-પ્રચાર ખૂબ જ અસરકારક રીતે કર્યા છે. આ સંપાદનની સાંપ્રત ગુજરાતી દલિત વાર્તાની ઝાંખી જ થતી નથી બલ્કે, એક આખો આલેખ મળી રહે છે.' મધુકાન્ત કલ્પિત 'વાર્તાલોક' સંપાદનમાં 'હુતાશન' 'કુળકથા' વાર્તાનું સંપાદન કરેલું છે.

મધુકાન્ત કલ્પિતના અન્ય સંપાદન જોવા મળે છે જે સહસંપાદન કરવામાં આવ્યું જેવા કે

- બ્રેઈન વૉશ, ગુજરાતી દલિત કવિતા' (અન્ય સાથે) (જુલાઈ-૨૦૧૨)
- ગુજરાતી દલિત કવિતાનો ઉદ્‌ભવ અને વિકાસ' (સહસંપાદન) (૨૦૧૫)
- સમર્થ સર્જક જોસેફ મેકવાન' (સહસંપાદન) (જાન્યુઆરી-૨૦૧૨)
- અનન્ય આંબેડકરવાદી સાહિત્ય'- (સહસંપાદન) (એપ્રિલ-૨૦૧૭) વગેરે.

શ્રી મધુકાન્ત કલ્પિત બહુમુખી પ્રતિભાશાળી સર્જક છે. તે શબ્દ અને સાહિત્યના નાભિકેન્દ્ર સુધી પહોંચેલા છે. એમની શૈલીમાં શીલનાં પ્રભાવ એમનાં શબ્દમાં સત્યનું ઓજસ છલકાય છે. તે સાચા અર્થમાં સહજ અને સુદઢ આત્મશ્રદ્ધા અને જીવનશ્રદ્ધાના કારણે આસ્તિક બનેલા સર્જક છે. બૌદ્ધિકતાનાં દંભથી બચેલા અને અંદરના અનુભવથી ખીલેલા સર્જક છે. એમના શબ્દમાં મનુષ્યની સાર્થક્તાની પ્રતિષ્ઠા છે. મધુકાન્ત કલ્પિતમાં આવી રીતે સમાન ભાવ અને ભાવનાનું સતત આકર્ષણ પ્રવર્તમાન છે. આવી રીતે તેમનામાં દલિત સમાજની પીડા, શોષણ, અત્યાચારના પરંપરાનું સાતત્ય વિશેષ જોઈ શકાય

છે. પરંતુ તે ત્યાં રોકાય નથી તે પોતાની રીતે આગળ વધતા અસ્તિત્વવાદી વિચારધારાઓમાં પ્રવાહોની સાથે રહીને પોતાના અવાજને સત્યથી માર્મિક અને સૌંદર્યથી રમણીય બનાવવા સતત પુરુષાર્થ કરે છે. એમણે દલિત સાહિત્ય ક્ષેત્રમાં સૌથી વધુ ખેડાણ કરેલું છે. તેથી દલિત સાહિત્યકાર તરીકે ઓળખાય છે. પરંપરાને સૂક્ષ્મરીતે ધ્યાનમાં રાખી, વૈજ્ઞાનિક અભિગમથી સામાજિક દૂષણો નષ્ટ કરવાનો મૂળભૂત માનવીય અભિગમ રહેલો છે. મધુકાન્ત કલ્પિતમાં.

# :: પાદટીપ ::

૧. ‘પ્રત્યક્ષ’ લે. મધુકાન્ત કલ્પિત, પૃ. ૧૧૫

૨. એજન, પૃ. ૧૨૦

૩. ‘મધુકાન્ત કલ્પિત એક અફવા છે’ લે. મધુકાન્ત કલ્પિત, પૃ. ૧

૪. એજન, પૃ.૫

૫. ‘કેસરિયા ટશરનું આકાશ’ લે. મધુકાન્ત કલ્પિત, પૃ. ૫

૬. એજન, પૃ.૬

૭. ‘મધુકાન્ત કલ્પિત એક અફવા છે’ લે. મધુકાન્ત કલ્પિત, પૃ. ૪ (ટાઈટલ પેજ)

૮. ‘તમને ક્યાંક જોયાનું યાદ’ લે. મધુકાન્ત કલ્પિત (અન્ય સાથે), પૃ. ૪

# પ્રકરણ-૨
# કવિ મધુકાન્ત કલ્પિત

- ગીતકવિ મધુકાન્ત કલ્પિત
- વેદનાનો તરજુમો
- અસ્તિત્વની આત્માનું ભૂતિનું ગીત
- નારીજીવનની કરુણતા વ્યકત કરતા ગીતો
- માનવીય ગરીમા સ્થાપવા માટે મથતી કવિતા
- 'કેસરિયા ટશરનું આકાશ' (૧૯૭૯)
- શ્વાસોચ્છવાસના કવિ મધુકાન્ત કલ્પિત
- પાદટીપ

# પ્રકરણ-૨
# કવિ મધુકાન્ત કલ્પિત

## ❖ ગીતકવિ મધુકાન્ત કલ્પિત :

અર્વાચીન ગુજરાતી સાહિત્યના આઠમા દાયકાના પ્રયોગશીલ કવિ મધુકાન્ત કલ્પિત. ગુજરાતી સાહિત્યમાં ગીતકવિ તરીકે સુખ્યાત છે. ગુજરાતી ભાષાનો ચિરંજીવ કાવ્યપ્રકાર તે 'ગીત' પ્રકાર છે, એ છેક મધ્યકાળથી આજ સુધી બરાબર પરિવર્તન પામતું - નવા સ્વરૂપ ધારણ કરતું સદાય જોબનવંતુ રહેલું ચાલ્યું આવ્યું છે. મધ્યકાળમાં તે મુખ્યત્વે પદરૂપે પ્રવર્તે છે પણ ક્યારેક તે કોઈ એક કવિના પ્રભાવમાં પ્રવર્તે છે. જેમ કે સાક્ષરયુગમાં તે નાનાલાલના પ્રભાવમાં રહ્યું છે. અનુગાંધી યુગમાં તે રાજેન્દ્ર શાહના પ્રભાવમાં વિલસે છે ને તે પછી અદ્યતન-આધુનિક યુગમાં તે રમેશ પારેખના પ્રભાવમાં છે. વચ્ચે અનુગાંધી યુગમાં તે થોડું નિરંજન ભગતની નગર કવિતા રૂપે દેખા દે છે. ''ધીમેધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ'' કંઈક 'કટાવ' ની ચાલમાં આ ગીત સર્જક કવિના શ્વાસની સ્વાભાવિકની ચાલમાં આ ગીત સર્જકકવિના શ્વાસની સ્વાભાવિક ઈયત્તાથી આગળ થઈ લચકાતું રહે છે. પરિણામે એની ગેયતા અળપાતી લાગે છે. જાણે હવે 'અ-ગીત' એવા ગીતનો જન્મ થયો છે. કવિ શ્રી મધુકાન્ત કલ્પિતનો ગીતસંગ્રહ રમેશ પારેખના આવા ગીતકુળનો જ જાણે વિસ્તાર-પ્રસ્તાર છે.

મધુકાન્ત કલ્પિત એને ઉત્તર ગુજરાતની તળપદ બોલીમાં ઢાળે છે. માત્ર પ્રદેશ બદલાય છે. પરિવેશ બદલાતો નથી. એમનામાં થતો હાડોહાડ કવિતાનો સંચાર સૌને મુગ્ધ કરી દે તેવો છે. સતત કાવ્યમય જીવન. એ જ રીતે સતત તરતા રહે છે કાવ્યસાગરમાં. છેક ૧૯૬૭ થી તે આજલગ શારીરિક અસહ્ય પ્રતિકૂળતાઓની વચ્ચે પણ સર્જન પ્રવૃત્તિમાં અડગ રહ્યા

છે. અડગ કેમ ના રહે એમનું ઘડતર 'કુમાર' અને 'કવિલોક' ની બુધસભામાં થયું છે. એમની લલિત કવિતાના કેન્દ્રમાં પણ માનવીય વેદના છે. અસહ્ય ભેદભાવો, અન્યાયો અને અત્યાચારોથી કવિ હૃદય પોકારી ઉઠે છે અને ફંટાય છે પ્રતિબધ્ધતા તરફ. નાની વયે એમણે કાવ્યસર્જનની શરૂઆત ગીતકવિતાથી કરી હતી. ગીતમાં એમણે દલિત સાહિત્યનો ચિતાર સૌ પ્રથમ કર્યો હતો. આથી અલગ ગીતમાં ભિન્નતા જોવા મળે છે. જેમાં શૃંગાર પ્રકૃતિના ગીતો જોવા મળે છે.

ગુજરાતી સાહિત્યમાં એમણે સામાજિક પ્રતિબધ્ધતા અને કળાત્મક રીતે પ્રગટાવવામાં મધુકાન્ત કલ્પિતનું પ્રદાન નોંધપાત્ર છે. એમણે કાવ્યસંગ્રહો આપ્યા છે જે નીચે મુજબ છે.

'કેસરિયા ટશરનું આકાશ' (૧૯૭૯), તરજુમો' (૨૦૦૮), 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' (૨૦૦૮).

આ ત્રણેય કાવ્યસંગ્રહોમાંથી બે કાવ્યસંગ્રહો લલિત કાવ્યસંગ્રહ 'કેસરિયા ટશરનું આકાશ' (૧૯૭૮) અને મધુકાન્ત કલ્પિત એક અફવા (૨૦૦૮) અને દલિત કાવ્યસંગ્રહો 'તરજુમો' છે.

'કેસરિયા ટશરનું આકાશ' (૧૯૭૯) આ કાવ્યસંગ્રહોમાં ગીત, ગઝલ જેવા કાવ્યપ્રકારનું સર્જન કરવામાં આવ્યું છે. ગીત કે ગઝલ નહિ, બલ્કે કાવ્ય જ સર્જાતો હોય છે એટલે આ પ્રકારની કાવ્ય રચના નખશિખ સિધ્ધ ત્યારે જ થાય જ્યારે તે સાદ્યંત કલાકૃતિ બને. પ્રયોગશીલતાના આ તબક્કામાં અનેક પ્રતિભાશાળી નવોદિતો ભિન્ન-વિભિન્ન યુકિત-પ્રયુકિત દ્વારા શુધ્ધ કાવ્ય સર્જવા નિષ્ઠાવાન મથામણ કરી રહ્યાં છે. આવા કવિઓમાં મધુકાન્ત કલ્પિતની કવિતા મોડર્નિસ્ટ કહી શકાય તેવી લાક્ષણિકતાઓ ધરાવે છે. કવિતામાં પરંપરા સાથેનો વિચ્છેદ પણ જોવા મળે છે. તો પ્રયોગશીલતાનો આંધળો વ્યામોહ પણ નથી. એમની પોતાની

લઢણો આગવી છે, એમનો અવાજ એમનો પોતાનો અવાજ છે. આ પોતીકો અવાજ એમને સમકાલીનથી અલગ તારવી આપે છે. 'કેસરિયા ટશરનું આકાશ' કાવ્યસંગ્રહોમાં બે ગઝલ, અઢાર ગીત અને ત્રીસ ગદ્યકાવ્યો મળીને કુલ પચાસ રચનાઓ છે. ગઝલનો કાવ્ય પ્રકાર એમને બહુ ફાવ્યો હોય એવું જણાતું નથી. ઉભય ગઝલો છંદમાં છે. એમાં તેઓ કંઈ વિશિષ્ટતા પ્રગટાવી શક્યા નથી. એ ગઝલને સાંપ્રત સામાયિકોમાં છપાતી ગઝલોથી અલગ પાડી શકાય તેમ નથી. ગદ્યકાવ્યોની બહુવિધ સંખ્યા જોતા એમને એ પ્રકાર પ્રતિપ્રીતિ હોવાનું જણાય છે પરંતુ એમનો વિશેષ ગીતોમાં પ્રગટ થાય છે. આ સંગ્રહમાં ૧૮ ગીતમાંથી ૧૧ ગીત અષ્ટકલમાં અને ૭ ગીત ષટ્કલમાં છે. તેમાં નાયિકાના મુખમાં ૧૦ ગીત અને નાયકના મુખમાં ૭ ગીત છે. એક સંવાદગીત છે. આમ કુલ ૫૦ રચનાઓ છે. મધુકાન્ત કલ્પિતને કલ્પનનિષ્ઠ ગીતકવિ કહેવાનું મન થાય એટલી હદે તેઓ કલ્પન દ્વારા ગીત સિદ્ધ કરવા મથે છે, આ કવિએ કલ્પન માટે ષષ્ઠીના પ્રત્યયો પાસેથી ઘણું કામ લીધું છે. ષષ્ઠીના પ્રત્યયો દ્વારા યોગ પામતાં બે પદોથી સિદ્ધ થતું એમનું કલ્પન વિશેષણોની મદદથી વિશેષ તરફ ગતિમાન બને છે. અનુ-આધુનિક યુગમાં ઉદ્‌ભવેલા દલિત સાહિત્યનાં પ્રવાહમાં એમણે કવિતા દલિતોની પીડા-વેદના-માનવીની આંતરમનની વેદનાને પ્રત્યક્ષ જોયું તેનું આલેખન કરે છે. આ કાવ્યસંગ્રહોમાં સાંપ્રત સમયનું આલેખન થયેલું જોવા મળે છે. માનવીની સંવેદના છે. માણસની સંવેદના માટેનું દલિત સાહિત્ય છે. માણસની સંવેદના દુઃખોમાંથી મુકત કરવા માટેનું સાહિત્ય છે. જાગૃતિ લાવવા માટે આ કાવ્યસંગ્રહોનું ખેડાણ કર્યું છે.

સૌમ્ય અને સાલસ સ્વભાવ છતાંય ક્યારેક ધડાક ધૂમ કરતો કવિ ગર્જી પણ ઊઠે -

''ઇન્નીમાનો .. દરિયો હેનો ?

હેનું દરિયું ફરિયું ?'' (પૃ.૪૬)

જાનપદી સંસ્કાર એના તળના નાદ અને લયની રમણા સાથે જાગે છે ત્યારે ભાવમગ્ન બની કવિ ઝૂમી ઊઠે છે :

'થાય છ આખી સેમ ખુંદી નં.

વાડની પાંહણ આંતરું બધાં મોયડાં

પછી ઘોંઘી ઘોંઘી લોલ પેછામાં ચટકો ભરું ?' (પૃ.૧૩)

ભાવને ભાષા સુધી પહોંચાડવાની તાકાત ધરાવતો ભરચક ભીડમાંય એકલોઅટૂલો આ કવિ છે. 'કેસરિયા ટશરનું આકાશ' માં પોતપોતાના નીજી રૂપ પામવા મથતી આ વ્યર્થતાઓને, સંકુલતાઓને અને અવસાદજન્ય ભગ્નતાઓને અહીં શબ્દ દ્વારા ઉકેલવાની મેં મથામણ કરી છે.'' શ્રી હસિત બૂચ લખે છે તેમ

''સંગ્રહમાં પ્રત્યેક શબ્દને અને તેના અન્વયને સાર્થ કરે છે, મસ્ત-સ્વસ્થ રંગ છે, સુમેળ, મૃદુતા-એકાગ્રતા છે અને કોઈક સળંગ વરતાતી વિશાળતા ગહરાઈ આત્મીયતા છે.. એમાં શ્રદ્ધા છે, સંયમ છે.''[૧]

આમ આ સંગ્રહની કવિતામાં ચિત્રાત્મકતા છે, તાજગી ભર્યા ઉપમાનો છે. ગીતોમાં જાનપદી મિજાજ છે, પોતીકો નાદ છે, લય છે, કલમનો વૈભવ છે. ઉત્તર ગુજરાતની લોકબોલીમાં એમણે પ્રભાવક રચના કરી છે, જેનો નમૂનો 'એક ગાંમેતી ગીત' છે.

કવિએ 'તરજુમો' કાવ્યસંગ્રહોમાં ૨૯ કવિતા, ૭ ગીત, ૧ અભ્યાસ લેખ અને ૫ આસ્વાદ સમાવાયા છે. કવિને સૂઝે એ બીજાઓથી અદકું, નોખું હોય છે. ગીતોમાં લોકલય છે, તાજપ અને તૃષ્ટિ છે. ન સાંભળ્યા પ્રતીકને, ન થરક્યા અવાજ છે. ગામઠી મિજાજ અને શબ્દનું વજન છે. તોલ છે. એક એક થરકાટને પોતાના ગતિ છે એટલે જ ગ્રામ્ય જીવનનું ઝમતું વેદનાસભર ઝરણું છે.

કવિ શ્રી મધુકાન્ત કલ્પિતનો 'ત્રીજો' કાવ્યસંગ્રહ 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' માં કુલ ૫૭ જેટલા ગીતોનો સમાવેશ થાય છે. આ ગીતોમાં કૃતિઓના શીર્ષકો પણ બહુધા ગીત શબ્દવાળાં છે, ગીતસંગ્રહમાં પણ રમેશ પારેખની જેમ જ કન્યાના સોળ વર્ષની વયના ઉઘાડના અસમંજસવાળી મનોવૃત્તિવાળી શૃંગારમૂલક રચનાઓ છે, પણ કશું નામ પાડ્યા વિના જ એને એવી ભાષાનો હિલ્લોળ મળે છે. આ વાગર્થની સંપૃકિત : આ ભાષાઠાઠ, આ લયલચક ને હિલ્લોળ એજ માણવાનું છે. એનો એના અસબાબથી અલગ તારવીને કોઈ બીજો નામ પડાય તેવો અર્થ શોધવાનો નથી, આ લોલ-હિલ્લોળ એ જ એનો અર્થ છે. આ ષોડશીના ભાવોને મધુકાન્તની ગીતશકિતનું પરિચાયક તત્વ છે. બીજો વિષય છે. આધુનિક માનવની નિયતિ મધુકાન્ત કલ્પિતના કેટલાંક ગીતોમાં 'હુ' નો વિખરાવ માનવવિભાવનાનો - ગરીમાનો ભ્રંશ, વેરવિખેરપણું વગેરે છે.

આવાં ગીતોમાં પ્રફુલ્લન ઓછું છે, એથી ભાષાવિલાસ પણ કંઈક ઓછો છે એમ લાગશે. રમેશમાં આધુનિક માણસની નિયતિ આવી પંકિતમાં જોરદાર આવિષ્કાર પામે છે, જુઓ :

'પોતાની કડકડતી એકલતા લઈ સૌ બેઠાં છે ટોળાને તાપણે'

મધુકાન્તમાં આ ભાવની આવી નમૂનેદાર ચોટદાર અભિવ્યકિત કદાચ ઓછી જોવા મળશે. સંગ્રહની પ્રથમ ગીતરચના 'એકાંતમાં ગાવાનું ગીત' માં એકલતાની વ્યથા સાથે સંવેદના વ્યકત થઈ છે.

આંખો ભીડું તો મને ઊગે વસંત
નરી તાજપનું ઊઘડે ગગન,
કાયાની કાંબળીમાં બોલચાલ બોળું
ત્યાં ફાગણિયું ફાટફાટ વન. (પૃ.૧)

આ ગીતમાં પ્રકૃતિના સુંદર વર્ણન સાથે પ્રણયની ભાવના વ્યકત થઈ

છે. એકલતાના લીધે ઝુરાપે ઝંખના માટે આમતેમ ફેરાં ફર્યા કરે છે અને મોસમનું પાન, લ્હેરાતું, આકાશ, વન સાથે કવિ પ્રણયની ભાવનાને વ્યકત કરે છે.

'એક ગાંમેતી ગીત' માં ઉત્તર ગુજરાતની લોકબોલીનો ઉત્કૃષ્ટ પુરસ્કાર થયો છે. આ ગીતમાં પ્રાદેશિકતા 'ઈન્ની માનો... દરિયો ર્હનો ? કે ઈન્ની બુન્નું... ટેંપા જેવડું મન તે હાળું' માં ગોપિત રહેલી બીભત્સતા સ્વાભાવિકતામાં વિગલિત થઈ જાય છે. આવા શબ્દપ્રયોગો સામાન્ય રીતે ગાળ તરીકે વપરાય છે. ગાળ નિર્દોષ લાગે ત્યારેય તુચ્છકાર તો પ્રગટ થાય જ. એનો ઉપયોગ કરી અહીં જુદું જ પરિમાણ લાવવાનો અખતરો થયો છે. જે પ્રસ્તુત પંકિતમાં જોઈ શકાય છે.

ઈન્ની બુન્નો... શવાશ જેવો શવાશ
છાતી છાંયે બેઠો હોય એ વેળા
કદકદ કરતું કુણ બધે હરવરિયું ? (પૃ.૫)

ઠેકડા મારતું હોય એવી લાગણી વ્યકત કરવા 'કદકદ કરતું' શબ્દપ્રયોગમાં સસલા જેવા પ્રાણીની કૂદકા મારતી ગતિનું સૂચન થાય છે. આ ગીત વિશે રઘુવીર ચૌધરી કહે છે કે 'એક ગાંમેતી ગીત' ઉત્તર ગુજરાતની લોકબોલીમાં લખાયેલું છે. 'ઈન્ની માનો' એ શબ્દપ્રયોગ સામાન્ય રીતે ગાળ તરીકે વપરાય છે અને ગાળ નિર્દોષ લાગે ત્યારેય તુચ્છકાર તો પ્રગટ થાય જ. એનો ઉપયોગ કરી અહીં જુદું જ પરિમાણ લાવવાનો અખતરો થયો છે.[૨] (પૃ.૬૨)

રાજેન્દ્રસિંહ રાયજાદા પણ કહે છે, 'ગાળક્ષમ અશ્લિલ શબ્દો તેના બીભત્સ હોવાના અર્થ વગર જાણે બોલાતા હોય છે. આવી ગાળો ગ્રામ્ય જનતામાં વણાઈ ગઈ હોવાની અશ્લિલતામાં અનઅર્થતા આવી જતી હોય છે. આવી ગાળથી શરૂ થતું મધુકાન્ત કલ્પિત કાવ્ય લોકબોલીનો સુંદર

નમૂનો પૂરો પાડે છે.[3]

'તરજૂમો' કાવ્યસંગ્રહોમાં જોવા મળતું ગીત 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' કાવ્યસંગ્રહમાં પણ આલેખન થયેલું જોવા મળે છે. 'ભડાકાબોળ ગીત' આ ગીતમાં કવિ માનવમાત્રને પરંપરા, રૂઢિઓ, નિયમો વગેરે પીડે છે પણ દલિત તરીકે જન્મેલા માણસને પીડતી આ બેડીઓ જરા વિશિષ્ટ છે. એટલે એ વેદનામાંથી જન્મતા ફુત્કાર એક આગવી મુદ્રા રચે છે. એમાંથી આવતા શબ્દો-એ માત્ર લય, પ્રાસ કે છંદ-અલંકારમાં ગોઠવાઈને સાહિત્ય કૃતિ બનીને અટકી જતા નથી પણ પોતાનો આગવો આંદોલનાત્મક મિજાજ પ્રગટાવે છે. દાવાનળ બને છે. આ ગીત પણ આગ ઓકતું ગીત છે. કાવ્યનો ઉપાડ જોઈએ તો

હાકોટા પાડીને -
સાચમાચ કોણ મને લઇ ચાલ્યું અહીંથી ભગાડીને. (પૃ.૪૮)

'હાકોટા' શબ્દ જ કશા આંદોલન, કશાક વિનાશ, કશાક ગર્ભિત એવા આક્રોશનું સૂચન કરે છે. બીજી લીટીમાં કેન્દ્રમાંથી છટકયાની વાત છે. કોઈ એવું કેન્દ્ર છે જેમાં બંધાયેલો ભાવ કોઈ પ્રશસ્તિપત્ર નથી લખતી. આ ગીતમાં મૂંગા મોંઢે અન્યાય ભોગવતા દલિતજનને ઢંઢોળવાનો પ્રયત્ન થયો છે. આ ગીતની છેલ્લી પંકિતમાં કવિ કહે છે.

'રાખ નીચે સૂતેલો ભડકો હું
ફૂંક જરા વાગી કે જાગ્યો ફૂંફાડીને... (પૃ.૧૨)

કવિ 'ભીંજાયેલું ગીત' માં પણ આંતરપ્રણયનું મનોમંથન વ્યકત કર્યું છે. નીચેની પંકિતમાં જોઇએ.

'પડછાયા આવીને પૂછયા કરે છે
એવું પાસે બેસો તો કાંક પૂછું...
બળબળતા સૂરજને આંગળી અડાડું

ને ઝરણું બનીને દડી જાય,

હળવો એક સાદ સૂના ફળિયે દેતામાં

બળ્યા શ્વાસોનાં નામ પડી જાય. (પૃ.૬)

સળંગ ભાવ, કલ્પના, સંગીતમય બાની, ઉદ્‌ગારછટા અને વ્યંજનાત્મક મૌગ્ધ્યથી રૂમઝૂમ થયા કરતી આ ગીતરચના નાયિકા કંઠે યોજાઇ છે. તેથી એની અભિવ્યકિત સાર્થ થઇ રહે છે. કવિની મુલાયમ પીંછીને બંસી અહીં અવિરત સફળ છે. 'છેલ', 'બળ્યા', 'સૂરજને આંગળી અડાડું', 'કોક', 'મુઠીમાં મ્હોરેલા' (ઓરતા) કે 'ઝાંઝરિયા પ્હાડ' જેવા શબ્દપ્રયોગો ચિતાર માત્ર આકર્ષક જ નથી. એમાં ભાવસંકેત પણ સરસ ઝબકે છે. ગીત તેથી જ વિશિષ્ટ કહેવું ઘટે. બીજું બધું તો ખરું, પણ ભીંતો- 'એય' ભીંજાય, એ પણ સહેવાયે જાય, પણ આ 'ભીનું ગગન' ! એને લૂછવું કેમ કરી ? અસ્તિત્વ ભરભર લાગણીએ આર્દ્ર. એ ભીનાશ જાય કેમ ? અને ઉપાય હોય જ, તો એ લેવો છે ય કોને વળી? એવું મસ્ત નટખટ ધ્વનન આરંભ કડીમાં ભાવકને વશ કરી લેવાનું. અહીં બોલાયું છે કાલું, પૃચ્છારૂપ, સ્ત્રીસહજ માર્દવે. તે કારણે એમાં મીઠાશ છે અને મર્માળી મસ્તી છે; સંયમસોહન છટા યે છે જ.

આ ફૂટતી ઊર્મિ તે પ્રણય-સ્નેહની છે. અંતરાની પહેલી લીટીના મનોરમ ચિત્રાંકનમાં એ કળાઈ જાય છે. પાનીઓમાં પ્હાડ ફૂટવાની વાત, એ પ્હાડ પાછા ઝાંઝરિયા. આ વાત કવિની, કહો પ્રણયના કવિત્વઉછાળે સહજ સૂઝે એ સહુની-સહુ, અર્થાત્ સર્વ યુવાન નારીચિત્તની. 'સખિ, ચાલું તો કેમ કરી ચાલું ?' એ કાલી પૃચ્છાથી ચિત્રમાંનું ભાવસૌંદર્ય નીખરી ઊઠયું અનુભવાશે. ઉપાડમાં 'કેમ લૂછું ?' અને અહીં 'કેમ કરી ચાલું ?' એ પૃચ્છાની પરંપરામાં હોંસ ભારે કાલી અને મીઠી રીતે અભિવ્યંજાઇ છે. પાનીઓમાં પ્હાડ ફૂટવાની કલ્પનાએ લાગણીની પ્રબલતા અચ્છી મઢાઇ છે.

'ઘુમ્મસિયા ઓરતા' મુઠીમાં મ્હોર્યાનું નિવેદન રસિક એવું જ નવલ છે અને મૌગ્ધ્યભાવની અકળતા એમાં સરસ ચીંધાઈ ગઈ જણાવાની. એવા ઓરતા 'મેલું મેલું ને ફરી ઝાલું' માંની ગતિશીલ છબીનો રમતિયાળો મૌગ્ધ્યભાવ પણ ઓછો આકર્ષક ન લેખાય. કવિતાનો, કવિત્વનો ઉલ્લેખ અહીં અલંકૃત ઉપરાંત નિર્વ્યાજ એવો મિશ્ર હોઈ એવી લિજ્જત બઢી છે.

આ બધી મીઠી મૂંઝવણ 'કોઈકને'- દિલના આદમીને 'સ્તો કહેવી જ છે. પૂછે, પાસે બેસે તો 'કાંક' પૂછાય, એની જ ઝંખના છે તો ! 'પડછાયા આવીને પૂછ્યા કરે છે' - ભણકાર જેના સતત વાગે છે. એના પડછાયા જ. પણ છેવટે એ પડછાયા-ભણકાર ! એ પોતે નહીં જ. એ પોતે પાસે, તો કંઈક પુછાય ! 'એવું પાસે' માં પડછાયા નજીક છે, એમ 'તમેય' પાસે બેસો, એમ ઇંગિતે છે. શું પૂછવું હશે ? એમ તે વળી કુતૂહલ હોય ? 'બળબળતા સૂરજને આંગળી અડાડું ને ઝરણું બનીને દડી જાય' એ હવેની કડીનો ઉઠાવ સાંભળ્યા પછીયે કુતૂહલ ? લાગણી જોરુકી ને મીઠી તે એવી, કે સૂરજને આંગળી અડાડે, ત્યાં સૂર્ય સુધ્ધાં 'ઝરણું બનીને દડી જાય.' આમ કેમ ? એવું કાલું જ પૂછવાનું હોય ને, દિલના દિલના આદમીને ! ફળિયું સુનું છે. એમાં હળવોક સાદ પડાય. ત્યાં તો 'બળ્યા શ્વાસોનાં નામ પડી જાય.' માત્ર 'બળ્યા' શબ્દે નહિ, પણ 'નામ પડી જાય' ની લજ્જાસુરખી પણ નારી ઉદ્‌ગારને અહીં ફાંકડો ઘાટ અર્પે છે. 'છેલ' નો માયનો' સ્તો, લહેરી જુવાન. 'આભલા' - વાદળને, અડતાં કંઠે' રૂપાળું ચૂસવાની-પ્રણય ઝંખના ઓરમાયા લાગેલ આભલાને તરસ્યા પિયુ માટેની ઝંખના, એનું આ લીટીમાં ઉત્કટ સ્વરૂપ સરસ કંટારાયું છે. આગલા લજ્જાચિત્ર સાથે એનો મેળ ખીલ્યો છે. એમાં કંઈક અસ્પષ્ટતા વધુ, છતાં એ મોહક છે. નૈસર્ગિક વાતાવરણ અને નૈસર્ગિક અભિવ્યકિત

સાથે પ્રગટેલી આ કવિતા એની ગીતસુષમા રજૂ કરી શકી છે. આંતરપ્રણય જોવા મળે છે.

'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' આ કાવ્યસંગ્રહમાં શૃંગારસૂચક રચનાઓ પણ મૂકવામાં આવી છે. જેવી કે 'એકાંતમાં ગાવાનું ગીત', 'ભીંજાયેલું ગીત', 'હડિયાળું ગીત', 'ૐ ના સુક્કા બાવળ હેઠળ', 'એક અફવા ગીત', 'ક્યાંય નથી જડતો આ જણ મૂઓ', 'ચહેરો ઉગામેલી છોકરીનું ગીત', 'તારા ગયા પછીનું ગીત', 'એક કુંવારું ગીત', 'હરજી મેલાનું ગીત', 'નગરને આવેલા દુઃસ્વપ્નનું ગીત', 'એક કુંવારું ગીત', 'ઉમરે પહોંચેલી કુંવારી સ્ત્રીનું ગીત', 'પાસે બેસો, તો કાંક પૂછું', સોળવગું ગીત', 'મારા અભાવનું ગીત', 'મને મળ્યાનું ગીત', 'ઝુરાપાનું ગીત', 'બેનીમાનું ગીત', 'તરજુમો', કાવ્યસંગ્રહમાં સાત ગીતને મૂકવામાં આવ્યા છે. જેનો સંગ્રહ 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' કાવ્યસંગ્રહમાં કરવામાં આવ્યા છે. જેવા કે 'સભાનતા', 'તુંકારાનું ગીત', 'બેનીમાનું ગીત', 'નોંધારા', 'હિજરતી', 'સંવાદ ગીત', 'માણસનું ભંગાર ગીત' નો સમાવેશ થયેલો જોવા મળે છે. આમ કવિએ ગીતોનો સંગ્રહો ત્રણેય કાવ્યસંગ્રહો એકમેકમાં જોવા મળે છે.

'હરજી મેલાનું ગીત' માં ચરિત્ર હરજીની સ્થિતિનું હૂબહૂ લાગે એવું કાવ્યાત્મક વર્ણન અદ્‌ભુત છે. ખાટલાવશ હરજીની છાતી કંતાન જેવી છીતાઈ ગઈ છે. શ્વાસ લેતી વખતે ધ્રૂજતું આખું શરીર છે. કેટલાયે વખતથી પગ લુલા થઈ ગયેલ છે, ધરતી પર પગ મુકાય એવી યે સ્થિતિ નથી રહી ને કદાચ એક પગલું યે માંડે, તો પણ કયાં જવાનું છે ?

શવાશ ? ભૂડા ધૂંવાપૂંવા ફટચેલ વાયરો બેય ફેફસા ઠોલે,
છાતીના કંતાન વચાળે મેર ધબકવું આઠે અંગે ઝોલે. (પૃ.૨૨)

એક પાંદડું તોડવાથી કંઈ આખું વન ઓછું પોતીકું થઈ જવાનું

છે ! આમ શારીરિક લાચાર સ્થિતિને વર્ણવવા કવિએ ઉપયોગમાં લીધેલ કાવ્યબાની પીડાને ઉપસાવવામાં ઉપયોગી થાય છે. ગામડા ગામના હજુયે દલિતોના નફરતવાચક નામો બોલતાં સંભળાય છે. આવા સંબોધનો ગીતને સંવાદાત્મક અને જીવંત બનાવે છે. બોન, બૈ, જીવણ, દિવસો મારા, 'રાજ' જેવા સંબોધાત્મક ગીતો જુદી માટીના છે. આધુનિક માનવીય સંવેદનાની અભિવ્યકિત કરતાં અને પ્રવર્તમાન પીડિત માનવીની વાસ્તવિક સ્થિતિનો ચિતાર આપતાં કવિનાં ગીતોમાંથી પ્રગટતી સર્જકતા પ્રભાવક છે.

'ॐ ના સુકકા બાવળ હેઠળ' આ ગીતમાં કવિએ અનુભૂતિને સઘન સ્વરૂપે મૂર્ત કરીને તેઓ નક્કર ચિત્ર ઉપસાવે છે. આ ગીતનો લય અસરકારક છે. નગરજીવનની સંસ્કૃતિના સંકેતો પણ તે ક્ષમતાપૂર્વક યોજે છે. વર્ષાના આગમનથી કૂણી આંગળી હળવેથી સ્પર્શ કરતાં શ્વાસની ટેકરી, વસંતનું વન પ્રકાશની પાંદડીઓ નીચે મૌન સસલીઓ દોટમદોટ કરે છે. અંગૂરની વાડીમાં પોરો ખાવા બેઠો ધબકારનો ચાંદ જાણે સૂરજનાં છૂંદણાથી લીલકાતો લાગે છે. કર્ણકૂલના હલકારાથી હલતો દિવસ જે પવનના ભૂરા ચિટનીસ પડદા પર વગડાતો જાગે છે. આમ કવિએ કલ્પનો દ્વારા પર્વત, વર્ષા, ટેકરી, સસલી, અંગૂર કુદરતી છે. આમ કવિએ નગરસંસ્કૃતિને યોજે છે. જે નીચેની પંકિતમાં જોઈએ.

'ॐ ના સૂક્કા બાવળ હેઠળ આમ અચાનક મળવું.

વર્ષાદી ઝર્મરની કૂણી આંગળીઓનું હળવેથી સરગમવું.' (પૃ.૯)

'ભફફાંગ ગીત' માં કવિએ પોતાનો અવાજનો વ્યથામુકત કરી શબ્દસ્થ કરવાની એક કાવ્યોચિત્ત, મૂંઝવણભરી ક્રિયામાં રમમાણ છે. એમ લાગે છે. આ ગીત વિશે ડૉ.સુમન શાહ નોંધે છે. ''મધુકાન્ત ગીતના આભાસ વચ્ચે કાવ્ય લખે છે. 'ગાલગાગાલગા શ્વાસ વચ્ચે ભફફાંગ, બેય કાંઠે લગાગા, લગાતાર રેષા સમું આમથી તેમ તૂટે ભફફાંગ' આવા ઉઘાડ

પછી આખી રચના 'તૂટ' ની પ્રત્યેક સ્થાને જુદા જુદા પ્રતીકોની સહાયથી ઘૂંટે છે. એ ઘૂંટન 'ગાલગાગાલગાગા' ના આવર્તનોથી સિદ્ધ થાય છે. એ આવર્તનશીલતાને, ગીતને કે પ્રતિગીતને ખોળે નિવેદિત કરવી હોય તો કરો.[૪]

'હેવાતણ જીવનું ગીત' માં કવિએ આ ગીતને હેવાતણ જીવનું એટલે સૌભાગ્યાવસ્થાનું ગીત, કવિની ઊકરી અલ્લડ મિજાજી અવસ્થાનુંયે ગીત છે. રચનાનું કાઠું તળપદ બોલીની છાંટવાળું હોવાથી વિશિષ્ટ ભાષાકીય પરિણામ તરત ધ્યાન ખેંચે છે. 'લાગલી' શબ્દનો વિનિયોગ જુઓ, જે તત્કાલ-તાનો પર્યાય છે. 'પત્તરના ખાંડ' એ બોલચાલની છટાનો જાણીતો પ્રયોગ છે. હેવાતણ જીવને આમ કેમ કહેવું પડયું ? 'તારે તો પગમાં કોઈ જૂતા ને ઠામ' (શું ઠામ વગરની ઉઘાડપગી હશે ?) પણ અનુવર્તી કડી, ભાવકને રસોદ્રેકનો અંશ ભેટ ધરે એવી છે :

'નર્યા સન્નાટા પહેરીને ચાલવું' (પૃ.૪૨)

'સન્નાટા' આગળ 'નર્યા' વિશેષણ મૂકીને સૌભાગ્યવતીની ચાલચલગત તરફ તિર્યક ઈશારો છે. 'ટૂંકી' શબ્દ ગીતમાં બે વાર પ્રયોગ હેવાતણની જાત હેઠે અન્ડરલાઈન કરવા માટે થયેલો છે. વિરોધ પણ કેવો છે કે, હેવાતણ દમામભેર મ્હાલે છે. 'છતાંય જખ મારીને' હાલેચાલે મ્હાલે છે ! અહીં જ નાયક કૃતિમાં પ્રગટ થઈ મજબૂરીનો મનોભાવ પ્રસ્તુત કરે છે. થાય શું ? જ્યાં બંને હથેળીઓની રેખાઓ ડાંડ... હસ્તરેખાઓ ખરી પણ કોની ? હોય તો હેવાતણ જીવની હોય પણ થાય શું ? લાચાર ઉદ્‌ગારના કારણે, નિરીક્ષક નાયકનીયે હોવાનાં આછેરો ઈશારો પણ સંભવિત કયાંથી કલ્પી શકીએ છીએ. હેવાતણના પ્રચંડ સામર્થ્યને ? કવિ-કલ્પનાનું ઉડ્ડયન પણ સમુંદરના ઉછળતા તરંગ તુક્કા જેવું નથી શું ? જરી એક ફૂંક મારે તે ને દરિયાના દરિયાઓ હિલ્લોળે ચઢે.. આટલા લઘુગીતમાં સર રિયલ અતિ વાસ્તવતનો સ્પર્શ આપવો એક ખતરાભર્યો અખતરો કોઈને લાગે

પરંતુ કર્તા પાછું વળી જોતા નથી અને આગળ વધવાનું સાહસયુકત જોખમ કલમને સોંપે છે :

લખ્ખોટી જેમ રમી નાખે પહાડ

અરે ! એમાં શું કામ કોઈ વઢે ? (પૃ.૮૯)

કોઈ તોફાની બારકસ અને વળી કૉસ્મિક કરિશ્મો-કીમિયો ધરાવતી નાયિકા જ લખ્ખોટી લેખે પહાડને રમી નાકે. આવી હેવાતણને દાનવી માનવી છે દૈવી ? તે તો પ્રત્યેક ભાવકનો અંગત ઈલાકો છે. અંતિમ પંકિતમાં નાયકની ગગન વ્યાપી અમર્યાદ ઉશ્કેરણીનું યાદગાર ઉદાહરણ છે. નભને 'ખીંટી' સૂરજને 'કોરોકટ્ટ' કહ્યો અને જાણે કોઈ લૂગડું કે થેલી લઈ ચાલવા માંડવાનો આદેશ આપવો- આવું બધું કેવું લાગે છે ? વાસ્તવ જગતના લંગર તોડી નાખી. અભિવ્યકિતમાં સર-રિયાલિસ્ટ અભિગમને સહજ બોલીમાં કવિએ ગીતમાં ગૂંથી શક્યા છે. આ ગીત માટે અમેરિકન કવિ મેક્ષવેલ બોદેનહેઈમ કહે છે.

'પૉએટ્રી ઈઝ વે ઈમ્પિરા ઍટેમ્પ્ટ ટુ પેઈન્ટ ધ કલર ઑવ ધ વીન્ડ !'

'કેમ તું આ બાજુ નથી આવતી ? ગીતમાં ચિત્રાત્મકતા ધ્યાન ખેંચે છે.

'ને

મારી ઉદાસી

ન ગમેલી કથ્થઈ રાતોના સહ

વાસને છોડી

ખજૂરીની છાયા ખોતરતી બેઠી છે

દરિયા કાંઠે

વિષાદના ડ્રોઈંગ પેપર પર

ઢોળાઈ ગયા છે બધા જ રંગો સામટા.' (પૃ.૧૧)

'કેસરિયા ટશરનું આકાશ' કાવ્યસંગ્રહનું ગીત છે કવિએ મનના વિચારોને ઉદાસી થઇ ગયેલી વિષાદની સ્થિતિ જે જ્યારે રાતના સહવાસ છોડીને ખજૂરીના છાયામાં બેસી શોધે છે. દરિયા કાંઠે જે વ્યથા છે એને ડ્રોઇંગપેપરનું ઉદાહરણ લઇ એના પર ઢોળાઇ ગઇ બધા જ સામટા રંગો બનીને આમ કવિએ વ્યથાને જુદા જુદા ઉદાહરણો દ્વારા સમજાવી છે. 'પાસે બેસો તો કાંક પૂછું' આ ગીતમાં કવિએ 'નૈસર્ગિક વાતાવરણ અને નૈસર્ગિક અભિવ્યકિત સાથે પ્રગટેલી આ કવિતામાં ગીતસુષમા સાંગોપાંગ રજૂ કરી શકી છે. સળંગ ભાવ, કલ્પના, સંગીતમય બાની, ઉદ્‌ગારછટા અને વ્યજંનાત્મક મૌગ્ધ્યથી રૂમઝૂમ થયા કરતી આ ગીતરચના નાયિકાકંઠે યોજાઇ છે. તેથી એની અભિવ્યકિત સાર્થ થઇ રહે છે. કવિની મુલાયમ પીંછીને બંસી અહીં અવિરત સફળ છે. 'છેલ', 'બળ્યા', 'સુરજને આંગળી અડાડુ', 'કાંક', 'મુઠ્ઠીમાં મ્હોરેલા' (ઓરતા) કે 'ઝાંઝરિયા પ્હાડ' જેવા શબ્દપ્રયોગો - ચિતાર માત્ર આકર્ષક જ નથી, એમાં ભાવસંકેત પણ સરસ ઝબકે છે. બીજુ બધું તો ખરૂં, પણ ભીંતો-'એય' ભીંજાય, એપણ સહેવાયે જાય, પણ આ 'ભીનું ગગન'। એને લૂછવું કેમ કરી ? અસ્તિત્વ ભરભર લાગણીએ આર્દ્ર. એ ભીનાશ જાય કેમ ? આ ફૂટતી ઉર્મિ તે પ્રણય-સ્નેહની છે. પાનીઓ પ્હાડ ફૂટવાની વાત, એ પ્હાડ પાછા ઝાંઝરિયા આ વાત કવિની, કહો પ્રણયના કવિત્વઉછાળે સહજ સૂઝે એ સહુની-સહુ, અર્થાત સર્વ યુવાન નારીચિત્તની, પાનીઓમાં પ્હાડ ફૂટવાની કલ્પનાએ લાગણીની, પ્રબલતા, અચ્છી ચઢાઇ છે. 'ધુમ્મસિયા ઓરતા' મુઠ્ઠીમાં મ્હોર્યાનું નિવેદન રસિક એવું જ નવલ છે અને મૌગ્ધ્યભાવની અકળતા એમાં સરસ ચીંધાઇ ગઇ જણાવાની. આ બધી મીઠી મૂંઝવણ 'કોઇકને' દિલના આદમીને 'સ્તો કહેવી જ છે. પૂછે, પાસે બેસે તો 'કાંક' પૂછાય, એની

જ ઝંખના છે તો ! 'પડછાયા આવીને પૂછ્યા કરે છે' ભણકાર જેના સતત વાગે છે એના પડછાયા જ. પણ છેવટે એ પડછાયા-ભણકાર ! એ પોતે નહીં જ. એ પોતે પાસે તો કંઈક પુછાય ! એવું પાસે માં પડછાયા નજીક છે, એમ 'તમેય' પાસે બેસો, એમ ઈંગિતે છે.

શું પૂછ્વું હશે ? એમ તે વળી કુતૂહલ હોય ? 'બળબળતા સૂરજને આંગળી અડાડું‌ને ઝરણું બનીને દડી જાય' એ હવેની કડીનો ઉઠાવ સાંભળ્યા પછીયે કુતૂહલ ? લાગણી જોરૂકી ને મીઠી તે એવી કે સૂરજને આંગળી અડાડે, ત્યાં સૂર્ય સુધ્ધાં 'ઝરણું બનીને દડી જાય' આમ કેમ ? એવું કાલુ જ પૂછવાનું હોય ને, દિલના આદમીને ! ફળિયું સુનું છે. એમાં હળવોક સાદ પડાય ત્યાં તો 'બળ્યા શ્વાસોનાં નામ પડી જાય' ની લજ્જાસુખરી પણ નારીઉદ્ગારને અહીં કાંક કો ઘાટ અર્પે છે. 'છેલ' નો માયનો 'સ્તો', લહેરી જુવાન પ્રણય ઝંખના, ઓરમાયા લાગેલ આભલાને તરસ્યા પિયુ માટેની ઝંખના એનું આ લીટીમાં ઉત્કટ સ્વરૂપ સરસ કંડારાયું છે. આ ગીતમાં કવિએ ખૂબ જ સરસ ચિત્ર ખેડું કર્યું છે. હસિત બૂચ રસાસ્વાદ 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' કાવ્યસંગ્રહોમાં કર્યું છે.

બળબળતા સૂરજને આંગળી અડાડું,
ને ઝરણું બનીને દડી જાય;
હળવો એક સાદ સુના ફળિયે દેતામાં
બળ્યા શ્વાસોનાં નામ પડી જાય (પૃ.૫૯)

'ચહેરો ઉગામેલી છોકરીનું ગીત' માં છોકરીની ઘટના કંઈ જુદી જ અને સકારણ છે. છોકરીને ગુલાબ થવા કહે છે ત્યારે છોકરી તડકો થવા માંગે છે. સમાજમાં ચાલતી પ્રથાને આલેખી છે. છોકરી હોય જેને મર્યાદામાં રહેવું પડે છે. તેનું કવિએ ગીતમાં આલેખે છે.

ચહેરો ઉગામીને છાતીના પટવચ્ચે ઊભી છે છોકરી

છોકરીને કીધું : તું થઈ જા ગુલાબ

તો કે હદ્ર, હું તો થવાની તડકો,

ખીલવું કે ખરવું ના મારો સ્વભાવ,

હું તો ફાટ ફાટ ધખતો ઉમળકો. (પૃ.૫૧)

'કિસ્સો' ગીતમાં કવિએ રચનામાં કેટલીક લાક્ષણિકતાઓ લક્ષપાત્ર છે. 'ફચ્ચ દઈ', 'ઠામુંકી દદડી' જેવા ક્રિયાચિત્રણો અને 'માણસતા' જેવા અવનવો શબ્દપ્રયોગ ચાલુ લયમાં લેઝિમદાવ ખેલતાં ગીતોથી તદ્દન ભિન્ન અને છતાં નિજી લયભાત લહેરાવતાં એકદમ ઓચિંતી ગીતનાયકની નેત્રવિઘાતક ચેષ્ટા ભાવકને આંચકો આઘાત આપ્યા વિના છોડે ખરી.

ગીતના પ્રથમ અંતરામાં 'બધા દશ્યો વેરાઈ પડયાં ચોકમાં' કિસ્સાના ઘોંચવાથી, 'દશ્યો ચોકમાં વેરાઈ પડયા' તાત્પર્ય કે જે દશ્યોની દારુણતા કિસ્સાની કેપ્સૂલમાં કેદ થઈ હતી. કશુંક એવું બન્યું છે જેથી ફેલાયું કે ચોક મેલો થઈ જાય, મેલો ચોક થાય તે પાલવે એવું નથી એટલે આખાયે ફળિયાને સાચવીને-જાણે કિસ્સાના ભેદી માદળિયાને ડોકમાં પહેરી લેવાનો રઘવાટ આચરે છે : 'ફચ્ચ દઈ', 'ઠાંમુકી દદડી' જેવા ક્રિયાચિત્રણો અને 'માણસતા' જેવા અવનવા શબ્દપ્રયોગ 'સણકાઓ' 'બારીએ સાથે પ્રાસ મેળવવાની દાનત અહીં નહિ દેખાય. 'સજ્જન' સાથે 'ફક્કડ' અને 'લક્કડ ધક્કડ' ની સળંગ પ્રાસયોજના પણ 'ચોકમાં' સાથે 'ઠોકમાં' જેવો જ કર્તાકસબ પ્રગટ કરી રહે છે. અહીં પંકિતઓમાં કેવો ઉઘાડો પડી જાય છે.

ભાઈ ધ્રાસકા ! તું લોહીના દાદરાઓ

ચડ નહીં લક્કડધક્કડ... (પૃ.૨૮)

સ્પેનિશ કવિ લોકોની યાદ આવી જાય એવું વિલક્ષણ 'ભાઈ ધ્રાસકા' સંબોધન ઉપરાંત લોહીના દાદરાઓ લક્કડધક્કડ, ઝપાટાબંધના ચઢવાની શાણપણ ભરી શીખ કવિ 'કલ્પિત' ને નિર્વ્યાજ અભિનંદન

આપતા ઉશ્કેરે એટલી ભળુકી છે. લોહીના દાદરાના ઈષત્ ઉલ્લેખથી આખો કિસ્સો જ ઉડાવી આંખમાં ઘોંચવાના (અપ) કૃત્યની ગહેરાઇ અંદાજ આવે, પણ હોડ પાડીને ના કહેવામાં અસ્પષ્ટતાનું સૌંદર્ય ઉપસ્યું એની જ મહત્તા છે. છાતીની શેરીઓ (વાહ !) ને આદત છે ફોરાં પેઠ ફરફરવું વત્તા તરફડવું. એ તો ઠીક પણ 'એવું કંઈ ધારીએ' નું પંકિતકર્મ સમુચિત છે. 'ચોકમાં' અને 'ડોકમાં' જેવો જ કર્તાકસબ પ્રગટ કરી રહે છે.

'વેદનાને વ્હાલ કરતી કવિતા' - મધુકાન્ત કલ્પિત એક અફવા છે' આ ગીતમાં કવિ મધુકાન્તની કવિતા અફવા નથી. આ કવિએ કઠોર વાસ્તવનો મુકાબલો કરતાં કરતાં ભોગવેલી પીડા-વ્યથાને સ્વસ્થતાપૂર્વક ગીતકવિતા રૂપાંતરિત કરી આપી છે. આપણા ગીતમાં ઋજુ મૃદુ સંવેદનાઓ તથા ભાવોર્મિઓ છે પણ એ સંવેદનવિશ્વ પાછળ વેઠેલી વ્યથાનાં વીતક ઊભેલાં છે એટલે આ ગીતો વળી સંઘર્ષ, પીડાની અનુભૂતિને કવિએ ભાષામાં પણ કઠોર વર્ણાવલિઓ વાળી પદરચના આપી છે. ૧૯૭૪ થી ૨૦૦૬ સુધીમાં કવિએ ૫૭ ગીતોમાંથી પસાર થતા પ્રયોગશીલતા તથા ઉફરા જવાની સમજણ પણ દેખાઈ આવે છે.

વિખૂડા પડવાની વેદનાઓ
          કાળઝાળ ભડકાની જેમ રહે બાળતી
અળગી કરાય નહિ એવી એ
          લેણદેણ હૈયે ચંપાઈ નેણ ઢાળતી
તૂટીને ડાળીએ વળગેલાં પાન અમે
          અંદરથી નોંધારા ધ્રુજીએ
દાણા છીએ ? કે આમ વેર્યા ત્યાં ઊગીએ ? (પૃ.૪૯)

ઉપેક્ષિત હોવાની પીડા વેઠતી નથી. પરંપરાએ તો મૂંગે મોઢે જીવતાં શીખવેલું પણ હવે હથેળીમાં સભાનતાની રેખા નવી નક્કોર ફૂટી છે.

બસ, હવેતો સંઘર્ષ કરવાનો વિદ્રોહ પણ કરવાનો ભાવ બારણાં ઠોકે છે. અંદરથી કોઈ જાગીને જગાડે છે. દા.ત.

‘માથું ઝુકાવીને જીવવાની ટેવ

ફાડયા ટેવ નથી, ભડભડતી પીડા

ડોકિયું કરીને તારી ભીતરમાં જો

નર્યા ખદબદતા રૂઢિઓના કીડા

માણસ છો, ઊઠ,

અરે ! થઈ ગ્યું પસાર કોઈ વિહ્‌વળ જગાડીને..

રાખ નીચે સૂતેલો ભડાયો છું.

ફૂંક જરા વાગી કે જાગ્યો ફૂંકાડીને.. (પૃ.૨૦)

દલિત કવિતા આનંદ કે મનોરંજન માટે નથી. દલિત ગીત રચના પણ ભાવકને અજંપ કરવા માટે છે. વિદ્રોહ જગાવવા માટે છે. મધુકાન્તમાં આપણને બાબાસાહેબનો અવાજ સંભળાય છે.

- શિક્ષણ મેળવો સાબદા થાવ

- સંગઠિત થાવ- પીડિતોને સાથે રાખો

- સંઘર્ષ કરો સુંવાળા નહિ કઠોર બનો.[૬]

કવિ પીડિતોની નિ:સહાયતાને વર્ણવે છે ને જોતાં એમને વિદ્રોહ કરવા પ્રેરે છે. સભાનતા આવશે તો શક્યતા સંકારશે. દા.ત. ‘સભાનતા’ ગીતમાં ખુમારી જુઓ

ખળ ખળ ખળ મારામાં વ્હેતી સભાનતા

ધબકારે બેઠા છે ધ્રાસકા

ને આંખોમાં એવું અપંગ એક શમણું

કાળોછમ્મ જન્મારો વેંઠેલી જાત

હવે થાકીને જુએ ઊગમણું.

ઉત્સવની જેમ મને ઉજવી શકાય નહિ

એવું રખેને કોઈ માનતા.. (પૃ.૫૫)

પ્રસ્તુત ગીતમાં મુખડો એક પંકિતનો છે. પરંતુ અંતરા પછી મુખડાની પંકિત સાથે અનુસંધાન ધરાવતી મુખડાના પ્રાસવાળી પંકિતઓમાં તેઓ લયાવર્તનોની સંખ્યા વધારી તેને પ્રલંબાવે છે અને અંતરામાં યોજેલા લયાવર્તનો સાથે તેના મેળ બેસાડે છે. તેથી ષટકલના લયાવર્તનો ધરાવતા આ ગીતની પ્રત્યેક પંકિતઓ કરતા મુખડાની પંકિત નાની છે. આ પંકિતમાં માત્ર ચાર લયાવર્તન છે જયારે બાકીની પંકિતઓમાં સાત લયાવર્તન છે. મુખડાની પંકિતનો પ્રારંભ નાદલક્ષી દ્રિરુકિતથી થાય છે. અચાનક કવિના આંતરવિશ્વમાં સભાનતા પ્રગટે છે. આ સભાનતાનું પ્રગટીકરણ ખળ્ ખળ્ રીતે થાય છે. ધીમે ધીમે થાય છે. આ પ્રગટીકરણ ધોધમાર વરસાદ જેવું નથી. તોફાની દરિયા જેવું કે વાવાઝોડા જેવું નથી, પણ નદીના પ્રવાહની ગતિ જેવું છે. આ સભાનતા એક દલિત સર્જકની છે. તેના દલિતપણાની પ્રતીતિની છે. અહીં આત્મપ્રતીતિનું સ્ફૂરણ છે. સામાન્ય રીતે મનુષ્ય બાહ્ય વાસ્તવિકતામાં વધુ જીવતો હોય છે. આંતર વાસ્તવિકતા સાથે એનો પનારો બહુ ઓછો હોય છે. માનવી બાહ્ય સામાજિક સંપર્કો વચ્ચે જેટલો સમય વિતાવે છે એટલો પોતાની જાત સાથે ભાગ્યે જ વિતાવતો હોય. માનવી પાસે અન્યને મળવાનો સમય છે પરંતુ પોતાની જ જાતને મળવાનો સમય નથી. આવો સમય ક્યારેક જ આવે છે. હું કોણ છું ? હું કેવો છું ? મારું અવતાર કર્મ શું છે ? હું શા માટે છું ? શા માટે જીવું છું ? મારા જીવતરનો અર્થ શું છે ? આવા પ્રશ્નો વ્યકિત ભાગ્યે જ પોતાની જાતને કરે છે. પોતાની જાતને પોતાની સામે મૂકી ભાગ્યે જ પોતાનું પોસ્ટ મોર્ટમ કરે છે. એના હોવાપણાની આ દુનિયાને થતી અસર અંગે વિચારવાનોય વિચાર એને કોઈ અમૂલ્ય ક્ષણે જ આવતો હોય છે.

પ્રતિક્ષણે આત્મ સભાનતા ઘણી મહત્વની વસ્તુ છે. અમૂલી ચીજ છે. આપણે તો મોટે ભાગે ક્ષણોને વેડફી દેતા હોઈએ છીએ. પ્રત્યેક ક્ષણને સંપૂર્ણ આનંદ ઉલ્લાસથી, પૂરી સભાનતાથી જીવી લેનારા વીરલાઓ તો અપવાદરૂપ હોય છે. હરેક ક્ષણને ધોધમાર જીવી લેવાનું કાર્ય કપરું છે. કવિઓ ક્યારેક આત્મસભાનતાની ક્ષણોને મુશળધાર જીવી લે છે. એમની આવી ક્ષણો જ શાશ્વતતામાં પરિણમે છે. કાવ્ય સિસૃક્ષાની આવી ક્ષણોનો લાભ ઉઠાવી લેવાનું મધુકાન્ત કલ્પિતને સારું ફાવે છે. સભાનતાના સ્ફુલિંગો થતાં એના વહેણમાં, એ પોતાના આંતરવિશ્વમાં પ્રવેશી વહેવા લાગે છે. દલિત જાતિમાં જન્મીને વર્ણવ્યવસ્થાનો ભોગ બનેલા આ કવિની દલિતચેતના લોહીઝાણ છે. અસ્તિત્વના અસ્વીકારની કારમી વેદનાનો એમને જાત અનુભવ છે. અહીં એમની પંડપીડા કલાત્મક અભિવ્યકિત પામી છે. શ્વાસના પ્રત્યેક ધબકારે પીડામય ધ્રાસકાનો અનુભવ કરતા કવિને સમણાં વિકલાંગ આવે છે. કારણ કે એમણે કાળોછમ્મ જનમારો વેઠ્યો છે. એમના પૂર્વાનુભવ કઠોર બાહ્ય વાસ્તવિકતાથી સભર છે. માનવી થઈને માનવીઓની વચ્ચે અસ્પૃશ્ય બનીને જીવવાની વેદના અત્યંત ભયંકર પણ કવિએ શ્રદ્ધા ગુમાવી નથી. રોજ પૂર્વમાં થતાં સૂર્યોદય જીવન જીવવાનું નવું બળ આપે છે. થાકીને લોથપોથ થઈ ગયેલો કાવ્યનાયક ઉગમણી દિશામાં જુએ છે તો એના તાંગોપાંગમાં સ્ફૂર્તિનો સંચાર થાય છે. ક્યારેક દશા બદલાશે એવો શ્રદ્ધાભાવ એના જીવતરને ઉગારી લે છે. હતાશા અને નિરાશા ખંખેરી એ ફરી જીવતરની દોટ મેલે છે. એને એવું લાગે છે કે મને પણ ઉત્સવની જેમ ઊજવી શકાય. કવિને અનુભવાતો આવો જાતનો મહિમા અનન્ય છે. બીજા અંતરામાં કવિ કહે છે આપણે માણસ હોઈએ અને આપણને કોઈ માણસ જ ના ગણે એ કેવી કરુણતા ! માણસના પડછાયાથીય અભડાતા માણસો પાછા ઉચ્ચવર્ણના ગણાય એનાથી મોટી કરૂણતા કઈ ? માણસ

તરીકેના જેના અસ્તિત્વનો જ અસ્વીકાર થયો છે. એવા ગામની બહાર, ગામ છેવાડે રહેતા અદના દલિતજનને કોઇ 'માણસ' કહે તો એને કેવું સારું લાગે ? પણ આવો કોઇ માઈનો લાલ ગામમાં હોવો જોઈએ ? કવિને શેઢેથી 'લીલોછમ્મ' સંદેશ આવતો સંભળાય છે. જાણે એને કોઈ માણસ કહીને બોલાવી રહ્યું છે. આ ભ્રમણા પણ એના માટે ઉત્સાહપ્રેરક છે. આવી ભ્રમણા સત્યમાં પલટાઈ જાય તો કેવું સારું ! એવા દિવસો ક્યારે આવશે? અહીં કવિ રમેશ પારેખના એક ગીતની પંકિત સાંભરે છે.

'કોઈને તો ઠીક અહીં જંગલને યાદ નથી પોતાના પાંદડાની વાત. એવો દીર્ઘ, અતિ દીર્ઘ દુષ્કાળ પડયો હોય કે જ્યાં જંગલ પણ પોતાના પાંદડાની વાત ભૂલી ગયું હોય. આ ગીતમાં પણ એવી જ 'હજારો વર્ષ જૂની વેદના' છે. સદીઓથી હડધૂત થયેલા, અસ્પૃશ્યતાથી પીડાતા માણસની ભીષણ વેદના અસહ્ય છે. એ એની હયાતીનો સ્વીકાર ઝંખે છે પણ સામા પક્ષે વાસ્તવિકતા વિપરીત છે. રીત-રસમોથી જડ થઈ ગયા છે. આ ઝેરીલી રૂઢિઓ તૂટતી નથી. અદનો માણસ પીસાય છે, ભીંસાય છે. એને આવતા અપંગ સપનાઓ પત્થર થઈને આંખોમાં વાગે છે. છાતીની ખીણમાં ડૂમો થઈને પડેલી આ મૂંગી વેદના બહાર નીકળવા મથે છે. ક્યારેક સભાનતાનું ફાનસ પ્રગટે છે. એના ઝાંખા પાંખા અજવાળામાં રઝળતી વારતાઓ વંચાય છે. આત્મપ્રતીતિની આ ક્ષણ કવિને વ્યથિત કરી મૂકે છે. અસ્તિત્વની આત્માનુભૂતિનું આ ગીત લય, ભાવ અને આકારસિદ્ધિની દૃષ્ટિએ સુંદર, કલાત્મક અને રસાત્મક છે.

મધુકાન્ત કલ્પિતની ગીત કવિતામાં કલ્પન શ્રેણીઓ પણ આસ્વાદ્ય છે.

'આંખ ઠાંમુકી દદડીને હેઠી પડી રે

બધાં દૃશ્યો વેરાઈ પડ્યાં ચોકમાં

ચાલ મેલું ના થાય એમ આખાયે ફળિયાને

સાચવીને પહેરી લઉં ડોકમાં... (પૃ.૨૮)

કટકી રાતું આભલું આંજ્યુ આંશમાં ઈમાં

હોઠને પાદર ચેટલી બધી લાજવતી ગલગલિયો બેકી ! (પૃ.૧૫)

એમની કવિતામાં કલ્પનોની નવતા અને તાજપ બંને હોવા સાથે એમાં ભાવાભિવ્યકિતની સોંસરી દોટ મૂકી છે. રાવજી પટેલની જેમ આ કવિ પણ જીવવાની જવાબદારી પણ બીજાને પહેરાવી દેવા ચાહે છે. અહીં તળપદી બાની પાસેથી રોકડું કામ કવિ લે છે. જેમાં બોલીની મીઠાશ સાથે ગાળ પણ ગળપણ થઈ જાય છે. દા.ત.

થાકી હારીને મને સૂકવ્યો છે બગલાની પાંખ જેવો ધોઈને

થાય છે કે, આજ મારું હોવું પહેરાવી દઉં કોઈને (પૃ.૩૫)

પાડી જોડે હેમખેમ હોય ભૂડા

કાલ અગર ડોક દન થાય ભેંસ દૂઝણી,

લાલધેન માગ્યાં જુદાગરામાં

એમ હાળે તડકાની શીદ કરી બૂધણી ? (પૃ.૧૪)

'હું' (પૃ.૩૪) તથા 'પીડાના પ્હાડનું ગીત' (પૃ.૪૬) માં મધુકાન્ત પુનઃ પુનઃ હોવાથી પીડાને આલેખે છે. 'હોવું' એ આ કવિને 'ગાળ' જેવું લાગે છે. નહિ વેડાતાં, છતાં વેઠવાં પડેલાં વીતકની વિગત વાત માંડતી કવિતામાં આપણા સમસંવેદન જગાવવામાં ખરી ઊતરે છે. વેઠેલી વેદનાને કવિતા દ્વારા વ્હાલી કરીને ઓળખાવતો આ કવિ નોખો છે.

'કેસરિયા ટશરનું આકાશ' માંથી મધુકાન્ત કલ્પિત એક અફવા છે કાવ્યસંગ્રહમાં ઉમેરેલા ગીતો જેવા કે, 'એક ગોઝારું ગીત', 'એક કુવારું ગીત' 'ૐ ના સૂક્કા બાવળ હેઠળ', 'ઉંમરે પહોંચેલી કુંવારી સ્ત્રીનું ગીત', 'સુખની સૂકી કવિતા', 'ઉજ્જડ ગામની ભાગોળે બેસી ગાવાનું ઉદાસ

ગીત', 'એકાંતમાં ગાવાનું ગીત', 'એક ગાંમેતી ગીત', 'નગરને આવેલા દુઃસ્વપ્નનું ગીત', 'સ્મૃતિના કાંઠે ફરતું ગીત', 'તરજુમો', કાવ્યસંગ્રહોમાંથી 'માણસનું ભંગાર ગીત', 'સભાનતા', 'બેનીમાનું ગીત', 'તુંકારાનું ગીત', 'ભડાકાબોળ ગીત', 'નોંધારા', 'હિજરતી', 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' કાવ્ય સંગ્રહોમાં સમાવેશ કરવામાં આવ્યા છે. 'તરજુમો' કાવ્યસંગ્રહોમાં સાત ગીતો છે. 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' કાવ્યસંગ્રહોમાં 'હિજરતી' કાવ્યમાં પરાયાપણાનું કરુણ સ્પન્દન રચના-શીર્ષક 'હિજરતી' પરથી લાગે છે. કો'ક વતન-વિછોહ પામેલાની વીતકવારતા અહીં અભિવ્યકત થઈ છે અને એવું છે પણ ખરું છતાં કૃતિ એના વસ્તુવિષય બહાર ભાવકને સ્થળાંતર કરાવવા કોઈક પ્રકારની ક્ષમતા ચોક્કસ ધરાવે છે, 'હસવું', 'વસવું' શબ્દનો ઉપયોગ કરી કલ્પન દ્વારા મૂંગી વેદનાના સૂર વધુ હૃદયસ્પર્શી બન્યા છે. ઘર, ગામ, છોડવા, મજબૂર સમાજની પીડા અપાર, હદબાર છે. દરબકર ઠોકરોખાતો આ સમાજ હાસ્યવિહીન, ઘરવિહીન નોંધારો બની અહીં તહીં ભડકતો રહ્યો છે, એ અસહ્ય દર્દની ક્ષણોને કવિએ આ રીતે મૂકી આપી છે.

'અહીંયાં નથી શેરીઓ, સડક, નામ કે કશાં ઠામ -
હું ખરેખર તો સરેઆમ પીડા હદબાર થતી છું.' (પૃ.૪૧)

લાદી દીધેલી અમાનવીય વ્યવસ્થા અને કોઠ પડી ગયેલી જડ માન્યતાઓ, અપમાનો સામે હુંકાર પણ થઈ શકે તેમ નથી, જે છે તે જ અવસ્થામાં રહેવા મજબૂર કાવ્ય નાયકની વેદના તો જુઓ. 'આપણે વળી છણકો શાનો ! શાનો ભલા રોષ કે અસંતોષ ?' કાવ્યમાં વિશિષ્ટ ભાવસંવેદનોનું એક આખ્ખું જગત ઉપસી આવ્યું છે દા.ત.

'હસવું (અરે ! એય તે વાર તહેવારના જેવું)'
'વસવું - (ખરેખર તો કોઈ વસતું નથી, ખસતું નથી કેમ રે !

સ્હેવું)' (પૃ.૩૩)

'મારો એક ઘટનાકીય છુટકારો' કાવ્યમાં જીવનની કટુતા દર્શાવતું આ ગીત કલ્પિતની મૂડી છે. જીવન તરફ એમને હવે વિશ્વાસ રહ્યા નથી. તેમાંથી એ છુટકારો ઇચ્છે છે. જીવન તો જીવાય છે પણ 'ઉફ' એમાંથી તો પ્રભુ બચાવે. કવિને ઘટવાનું મન થાય છે. ઘટવામાં જ હવે મજા રહી છે. ખોદી શકાય નહિ તેવી ભાષામાં એમણે પોતાનું અસ્તિત્વ ઊભું કર્યું છે. આ અસ્તિત્વ એમને કઠે છે. એ હોવાપણું ભારરૂપ છે. કવિને સામે માણસ જેવું અથવા માણસાઈવાળું કોઈ મળે તો એને પોતાના જીવનની વચ્ચોવચ્ચ સ્થાપવા માગે છે. કવિને માણસાઈ પ્રિય છે. અહીં તો હાલ ખોટા પડે છે ને ધિક્કારે છે કે બધાં વચ્ચે દેખાવું પડે છે. એમાંથી પોતે છુટકારે ઝંખે છે. 'નગરને આવેલા દુઃસ્વપ્નનું ગીત' માં રાધેશ્યામ શર્માએ આ ગીતને ટહુકો પણ શાપ બની ગયો છે. પ્રદૂષણ ટ્રાફિક અને ઉદ્યોગની ચીમનીઓમાંથી ઊડીને પ્રસરે છે. નગરમાં હિંસા, હુલ્લડ, લૂંટવા-બળવાના બેફામ કાંડો, બેકારી, બીમારી, પ્રચારના ઊંધા પાટા, અનક્ષરતાનો અને અજ્ઞાનનો લૂંટાતો લાભ, ખુરશીપદાનો સત્તાલોભ અને સંપત્તિનું વરવું પ્રદર્શન. આ સર્વ પેલા નિરભ્ર આભલાને કાળા ધુમ્મસથી છાઈ દે છે ! કવિ દુઃસ્વપ્નનું ગીતની વાત કરી છે. ગીતમાં શહેરમાં ગામને 'આવજો' કહી આવતી તમામ વ્યકિત સ્વપ્ન કે સ્વપ્ના લઈને આવે છે પણ સોનેરી સ્વપ્નો તાંબા પિત્તળ તો નહિ પણ ભંગાર બની પડે છે. એક લાં...બું દુઃસ્વપ્ન થઈ રહે છે ! બુગદામાં પેઠેલી ટ્રેઈન ધુમાડા ઓકતી જાય પણ અજવાસ ભણી નામનીયે ગતિ કરે નહિ ત્યારે મુસાફરી કરનારાની કા ગતિ !

'છમ્મ' જેવા પ્રયોગથી ભાવકના ચિત્તમાં જુદો જ છમકારો રણઝણી જાય. છમ્મ ઉપરથી લીલીછમ્મ નગરની છાતીનો સંસ્કાર જાગે. 'ખીલ્લા' શબ્દ પણ 'છાતીના અનુસંધાનમાં ઈસુ ખ્રિસ્તના દેહ પર

ઠોકાયાના અધ્યાસ ઊભા કરે. પંકિત પ્રશ્નરૂપે અવતરી છે. કોણ પડછાયાના ખીલા ઠોકી રહ્યું છે. નગરની લીલીછમ્મ છાતીએ ? પડછાયા જેવી અસ્થિર પ્રવાહી ઘટનાઓને ! ખીલા સમુ નક્કર પદાર્થરૂપ આપવામાં કવિકર્મનો વિશેષ જોઈ શકાય. પહેલી પંકિતમાં કોણની તપાસ છે તો બીજા અને ત્રીજા અંતરામાં 'કેમ' ની પૃચ્છા છે. શ્વાસને કાચકાગળથી ઘસીને લીસા કરવાનું સૂખ પણ 'વરેણ' બન્યું છે અને વીજળીથી ચાલતાં સ્મશાનગૃહોની ચીમનીઓ પરથી કાળુ ડિબાંગ ધુમ્મસ છાયું વહેતુ આભ-કવિ પૂછે કે નગરની હથેળીઓમાં કેમ છાપ્યું ? લીલા શ્વાસ બન્યાનું સુખ 'વેરણ' હોવાથી તે સુખ જ ના કહેવાય. કેવળ દુઃખ જ છે. કાચ કાગળના ઘર્ષણની કઠોરતાને નઠોરતા જેણે યાતનારૂપે અનુભવી હોય એ જ જાણી શકે શ્વાસના લીસા અને તેથી લપટાપણાને એટલે આવું સુખ પણ દુઃખદ સ્મૃતિનો જ અંશ છે જે સ્વપ્નમાં ઝમી ઊતર્યો છે. ઈલેકટ્રિક સ્મશાનઘરો ધૂમાડો કાઢે નહિ પણ અહીં સ્મશાનની ચીમનીઓ પરથી મિલ ચીમનીઓએ કે ફેકટરી ચીમનીઓને ઓકેલા કાળા ધુમ્મસ છાયા આભને લક્ષમાં લઈ સવાલ કર્યો છે કે આવું કાળુધબ્બ આકાશ નગરની ભવિષ્ય સાચવતી હથેળીઓમાં કેમ છાપ્યું ? પણ આખી પરિસ્થિતિની અસંગતિ જુઓ કે પ્રથમ પંકિતના 'કોણ' અને પછીના બે અંતરાના 'કેમ' નો કોઈ જવાબ આપે એવું કવિની સામે જવાબદાર કોઈ છે જ નહિ. છે તો માત્ર આકસ્મિક સંયોગો. 'પઝલ' ભરી પરિસ્થિતિ. શહેરોમાં છાશવારે તોફાનો થાય છે, ગોળીઓ ધાણી ફૂટ ગતિએ ઊડે છે, નિર્દોષ છાતીઓની ચારણી કરી પેલી કોર ચાલી જાય છે. હિંસા, હુલ્લડ, લૂંટવા-બાળવાના બેફામ કાંડો, બેકારી, બીમારી, પ્રચારના ઊંધા પાટા, અનક્ષરતાનો અને અજ્ઞાનનો લૂંટાતો લાભ, ખુરશીપદાનો સત્તાલોભ અને સંપત્તિનું વરવું પ્રદર્શન. આ સર્વ પેલા નિરભ્ર આભલાને કાળા ધુમ્મસથી છાઈ દે છે ! પ્રદૂષક, ટ્રાફિક

અને ઉદ્યોગની ચીમનીઓમાંથી ઊઠીને પ્રસરે છે એ કબૂલ પરંતુ પ્રદૂષણ મનુષ્યના ચિત્તની ચીમનીઓમાંથી પણ ક્યાં નથી વહેતું ? નગરની હથેળીઓમાં પણ સ્વપ્નાની સુવર્ણરેખાઓવાળું ભવિષ્ય પણ રાહ તાકતું બેઠું જ હશે પરંતુ અત્યારે તો કાળું ધુમ્મસ જ શહેરની હથેળીઓમાં છપાઈને પડ્યું છે. ઊંટના મુખના કોગળાના ખર્‌ખર્‌ ધ્વનિને મઢી, મધુકાન્તે એક વિશિષ્ટ શ્રાવ્ય કલ્પન સાક્ષાત કરાવ્યું છે. જેમાં થબરક્‌ થબરક્‌ અને ખર્‌ખર્‌નું ભાષકર્મ રસપ્રદ છે. આભ વહેતું વર્ણવ્યું છે એ સમજી શકાય પણ નગરની નદી અહીં 'થીજી ગયેલી' છે છતાં નદીને સ્મરણીય સ્પર્શ આપ્યો છે. 'નદી, પાતળી આંગળી પર સડકાતો એક સ્પર્શ લઈ ઢોળાઈ છે.' સડકાતો ક્રિયાપદો થીજી ગયેલી નદીનો અને મોંથી લીધેલા સબડકાને જીવતો કરી દે છે. રાત્રિ તો આવા દુ:ખદ અપ્રિય સ્વપ્નમાં વીતી ગઈ. તો સવારનું શું છે ? કંકુની, સૌભાગ્યની ઢળી ગયેલી ઢગલીઓની આ પાળે સવાર બેઠેલી બતાવી છે. સૌભાગ્ય પર ઉપરના સુખ જેવું 'વેરણ' જ હશે ને દુર્ભાગ્ય સમું ? તડકા રેશમ શા સુંવાળા હોવા છતાં વર્ષારાતે જાણે ઝરમર ઝૂરતા હોય એમ દર્શાવ્યા છે. સવાર અને તડકા વચ્ચે બે કાંઠા જેટલો અંતર વિયોગ છે. સ્થિતિની પરવશતાની, નિરૂપાયપણાની પ્રતીતિ અંતિમ પરકોટિમાં 'શૈશવી લહેજાના લયમાં ઝબકી છે : 'અવાજનો એક અડદો દડકો વાગ્યો, રામ' રામના સંબોધન સાથે અવાજને અડદા દડકા તરીકે વાવવાની ક્રિયા વધુ તો ક્રીડા જેવી દીસે છે ને અંતે દુ:સ્વપ્નની દુનિયાનો સાક્ષાત્કાર કરાવ્યો છે. 'શાપ બની ટોળાય, નગરની અરતે ફરતે ટૌકો, ટોકે કોણ ? એવા પ્રશ્ન સમક્ષ કર્તા નિરૂપાય થઈ વિરમ્યા છે. તળપદો પ્રયોગ છે એટલો જ પ્રભાવક છે. 'એક અફવા ગીત' માં કવિ પોતાની ભીતરમાં રહેલા માણસના અણસાર ફંફોસે છે, પણ 'કયાંય નથી જડતો આ જણ મૂઓ' ની વેદના ગીતમાં વિસ્મય બનીને વિફરે છે.

'ઉજ્જડ ગામની ભાગોળે બેસી ગયાનું ઉદાસ ગીત' આ ગીતમાં કવિએ 'રાતના કાળા ચંદરવા' 'ગમગીનીના પાતળા ભરત', 'બળતરાનાં જાસુદ', 'શ્વાસનું કોરુંકટ પાનેતર', 'લાલ થાપાના સૂરનું રેશમ' જેવા ઉદાહરણો છે. એક વખતનું લીલુંછમ ગામ આજે ખારાં રણની રેતી જેવી ઉદાસીનો અનુભવ કરાવતું ઉજ્જડ બની ગયું છે. માંડમાંડ હજુ તો જળથી કરી ગયેલી ભોંયની જગાએ હવે વેરવિખેર થયેલી એની 'ઝાંય' ભોંય પરના વચ્ચે આંસુનું જ બુંદ કહોને, એ રૂપે વિષાદયુકત બની રહેવાનું આવે ત્યારે કેવો અનુભવ થાય ? એ ઉદાસી અહીં ઊપસી આવી છે. ગણપતિ, કંકુથાપા, વધૂ-પિયર ગામે જે અનુભૂતિ અંદરથી અકળાવી મૂકે છે. પારદર્શક ઘૂંઘટમાંથી દેખાતો કવિતાનો સુંદર ચહેરો રચવો એ કલ્પિતમાં દેખાઈ આવે છે. અનેક વિશેષણોથી કવિ ભીંતની એ દશાનો નિઃશેષ અનુભવ કરાવે છે.

'માંડ ઠરેલી ભોંય

ને એની તિતરબિતર ઝાંય વચાળે

બુંદ મરોં ઝળહળશું ત્યારે જામશે કેવા સંગ ? (પૃ.૩૩)

'દંતકથાનું ગીત' માં રમેશ પારેખના જમાદાર મોરબીના ગીતનો ભારોભાર પડઘો સંભળાય છે. 'અવાજને ખોદી શકતી નથી, લાભશંકરની કાવ્યપંકિતનો પડઘો સંભળાય છે. 'જો' મધ્યકાલીન પદમાં વપરાતું પંકિતને અંત આવવું 'જો' નો ઉપયોગ પણ સાર્થ રીતે કવિએ કરેલ છે.

તને જોતાંની વાર મારો ચહેરો છેકાઈ ગયો, જો

.. મને અડતાં હું જોરુકો કેવો ભોંકાઈ ગયો, જો

.. મને પહેર્યો, ને એકદમ કેવો ડ્હોળાઈ ગયો, જો (પૃ.૮૬)

'પડછાયાગીરીનો પીગળ્યો પડાવ' (૨૬) સૂરજપણાની ગડી વાળીને (પૃ.૨૬) હલબલતા જંગલ મોગરાના બ્હેણ, અંધારે પીઠ ઘસી

આવતા અસંખ્ય કલ્પનો સંગ્રહના ગીતોમાં જોવા મળે છે. બોલ લાગ્ગી' જેવા અંત્યાનુપ્રાસ પદો ગઝલના કાફીયા રદીફની જેમ અહીં મળી આવે છે. 'સોળવગું ગીત' માં આંખોમાં દશ્યો ના ઢાળ છે. કયાંક ધારદાર સ્પર્શોની યાદ જાણે આંગળીઓ કેટલી ઘવાતી કોઈ થોકબંધ ફૂંક પહેલી બેઠેલ અરે છાતી ક્યાં ખમાતી આ ધગધગતી લાગણીઓ પાણીમાં છબ્બૂ કરી બોળ છે અને ઝૂલવાની ટેવના કારણે ઝૂલીએ પણ છતાં બીજાનું ઝૂલેલું લાગીએ, આમ ફરીફરીને એકદમ ફોરુને તોય જોરુ કા વાગીએ ? આ ટહુકા ઊંડે લગ કેવું વઢાય જાણે લીલુતંબોળ ઝાડ હોય તેમ મનુષ્યને જાણે પોતાનું કશું જ અસ્તિત્વ નથી અને બધું જ જાણે આભાસ હોય તેમ વેઠવું પડે છે. પોતાનું છતાં પરાયાપણું લાગે છે.

મધુકાન્તના ગીતોની કલ્પના સૃષ્ટિ અને કલ્પન સૃષ્ટિ તાજગીસભર છે. લાજવતી ગલગલિયો/મૌનની સસ્સલીઓ/શ્વાસોની તાપણી જેવા કલ્પનો આંખના ઝાકળિયા કેનવાસ /ઝૂલતી ટહુકાઓની ડાળ / ધારદાર સ્પર્શોની યાદ / રોતા ટહુકાનું ધણ જેવાં વિશેષણોથી પ્રલંબાઈ વધુ રમણીય બને છે. ક્રિયાપદો, ક્રિયા વિશેષણો તથા રોયો / રાંડા દિયોર / લબાડ / ઈન્ની માનો / ભોટ જેવી સ્વાભાવિક અને સાહજિક ગાળો એમની કલ્પના સૃષ્ટિને ઉત્તેજક અને આકર્ષક બનાવે છે.

ચાલ, મેલું ના થાય એમ આખાયે ફળિયાને
    સાચવીને પહેરી લઉં ડોકમાં (પૃ.૨૮)

આંખ લગોલગ આવેલા
    સપનાં અટકાવી દીધાં ત્યારે, આપ કહાં થે ?
    લાગટ ઢીંચે રાખ્યો ગેલન બે ગેલન અંધાર ? (પૃ.૩૩)

લે બોલ, આમ રેફભેર સપનાં પ્રવેશે
    ને આંખોને કહી નાખે : 'ચલ, ગેટઆઉટ'

(કોઈના વતીનું ગીત) (પૃ.૩૫)

મધુકાન્ત કલ્પિતના ગીતો દલિત ચેતના માટે વાસ્તવિકતાને ઘેડાણ કરેલું જોવા મળે છે. 'સપનાંઓ' માં કલ્પનોનો ઉલ્લેખ કરે છે.

સપનાંઓ આજકાલ ફરવા કયાં નીકળે છે ઊભી બજારમાં ? નહિતર તો હુય નદી તરપટનો બેટ હોત ધુમ્મસના જેવો, પરપોટા જેમ લ્હેર ખાતો સુગમ પડી જાત મને વહેવો. (પૃ.૩૨)

કવિએ આંગળી દ્વારા ઓળખી બતાવવા માટે હું ને કહે છે. નહીં તો

છાતીનો પટ જરા સાંકડો ને દરિયાના દરિયાઓ ગામતરે આવે,

શ્વાસોના સુક્કાભઠ જંગલને ફૂલોથી લાદેલું ઝાડવું પહેરાવે. (પૃ.૩૧)

સપનામાં કવિને દરિયાઓ ગામમાં આવે અને શ્વાસોના સુક્કાભઠ જંગલમાં ફૂલો પહેરાવે અને જાણે કલરવનું પુમડું બનીને કાંય મ્હેંક્યું હોય તેવું પળવાર માટે ભાગે છે. સપનાઓમાં કવિએ સ્વપ્નનું આલેખન કરે છે.

કવિ 'હું' કાવ્યમાં પોતાનું અસ્તિત્વ નથી અસ્તિત્વ માટે મનમાં અનેકો વિચારો આવે છે. પોતાનું કશુંક નથી. પોતે સાવ નકામી વસ્તુ હોય તેમ એને કશું નથી. દલિત વ્યકિતને પણ મનાતું નથી તે જોવામાં નથી આવતી. સ્પર્શ કોઈ કરવા દેતા નથી પાણી માટે પણ કૂવોને અડકવા નહીં શોષણ કરવા લોકો પહેરણ જેમ પહેરી ફેંકી દે છે. કવિને વ્યથા છે. આખું જગતમાં હર્યાભર્યા ભરચક માનવીઓમાં જાણે એક મારું ઘર અમસ્તું છે. જંગલની વેલોનું ઉદાહરણ આપી કવિએ દલિતની મનમાં અસ્તિત્વ માટેની લડત મૂંગી વેદના છે. જેનું આલેખન કરે છે.

ગેસ ભરીને આપો. બાળક રમશે ફુગ્ગો જાણી

પથ્થરની કાયા ને મારી પથ્થર જેવી વાણી.

હર્યાભર્યા ભરચક લતામાં ઘર એકાદ અમસ્તુ છું.. (પૃ.૩૬)

'પરપોટો' કાવ્યમાં કવિએ 'પરપોટાની સ્થિતિ સાથે જાતની વાત કરી છે. કવિ કહે છે જેમ પાણી વચ્ચે પરપોટો પડે છે તે પરપોટામાં, જાત વિશે કવિ કહે છે. પરપોટાનું ઉદાહરણ લઈ કવિએ જાત વિશે

પાણી વચ્ચે પરપોટો
ને પરપોટામાં જાત.
દૂંટીથી લંબાતી જાતી
ઓળ પાંખડી ખોલે,
હું જગમાલો ઝૂલણ
ઝૂલું આમ તેમ હરદોલે (પૃ.૫૪)

જગ્યા મળે તો પોતાની જાતને સમાવું આ દુનિયામાં ચારે તરફ મેઘધનુષના રંગો પાથરાય છે. પણ એક અમારી જાતને આ રંગોની કોઈ અસર થતી નથી કારણ કે અમારી જાતને કોઈ સ્વીકારતું નથી. સુખ માટે હું શોધું છું જગ્યા. જો જગ્યા મળે તો મને જાતને શાંતિ થવાની છે. અનેક જાતિ વ્યવસ્થાના કારણે અલગ વિભાગો પાડવામાં આવ્યા છે.

મધુકાન્ત કલ્પિત ગીતકવિ 'દલિત ધારાના કવિ તરીકે લય-ભાવ-અર્થ અને પ્રતીક કલ્પન, આરોહ-અવરોહમાં કવિની અનન્ય કલાસૂઝનું દર્શન એમનાં કાવ્યો કરાવી આપે છે. ટૂંકમાં સામાજિક વાસ્તવનું નિરૂપણ કરે છે એટલે જ તો આપણા જાણીતા વિવેચક રાધેશ્યામ શર્માએ એમને 'ગુજરાતી ગાળોના ગાલિબ' કહ્યા છે. સ્વસમાજના હક્ક માટેની એમની નિષ્ઠા અને ઈકોતેર પેઢીથી વધુ પેઢીના વર્ણપ્રથાના દાવાનળમાં હોમાયેલા સ્વજનોની વેદનાને પરિણામે એમની રચનાઓમાં 'ભભકતો આક્રોશ' છે. ત્રણો કાવ્યસંગ્રહોમાં ગીત કાવ્ય દ્વારા દલિતોની પીડાને, પ્રકૃતિને, પ્રણયને એમણે સરસ રીતે ગીતોમાં આલેખન કર્યું છે. 'સ્મૃતિના કાંઠે ફરતું ગીત'

પ્રસ્તુત ગીતમાં કવિએ વિષાદ, વ્યથા છે જેને સ્મૃતિમાં વિવિધ પ્રકારે સંભાળે છે. હોઠોની પ્યાલીમાં જાણે રાતદિવસ કરગરવાનું હોય છે. આ વૃંદાવનમાં જાણે કોઈ દમ ચાલવાનું કામ કરે અને આખો દિવસને બગાડે ચારેબાજુ પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે વાર-તહેવાર પણ ચાલ્યા ઋતુઓ પણ ચાલી જાય. પંખીઓના કલબલાટ પણ વ્યાકુળતાભર્યા સંભળાય છે. આખું દશ્યોને કવિ ઝાકળના કેન્વાસ પર ચીતરવા કહે છે. વ્યથાથી કંટાળી ચૂકેલા મનુષ્ય જેને કશું સારું લાગતું નથી. જેને કેન્વાસ પર ચીતરવાકોનું છે. આમ ગુજરાતી ગીતસાહિત્યને સમૃદ્ધિ બક્ષનારાં મધુકાન્ત કલ્પિત એની વિવિધ ખૂબીઓને કારણે ઘણો મૂલ્યવાન બની રહે છે. ગીતોમાં કલ્પનોમાં ગીતની રચના કરી છે સાથે આજુબાજુના વાતાવરણ, રહેણીકરણી, જાતિભેદ, વર્ણ વ્યવસ્થા અનેકો અનુભવે એમને ગીતોમાં ઊતરવાની પ્રેરણા આપી હોય આમ લાગે છે. મધુકાન્ત કલ્પિત ગીતમાં પ્રકૃતિના તત્વોની વ્યથાને સાંકળીને ગીતોને તૈયાર કર્યા પણ ગીતોમાં દલિતની પરિસ્થિતિની છબી આલેખાય છે. મનના ભીતરની કૃતિ એટલે એમના ગીતો છે. મધુકાન્ત કલ્પિતના ગીતો ગુજરાતી સાહિત્યમાં હંમેશા પ્રકાશિત રહેશે એટલે તો કહી શકાય ગુજરાતી સાહિત્યમાં મધુકાન્ત કલ્પિતનું નામ ગીતકવિ તરીકે સુખ્યાત છે.

## ❖ વેદનાનો તરજુમો :

## (દલિત-પીડિત શોષિતનું વેદનાનું હૃદયસ્પર્શી નિરૂપણ)

તરજુમો એટલે એકમાંથી બીજામાં જવું. છીએ એવા જ બદલાયા વિના રૂપાંતર પામેલા : ભાષાન્તર પામેલા. અનુવાદિત થયેલા, સાંગોપાંગ અને પૂર્ણ. આ વાત તો થઈ શબ્દની, પણ મારે જુદી શબ્દની રમતની વાત કરવી છે. અહીં એક તરફ હૃદય છે, પીડા-સંવેદના અને સમાજ છે. તો જ્યાં જવાનું છે તરજુમાઈને, ત્યાં શબ્દો છે. રૂપાન્તરની વાત છે પણ

સ્વપીડાને આકારિત કરવાની છે. સ્વ-ભાવ, સ્પંદનને શબ્દ દેહ આપવાનો છે, તેય સાંગોપાંગ અને મારે આ મધુકાન્ત કલ્પિતના તરજુમાને ખંખોળતાં કહેવું પડે છે. તેમણે હૈયાને સાચમ્ સાચ વહેતું મૂકયું છે. શબ્દમાં - દલપત ચૌહાણ (વેદનાનો તરજુમો પૃ.૧૦).

'તરજુમો' ની કવિતામાં વેદના છે, તો વિરોધ પણ છે અને એ સળગતી આગ જેવી વેદનાને કવિએ લયમાં તો એવી રીતે ગૂંથી છે કે એ વેદનામય લયનો એક એક શબ્દ જાણે આખ્ખે આખ્ખું આયખું. સંગ્રહની કુલ છત્રીસ રચનાઓમાંથી સાત લયબદ્ધ ગીતરચનાઓ છે અને બીજી અછાંદસ કવિતા..

કાવ્યસંગ્રહની પ્રથમ કવિતા 'ઘોર અવાજોની વચ્ચેની કોઇ મને દૂર ભગાડી દો' થી વેદનાની અનુભૂતિ કવિ આપણને કરાવે છે. પ્રતીક, ભાવ, શબ્દ, વ્યવહારની કેવી ગૂંથણી. મીથ અને સત્ય, આજ અને ગઇકાલ બંનેનું સાનિધ્ય. અહીં કવિ વેદનાને વ્હાલપ આપે છે. કવિએ અહીં દલિત ભાવજગતને સુપેરે અંકે કર્યું છે. દલિતપણાનો શાપ નાયકને કેવી પીડા આપે છે એ બતાવવા કવિએ Myth નો યથાર્થ વિનિયોગ કર્યો છે.

એક બાજું નમી પડતો
કાદવછાયી ફૂટપાથના છેડે
અચાનક
મારી સાયકલનું વ્હીલ ઊંડે ગળવા માંડ્યું છે.
આજુ બાજુ-
સામેથી ઘોર અવાજો આવી રહ્યા છે.
ઘનઘોર શંખ ફૂંકાઇ રહ્યા છે.

આકાશની વાદળિયા ભૂમિમાં (પૃ.૧)

સારથીપુત્ર કર્ણને જાતિ વિષયક અપમાન અને બ્રાહ્મણ મુર્ખ શાપ

અપાયો છે. કર્ણની પીડા એ જ દલિત સમાજની પીડા છે. અસ્તિત્વને ટકાવવા માટે ખૂંપેલા રથના પૈડાને કાઢવાની મથામણ કર્ણ કરે છે. એ જ મથામણ દલિત સમાજ કરે છે. સાયકલના પૈડાથી રથના પૈડાનું અનુસંધાન.. ચક્ર એટલે જીવન, ગળવું એટલે જીવનનું અટકવું, શંખ ફૂંકવો એટલે યુધ્ધનું આહ્‌વાન, ઘનઘોર એટલે ભયાનકતાની પરકોટી. સાયકલનું પૈડું બહાર કાઢવા કાવ્યનાયક અથાગ પ્રયત્નો કરે છે પરંતુ વિવશતા અનુભવે છે. એને ભૂતકાળમાં મળેલો શાપ એકાએક યાદ આવે છે. એક ચીસ નીકળી પડે છે.

''રોકાઈ જા પાંડવ,
હું નથી કર્ણ,
યુદ્ધ હવે નથી લડવું મારે...'' (પૃ.૧)

કર્ણની વેદના એ દલિત કવિની વેદના બની રહે છે. 'કર્ણ' ને મળેલ શાપ સાથે 'અછૂત' ને મળેલા શાપને સામસામે મૂકી આપી, કાવ્યસિદ્ધિ પ્રાપ્ત કરે છે અને આ છેલ્લી પંકિત, ભાવકહૃદયને વેદનાના ઊંડા ધરામાં ધકેલે છે. કઠણ કાળજાના માનવીના હૃદયને હચમચાવે છે. અછૂતો-શોષિતો-પીડિતો પ્રત્યેનો અમાનવીય વ્યવહાર કવિને પીંડે છે. તેઓ વ્યથિત છે. માનવ ઈતિહાસનો ચહેરો ભારે રોલર નીચે ચગદાઈને વિકૃત બની ગયો છે, માનવ ઈતિહાસની વિરૂપતા 'ડાઘ' બની ચિત્રમાં અંકિત થઈ ગઈ છે.

હિલ્લોળાવા માંડે
અમાનવીય વ્યવહારના
ભારે રોલર નીચે ચગદાઈ ગયેલ
મારા દારુણ ઈતિહાસનો વિકૃત ચહેરો. (પૃ.૧૦)

જેમ જેમ તમો ભૂંસાવા પ્રયત્ન કરો તેમતેમ વધુ ઝગારા મારે છે.

કેવી દારૂણ સ્થિતિ આ માનવીની ! ન્હોર પણ કાળા, (કદાચ, રાક્ષસી હશે), ચાંચ પણ કેવી તીક્ષ્ણ- આમ 'કાળા' અને 'તીક્ષ્ણ' વિશેષણોના પ્રયોજનથી ચૂંથવાની પ્રક્રિયાની ઘેરી અસર પેદા કરી શક્યા છે. આખી જિંદગી સતત ઉપેક્ષા સિવાય કશું મળ્યું નથી. એકધારી ઉપેક્ષાની જળધારા કવિ પચાવીને બેઠા છે, શિવ જેમ ઝેર પચાવ્યું હતું તે જ રીતે ! કશીય રોકટોક વગર, કશોય અણગમો વ્યકત કર્યા વગર, જેમણે જેમણે ઉપેક્ષાભાવ પ્રગટાવ્યો છે એ ઉપેક્ષાને કવિ ગટ્ગટ્ પેટમાં ઊતારી ગયા છે. કવિ વર્ષોથી મથે છે એને ભૂંસવા. ભૂંસતા જાય છે માનવ હિતમાં, પણ ભૂંસાવાને બદલે વાસણ માંજતા જેમ ઝગારા મારે તેમ ઝગારી મારી ઊઠે છે આ ડાઘ.

'ચેતના પર અંકિત
એ ડાઘ
હું જેમ ભૂંસવા મથું
એમ એમ
માંજાઈને વધુ ઝગારા મારી ઊઠે !' (પૃ.૧૦)

'ભગાકાંડ-નામપર્વ-અ તથા નામપર્વ-બ એ' અછાંદસ રચનાઓમાં અનુક્રમે ભગવાનદાસની ભગા તરીકે જીવવાની કાકલૂદી અને અંતે 'ભગલા...તભલા..' ના ઉચ્ચારણથી વીજળીના કટકાની વેદના અનુભવાય છે. આ એવી સમાજરચના કે જેમાં દલિતોને બે બાજુનું દુઃખ ! ના સહેવાય કે ના રહેવાય.

એ જ રીતે 'તુંકારાનું ગીત' માં પણ બે સમાજો વચ્ચે પ્રવર્તતી યુગજુની ભેદરેખાને ઉપસાવે છે. અહીં ગરીબ-તવંગરના ભેદભાવ તમામ બાબતોમાં નોંધારા વરતાય છે. બોલચાલ, રીતભાત, રહેણીકરણી વિગેરે. જેમકે, દલિત-ગરીબને 'લ્યા, મેંઠયા !' થી સંબોધવામાં આવે છે જ્યારે

પૈસાદારને કહેવાતી ઉજળિયાત જ્ઞાતિની વ્યકિત હોય તો 'મીઠાલાલ' થી બોલાવવામાં આવે છે. એક તુંકારાથી અને બીજાને માન-વાચકથી. જ્ઞાતિ અને આર્થિક સંપન્નતાના પરિબળો કારણભૂત છે. દલિત વ્યકિત પૈસાદાર હોય તો પણ સંબોધનમાં ઝાઝો ફેર પડતો નથી. ત્યાં જ્ઞાતિનું પરિબળ કારણભૂત છે. માણસનું મૂલ્ય જ્ઞાતિથી અંકાય છે. આપણા સમાજમાં અસંખ્ય જ્ઞાતિઓ અનેક વાડાઓમાં વિભાજીત છે. અમાનવીય સમાજ રચનામાં એક માણસ બીજા માણસને નડે છે, કનડે છે, અત્યાચાર આચરે છે અને હડધૂત કરે છે. આ પીડા યુગો જૂની છે. આથી કવિ 'અમને અધિકાર આપો' કાવ્ય સર્જે છે. મિલ બંધ થવાને પરિણામે રાતોરાત બેકાર બની જતા કામદારો જે કરુણ સ્થિતિમાં મુકાય છે એનું હૃદયદ્રાવક ચિત્ર અહીં આપ્યું છે. અભિધાસ્તરે ચાલતી રચનાય કેવી જોમવંતી હોય છે એનું ઉદાહરણ આ કાવ્ય પૂરું પાડે છે. આ કાવ્યના એક અંશને જુઓ :

'એમના ટેરવે પડયા છે
નિરક્ષરતાના ઊંડા વાઢીયા
કાગળના ડૂચા વીણતાં વીણતાં
ડામરની સડેકા ઉપર
લોહી દદડતી આંગળીયો વડે તેઓ લખે છે
અમને અધિકાર આપો...' (પૃ.૨૦)

ભારતીય બંધારણમાં પ્રાથમિક શિક્ષણની જોગવાઈ બાળકો માટે મફતને ફરજિયાત છે છતાંય આજે શિક્ષણથી વંચિત બાળકો જોવા મળશે. એ જ વસ્તુને શબ્દ વડે કંડારી તેઓના મનની પીડાને અભિવ્યકત કરે છે.

'અમે' માં બે વર્ગ છે એક અમીર અને બીજો ગરીબ. ગરીબ હોવું એટલે જીવતરનું દુઃખ લઈને જીવવું, સૌ પ્રથમ તો પેટનો ખાડો પૂરવાનો પ્રશ્ન. ગરીબ હોવાથી બધા જ અપમાનિત કરે, સ્વમાન જેવું કંઈ

નહીં. આટલું ઓછું હોય એમ 'માણસ' રૂપેય સ્વીકાર નહિ. ત્યારે ગરીબના હૃદયમાં જે વિચારમળ ઉદ્ભવે છે એના ઉચિત વર્ણન વડે કવિએ ગરીબની આંતરવ્યથાની કરુણાનું ગાન ગાયું છે. 'લાચારી' કાવ્યમાં કવિએ ચિંતન ધ્યાન ખેંચે છે. શાસ્ત્રો-શસ્ત્રો ત્રણ વર્ણો પાસે છે અને શુદ્ર પાસે તો માત્ર ખાલી હાથ. બરાડા, કપાળ કૂટવા સિવાય શું છે એમની પાસે ? આને પરિણામે તેઓ લાચારી અનુભવે છે. આ વેદનામાંથી મુકિત માટે બાબાસાહેબ આંબેડકરે ત્રિસૂચ આપ્યું હતું.

શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો.

ટૂંકમાં ફૂલે અને આંબેડકરની પ્રેરણાની સાથે સ્વાનુભૂતિનો રણકો જોવા મળે છે. 'પ્રાર્થનાઓ' કાવ્યમાં શ્રમિકોની દયનીયતાને, કરૂણતાને પ્રગટાવી આપી છે. શ્રમિકો ભૂખ્યા પેટે, આંતરડાની ગડીઓ પાડી લોહીનું પાણી કરી નાખે છતાંય જીવતર તો જેમ તેમ જ પસાર કરવાનું થાય - એનું વર્ણન કવિ આમ કરે છે :

'એના રક્તમાં અશ્રુની લેલૂંબ વેલ ખીલે
કે
શ્વાસના ચાસે ચાસે
પરસેવાનાં પારિજાત મ્હેંકી ઊઠે
એથી
શું ફેર પડે છે એની શ્રમિત ચેતનામાં ? (પૃ.૨૪)

શ્રમિકોની વેદનાનું ચિત્ર સંવેદનસભર વ્યકિતની ચેતનાને મૂળથી હચમચાવી મૂકે છે. નરસિંહની ગરીબીના વર્ણનમાં પ્રેમાનંદ ખીલી ઊઠે છે. ત્યાં શ્રમિક વેદનામાં કવિની કલમનો જાદુય ઓછો નથી. સંવેદનસભર કવિ જ માણસનાં વાસ્તવિક ગીત રચીને એની વેદના પ્રજા સામે મૂકી આપે છે. કવિકર્મનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતી આ ઉત્તમ રચના છે.

'ધુમાડો' માં જાતિ વ્યવસ્થાને કારણે પોતાના વડવાઓએ નત મસ્તકે મૂંગો મોંઢે માત્ર સહન જ કર્યું છે, હોમાયા છે એવા સ્વજનોની વેદના નાયકને કઠે છે. નાયકને ધગધગતો લાવા બનાવી મૂકે છે. હવે પ્રતિકાર કરવા નાયક મુઠ્ઠી ભીંસે છે. મુઠ્ઠી ભીંસાવાના કારણે જુઓ :

'આ વાસ
છાકટાઓના હાથે રહેંસાયેલા
નિર્દોષ વડવાઓનાં
ભૂંજાયેલા
અર્ધદગ્ધ શબોની તો ના હોય !
એમના
લોહી-માંસના સિઝવાનો અવાજ
કેમ વારંવાર પડઘાઈ આવે છે
મારી ચેતનાના ગુંબજમાં ? (પૃ.૨૬)

'સમતા ઘર' અછાંદસમાં સમગ્ર માનવજાત કાજે માનવતા, માણસાઈ, પ્રેમ અને કરૂણા પ્રત્યેની જીકર છે. માનવકલ્યાર્થો આ ગુણો અનિવાર્ય છે. ગરીબીમાં જીવતા વ્યતીત કરતા ભૂખ્યાજનોની કારમી પીડાનું વર્ણન છે.

મુઠ્ઠી રાઈ શોધતી
કીશા ગૌતમીની જેમ
હું આથડું છું
સાવ કંતાઈ ગયેલાં
ભૂખડી બારસ જેવાં
ગંદા - ગોબરાં છેવાડાનાં ઘર. (પૃ.૨૭)

'જઠરાગ્નિ' કાવ્યનો આક્રોશ અહીં નથી. અહીં તો ગરીબી પાછળ

રહેલા આસુરી તત્વોના હાથ સામે વાંધો છે ને કવિ એવા ઘરની શોધ જ્યાં સમતા હોય. 'ક્રાંતિને' કાવ્યમાં કવિએ ક્રાંતિના ઉદ્દ્ગમનું મૂળ 'કૂખ' અને ભૂખની લપકતી જ્વાળાઓ' માં જોયું છે. એ જ્વાળાઓ જ્યારે ક્રાંતિરૂપે પ્રગટે છે ત્યારે સઘળું તેની લપેટોમાં ભસ્મીભૂત થઈ જાય છે.

આકાંક્ષાઓથી ભર્યોભાદર્યો જાણે
લચી પડું છું નીચે !
પણ બરાબર
એ વખતે જ
ખસી જાય છે
મારી ઉપર તરફ મંડાયેલી નજર. (પૃ.૨૮)

વ્યકિત નહીં પણ સાચુકલી ક્રાંતિની કવિકલ્પનામાં કવિનું સર્જનકર્મ ધ્યાન ખેંચે છે. ક્રાંતિ રાતો રાત થતી નથી. વર્ષો-યુગો પસાર થાય ને અનેક યાતનાઓમાં પસાર થવું પડે, હોમાવું પડે ત્યારે ક્રાંતિ થાય છે. ક્રાંતિ સમાજના હિત માટે હોય છે.

દા.ત. ભગતસિંહ અને એમના સાથી મિત્રો સાચા અર્થમાં નીડર ક્રાંતિકારીઓ હતા. જેઓ ધર્મ-જાતિ, અમીરી-ગરીબીથી પર સમાજમાં માનતા હતા. અહીં નાયક ક્રાંતિને પ્રિયતમાના રૂપમાં સ્વીકારીને, એનો હાથ પકડીને ચાલી નીકળે છે પણ પ્રશ્ન ત્યાં જ છે કે કઈ ને કેવી ક્રાંતિ ? યુગોથી વર્ણવ્યવસ્થાના ખપ્પરમાં હોમાયેલા પોતાના વડવાઓ અને સાંપ્રત સમયમાં મૂંગે મોંઢે સહન કરતા દલિતોમાં કવિ બ્યુગલ ફેંકે છે. રીત જુદી છે પણ બ્યુગલ વગાડ્યું છે. ફુલે-આંબેડકર અનામત આંદોલન પછી આંખકાન બંધ કરીને શાંત બેઠેલા દલિતોની ચેતના જાગૃત કરે છે. આંબેડકરના શબ્દોમાં કહીએ તો 'હક્ક મેળવવાનો હોય, ભીખમાં લેવાનો ન હોય' કવિનું સર્જનકર્મ અહીં મુખ્ય ધારાના કવિઓની બરોબરીએ પહોંચ્યું છે, 'તક'

કાવ્યમાં લાઘવકળાનો અનુભવ થાય છે. તાક્યું તીર યથાર્થ છે. સોમપુરાના હાથ ન લાગેલો પથ્થર શિલ્પ બનવાને બદલે અડાયા છાણા જેવો ગામ છેવાડું અથડાય કૂટાય છે એ ઘટના કાવ્યનાયકને કેવો હચમચાવી મૂકે છે ! અહીં પ્રહ્લાદ પારેખની 'ખીલા' કાવ્ય રચનાનું સ્મરણ થઈ આવે છે.

આમથી તેમ

ભટકતો,

ભીતર

ભારોભાર ખટકતો... (પૃ.૧૬)

'અંધકાર' કાવ્યમાં કવિ દલિતો પ્રત્યેનો ભાવ જે દલિતો કેવું વિચારે છે જેની આલેખન કરવામાં આવ્યું છે. આ કાવ્યમાં નાયક અંધારામાં બદલવા માંગે છે પણ ચારે બાજુ પ્રકાશ છે. એટલે વસ્ત્રો બદલી શકતા નથી. અહીં વસ્ત્રો પ્રતીક બનીને આવે છે. વસ્ત્રોને ભાર દલિતોને કેવો હોય છે !

મારે જોઈતો હતો

ચપટી અંધકાર

એના બદલે

અહીં

છૂટી ગયું છે અંધારાનું આખ્ખુંયે પોટલું. (પૃ.૨૯)

દલો ઉર્ફે દલસિંહ બને પણ અંતે દલો જ રહે કે 'બેનીમા' અસ્પૃશ્ય જ રહે – હરીશ મંગલમ્‌ની વાર્તાઓના અંકોડાઓ અહીં પૂરક લાગે છે.

'મારી ફરતે કાળમીંઢ અંધાર

અંધકારના અફાટ સાગર વચ્ચે

વીંઝ્યા કરું છું હું હાથ

થોડી ફેર-બદલ કરવા. (પૃ.૨૯)

વર્ણવ્યવસ્થામાં હોમાયેલા વડીલ-સ્વજનોની યાદ નાયકને ખિન્ન બનાવી મૂકે છે. 'આંગળીઓ' કાવ્યનો ધ્વનિ છે. અંગૂઠો કપાય છે અને લોકો અંગૂઠો બતાવે ત્યારે અંગૂઠાના કૌશલને કેળવવાનું સૂચન ક્રાંતિની જ વાત છે.

વારંવાર બેધ્યાન કરતા
વિક્ષેપને ટાળવા
એકલવ્યે
ખીચોખીચ બાણવર્ષણથી
ચૂપ કરી દીધું ભસતા કૂતરાનું મુખ. (પૃ.૩૦)

એકલવ્યની બાણવિદ્યાની યાદ અપાવી, સામેપક્ષે કપટપૂર્વક એના અંગૂઠાનો ભોગ લીધો તે મિથને નિમિત્તે પ્રપંચી દાનતને કવિએ રચનામાં કહી છે. એકલવ્યની પ્રવીણતામાંથી બોધપાઠ લેવાનું કવિ દલિતોને કહે છે. કુશાગ્રતા વગર હાથની કોઈ કિંમત નથી. 'હિંસ્ત્રતા' વર્ણવ્યવસ્થામાં મળેલો શૂદ્ર વર્ગ ત્યજીને સવર્ણ વાધા પહેરતાં જ પ્રશ્નો ઊભા થાય છે એની વાત આ કાવ્યમાં કવિએ મૂકી છે. અહીં શરણકુમાર લિમ્બાલેની 'દલિત બ્રાહ્મણ' ને યાદ કરી શકાય.

પણ અચાનક
આજ શી માલમ
ભુરાટું થઈ ગયું વાતાવરણ
એક પલમાં તો
ગલી મારી બની ઉન્માદની લપકારતી જ્વાળા (પૃ.૩૧)

હિંસા સામે ટકી રહેવા અને અન્યાયો સામે ઝઝૂમતા કવિનો ભભૂકી ઊઠે છે. કવિમાં પ્રતિહિંસા જાગે છે, એ દર્શાવવા 'નહોર' નું પ્રતીક પ્રયોજે

છે. નહોર વધતા જાય છે. હિંસ્ત્રતા તીવ્ર, અતિતીવ્ર થતી જાય છે. કવિ ટોળામાં ભળી જાય છે. પ્રતિહિંસામાં જોતરાયેલો દલિત બૌદ્ધિક છે. આ રીતે, સુક્ષ્મતાને વરેલી, કાવ્યસિદ્ધિ માનવવાદી ચિંતનને પુરસ્કારે છે અને પેલા હિંસક ટોળાથી દલિતકવિ ઉર્ધ્વગામી બની રહે છે.

મનુવાદી વર્ણવ્યવસ્થાને ભોગે ભારતીય સમાજ વ્યવસ્થામાં ઊંચનીચના ભેદભાવો તમામ જાતિઓમાં અતિવ્યાપ્ત છે. દલિત જાતિઓમાં પણ આ ભેદભાવો ફેલાયેલા છે. 'નડતર' કાવ્યમાં કવિએ ઉલ્લેખ કર્યો છે. સમાનુક્રમે, કહેવાતી ઉચ્ચ જાતિઓની જોહૂકમી અને અત્યાચારો દઢ થતાં ગયાં. આ અમાનવીય સમાજની ગેરવ્યવસ્થાને આપણે પાછા વ્યવસ્થામાં ખપાવીએ  છીએ ! અછૂતોને અતિશૂદ્ર ગણી ગામ છેવાડે વસવાટ કરવાની ફરજ પાડી છે. ગામથી દૂર વસતી અનેક દલિત જાતિઓમાં દઢ થયેલી પેલી મનુવાદી ભેદભાવની પ્રથાથી માંહ્યોમાંહ્ય ભેદભાવનું આચરણ કરે છે. એકબીજાને કનડે છે.આ પ્રજાને શરૂઆતથી જ અભણ રાખવામાં આવી છે. શિક્ષણ મેળવવાના અધિકારો છીનવી લીધા છે. જેથી પ્રથાને વળગી રહે છે. એનું કવિને ભારે દુ:ખ પીડા છે. દલિત સમસ્યા કેન્દ્રમાં છે. 'કવિતાકાંમ' આ કાવ્યમાં કવિએ પોતાની ભાષાનો ઉપયોગ કરી દલિતચેતનાની વાત કરી છે.

સું ધમાધમ કરો છો ?
તો કે
કવિતા કરીય સીય. (પૃ.૩૩)

'અર્થસભર શબ્દો' કાવ્યમાં કવિએ દલિત સાહિત્ય એ વેદનાનો અવાજ છે. એમાં રહેલ વેદનાને ધ્વનિત કરે તેજ તેનું Esthetics છે. 'તોછડા' અને તિરસ્કારભર્યા એ ઢીસુમ-ઢીસુમના ભારેખમ અવાજોની નીચે દબાયેલા એ શબ્દોમાં કવિએ ડરનું વાતાવરણ ખડું કર્યું છે. આવા

આતંકીઓના ટોળા વચ્ચે કોઈના સજ્જનતાવાળા અવાજને કોણ સાંભળે ? અહીં કવિએ આતંકનું એક દયાજનક ચિત્ર ઊભું કર્યું છે ? એ ચિત્રમાં જે દબાયેલો અવાજ છે તે દલિતનો છે અને જે દારૂણ સ્થિતિ છે તે પણ દલિતની છે. એવી સાવ નાજુક સ્થિતિમાંથી દલિતો બહાર આવ્યા છે. હવે કોઈ તેમના ઉપર હુમલો ન કરી શકે એવા કાયદાઓ બન્યા છે અને તેઓ પોતાની સંવેદનાઓ પણ રજૂ કરી શકે છે. કવિએ તેનો સંતોષ વ્યકત કર્યો છે.

'આજે
મારી ફરતે
ચપોચપ ને ચિક્કાર
ગોઠવાઈ ગયા છે એ અર્થસભર શબ્દો
તગતગતા આગિયા બનીને ! (પૃ.૩૮)

કાવ્યમાં કેટલી બધી વેદનામય સ્થિતિ દર્શાવી છે. આટ આટલા કાયદાઓ છતાં દલિતો પરના અત્યાચારો શું થોડાઘણા અંશે પણ ઓછા થયા છે ખરા ? કાવ્યમાં કવિને સંતોષ વ્યકત કર્યો છે. હવે દલિત પોતાને દલિત કહેવડાવાતાં ડરતાં નથી. તેની એક અલગ ઓળખ ઊભી થઈ છે. પ્રાચીનકાળમાં શુદ્રોને તો માણસ જ ગણવામાં આવતા ન્હોતા. તેમની તો કોઈ નોંધ સુધ્ધાં નહોતું લેતું. તેમના દર્દની ચીસ જ ન હતી. તેમના અરમાન, આરઝુ કે ફરિયાદ હતાં જ નહિ !

ભલે અત્યાચારો, અન્યાય, અપમાનો એવાં ને એવાં જ રહ્યાં હોય પણ દલિત નેતા, દલિત ઉમેદવારે કે દલિત આગેવાન કહી તેની દલિત તરીકે નોંધ તો લેવી પડે છે, તેનો કવિને સંતોષ છે.

કશું નહિ તો શબ્દો વડે દલિતો પોતાની વ્યથાઓ તો રજૂ કરી શકે છે. પહેલાં તો જુલમ સામે બોલવાનું જ અશક્ય હતું. દલિતે પોતાની

જીભ સીવી લીધી હોય તેમ જીવવું પડતું. સવર્ણો જે કંઇ પણ જુલમ કરે તે ન્યાય ગણાતો. હવેથી શબ્દો વડે વિરોધ તો નોંધાવી શકાય છે. આ સ્થિતિ એ પ્રગતિ માટેનું પ્રથમ સોપાન છે એમ માની કવિ સંતોષ માને છે.

તમિસ્ત્ર રાતમાં

આટલુંય કંઇ ઓછું છે મારા માટે ? (પૃ.૩૮)

### ❖ અસ્તિત્વની આત્માનુંભૂતિનું ગીત :

ગુજરાતી સાહિત્યના અનુઆધુનિક યુગમાં દલિત સાહિત્યનો પ્રવાહ વિકાસોન્મુખ બન્યો એ પૂર્વે દલિત સમાજના જે કેટલાક સર્જકો આધુનિક સાહિત્યક્ષેત્રે પોતાની આગવી પ્રયોગશીલતાને કારણે ધ્યાનપાત્ર અને પ્રતિષ્ઠિત થયા તેમાંના એક મધુકાન્ત કલ્પિત છે. એજ દાયકામાં પ્રથમ કાવ્યસંગ્રહ પ્રગટ થયા પરંતુ કવિ આઠમા દાયકામાં ધ્યાનાર્હ બન્યા. આધુનિક સાહિત્યક્ષેત્રે સક્રિય એવા દલિત સમાજના પ્રતિષ્ઠાપાત્ર સર્જકો અનુ-આધુનિક સાહિત્યના દલિત ચેતના કેન્દ્રિત પ્રવાહમાં પોતાની વિશિષ્ટ સર્જકતા સાથે દલિત સાહિત્યમાં ઘણો વેગ મળ્યો છે. અસ્તિત્વની અનુભૂતિ કરાવતા ગીતો કવિના ‘મને’, ‘જાતને’, ‘હું’, ‘હિજરતી’, ‘ગતિપર્વ’, ‘પરંપરા’, ‘નોંધારા’, ‘માણસનું ભંગાર ગીત’ વગેરે કાવ્યોમાં જાત સાથેનો સંઘર્ષ અને અસ્તિત્વહીનતાના ભાવ ઘૂંટાયા છે. દલિત કવિની એ પોતીકી પીડાનો વ્યાપ સમગ્ર દલિત પીડિત સમાજમાં લોક સુધી વિસ્તરે છે.

‘મને’ કાવ્યમાં કવિ દલિત ભાવજગતને સુપેરે અંકે છે. નવપ્રતીક, નવવ્યંજના, નવવિચાર કે નાવચલણની કવિતાના દલિત રંગમાં ઝબોળાયેલ કવિતાને તેના માપદંડ-માનદંડનો પુરો ખ્યાલ છે અને એટલે જ કવિ કહી ઊઠે છે.

‘‘પ્રત્યક્ષ થયેલું જગત

તર્કાતિત બને

ચેતનાઓનું કોઈ યથાર્થની રીતે

મારામાં પ્રગટીકરણ થાય અને હું ?'' (પૃ.૨)

કવિ આ અવસ્થામાંથી કેટલાંય વર્ષોથી મુકત થવા માંગે છે. 'હું' ને જળપ્રવાહમાં પ્રગટાવેલો દીપ ગુણી જલપ્રવાહમાં વહેતો કરે છે. પોતાને સત્યનો પર્યાય બનાવવા.

'વર્ષોથી તરફડતી

એક સજીવતાને

મુક્ત કરવા મથું' (પૃ.૨)

એમ કહેતાં પોતે હજારો વર્ષથી દલિત પીડિત રહ્યો છે તેમાંથી મુકત થવા માટે પ્રયત્ન કરે છે. કવિ આજે જ્યાં છે, જે રીતે જીવે છે, તેના અસ્તિત્વને જે રીતે સ્વીકારવામાં આવ્યું છે તેનાથી તે ગુંગળામણ અનુભવે છે અને તેમાંથી છૂટવાની ચેષ્ટા પણ કરે છે પણ આમાંથી શેં છૂટાય ? અને જે સ્વીકારી લીધું છે. (અસ્પૃશ્યતાનું કલંક) એ જ એને સહનશીલતા લાગે છે. સાવ લાચારી. એટલે કવિ 'જાતને' નામે લખેલી કવિતામાં ચિત્કારે છે. દલિત સમાજમાં અનેક પીડાઓ, અત્યાચારો, શોષણ, બળાત્કાર જેવા અનેકો કૃત્ય વચ્ચેથી જાતને મુક્ત કરવાના સ્વપ્ન જુએ છે. સ્વપ્નમાં પોતે ઝબોળવા જતા ધરતી પર પડે છે અને ઢેકાં સાથે ટેકાઈ જતાં પોતે વિચારે છે કે આ પીડાને વેદના નથી સહન થતી. હવે તો સહનશીલતા પણ નથી રહી. આ પરિસ્થિતિ પીડા વેદના, અત્યાચારથી છેલ્લે જાતને સાલ્લી લાચારી જાતને હાક્.. થૂ... જાત પર થૂકવાનું મન થાય છે.

'સહનશીલતાને ખોળે પડેલી આ જાતને

સાલ્લી લચરી જાતને

હાક્.. થૂ..' (જાતને પૃ.૩)

દલિત વ્યકિત પણ છેવટે તો એક જીવતો જાગતો માણસ છે. કારણ કે આવી ગુલામી, વેઠ કરતી, ઝૂકેલી જાત એની તો નથી જ, માટે જ આવી હરામીને નાલાયક માણસ જાતિ પર કવિ થૂકે છે. આમ જાત પર થૂકવાની ચેષ્ટા સમજને સામર્થ્યમાં પણ આઝાદીની કામનાનો એક મુક્ત મિજાજ વ્યકત કરે છે. 'હું' કાવ્યમાં કવિએ પોતાનામાં રહેલ બે વિરોધી તત્વોની વાત કરે છે. 'હું' કાવ્યમાં જડપરંપરા, જડજાતિવાદ, જડધર્મવાદ સામે મુક્ત થઈને ટટ્ટાર ઊભેલા માણસની આઝાદ પ્રકૃતિનો અભાવ પ્રકૃતિને માણવાની ખુમારી વ્યકત કરે છે. આ કાવ્યમાં કવિએ માણસમાં જ છુપાયેલા સ્વાતંત્ર્યને ગુલામ રૂપની, ઊંચ અને નીચાણરૂપની આકૃતિ રૂપે જીવંત ચિતરી છે. લાચારી ભરેલું, હડધૂતવાળું જીવન અને એની જીવન શૂન્યતા કેવી મારી નાખે છે તથા મુકિત કેવું અમર માનવજીવન સાથે છે. એના સ્વાદને કવિએ બરાબરનો પારખ્યો છે. કવિ કોઈને ગુલામ બનાવી, વિનાશ કરી બદલો લેવા નથી માંગતો પણ એકતા, સમાનતા, ભાઈચારાના દીવા કરી અમર ઝળહળ પ્રકાશ પાથરવા માંગે છે.

'ગતિપર્વ' માં -

''અંધાર પછેડો ઓઢી સૂતાં
લોહી, કિનારા તોડી ફોડી
આંગળિયો પર પલાણ માંડી
થબરક્
થબરક્
પંડ ધૂધવતાં ચાલ્યો.'' (પૃ.૯)

કવિ કલમને જોરે બધું જ નેસ્ત-નાબુત કરવા ચાહે છે. એક તગતગતો શબ્દ બધું સ્વાહા કરી જવા ચાહે છે. બંડ પોકારવાનું સ્વપ્ન. સદીઓથી જે સહન કર્યું છે. હથેળીઓમાં રેખાઓ નહીં, નસીબવાદ નહીં,

ભડકો થઈ બેઠેલી જાત છે. આગળ ચાલવું છે. વિદ્રોહ સ્વીકારી છે. જે થીજેલુ હતું, અટવાઈ ગયું. તેના કિનારા તોડ્યા. પલાણી કલમ... ગતિ વિદ્રોહ આક્રોશના અશ્વ.

માનવીની કુણ્ઠાઓને ભ્રમિત કરે- પ્રગતિને અવરોધે, માનવતાને અવરોધે ત્યાં એને નવા સૂર્ય તરફ, નવા તરંગ તરફ તોખાર દોડાવવા છે.

'માણસનું ભંગાર ગીત' માં જાતિપ્રથાને કારણે દલિતો પોતાને માણસ માનતાંય ખચકાટ અનુભવે છે.

જુઓ :

''સાચમાચ છું માણસ કે

માણસના નામે તકતી ?'' (પૃ.૭)

સારા-સરળ શબ્દો વડે ભારતીય સંસ્કૃતિની વરવી છબિને તાદશ્ય કરાવી આપીને દલિત વેદનાને વ્યકત કરે છે.

'પ્રક્રિયા' ગીતમાં

''આપણે

નિરૂપાય જાતને હડસેલતા

સાચવીએ સંસ્કૃતિને.'' (પૃ.૭)

ગામની ભાગોળે ગંદકીમાં વસતા ગરીબોનું ચિત્ર, દલિતોનું વાસ્તવિક વર્ણન કૃતિનું જમા પાસું બને છે. વર્ણવ્યવસ્થાના ખાનામાંથી બહાર આવવા મથતા દલિતોની આંતરિક વેદનાનું આલેખન થયું છે. એ જ સંવેદન 'ગતિપર્વ' માં વર્ણવાયું છે. સમય સાથે સંસ્કૃતિના રૂપરંગ બદલાય છે. બદલાતી જતી ભાવનાવિભાવનાઓની કહેવાતી ઉચ્ચ સંસ્કૃતિ બોદી છે. એનો રણકાર તરડાયેલો છે અને સમયાંતરે આવતું પરિવર્તન સહેજ નબળા માનવીઓને જ કનડે છે. જે દબાયેલા છે એને વધારે દબાવે છે, રીબાવે છે અને એ જ લોકોની લડવા માટેની ભૂમિ બની જાય છે. માનવી પીંખાય

છે. વેરવિખેર બને છે પણ આ તૂટી ગયેલા માનવી પોતાની જાતને સર્વથી અલગ કરી સંસ્કૃતિના પડળો પર 'ડસ્ટર' ફેરવી સાફ કરીને જ હાશ કરે છે.

''હાશ !

હવે સ્લેટ કોરીકટ્ટ !''

'પરંપરા' કાવ્યમાં કવિ દલિત વ્યકિત જ્યારે માણસ કરે છે ત્યારે સમાજની જડ પરંપરા પોતાની સવર્ણ જડતાનો પંજો ફેલાવી આ માણસને ફરીથી અંધકારમાં, ગુલામીમાં, જાતિભેદમાં ખેંચી લાવે છે. 'પરંપરાનું વિશાળ પેટ' આજના સજ્જન સમાજની આજના શિક્ષિત સમાજની અજ્ઞાનતા, જડતા, પશુતાનું પ્રતીક છે. જેનું નિરૂપણ કવિએ પંકિતમાં જણાવે છે.

ચેતના પર
ભડકો થઈ ઝળહળતી
ચિંથરેહાલ
મારી ઓળખને
પસવારતા
બે હાથ પૂરા લુંબાવું
એ જ પહેલાં જ
પરંપરા પંજો ફેલાવી
મને ચપાક્ એના વિશાળ પેટમાં
ગરકાવ કરી દે ! (પૃ.૧૧)

પરંપરા પોતાને ગ્રસી લે છે. તેની અભિવ્યકિત જીવડાને ગળી જતી ગરોળી તાદશ્ય થાય તેમ 'ચપાક્' શબ્દ પ્રયોજીને કરી છે. આ સવર્ણ સમાજ એવી જરાયે ઇચ્છા નથી રાખતો કે એનાથી વધુ એના સમકક્ષ કોઈ બીજો વ્યકિત, બીજી જાતિ કે બીજો ધર્મ આઝાદ થાય.

જીવનનું સાચું સુખ માણે, સવર્ણ સમાજ તો માન-મોભો, ઊંચાઈને ભેદભાવવૃત્તિનો ખાઉધરો કૂતરો છે. એની મોટા ભા થવાની ભૂખને સંતોષવા એ હંમેશા દલિત-પીડિત સમાજની પજવણી કરે રાખે છે. મોટોને મોટો બનતો જાય છે છતાં એની ભૂખ શમતી નથી. આમ 'નોંધારા' માં શુદ્ર નાયક પોતાને એકલો જ માને છે. થોડો સ્નેહભાવ મળતાં છલકાય જતા 'શુદ્ર' વર્ગની એકલતાને-ખાલીપાને આમ આલેખે છે.

'તૂટીને ડાળખીએ વળગેલાં પાન અમે
અંદરથી નોંધારાં ધ્રુજીએ...' (પૃ.૧૫)

જ્યારે 'પડછાયા' ને કાવ્યમાં કાવ્યનાયક સવર્ણવર્ગ કે ધનિકવર્ગની ભૌતિક જાહોજલાલી જોઈને અભાવપણાના ભાવમાં પીડિતવર્ગની સંવેદનાને શબ્દબધ્ધ કરે છે. 'સભાનતા' ધ્યાન ખેંચે એવી અણિશુધ્ધ કવિતા છે. દલિત નાયકમાં સભાનતા આવે છે ને પૂર્વ ઈતિહાસ એની આંખોમાં છલકાઈ ઊઠે છે. સતત અપમાનિત થયેલા દલિત વર્ગના હૃદયમાં વિશ્વાસ છે. એનો વિશ્વાસ કેવો છે એનું વર્ણન જુઓ.

''શેઢેથી લીલાછમ્મ આવે સંદેશ:
મને માણસ કહેને ? સારું લાગે !
અહીંયાં તો માણસનું સપનું પણ પત્થર થૈ
આંખોમાં અણિયાળું વાગે.'' (પૃ.૩૫)

આ ગીતમાં પણ એવી જ 'હજારો વર્ષ જુની વેદના' છે. સદીઓથી હડધૂત થયેલાં, અસ્પૃશ્યતાથી પીડાતા માણસની ભીષણ વેદના અસહ્ય છે. એ એની હયાતીનો સ્વીકાર ઝંખે છે પણ સામા પક્ષે વાસ્તવિકતા વિપરીત છે. રીત-રસમોથી જડ, ઝેરીલી રૂઢિઓ તૂટતી નથી. માણસ પીસાય, ભીંસાય, ભૂંજાય છે. છાતીની ખીણમાં ડૂમો થઈને પડેલી આ મૂંગી વેદના બહાર નીકળવા મથે છે. આત્મ પ્રતીતિની આ ક્ષણ કવિને

વ્યથિત કરી મૂકે છે. અસ્તિત્વની આત્માનુભૂતિનું આ ગીતોમાં લય, ભાવ અને આકાર સિદ્ધિની દૃષ્ટિએ સુંદર, કલાત્મક અને રસાત્મક છે.

### ❖ નારીજીવનની કરુણતા વ્યક્ત કરતા ગીતો :

નારીજીવનની કરુણતા વ્યકત કરતા ગીતોમાં 'મજૂરણ', 'બેનીમા', 'હિજરતી', 'એમને અધિકાર આપો' કાવ્યમાં લાચારી, પીડાનો અનુભવ થાય છે. 'મજૂરણ' કાવ્યમાં સ્ત્રીના જીવનની કરુણતા, દુઃખ અને જીવનની પવિત્રતાને કલાત્મકતાથી રજૂ કર્યા છે. કવિ નિરાલાની 'તોડતી પત્થર' કવિતા યાદ આવી જાય છે. પુરૂષ પ્રધાન સમાજ અને સવર્ણ સમાજની કુદૃષ્ટિમાંથી આબાદ બચીને સાચી દેવપૂજા કરનારી આ મજૂરણ દુનિયાના તમામ ધર્મો, તમામ દેવી-દેવતાના નામે ધતિંગ કરતા દંભી સમાજના મોઢા પર જોરદાર તમાચો મારી એમના બનાવટી મ્હોરાના લીરા ઉડાડે છે. પ્રાચીન-મધ્યયુગમાં દાસ-શુદ્ર-કારીગર તરીકે પ્રચલિત આ વર્ગ આજે વિશાળ શ્રમિક વર્ગ છે. તે સર્વહારા છે. આધુનિક ભારતનો દલિત શોષિત વર્ગ છે. વહેલી પરોઢે ગ્રામ્ય-શહેરી વિસ્તારોમાં જાગીને સતત દોડતો આ વર્ગ છે. મજૂર વર્ગ છે. ભરબપોરે ઉનાળાની લૂ ઝરતી આગમાં સડક પર ખુલ્લા પગે લારીમાં વજન ખેંચતો આ વર્ગ છે. તેના માટે જવાબદાર આ સૂર્યને શિક્ષા કરો, તેમ ન કહેવાય. પરંતુ, આ કહેવાતા સૂર્ય પૂજકો અથવા તો શોષકોને જવાબદાર ઠેરવી શિક્ષા કરો તેમ કહેવું જોઈએ, કારણ કે વર્ગવિહિન સમાજ રચનાનું નિર્માણ ભારતીય લોકતંત્રનો આદર્શ છે. મજૂર-મજૂરણના વાસ્તવિક જીવનને ભીતરી સુક્ષ્મ સંઘર્ષને આલેખતી કવિતા આજના શ્રમજીવીઓની જિંદગીનો દસ્તાવેજ એટલે પ્રસ્તુત કાવ્ય 'મજૂરણ' છે. તેમાં પણ સ્ત્રી હોવું - દલિતશોષિત સ્ત્રી હોવું તે તો અતિકરૂણ અને દારુણ છે. તેમા પણ આ વર્ગમાં સૌન્દર્યપૂર્ણ હોવું તે તો ગંભીર ગુનો છે. અહીં મજૂરણ સ્ત્રીના મનની ઈચ્છા

પ્રગટે છે જે એકોકિત સ્વરૂપ છે.

નબળી દાનતનો શેઠ
કે વાંકદેખા કંટરાટીની નજરમાંથી બચવું
એ જ મારે મન
ખરી દેવપૂજા છે ને ? (પૃ.૨૧)

પ્રસ્તુત કાવ્ય માત્ર એકોકિત નથી. શ્રમજીવી સ્ત્રીઓના પ્રતીક રૂપે આલેખાયેલી આ સંવેદના આ કહેવાતા દેવો અને દાનવીરોની દૈવ્યતાનું વાસ્તવદર્શન છે. પ્રાચીન ભારતીય-ઈરાની આર્ય ભાષામાં દેવનો અર્થ દાનવ થાય છે. તેનું અનુરણન દેવ શબ્દમાં દેખાય છે. ચોતરફ શેઠજી-કોન્ટ્રાક્ટરોની વચ્ચે નૈતિકતાના મૂલ્યનો આધાર લઈને બચતી આ મજૂરણ ખરા અર્થમાં દેવમયી છે. દેવી છે ભાષા એ સંસ્કૃતિની નીપજ છે. 'પાય લાગુ', 'રોટલા ટીપવા', 'આડવેર', 'ધાઉધુસ' જેવા શબ્દપ્રયોગો ગુજરાતી ભાષાને દલિત-શોષિત સમાજની વિશિષ્ટ દેણગી છે. સ્ત્રી હોવું- પરન્તુ દલિત-શોષિત સમાજની સ્ત્રી હોવું ખરેખર આ મૂડીવાદી જીવન વ્યવસ્થાનો અભિશાપ છે. 'મજૂરણ' કાવ્યમાં આલેખાયો છે.

અમદાવાદની મિલો ટપોટપ બંધ થતાં કેટલાક દલિત કવિમિત્રોએ 'મિલ છૂટયાની વેળા' નામનું સંકલન પ્રગટ જે 'અમને અધિકાર આપો' ની રચનાને તાજી કરાવે છે. અમદાવાદ શહેર, તેની ચાલીઓ, મજૂરોની હાલતનું હૂબહૂ દશ્ય આ કવિતામાં જોવા મળે છે.

સન્નાટો ઓઢીને
સૂઈ ગઈ છે
અમદાવાદની જાહોજલાલી
મોં ખેંગાળી
ખભે બુશર્ટ નાખી

કાચી ઊંઘ મસળતો

ત્રીજી પાળીનો ડાકિલ-કામદાર

મરઘાં-બતકાથી ભરચક ચાલી વચ્ચેથી

રમઝટ ભાગવાને બદલે

હવે તૂટમૂટ ખાટલીએ પડ્યો

રાત-દિવસ

શ્વાસની સિસોટીઓ વગાડે છે. (પૃ.૧૯)

આઝાદી આવ્યે વર્ષો વીતી ગયાં. દલિતો-પીડિતોને શું મળ્યું ? આર્થિક અને સામાજિક સમાનતા વગરની આઝાદી શું કામની ? છોકરીઓને શિક્ષણને બદલે એમને મળી કચરામાંથી પ્લાસ્ટિક વીણવામાંથી અસહ્ય પરિસ્થિતિ, કાચ, કાગળ, કચરાના ઢગલામાંથી ભંગાર વીણવાની પરિસ્થિતિ અને એમની લોહી દડદડતી આંગળીઓમાંથી ટપકે છે અક્ષરો ''અમને અધિકાર આપો !''

આ સંગ્રહના અન્તે હરીશ મંગલમુની 'દાયણ' ટૂંકીવાર્તાનું ફિલ્મીકરણ થયું ત્યારે એમની શીર્ષકગીત રૂપે કવિએ 'બેનીમાનું ગીત' રચેલું જે કથાસરિતામાં દૂરદર્શને તા.૧૩/૧૧/૨૦૦૬ માં પ્રસારિત કર્યું હતું. દલિત નારી જે ચારેય વર્ણ માટે દાયણનું કામ કરે છે. સવર્ણ નારીની પ્રસુતિ થયા પછી એ જ બાળક મોટું થઈ બેનીમાને અસૂત કહીને તેના અસ્તિત્વનો અનાદર કરીને અપમાનિત કરે છે. આ ભાવવ્યંજના ઉત્કૃષ્ટ રીતે ઝિલાઈને ઉત્તમ ગીત રચનાનું અહીં ઉદાહરણ પુરૂં પાડે છે તે જુઓ :

માંહ્યથી ચોખ્ખાંચમ છતાં

હડધૂત થવાનું જાત મૂઈને વેતરી નાખે,

માણસ થઈને માણસ વચ્ચે

શીદને આવો ભેદ હળાહળ સાચવી રાખે ?

એકબીજાં સન્મુખ

મળે તો મનની ભાગે ભૂખ.. (પૃ.૪૦)

'તરજૂમો' કાવ્યસંગ્રહોમાં કવિએ દલિત-પીડિત-શોષિતોની વેદનાનું હૃદયસ્પર્શી નિરૂપણ, 'સ્વસમાજની પીડાનો ચિતાર, કરૂણ જીવનની વાસ્તવિકતા વાચા, નર્મ-મર્મ પણ કાતિલ આગભર્યું ગીત અસ્તિત્વની આત્મનુંભૂતિનું ગીત વેદનાને વ્હાલ કરતી કવિતા, 'નારીજીવનની કરૂણતા', 'મજૂરણ', 'અમને અધિકાર આપો' રચનાઓમાં વ્યકત કરે છે. મધુકાન્ત કલ્પિતનો 'તરજૂમો' કાવ્યસંગ્રહો વેદનાનો તરજૂમો જેમાં પ્રા.યશવંત વાઘેલા, ડૉ.પથિક પરમાર, પ્રા.વિશ્વનાથ પટેલ, પ્રા.મંગળ રાઠોડ, હરીશ મંગલ્મ જેવા વિદ્વાનોનો ફાળો કાવ્ય ગુચ્છ સાથે આસ્વાદમૂલક લેખોમાં જોવા મળે છે. કવિની આંતરપીડાનો ચિત્કાર એટલે 'તરજૂમો'

### ❖ માનવીય ગરીમા સ્થાપવા માટે મથતી કવિતા :

'તરજૂમો' આ કાવ્યસંચયમાં કવિશ્રી મધુકાન્ત કલ્પિત, યુગોથી દબાયેલા-કચડાયેલા, અવમાનના અવહેલના પામેલા દલિત-પીડિત વર્ગની વેદનાને, વાસ્તવિકતાને અને આક્રોશને વિવિધ રીતે રૂપ આપે છે. અહીં આ વર્ગના પ્રતિનિધિના જુદા-જુદા વેશ પ્રગટ થયા છે. અલગ અલગ ભૂમિકાઓ ભજવતો આ અનેકરંગી વેશધારી ખેલંદો છે એ આ જગત મંચ પર ખેલ ખેલે છે ને જે કંઈ કહેવું છે એ રજૂ કરી દે છે. વ્યંગકટાક્ષ હાસ્યને ધીરગંભીરપણે એ આ વર્ગની વ્યથાને પ્રભાવકતાથી પ્રગટ કરે છે. આ ભૂમિકા એવી છે કે જે કેવળ જનમનરંજન અર્થે ભજવાતા નાટકના નટની ભૂમિકા નથી. એનાથી જુદા છે. આ એક પ્રતિબધ્ધ કાવ્યપુરૂષની ભૂમિકા છે. જે કાવ્યમાં ભૂમિકા દાખવે છે. મૂળે તો એમાં કવિનું આંતરવિશ્વ જ ઠલવાયેલું છે. આ ભૂમિકાઓ ભજવનાર તરહ તરહની મુદ્રાઓ ધારણ કરે છે. એ મુદ્રાઓમાં એનું મનોગત તારસ્વરે પ્રગટ થતું

આવ્યું છે. ક્યાંક કરૂણ વક્ર વાસ્તવિકતા છે. તો ક્યાંક બળુકો, ધગધગતો આક્રોશ પણ છે.

જોઈએ, આવો, આ ખેલંદાના વિધ વિધ વેશો-ભૂમિકાઓ :

**વેશ-૧ :**

એક વેશ એવો છે જેમાં સ્વની વેદનાની રજૂઆત છે. એ ભૂમિકા જાત સાથેની છે ને પ્રગટપણે સર્વને માટે ય છે.

'રોકાઈ જા પાંડવ / હું નથી કર્ણ / યુધ્ધ હવે નથી લડવુ મારે સંદર્ભ' કર્ણનો સંદર્ભ લઈને આ વેશધારી સમાજ સન્મુખ ઊભો છે ત્યારે એની સમક્ષ વરવી વાસ્તવિકતાઓ છે જે એને યુધ્ધથી વિમુખ થવા જ લાચાર બનાવે છે. સાથે સાથે યુધ્ધમાં કદાચ એને ઉકેલ નથી જણાતો. દુરનો આ સંદર્ભ આમ એ વર્તમાનમાં રજૂ કરે છે. 'આંગળીઓ' કાવ્યમાંય 'એકલવ્ય' નો સંદર્ભ છે. કપટ ખેલીને અંગૂઠો લઈ લેવામાં આવ્યો. એ અન્યાયગ્રસ્ત સ્થિતિની સામે આ ખેલંદો જુદી મુદ્રાઓ ધારણ કરે છે. 'અંગૂઠાનો વસવસો ત્યજીને / હવે / અમારા તરફ વળેલી ! અમારી અર્ધચંદ્રાકાર આંગળીઓને / અમે શીખવી રહ્યા છીએ. અંગૂઠાનું કૌશલ્ય...' આ છે વિધાયક સુર. આવી વિધાયક ભૂમિકા જ આત્મસન્માન જગવે ને એમાં આગળ ધપવાની (પૃ.૩૦) ખેવનાનું સર્જન થાય.

**વેશ-૨ :**

એક બીજો વેશ ક્રાંતિની ચિનગારી પ્રગટાવનારનો છે. એમાં નરી વિધ્વંસકતા જ નથી, વિધાયકવલણ પણ છે. જે કંઈ છે એમાંથી ઉપર ઊઠવાની વાત છે. દબાયેલા વર્ગને ઝકઝોરવાની આ પણ એક રીત છે. 'ધસરકો' માં આ નટ બિરાદરોને આહ્‌વાન આપે છે : 'રાહ જુએ છે ને ગંધકના / નાના સરખા ધસરકાની ? / તો લંબાવો હાથ / ઊભો હું સાવ

તમારી પડખે / લઈને / શબ્દપેટી અધખૂલી. (પૃ.૩૦)

શબ્દોથી પણ ક્રાંતિ સર્જાય છે. એકે એકે માનવીમાં શબ્દોથી સભાનતા પ્રગટે છે. એનામાં આત્મસન્માન માટે બળ જન્મે તો અવશ્ય ક્રાંતિ રચાય જ. તેથી શબ્દપેટીની વાત કવિ ઉચ્ચારે છે. પ્રતિબધ્ધતા આમ શબ્દોમાં રેડીને આ રીતે એ કાર્યાન્વિત કરવા ચાહે છે. 'ક્રાંતિ' કાવ્યમાં એ કૂખ અને ભૂખની વાત ઉચ્ચારે છે. એક મૂળ છે ને બીજામાં જીવન ટકાવવાના ઉધામા છે. ક્રાંતિની આ પ્રક્રિયા છે ને એમાં એક ભૂમિકા શબ્દસેવીની પણ છે. એને શબ્દમાં શ્રધ્ધા છે. માટે જ ગાય છે... ગોઠવાઈ ગયા છે એ અર્થ સભર શબ્દો / તગતગતા આગિયા બનીને / તમિસ્ત્ર રાતમાં / આટલુંય કંઈ ઓછું છે. મારા માટે ? 'આગિયો' અહીં સક્ષમ પ્રતીક બની રહે છે. શબ્દોને આ રીતે જોનારની આવી ભૂમિકા અગત્યની છે. અવ્યકત આક્રોશ અભિવ્યકત કરતો આ વેશ આ રીતે પણ રજૂ થાય છે. જુઓ : 'રાખ નીચે સૂતેલો ભડકો હું / ફૂંક જરા વાગી કે જાગ્યો ફૂંફાડીને, (પૃ.૧૨) સદીઓથી જે શોષણ ચક્ર ચાલ્યું છે એની ભીતરમાં એક અવ્યકત વેદના પણ છે જે આ રીતે આવી છે. ફૂંક અને ફૂંફાડીને આ બંને ક્રિયાઓમાં ક્રાંતિની એક સળંગ પ્રક્રિયા આલેખાઈ છે. એ રજૂઆત કલાત્મક બની છે. આ પ્રક્રિયા ક્યારેક અળપાઈ જાય છે કેમ કે અન્યનો જે સહકાર જોઈએ એ નથી મળતો ત્યારે આ વેશધારીને કહેવું પડે છે.. સહી લઉં છું તે ક્ષણે પૂરતો / છું / હું નથી રહેતો / સહનશીલતાના ખોળે પડેલી આ જાતને, લચરી જાતને / હાક્... થૂ... / વેશ ભજવનારની લાચારીમાંથી આ ઉચ્ચારાયું છે. એમાં ધિક્કારથી ય વિશેષ વેદનાસૂર છે. જડતા ભાંગવી છે પરંતુ જડતાચુસ્ત સમાજ કશું જ કરવા તત્પર નથી. 'નડતર' કાવ્યમાં પણ નાયક આ જડતાનો અનુભવ કરે છે. 'મારો વહાલો સગલો ભાઈ / એ જ / બાળે છે, જાળે છે / કૂટે છે, લૂંટે છે / ને /

દોષનો ટોપલો ઢોળ્યા કરે છે. પરંપરાઓ પર આમા વેદનાભિનો વલવલાટ છે. વેદના 'ભાઈ' દુશ્મન બન્યો છે એની છે. અંદરો-અંદરની જે વાસ્તવિકતા છે એનું આમાં નિદર્શન છે. 'સગલો' માં કટાક્ષ છે તો બાળે / ઝાળે / કૂટે / લૂંટે એમાં ક્રિયાવિન્યાસ છે. એનામાં ભારોભાર આત્મશ્રધ્ધા છે તો જ આ જુઓને, આવી વાણી પ્રગટે : 'ચાલવા માટે / ધરતી પરથી / ઊંચકાવા મથતા મારા પગને / હું / જાણે / આતુરતાપૂર્વક જોયા કરૂ છું.. (પૃ.૨૮)' 'ક્રિયાની આ ભૂમિકામાં સંબોધન 'ક્રાંતિને' છે ને અંતે જતાં રચનાત્મક-સર્જનાત્મક કર્મગતિ આરંભવાની ખેવના છે જે અગત્યની છે. 'ધુમાડો' માં પણ આ નટની ક્રાંતિવીરની ભૂમિકા જોવા જેવી છે, જુઓ.. બીકાળવો ઈતિહાસ / મારા ફળિયે / જેવો ફોકાય કે તરત / મારી મુઠ્ઠી સખત ભીંસાવા માંડે છે' (પૃ.૨૬) એક બાજુ ભૂતકાળ છે ને બીજી બાજુ વર્તમાન છે. આ નટ એ દર્શાવીને વર્તમાનને નવું રૂપ આપવા મથે છે જે નવારૂપમાં મુઠ્ઠીનો સંદર્ભ છે જે સાબદા થવાની જીકર કરે છે.

**વેશ-૩ :**

આમાં વરવી વાસ્તવિકતાને નટ વ્યકત કરે છે. એની આવી ભૂમિકાય સમજવા જેવી છે. કેમ કે નરી ક્રાંતિની વાત આદર્શ પૂરવાર થાય. વાસ્તવિકતામાંથી જન્મતી લાચારી ને સંઘર્ષતત્વ જ અંગે નવી દિશા ભણી લઈ જાય છે. 'ડાઘ' કાવ્યમાં અમાનવીય સ્થિતિમાંથી ગુજરવું પડ્યું. એના ડાઘની વાત છે. એ ડાઘ નથી ભૂંસાતો એ વક્રવાસ્તવ છે. 'એ ડાઘ / જેમ ભૂંસવા મથું / એમ એમ / માંજાઈને / વધુ ઝગારા મારી ઊઠે / આ છે હકીકત ! 'પરંપરા' માં પરંપરા એને ગરક કરી જાય છે. 'નોંધારા' માં નોંધારાપણાની વ્યથા છે. 'ભગાકાંડ' નામ પર્વ : અ 'નામપર્વ-બ-કાવ્યમાં નામ તો છે ભગવાનદાસ... ત્રિભોવનદાસ. ભગલા

તભલા... થી જ એની ઓળખ થાય છે. ભગવાન..દા એમ કહેવામાં વિલંબન જ છે કેમ કે એવી રીત ભાતમાં નરી ભ્રમણા જ છે, હડધૂત થવાની કે અપમાનિત કરવાની આ પણ એક રીત જ છે. જેનો ભગાને અનુભવે છે. માટે એ ઈચ્છે છે કે એને ભગો જ કહેવામાં આવે ! આ ત્રાસમાં વ્યથા છે. ‘માણસનું ભંગારગીત’, ‘પ્રક્રિયા’, ‘અમને અધિકાર આપો’, ‘મજૂરણ’, ‘સમતાઘર’, ‘હિંસ્ત્રતા’ આદિ કાવ્યોમાં કાવ્યપુરૂષે વેઠેલા દુર્દાન્ત કરુણવક વાસ્તવનું કલાત્મક બયાન છે.

આમ, જુદી જુદી ભૂમિકાઓથી અહીં વેશ ભજવવાની વ્યથા રજૂ થઈ છે. જે વિધ વિધ મુદ્રાઓને લીધે, કાકુઓને કારણે પ્રભાવકતાનો અનુભવ કરાવે છે.

- ભૂમિકાઓ ભજવવા માટે વેશધારી પાસે અનુભવ છે. ભાષા છે. અભિનય છે. તાતી તગતગતી વાણી છે. તે વાણીનું હથિયાર કેવું છે એ જરા જોઈએ.
- ‘કાદવછાયી ફુટપાથના છેડે’ (પૃ.૧)
- એકબીજામાં પગ ઘાલી ઘૂરકાટ નર્યો ઘૂરકાટ ‘ને સાવ ઉઘાડા પડતાં કોઈ પત્તર ફાડે એટલે છાના બખિયા ભરી લઈએ’ (પૃ.૫)

પહેલામાં સ્થળ વિશેષ સંદર્ભ છે. બીજામાં ક્રિયાત્મકતા અને લાચારીનું નિદર્શન ‘પત્તર’.. ‘બાખિયા...’ વગેરે શબ્દપ્રયોગમાં છે.

- પરંપરાના મજબૂત બખિયા તોડી (પૃ.૭)
- આજ હથેળી વચ્ચે ભડકો થઈને બેઠી જાત
- તગતગતો એક શબ્દ ફૂંફાડા મારે (પૃ.૯)

‘બખિયા...’ માં તોડવાની વિધ્વંસક ક્રિયા છે ને એ પછી, ‘ભડકો’ કે ‘ફૂંકાડો’... માં એની માત્રાનો, એની ભરપૂરતાનો સંદર્ભ છે જે ક્રાંતિપુરૂષની ધગધગતી વેદનાને ક્રિયાન્વિત કરવાની ધખના દર્શાવે છે.

- ‘તુંકારો વાંસ જેમ ઊભો ચોપાઈ જાય જાતમાં’ ‘એમના ઉચ્ચારણના દીવા બળે છે ત્યાં’

- ‘કાળા પાણીએ રોતી..’
- ‘આડવેર’, ‘ધાઉધૂસ’, ‘છાતીની ખીણ..’ ‘કકાઝૂડ આ ખેપ’ ‘કોળે કૂખ’ આ અને આવા તો અઢળક શબ્દપ્રયોગ છે. અહીં, જે વિલક્ષણ તો છે જ સર્જનાત્મકતાથી ભરપૂર છે ને ધાર્યું નિશાન તાકનાર છે એ અગત્યની બાબત છે.

આ કાવ્યો વડે એક વ્યાપક સંવેદન જન્માવવાનું ને એ રીતે માણસાઈના મહિમા કરવાનું કર્તવ્ય કવિએ બજાવ્યું છે. કેમ કે હજારો મહેલોના પડછાયાઓથી હજારો ગાઉ દૂર એકાદ ઓરડાનું સ્વપ્ન શ્વસતું હોય છે. મહેલમાં કે મહેલના પડછાયામાં રહેતા ઊભેલાએ એના ભણીય જોવાનું છે કેમ કે એય માનવીય છે. માનવને માનવ તરીકે જોવામાં જે માનવીય ગૌરવ છે એ સદીઓથી ચાલી આવેલી વર્ગવર્ણ વિષમ વ્યવસ્થાઓમાં ખંડિત થતું રહ્યું છે. આ કાવ્યોમાં એવા ખંડિત માનવોને માનવીય ગૌરવ આપવાનો સર્જનાત્મક ઉદ્યમ છે જે કલાત્મક છે. આ સંદર્ભે પી.બી.શૈલીની વાણીનું સ્મરણ થાય છે.

માણસ કલ્પના દ્વારા અન્ય અનેકો અને અનેક અનેકોની પરિસ્થિતિઓ સાથે તાદાત્મ્ય સાધતો થાય અને કવિતા આજ કરે છે. કવિતા માણસને કલ્પનાની મદદથી વિસ્તૃત સહાનુભૂતિ, અનેકો સાથે સમસંવેદન અનુભવતો કરે છે અને જ્યારે માણસ આ દિશા પકડે છે ત્યારે જ તે શિવ તત્વ, ધ ગુડ, એને પીછાનવા માંડી, અન્યો માટે કંઈ કરી છૂટવા પ્રયત્ન કરે છે. વધુને વધુ વિજ્ઞાન પરસ્ત થતા સમાજમાં માણસની બુઠ્ઠી થતી જતી સંવેદનાના પારા વચ્ચે માત્ર કવિતા જ માણસને માણસ બનાવી રહેવા આશા આપે છે.[૯]

(કવિતાનું બચાવનામું પી.બી.શૈલી. : અનુ. દિગીશ મહેતા, પૃ.૮)

આ કાવ્યલોકમાં અનેકો સાથે તાદાત્મ્ય સધાયું છે. વિસ્તૃત સહાનુભૂતિને સંવેદન રચાયું છે. જડતા પર ઘા કરાયો છે પરંતુ એ કુહાડીનો ઘા નથી. એ છે વેદનાનો ઘા. જે હૈયાને વલોવી નાખે ને જડતાને ભાંગે, ઓગાળે. કહો કે અંતે તો આ બધા જ ઉધામા માણસની માણસ લેખે સ્થાપના કરવા અર્થે જ છે. એક આખો વર્ગ માણસ લેખે કેન્દ્રમાંથી ખસી ગયો, એને ખસેડી તગેડી દીધો. ભૂસી નાખ્યો એને પુનઃ ગરિમા આપવા માટે જ કવિતા બની છે !

આમ 'તરજૂમો' કાવ્યસંગ્રહમાં મધુકાન્ત કલ્પિતના કાવ્યોમાં નાટકીય વેશ પણ આપવામાં આવ્યા છે. દલિતોની વેદનાને વેશ દ્વારા સમજાવી આપી છે. વ્યથા, અત્યાચાર 'તરજૂમો' માં ગીતોમાં ખૂબ જ સરસ રીતે વ્યકત કરી આપી છે. કવિએ 'તરજૂમો', 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે', 'કેસરિયા ટશરનું આકાશ' આ ત્રણ કાવ્યસંગ્રહોમાં દલિતની વ્યથાને આલેખી છે. એમણે પ્રકૃતિ દ્વારા શૃંગાર ગીત લખ્યા છે પણ તેમાં પણ કવિએ વ્યથા, અત્યાચાર, જાતિભેદોને, નારીજીવનની કરુણતા, નારી પ્રત્યેની ભાવના, નારીને વ્યથા, નારી પ્રત્યેની જોવાની દૃષ્ટિના ગીતોમાં એમણે ચિત્રણ કર્યું છે. નારીની સંવેદના અત્યંત દયનીય છે. એનો ઉલ્લેખ માનવીય વેદનાની ગરિમા સ્થાપિત કરવા મથે છે.

### ❖ 'કેસરિયા ટશરનું આકાશ' (૧૯૭૯) :

મધુકાન્ત કલ્પિત અર્વાચીન ગુજરાતી સાહિત્યના આઠમા દાયકાના પ્રયોગશીલ કવિ છે. ખાસ કરીને ગુજરાતી ગીત ક્ષેત્રે તેમનું કવિકર્મ વિશેષ નોંધપાત્ર રહ્યું છે. અનુ-આધુનિક યુગમાં ઉદ્‌ભવેલા દલિત સાહિત્યનાં પ્રવાહમાં એમણે કવિતા, વાર્તા, વિવેચન, નવલકથા, લેખો એમનું ખેડાણ

જોવા મળે છે. એમની દલિત કવિતાઓ બહુધા અછાંદસ પ્રકારની છે. એમણે દલિતોની પીડા-વેદના-માનવીની આંતર-મનની વેદનાને પ્રત્યક્ષ જોયું તેનું આલેખન કરે છે. 'કેસરિયા ટશરનું આકાશ' (૧૯૭૯) માં પ્રકાશિત થયો. જેમાં સાંપ્રત સમયનું આલેખન થયેલું જોવા મળે છે. માનવીની સંવેદના છે. માનવ જાગૃતિ માટેનું દલિત સાહિત્ય છે. માણસની સંવેદના દુ:ખોમાંથી મુકત કરવા માટેનું સાહિત્ય છે. જાગૃતિ લાવવા માટે આ કાવ્યસંગ્રહની ઘેડાણ કર્યું છે.

'કેસરિયા ટશરનું આકાશ' 'તરજુમો' 'મધુકાન્ત કલ્પિત એક અફવા' મધુકાન્ત કલ્પિતના ત્રણ કાવ્યસંગ્રહો જોવા મળે છે. 'કેસરિયા ટશરનું આકાશ' (૧૯૭૯) માં પ્રકાશિત થાય છે. જેમાં ૧૮ ગીતમાંથી ૧૧ ગીત અષ્ટકલમાં અને ૭ ગીત ષટકલમાં છે. તેમાં ૧૦ ગીતમાં નાયિકાના મુખમાં અને નાયકના મુખમાં ૭ ગીત છે. એક સંવાદગીત છે. આમ કુલ પચાસ રચનાઓ છે.

મધુકાન્તને માનવીય વેદનાના કવિ તરીકે ઓળખાવતાં ડાૅ.પ્રવીણ દરજી નોંધે છે.

'કેસરિયા ટશરનું આકાશ' માં વેદનાનો સૂર પ્રણયરૂપે કાવ્યાકાશ પામ્યો છે. 'નીલમ નદીઓ ખોદયા કરોય સંવેદનશીલ માનવી માટે એ જ એક સ્થિતિ છે. શબ્દ કદાચ ફણાગાય છે પણ ત્યાંથી જ, કદાચ કરૂણને એ રીતે જ મૂર્ધ્યન્ય લેખ્યો છે. તમારી કેટલીક 'image' તો ઘણી ગમી છે.'[૯]

(મધુકાન્ત કલ્પિત એક અફવા છે, પૃ.૮૩)

'કેસરિયા ટશરનું આકાશ' કાવ્યસંગ્રહમાં સપનાને ઉદ્દેશીને લખેલી કવિતા જેવી કે

'સપનાને આવકારવા લખેલી રક કવિતા'

'હજી તું કેમ ચૂપ બેઠી છે ?

'સપનાના ગૃહપ્રવેશ પછી હું અને કવિતા'

'તૂટી ગયેલા સંબંધોના બૂગદામાં બેસીને લખેલી કવિતા'

'હજી બધું મને કેમ યાદ છે ?'

આ કાવ્યો ગદ્યકાવ્યોમાં સપનાંને સંબોધીને રચાયાં છે. કવિ પોતાની કાવ્યનાયિકા તરીકે 'સપના' ને સ્થાપે છે. 'કેસરિયા ટશરનું આકાશ' કાવ્યસંગ્રહમાં ગીતોમાં કથનકેન્દ્ર જેમ નાયક છે તેમ નાયિકા પણ છે. નાયિકાના મુખમાં મુકાયેલાં ગીતોમાં શૃંગારિક તત્ત્વ છે. તો નાયકના મુખમાં મુકાયેલાં ગીતોમાં હયાતીની પીડાનો ભારોભાર આવિષ્કાર છે. કેટલાંક ગીતોનું કથનકેન્દ્ર કવિ પોતે છે. પ્રણયથી માંડીને પ્રકૃતિ-સંસ્કૃતિના વિવિધ બિન્દુઓ સુધી આ કવિની સંવેદનાઓની રેખા લંબાય છે. એમના ગીતો જેવા કે

'એક ગોઝારું ગીત' 'કેમ તું આ બાજુ નથી આવતી ?' 'એક કુંવારું ગીત', 'સંદર્ભોના શ્રાવણ સર્‌સર્‌', 'ૐ ના સૂક્કા બાવળ હેઠળ', 'ગામ છોડીને ચાલ્યા ગયા પહેલાંની કવિતા', 'તારા ચાલ્યા ગયા પછીની કવિતા', 'ઉંમરે પહોંચેલી કુંવારી સ્ત્રીનું ગીત', 'હજીય તું કેમ ચૂપ બેઠી છે ?', 'તારા ગયા પછીનું ગીત', 'ક્યાં ગયાં બધાં ?' વિગેરે કાવ્યોમાં જાનપદી સંસ્કાર અને તળના નાદ અને લયની રમણા સાથે જાગે છે ત્યારે ભાવમગ્ન બની કવિ ઝૂમી ઊઠે છે :

થાય છ આખી સેમ ખુંદી નં
વાડની પાંહણ આંતરું બધાં મોયડાં
પછી ઘોંઘી ઘોંઘી લોલ પેછામાં ચટકો ભરું ?'' (પૃ.૧૩)

ભાવને ભાષા સુધી પહોંચાડવાની તાકાત ધરાવતો ભરચક ભીડમાંય એકલોઅટૂલો આ કવિ છે. મધુકાન્ત કલ્પિત સૌમ્ય અને સાલસ સ્વભાવ છતાંય ક્યારેક ધડાક ધૂમ કરતો કવિ ગર્જી પણ ઊઠે -

''ઇન્નીમાનો.. દરિયો હેનો ?

હેનું દરિયું ફરિયું ?'' (પૃ.૪૬)

કવિએ તળપદી બોલીમાં આ ગીતને આલેખન કરેલ છે. કવિનો રોષ, વેદનાને એમણે પ્રગટ કરી છે. દલિત પર થતા અત્યાચાર, શોષણ જેને કવિ પંક્તિમાં કહે છે :

ડિલમાં એ હરવરતી નાગેણ હાથ જો આઇ જાય

તો હાચું કઉસું ઊભીસટ ચીરી ન મરચું ભરું,

નાકની ચૂની ગજવે ઘાલી લઇ ઈમાં ઝળહળતી

કૂડા નામની બળી નાંમ ગોઝારી હોળીયો કરૂં.

(પૃ.૪૬)

સ્વાભાવિક / સાહજિક ગાળો એમની કલ્પના સૃષ્ટિને ઉત્તેજક અને આકર્ષક બનાવે છે. એનું જીવન ગોઝારું છે. બળેલું છે. 'એક ગોઝારું ગીત' માં એમણે

હાતહરાનું જાણીયે બધું

તોય કશેંના ઠાંમ જવાંણું, ઠાંમ અવાંણું (પૃ.૯)

આ પીડાને કારણે જ -

''કંઠમાં ઊજ્યો કેવડો રોયો

મહેંકનું કતર-ઝોડ રગે રગ વન ભરાણું...''

તેથી જ

''કદંબના વૃક્ષને મૂઠ મારી સૂકવી દીધું છે

ને હવે ખર્યા કરે છે ઇચ્છાઓ

પીળી વેદના થઈને સતત...' (પૃ.૯)

મધુકાન્તભાઇ કહે છે, ''મારા સર્જનની પ્રેરણામૂર્તિ મારી સામે શ્વસતું વિશ્વ છે.'' તેથી જ સ્તો ''ગામના ગોબરકાકાની 'બેટી તલાક્'

જેવી ગાળોએ જ કવિને હજુ આજેય.. ભલે જૂનાગઢના જોગંદરની જાદુઈ ઈલમે કવિના આંતરડાનાં ચાંદા મટાડયાં હોય પણ ભીતરમાં પડેલાં ચાંદો તો જેમના તેમ છે તેથી જ કવિને મન ભરચક ભીડમાં એકલા અટૂલા પડી ગયેલા માણસની વાત, વ્યકિતગત ઓળખ ગુમાવીને, માણસ ટોળું બની ગયાની પ્રતીતિ પીડનીય છે.''[૯] આ માનવીય પીડા અનુભવતાં મધુકાન્તભાઈ કહે છે કે ''પોતાના જ ભંગાર વચ્ચે બેઠેલો હું મને પોતાને પણ ઓળખી શકાતો નથી.''

મધુકાન્ત કલ્પિત જગતમાં માણસની પરિસ્થિતિ એમના પર થતા અત્યાચાર, શોષણ જેને પોતે અનુભવ્યા છે જે કવિતામાં આલેખન કરે છે, જે સપનાને આવકરવા લખેલી રફ કવિતા' માં કવિએ અન્ય કવિઓની જેમ જ નારીપાત્ર ઉપસાવ્યું છે તે છે સપના એમના મિજાજમાં કાંઈક અડવું ભાસે છે. આ કાવ્યમાં પીળી વેદનાની વાત કરે છે કે વૃંદાવનના રંગીન રાસ, ચકલાં, કૃષ્ણલીલા, સપનાનું ઝાંઝર, વૈશાખી ઉનાળો, કદંબનાં વૃક્ષો આ બધું આલેખી કવિએ કહ્યું છે કે પ્રાચીન સમયમાં કૃષ્ણ દ્વારા રાસ રચતો યમુના નદી કિનારે ઋતુઓ સાથે વૃક્ષો સાથે એ બધું ભૂલાવી દીધું છે. આજે ગાયો જ ચાટ્યાં કરે છે. વનરાજી માણસને વનરાજીના બદલે કાળી રેત દેખાઈ છે. અત્યાચારો, શોષણના કારણે હવે એમને નથી સાંભળતી. વાંસળીના સૂર તેના બદલે હવે શોષણના અત્યાચારના સૂર સંભળાય છે. આ કાવ્યમાં વ્યકિતની વેદના પ્રગટ થાય છે. તેથી જ કવિ કહેછે : લાયબ્રેરીનાં મેગેઝીનોમાં કાનાજી ફરવા જતા રહ્યા છે અને આતુરતા ગુમાવી બેઠેલી ગોપીઓ હવે થાકી-હારીને ગામકૂવે પાણી ભરવા માંડી છે. ગોપીઓ એટલે સમાજના લોકો હવે થાકી ગયા છે. જેથી સપનાને બોલાવે છે. 'કેમ તું આ બાજુ નથી આવતી ?' કવિએ કલ્પના કરી છે. 'વિષાદની નૌકાનું કાળું ડિબાંગ ધુમ્મસથી ચારેબાજુ ઢંકાઈ ગયું છે.

‘મારી ઉદાસી

ન ગમેલી કથ્થઈ રાતોના સહવાસને છોડી

ખજૂરીની છાયા ખોતરતી બેઠી છે દરિયાકાંઠે

વિષાદના ડ્રોઈંગપેપર પર

ઢોળાઈ ગયા છે બધા જ રંગો સામટા’ (પૃ.૧૦)

સ્વપ્નમાં પાસાં સતત ઘસ્યાં કરે છે. લીલુંછમ્મ ફળિયું જે દુઃખો છે જે આંખોમાં દેખાઈ છે. તેના માટે ક્યારેક તું આ બાજુ નથી આવતી ? આ કવિતામાં અનેક શબ્દો જેવા કે હેઠણ, ‘ન’, દાતડો, ઊજી, પેંછા જેવા ગ્રામીણના શબ્દનાં પ્રયોગો સાથેસાથે જ પ્રિસ્ક્રિપ્શન ચાર્ટ, ડેડ રીવર, ‘ડીમલાઈટ’, ‘સ્લેજગાડી’, ‘એરહોન’, ‘પ્રિન્ટેડ લાયબ્રેરી’, ‘મેગેઝિન રેસ્ટોરાં’, કૂલ રાડોર, ટેબલલેન્ડ, કેન્વાસ, એક્ષ્ટેન્શન જેવા અંગ્રેજી નગરરૂઢ શબ્દોની અવરજવર સાહજિક કરીને કરીને આ કૃતિઓની ભાતીગળતાને આકર્ષક રહેવાની. એમ જોતાં ક્યાંક વાસંતી હથેળીમાંથી હોલસાની વિષાદનૌકા ઉપરાંત વિષાદનું ડ્રાઇંગ પેપર પણ ભટકાઈ જાય અથવા ગાલતી ક્ષિતિજે જે આંગળી ટેકવીને ઊભાનું કહેવાય કે પછી પર્યાયની મુગ્ધ કન્યાઓ (સુખ પ્રદેશને) ગૌરીવ્રત ઉજવવા કે હથેળીની ટેકરીઓએ ડેડ-રીવર કાંઠે લઈ જાય, ધુમ્મસ ગૂંચ જાળે અટકતી-લથડતી યે જણાવવી યે જાણવવાની પાનીઓમાં ફૂટતા ઝાંઝરિયા પ્હાડ યાદ કરાયા, કે ગુંગળાની હવાના ઘૂંટડા સંભારાય, વાંસળીસૂરથી બોર કહાનજીને લાયબ્રેરીનાં મેગેઝિનોમાં ફરવા જતા રહ્યા. વર્ણવાય કે તડકાને કેસરી હવા કહીને સરુપાંદડી સમું હસી નાખતી સપનાને સાંભરવામાં આવે.

ઉઘાડી બારીમાંથી

ચાલી આવ,

ઘરમાં ચાલી આવ સપના. (પૃ.૩૮)

ગીતોમાં લય, નાદ અને માધુર્યના ત્રિવેણી સંગમ સાથે ગેયતા, શબ્દલીલા, અલંકાર સમૃદ્ધિ, ભાવતત્વ, સૌંદર્યતત્વ, કલ્પનાવૈભવ આદિ વિશેષતાઓ જોઈ શકાય છે.

‘પડછાયા પોશ પોશ રોયા ને પડછાયાગીરીનો પીગળ્યો પડાવ.’

‘ઢોલ જાણે દોરાશે ચૌટામાં,

લચકીને ફળિયું ધડૂસ ઢૂસ ગાજશે ? પૃ.૫૯

‘આમ તેં શેઢાફાટ ફૂટેલું જોબન શેં કરમાતું ?

રતિભાર ના ગાતું.’ (પૃ.૫૯)

ગીતોમાં કલ્પના સૃષ્ટિ અને કલ્પન સૃષ્ટિ તાજગીસભર છે. ‘લાજવતી ગલગલિયો / મૌનની સસલીઓ / શ્વાસોની તાપણી જેવા કલ્પનો આંખોના ઝાકળિયા કેનવાસ / ઝૂલતી ટહુકાઓની ડાળ / ધારદાર સ્પર્શોની યાદ / રોતા ટહુકાનું ધણ જેવાં વિશેષણોથી પ્રલંબાઈ વધુ રમણીય બને છે. લૂંબે ઝૂંબે / તિતર બિતર / તોડી ફોડી / કદી મદી જેવા દ્વિરુકત પ્રયોગો, ઝળહળતી / હરવરતી / ઘસ મસી / કણસ્યા કરે / બળબળતું / પ્રજળતું જેવા ક્રિયાપદો અને ક્રિયા વિશેષણો તથા રોયો / રાંડા દિયોર / લલાડ / ઈન્ની માનો / બોટ જેવી સ્વાભાવિક અને સાહજિક ગાળો એમની કલ્પના સૃષ્ટિને ઉત્તેજક અને આકર્ષક બનાવે છે. કેટલીક પંકિતઓ જુઓ :

ધૂખરભૂખર ભીંતડે બેઠા ગણપતિને

લાલ થાપાના સૂરનું રેશમ ચટક્યા કરે... (પૃ.૧૯)

થબરક થબરક ઊંટ હવાનાં ભાડવચાળે

તેતરવર્ણો કરે કોગળા ખર્ ખર્, રોકે કોણ ? (પૃ.૩૧)

‘ચાલ, મેલું ના થાય એમ આખાયે ફળિયાને

સાચવીને પહેરી લઉં ડોકમાં (પૃ.૨૮)

આંખો લગોલગ આવેલાં

સપનાં અટકાવી દીધાં ત્યારે, આપ કહાં થે ?

લાગટ ઢીંચે રાખ્યો ગેલન બે ગેલન અંધાર ? (પૃ.૮૬)

લે બોલ, આમ રોકભેર સપનાં પ્રવેશે,

ને આંખોને કહી નાખે : 'ચલ, ગેટઆઉટ' (પૃ.૮૬)

મધુકાન્તનાં ગીતોની આવી કલ્પના સૃષ્ટિ વિવિધ ભાષાપ્રયોગોથી, તરકીબો-નૂસખાથી, રચનારીતિની અવનવી પદ્ધતિઓથી અભિવ્યકિત પામી છે. એમનું આવું રચનાકર્મ જ રચયિતવ્યનો આનંદ લહેરાવે છે. તેથી હસિત બૂચ લખે છે 'કેસરિયા ટશરના આકાશ' માં મસ્ત, સ્વસ્થ રંગ છે. સુરેખ મૃદુતા, એકાગ્રતા છે અને કોઈ સળંગ વરતાતી વિશાળતા, ગહરાઈ, આત્મિયતા છે, અવનીવન કે બોલકાં જણાતાં, પણ રચના બળે માતબર કરતાં શીર્ષકો ધ્યાન ખેંચવાનાં. કવિત્વ, કવિકર્મ, કવિમૂડ અને કવિની બાળવાહી પીંછી 'કેસરિયા ટશરનું આકાશ' માં જે લિજ્જત સર્જે છે એ કવિની શકિતનું ઊંડાણ અનુભવાવે છે. એનાં પ્રગટતાં પાસાં જાત ભાતનાં છે, એવાં જે સત્યથી પુલકિત છે અને પોએટિક પેઈન્સનીયે જે લિજ્જત હોય છે તેમાં આપણેય તદ્દરૂપ થઇ જઇએ છીએ.'

(પુરોવચન 'કેસરિયા ટશરનું આકાશ' ૧૯૭૯)

કવિ વિશે હસિત બૂચ કહે છે તેમ કવિએ કવિતામાં કલ્પનોનો ઉપયોગ કરીને કવિતા રચી છે. તળપદ જીવનનું ભાવદર્શન અને વિલક્ષણ રીતે લયાન્વિત બાનીમાં રજૂ કરવાની કવિની મથામણ અહીં જોવા મળે છે. 'મધુકાન્તનું ફૂમતું' એમની પુત્રી પ્રતીક્ષાનું રેખાંકન આ કાવ્યસંગ્રહોમાં જોવા મળે છે. સમાજ સાથે જેને થોડી ઘણી નિસબત હોય, તેઓ જરૂર આ કવિતા વાંચતા હચમચી જાય, આ અન્યાયની પરંપરા આજકાલની નથી. સામાન્ય રીતે અન્યાય કરવા માટે બહુ સંખ્યામાં રહીને નિર્બળને, સબળને

અન્યાય કરી શકાય. મહાભારતના સબળ એવા કર્ણના પાત્રને વિસ્મૃતિનો શાપ આપીને યોગ્ય સમયે પ્રતિકાર કરવા માટે નિ:સહાય બનાવવામાં આવ્યો હતો. કવિતામાં જન-સામાન્યો, કચડાયેલાં દલિતો જ્યારે જાગવાની કે સમધારણાની ભૂમિકા પર આવે છે ત્યારે તેને રોકવામાં આવે છે. વિસ્મૃતિનો શાપ બનીને અનામપિયું હુલ્લડ, કોમવાદી હુલ્લડ કે પછી અનેક પ્રકારના દંગલો આવે ડરેલો સતત ભયમાં જીવતો રાખવામાં આવે છે. 'તે' વખતનો કર્ણ તો પોતાની ઓળખ છૂપાવતો નહોતો કારણ કે એ કર્ણ હતો. આજના આમ માણસને ડરાવવા માટે જ કર્ણ ગણી લેવામાં આવ્યો છે તે સામે આધુનિક આમ આદમી ચિત્કારે છે.

''રોકાઈ જા પાંડવ.

હું નથી કર્ણ..

યુદ્ધ હવે નથી લડવું મારે (પૃ.૧૫)

આમ આદમીનું સાયકલનું ચક્ર સમાજની આંટીઘૂંટીના કીચડમાં ફસાયું છે. જાત-પાતના દ્વેષમાં ફસાયું છે. તેમાંથી નીકળવા કર્ણ મટવું જ પડે.

આપણે શોષણખોરોને પોષતા આવ્યા છીએ. બિરદાવતા આવ્યા છીએ. કર્ણના ચક્રને કીચડમાંથી બહાર કાઢવાની વિચારધારા આપણે ગુમાવી ચૂક્યા છીએ પણ કર્ણને હણવા તૈયાર થયા છીએ. જરૂર આપણે કર્ણને બચાવી શકીએ પણ નવીન વિચારધારાનો અમલ કરીએ તો જ શક્ય બને. આવો આપણે સૌ આપણી નવ જાગૃતિનો માર્ગ આપણે હાથે જ કંડારીએ ! જાતિ-પાંતિ-ધર્મ-ભેદભાવ-વિહીન સમાજ રચના તરફ આગેકૂચ કરીએ. સમાજમાં ચાલતા વર્ગભેદ જાતિભેદને મઠવાનું કાર્ય આપણે હવે કરવાનું છે.

'વેદનાનો માનવી' કાવ્યમાં કવિએ સવર્ણથી ડરતાં માનવી જે આજે હિંમત કરીને બહાર નીકળે છે. છૂત-અછૂતમાં માનનાર વર્ગ સવર્ણ

જે દલિતને જે મનની વેદના છે તે હવે પોતે બહાર કાઢવા માંગે છે. જે વીતી ગયું છે તેને યાદ નથી કરવા માંગે છે. આ ભૂમિ પર ભલે બળબળતું રણ મ્હાલશે પરંતુ તોય સૂરજ પહેરી આજે નીકળ્યો કાવ્યમાં કવિએ માનવીની વ્યથા છે. પોતે જ અનુભવે છે. તેની વાચા આપી છે.

મોજાંના શમણાથી ડરી જતો માનવી
દરિયો પ્હેરીને આજ નીકળ્યો. (પૃ.૨૪)

'મુકદ્દમો ચાલુ જ રહેવા દો' કાવ્યમાં કવિએ પીડાને સમાજમાં ચાલતા અનેકો શોષણ એમને સૂવા દેતો નથી. ચીસો સંભળાય છે. જેનું કવિએ અનેકો લીલોતરીનો ઢોળાવ, મીણબત્તી, પાંપણમાંથી ટહુકો વિશેષણોનો ઉપયોગ કરીને કવિએ સમાજમાં ચાલતા અન્યાય જેને દલિતો સહન કરીને એમને મુકદ્દમો લડવો છે જેને ચાલું રાખવા કહે છે. પંચવટીમાં આકળવિકળ રામ કરે છે. સીતાના મળવાથી સાદ પડે છે. તેવી જ રીતે આ દલિત સમાજમાં જે હકો મળવા જોઈએ જેવી કે સ્વતંત્રતા માટે ખોવાઈ ગયેલું છે જેના માટે મુકદ્દમો ચાલુ રાખવા કહે છે.

મુકદ્દમો ચાલુ જ રહેવા દે
રહેવા દે બધું એમતેમ.. (પૃ.૨૫)

❖ **શ્વાસોચ્છ્વાસના કવિ મધુકાન્ત કલ્પિત :**

કવિ મધુકાન્ત કલ્પિત શ્વાસોચ્છ્વાસના કવિ તરીકે ઓળખાય છે. માણસનું અસ્તિત્વ શ્વાસોચ્છ્વાસ પર નિર્ભર છે અને ડચકે ચઢતા માનવને ઑકિસજન પણ જીવાડી શકતો નથી અને ત્યારે જ તેનું મહત્વ શું છે તેનો ખ્યાલ આવે છે. તેઓ આ શ્વાસોચ્છ્વાસ આપણને કવિની ઝીણી અને મુલાયમ શબ્દોની પીંછીના દોરાતા આ કાવ્યસંગ્રહો 'કેસરિયા ટશરનું આકાશ' માં જોવા મળે છે.

છાતીનાં ગગન-પાટિયા નીચે ઘૂઘવતો શ્વાસોચ્છ્વાસનો દરિયો છે.

અનેક મોજાંથી તે લહેરાતો રહે છે અને તે મોજાં અહીં આ સંગ્રહોમાં જોવા મળે છે. તેમાંથી રજૂ કરતાં 'સંદર્ભોના શ્રાવણ સર્‌સર્' કાવ્યમાં કવિના અનેક કાવ્યોમાં જોવા મળે છે.

'લીલોતરીના પ્હેરી ઊભા શ્વાસ (પૃ.૧૫)

મારા ઉચ્છ્‌વાસને વલૂર્યા કરે છે તારાં સ્મરણ' (પૃ.૨૪)

'માગશે કોઈ શ્વાસ છલોછલ સૂરજ ઝાંખો (પૃ.૨૫)

કાલ સુધી લીધેલા મારા શ્વાસો પર હળવેકથી

બ્લોટીંગ પેપર લગાડતો હતો (પૃ.૨૬)

'જોજનવા ઊંડાના શ્વાસ કને છાતીનાં ઊંઘમૂંધ અંધારા ઊતરે (પૃ.૨૭)

'શ્વાસનું કોરુંકટ્ટ પાનેતર (પૃ.૩૧)

બળ્યા શ્વાસોના નામ પડી જાય (પૃ.૪૮)

ઈન્ની બુન્નો.. શવાશ જેવો શવાશ (પૃ.૪૬)

ફૂટશે શ્વાસને પાંદએ વિશવાશે (પૃ.૫૨)

વગેરે અનેક જગ્યાએ શ્વાસને નિરૂપતી પંકિતઓ આપણું ધ્યાન ખેંચે છે. જે કવિની એક આગવી લાક્ષણિકતા બનાવે છે. કવિએ આ કાવ્યસંગ્રહોમાં ઉજ્જડ ગામની ભાગોળે બેસી ગાવાનું ગીત 'તારી ગેરહાજરીમાં તારા વિશે એક ઉદાસી ઉચ્ચારણ' 'એક ગાંમેતી ગીત' 'નાયણાં વિષે' જે કાવ્યમાં કવિ શ્વાસની અનુભૂતિ કરાવતા ગીતો લખ્યાં છે.

સાંપ્રત કાળમાં માનવને ઘેરી વળેલી અજગર જેવી ભીંસમાં લેવી વણઉકેલી સમસ્યાઓ સામે કવિની અભિવ્યકિતમાં કયાંય નિરાશાનો-પડછાયોએ જોવા મળતો નથી. એટલું જ નહીં તેની સામે દઢ સામનો ને સફળતા કાવ્યોમાં નજરે પડે છે અને છતાંયે તેમાં પુષ્પની પાંખડી જેવું

કોમળ કાવ્ય પોતાના મ્હેકતું માણવા જ મળે છે.

જેમ કે,

'શ્વાસને કાચ કાગળ ઘસી ઘસીને

લીસ્સા લીસ્સ કરવાનું વેરણ સુખ નગરને આપ્યું ?

રે ! કેમ

મુડદા સળગાવતા મશીનની ચીમનીઓ પરથી

કાળું ધુમ્મસ છાયું વ્હેતું આભ

નગરની હથેળિયુના છાપ્પું ? (પૃ.૫૬)

તે સિવાય ગામઠી વ્યવહારું ભાષાને કવિતાનો કસબ અને રૂઢ પ્રયોગોને જેવા ને તેવા કાવ્યમાં વણી લેવાની સહજ સૂઝ ધ્યાન ખેંચે છે.

દા.ત.

માનમાં પૈણ્યાંને મન રાંડ્યા

લબાડ થુંકેલાં સુખ ફરી ચાડવાં (પૃ.પર)

વળી એ બાબત પણ ધ્યાન ખેંચે છે કે સૂગ ચઢતા શબ્દોને પણ આહ્‌લાદક પારસમણિનો કાવ્યાત્મક સ્પર્શ મળેલો છે. બાકી અમુક જાતના શબ્દો આધુનિકતાની અંચળ હેઠળ વાપરવાની ફેશન થઇ ગઇ છે પણ તે કૃત્રિમતા અહીં જોવા મળતી નથી અને તે Probability લઈને આવે છે. આપણે નર્યા વાસ્તવિક કાવ્યમાં અપેક્ષા રાખવી એ કૃત્રિમતાનાં જ પરિણમે છે. કવિના શ્વાસમાં આંતરમનમાં જે પીડા અનુભવે છે જેને કાવ્યમાં આવી રીતે ગોઠવીને મૂક્યું છે. જે એમની એક કલાત્મકતા કહી શકાય. 'અથવા' કાવ્યમાં કવિએ વ્યર્થતા, સંકુલતા, અવસાદજન્ય, ભગ્નતાઓને અહીં શબ્દ દ્વારા નિરૂપણ કરે છે.

'ચૌદ ચોકડી રાજ હારી બેઠા પછી

હદપારી ભોગવતા તારા અસહાય સમયને

હુલામણાં નામો આપી આપીને

તું સ્વર્ગ જીતી ગઈ હોય એવા ચાળો કરે છે' (પૃ.૫૩)

મારા ચૌદચોકડી રાજ્યની રાજધાનીમાં અરુચિકર વિલાસોએ મૃગયા રમતાં રમતાં મને ભેધ્યા કરતા ચૈતસિક પ્રહારોએ, નગરચર્યા દરમ્યાન મારી નસોમાં હરતા-ફરતા ચહેરા વગરના માણસની કાળમીંઢ વ્યર્થતાઓએ મને એક મેઘધનુષી આકાશ બાંધી આપ્યું છે ને લગભગ ત્યારથી સૂરજ જેવા સૂરજને મેં એક જ બાણે ખેરવી પાડયો છે. મારા મહેલની દીવાલો પાછળ હવે આકાશમાં સૂરજ નથી પણ એની જગ્યાએ ઊભી નીકળ્યાં છે. વેદનાના રક્તિમ વન.. કદાચ એ દિવસથી જ ક્ષણોની ઊંચી ઊંચી દીવાલોના કારાગારમાં સૂર્ય કણસ્યા કરે છે ને હજીય મારા રાણીવાસના ગુલામી અવકાશ વચ્ચે નિશ્વાસો વણસ્યા કરે છે.

'શ્વાસ લેવાનું કામ આપણું ન હોવા છતાંય

વિષાદના લીલા છાંયે બેસી

એકસામટા ઊંડા ઊંડા શ્વાસ તું લીધા કરે છે

- આપણે 'આપણે નથી' નું ભાન તને આવશે

ત્યારે

સમયની લાશને

વણઝારાઓ દાટવા નહીં ઉપાડી ગયા હોય

શ્વાસની ટેકરીઓ પર ?' (પૃ.૫૫)

કવિએ સરસ આલેખન કર્યું છે જેમાં દલિતની સંવેદના, અન્યાય થાય છે. જેનું આલેખન કવિએ કવિતામાં કર્યું છે. પડયાં તાત્પર્ય કે જે દશ્યોની દારૂણતા કિસ્સાની કેપ્સુલમાં કેદ થઈ હતી તેનું સૂચન અહીં પાડયું છે. કશુંક બન્યું છે જેથી ફેલાયું કે ચોક મેલો થઈ જાય. મેલો ચોક થાય તે પાલવે એવું નથી એટલે આખાયે ફળિયાને સાચવીને જાણે કિસ્સાના ભેદી

માદળિયાને ડોકમાં પહેરી લેવાનો રઘવાટ આચરે છે !

સ્હેજ માણસતા પ્હેરીને નીકળ્યો

જો લાગું છું કેવો ફક્કડ...

ફૂંક મારીને ઓલવી શકાય એવા સણકાઓ

પેટાવી મૂકયા કે બારીએ. (પૃ.૨૮)

હવે નાયક અમાનુષીપણાની અવદશામાંથી ઊગરી જઇ 'સ્હેજ માણસતા' પરિધાન કરીને બહાર મોં દેખાડવા જેવો બનીઠની વટ મારે છે, જો લાગું છું કેવો ફકકડ...

'અહીં છાતીની શેરીઓને ટેવ પાડી

ફરફરવું-તરફડતું, એવું કંઇ ધારીએ.

ત્રીજા અંતરો પણ આકર્ષક છે. ત્યાં પણ કિસ્સાના 'સણકાઓ' હાજર છે જેને ફૂંક મારીને ઓલવ્યા નહીં ને બારીએ દીવાની જેમ પેટાવી મેલ્યા છે ! અને છાતીની શેરીઓને આદત છે કોરાં પેઠ ફરફરવું વત્તા તરફડવું. એ તો ઠીક પણ 'એવું કંઇ ધારીએ' નું પંકિતકર્મ સમુચિત છે. એમ તો 'સજ્જડ' 'કક્કડ' અને 'લક્કડધક્કડ' ની સળંગ પ્રાસયોજના પણ ચોકમાં સાથે ડોકમાં જેવો જ કર્તાકસબ પ્રગટ કરી રહે છે.

'એક અફવા ગીત' માં કવિ પોતાની ભીતરમાં રહેલા માણસના અણસાર ફંફોસે છે.

ઝૂકીને

તેં જ મારા કાનમાં કહેલું કે

મધુકાન્ત કલ્પિત એક અફવા છે.

હવે સુખ મળે તો શોધું છું. 'કિસ્સો' પદ્યની ચાલ અને ચલગત તેમજ પદ્યનું લયચરિત્ર તજીને જાણે કોઇ ગજવેલી ગદ્યનું ગીત ભાવકચેતનામાં ઘોંચવા કવિ નીકળ્યા હોય એવી આ રચનાની લાક્ષણિકતાઓ

લક્ષપાત્ર છે.

એવો ફચ્ચ દઈ આંખોમાં ઘોંચ્યો

કે ઘોંચ્યો મેં કિસ્સો સજ્જડ.

આંખ ઠામુકી દદડીને હેડી પડી રે !

બધાં દશ્યો વેરાઈ પડ્યાં ચોકમાં (પૃ.૨૮)

'ફચ્ચ દઈ', 'ઠામુકી દદડી' જેવા ક્રિયાચિત્રણો અને 'માણસતા' જેવો અવનવો શબ્દપ્રયોગ ચાલુ લયમાં લેઝિમ-દાવ ખલતાં ગીતોથી તદ્દન ભિન્ન અને છતાં નિજી લયભાત લહેરાવતાં વરતાશે. આ કાવ્યમાં કવિને ઓચિંતી ગીતનાયકની ચેષ્ટા ભાવકને આંચકો આઘાત વિના છોડે નહીં. બિલ્વમંગળ સૂરદાસ સાંભરી આવે ઘણાને આંખ ફોડનારા સૂરદાસ. આત્મદંડ દેનારા કવિસંત પણ અહીં નાયક સળિયો-છરો નહિ, સજડતાપૂર્વક 'કિસ્સો સજ્જડ' આંખોમાં ઘોંચે છે !

આંખોમાં ઘોંચીને અંધ થવાની નાયકને મન થાય છે. એવો કિસ્સો બન્યો હશે. આવો કોઈ કિસ્સો કે કિસ્સાની આસપાસ વણાયેલી નાટ્યાત્મક સનસનાટી ગીતકારે વર્ણવી નથી અને એવા સંયમમાં જ કિસ્સાને ગુપ્ત ભેદની ચારુતા જિજ્ઞાસાને જાગતી રાખે છે.

કિસ્સાને સજ્જડ ઘોંચ્યા બાદ પ્રથમ અંતરામાં વર્ણન આવે છે. પશ્ચાદ્‌વર્તી સ્થિતિનું 'ઠાંમુકી આંખો દદડીને હેઠી પડી' પછી આવતો 'રે' કારો ભાવકને પણ ઉશ્કેરતો અને નાયકની ઝીણી જાતદયાનો ઈશારો આપતો સંકેત છે.

ચાલ, મેલું ના થાય એમ આખાયે ફળિયાનો

સાચવીને પહેરી લઉં ડોકમાં (પૃ.૫૭)

કંઈક નોખું જ બની આવ્યું છે ગીતના પ્રથમ અંતરામાં કિસ્સાના ઘોંચવાથી, દશ્યો ચોકમાં વેરાઈ તે ઝૂકીને આમતેમ ફંફોસીને કાનમાં કહેલું

કે મધુકાન્ત કલ્પિત એક અફવા છે તે દિવસથી આજદિન સુધી શોધતો રહ્યો છું કે હું ગુમસુમ નથી થયો. આકાશમાં જીવ જાણે શોધે છે અંદરથી માણસ છું કે નહીં ? ક્યાંય નથી મળતો નથી આ જણ મૂઓ આખરે સાચું છે કે શું કે પછી અથવા છે ? આમ કવિ પોતાની ભીતરમાં રહેલા મનુષ્ય એટલે પોતે અણસારને શોધે છે કે હું ભૂલી ગયો છું. મારી વિસ્મયનું ઘર ? આ કાવ્યમાં 'ધ્રાસકો' શબ્દો જોવા મળે છે.

'ઝાળમાળ જિંદગીને પહેરી-ઓઢીને

આમ ખુલ્લે બજાર ઊભા ફતવા છે !' (પૃ.૫૭)

કાવ્યમાં કવિએ માણસની દહેશતની ઝાળમાળ જિંદગીને પહેરી ઓઢીને ઊભો છે. આ બધું જાણે ફતવા છે. મધુકાન્ત કલ્પિત એક અફવા છે જે કલ્પિત નથી ને 'અફવા' પણ નથી. એક વાસ્તવિકતા છે, નક્કર હકીકત છે, તળપદી કવિતાની જોગવાઈ છે. ભાવની ને ભાષાલયની પણ. આમ આ કાવ્યસંગ્રહો 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' આત્માનુભૂતિ માનવીય વેદનાનું, કલ્પનોનું માણસનું અણસાર શોધે છે ભીતરમાં. સમાજમાં ચાલતા વિવિધ દશ્યો જેમને કવિએ જોયા છે જેની આખી છબીઓ કવિએ કવિતામાં કલ્પના દ્વારા ઊતરી આપી છે. આજુબાજુના આક્રોશને જોયા પછી એમણે અનુભવેલી પીડાને ગીતોમાં ખેડાણ કરે છે જે સામાજિક વાસ્તવ છે. પ્રકૃતિ, પ્રણયના ગીતોમાં પણ દલિત સાહિત્ય જોવા મળે છે. આમ કવિને છેલ્લે થાય છે કે 'મધુકાન્ત કલ્પિત છે કે અફવા છે? આ પ્રશ્નો દ્વારા સમજી શકાય છે કે આ નક્કર હકીકત વાસ્તવિકતા છે. એટલે જે ચંદ્રકાન્ત શેઠ એમને જાતવફાઈના સર્જક તરીકે ઓળખાવે છે. આમ એમનો ગીતોમાં દલિત પીડિતોનું શોષિતોનું હૃદયસ્પર્શી નિરૂપણ, આત્માનુભૂતિના અસ્તિત્વના વાસ્તવદર્શી ચિત્રણ, માનવીય ગરિમા સ્થાપવા મથતી કવિતાનું આલેખન થયું છે.

## :: પાદટીપ ::

૧. 'કેસરિયા ટશરનું આકાશ' લે.મધુકાન્ત કલ્પિત, પૃ.પ (પુરોવચન)

૨. 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' તે મધુકાન્ત કલ્પિત, પૃ.૮૨

૩. એજન, પૃ.૮૨

૪. એજન, પૃ.૮૩

પ. રાધેશ્યામ શર્મા (લોકસત્તા-જનસત્તા, અમદાવાદ, તા.૦૮/૦૪/૨૦૦૯)

૬. 'હયાતી' મણિલાલ હ. પટેલ, માર્ચ-૨૦૧પ, પૃ.૪૭

૭. 'તરજુમો' લે.મધુકાન્ત કલ્પિત, પૃ.૧૦

૮. 'હયાતી' ડૉ.સિલાસ પટેલિયા, પૃ.૧૨

૯. 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' લે.મધુકાન્ત કલ્પિત, પૃ..૮૩

# પ્રકરણ-૩
# વિવેચક મધુકાન્ત કલ્પિત

મધુકાન્ત કલ્પિત કવિ, વાર્તાકાર, નવલકથા, વિવેચન, સંપાદનકાર તરીકે સુપ્રસિદ્ધ છે. દલિત સાહિત્યકાર કવિ-વિવેચક મધુકાન્ત કલ્પિત કૃત 'પ્રત્યક્ષ' એ પ્રત્યક્ષ-વિવેચન આલોચના લેખોના સંગ્રહ છે. એથી એમણે ગ્રંથનું શીર્ષક 'પ્રત્યક્ષ' રાખ્યું છે પણ એ ભૂલી ગયો છે કે 'પ્રત્યક્ષ' એ શ્રી રમણ સોનીનું વિવેચનનું સામયિક છે. થોડી કાળજી રાખી હોત, તો નવીન શીર્ષક રાખી શકત. આ પુસ્તકનું પ્રકાશન મધુકાન્ત કલ્પિત પોતે વિક્રેતા ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૮, પ્રકાશિત કરવામાં આવી હતી. આ પુસ્તકમાં પ્રતિષ્ઠિત દલિત 'પ્રત્યક્ષ' માં પ્રસ્તાવના હરીશ મંગલમ્‌ની સુદીર્ઘ પ્રસ્તાવના છે. દલિત સાહિત્ય અને બિનદલિત સાહિત્યના આસ્વાદલક્ષી અને વિવેચનાત્મક લેખો છે. પરિશિષ્ટમાં મધુકાન્ત કલ્પિતના સાહિત્ય પરના લેખો છે.

'પ્રત્યક્ષ' પંદર વિવેચનલેખોનો સંગ્રહ છે. એમાંથી ચારેક લેખોને બાદ કરતાં સંગ્રહના અધિકતમ લેખો દલિત સાહિત્યને સ્પર્શે છે. 'આમુખ' માં હરીશ મંગલમ્ 'પ્રત્યક્ષ' માંથી સ્ફૂટ થતું પ્રત્યક્ષીકરણ'માં ગુજરાતી દલિત સાહિત્ય વિવેચનની શરૂઆત 'સંવિત્તિ' (૧૯૮૪) થી થયેલી તે પ્રવૃત્તિ છે 'પ્રત્યક્ષ' (૨૦૦૮) સુધીની માહિતી 'ગુજરાત દલિત વિવેચન - એક દષ્ટિ' માં મધુકાન્ત કલ્પિતનો પ્રશસ્ય અભ્યાસલેખ છે. તેમાં તેમણે દલિત સાહિત્યના વિવેચનના ગ્રંથોની મિતાક્ષરી નોંધ આપી છે. ૩૩ જેટલા ગુજરાતી દલિત સાહિત્ય વિશેના વિવેચન સંગ્રહોનો પરિચય કરાવ્યો છે.

'પ્રત્યક્ષ' માં અવલોકનાત્મક, આસ્વાદાત્મક અને વિવેચનાત્મક આમ ત્રણેય પ્રકારના લેખોનો સમાવેશ થાય છે. એમાં રમેશ શિમ્પી 'મધુકર' કૃત કાવ્યસંગ્રહ 'આ નસોમાં વહેતું લોહી કયાંક અટકી ગયું છે રણ' રશ્મિન્ પટેલનો વાર્તાસંગ્રહ 'લોહીનાં વમળ' પરનો 'વમળગ્રસ્ત લોહીમાં હરતાં ફરતા' લેખ અને

આ જ લેખકની 'શોધ' જેવી અદલિત કૃતિઓનાં અવલોકન છે, પણ મોટે ભાગે દલિત કૃતિઓનાં અવલોકનકાર દલિત વિવેચક છે અને પ્રકાશન ગુજરાત દલિત સાહિત્ય અકાદમીનું છે એટલે દલિત સાહિત્યના વિવેચનને પ્રાધાન્ય સમુચિત છે. જાણીતા કવિ શ્રીકાંત માહુલીકરે કાવ્યસંગ્રહની કવિતાને 'પીળચટ્ટા વિષાદની લાલચટ્ટક કવિતા' કહીને આસ્વાદમાં જણાવ્યું છે - ''કવિના શબ્દોમાં લોહી નીકળતી ઊંડી ઘેરી વ્યથા અને અંતર્હિત આનંદ સાથે સભરતાની શકયતા રહેલી છે. સાંપ્રત યંત્રયુગીન સંસ્કૃતિમાં થતા માનવમૂલ્યના હ્રાસમાંથી જન્મેલો દારુણ વિષાદ, વૈફલ્યની ભાવના, જીવન અને તેને ટકાવી રાખનારા મૂલ્યો વિશેની આશંકાએ જે અશ્રધ્ધા, નિર્ભાન્તિ, નિરર્થકતા કે નિ:સારતા રચી છે એને અત્યંત સંવેદનશીલ ચિત્તતંત્ર ધરાવતો કવિ મર્મસ્પર્શી રીતે વ્યકત કરી જાય છે.''[૧] હતાશા, નિરાધારતા અને મથામણને અંતે પીંડરૂપ ધરતું વિષ ગતિ પકડે છે :

સિગરેટનો ધુમાડો
અહીં તહીંની વાતો
ચૂપચાપ કાચ પાછળ આવી બેસેલી
વરસાદી સંધ્યાકાળ.. યાદ છે ?
યાતનાના ભગ્નનગરમાં -
દર્ભતૃણની પથારીમાં ચંદ્રફૂલ ખીલતાં
આજે રંગમહેલ ભડકે બળે છે.
- ની વેદના હૃદયભંજક નીવડી છે.
વૃક્ષો, ઉદાસ, વલ્લરીઓ હતાશ
ચાહીને પણ હું,
એમની સૂકાઈ ગયેલી નસોમાં
હરિયાળી ફૂંકી શકતો નથી. (પૃ.૨)

પ્રા.વ્રજલાલ દવે સંગ્રહના ફલેપ પર કવિની સફળતાને બિરદાવતાં કહે છે -

'નવયુવાન કવિ 'મધુકર' વ્યાકુળ મનના ચિત્તવિદારી ચિત્રોને મનોવેગથી પ્રગટ કરે છે. અદ્યતન કવિતાના સત્યસ્પર્શી કલ્પનોનું કામણ તેમને શું નાગર કે શું પ્રકૃતિમાં આવેગી સંચરણ કરાવે છે. જીજીવિષાનું વલોણું અને જીવનના ચક્રવ્યૂહનું અટાપટાપણું મનની આંખ સામે રાખતી આ કવિતા 'હું' અને 'સ્વ' ની કરુણ વાસ્તવિકતાને ભૂલી નથી. ગઝલોમાં પરંપરાનો તાલ સરસ રીતે જળવાયો છે અને નવો સ્વર રળિયામણી મર્મર પ્રગટાવે છે.'

આ કાવ્યસંગ્રહમાં વિવેચકની આસ્વાદલક્ષી દષ્ટિકોણની પ્રતીતિ થાય છે. મધુકરની રચનાઓને છાંદસ, અછાંદસ અને ગઝલ એમ ત્રણ ભાગમાં વિભાજીત કરી રચનાના મુખ્ય ધ્વનિને ઉદાહરણ સાથે વાચા આપી છે. રશ્મિન્ પટેલના વાર્તાસંગ્રહ 'લોહીનાં વમળ' વિશેનો લેખ 'વમળગ્રસ્ત લોહીમાં હરતાં ફરતાં' પણ લેખકે વાર્તાઓના ભાવવિશ્વને સચોટ રીતે ઉઘાડી આપ્યું છે. સામાજિક સંઘર્ષ, વાસ્તવ, આંતરસંઘર્ષ વાર્તાની હળવી ફૂલ ઘટનાઓ છે. સંગ્રહમાં કુલ અગિયાર વાર્તાઓ છે. પ્રત્યેકમાં વિષાદની સંચેતના લહેરાય છે. પોતાના અસ્તિત્વ વિશેની શંકા સ્વપીડન સુરેખ અભિવ્યકત થયું છે. 'તૂટેલું કરોળિયાનું જાળું' માં પ્રણય વૈફલ્યને કારણે ઊપસતો વિષાદ આસ્વાદ્ય છે. 'સમ્બન્ધ', 'સ્મૃતિની રેતનમાં દટાયેલું નગર', 'અસ્વાદ', 'પરિચય', 'અગનશિખા', 'કાચની બહાર', 'કાપુરુષ', 'મૃત્યુઘંટ', 'કદાચ' ભિન્નભિન્ન ભૌગોલિક પરિવેશ ધરાવતી વાર્તાઓમાં પુરુષપ્રધાન છે. મધુકાન્ત કલ્પિત સાંપ્રત વાર્તા પ્રવાહમાં એક વિશિષ્ટ છાપ ઉપસાવે છે.

'આધુનિક તુલસીદાસનું શંકાહરણ' શ્રી બંસીકુમાર બારોટની વાર્તામાં શંકા-કુશંકાઓથી ઉદ્ભવતા માનસિક સંઘર્ષનો પરિચય કરાવે છે. 'તુલસીદાસ' ના પ્રતીક દ્વારા લેખકે આજની વિસ્ફોટક મનઃ સ્થિતિનો નિર્દેશ કરે છે. આ વાર્તાના અંત સંદર્ભે મધુકાન્તને થયેલ પ્રશ્ન કથાવસ્તુના ગોપનીય અંશની પૂરતી માવજત કરી શકાઈ હોત તો ? સાથે સૂર પૂરાવું છું.

શ્રી સાહિલ પરમારના દલિત કાવ્યસંગ્રહ 'વ્યથાપચીસી' ની કવિતાને તે

'નાગી તલવાર જેવી કવિતા' તરીકે ઓળખાવે છે અને કવિના કાવ્યશબ્દને 'ધગધગતા લાવારસની કવિતાનો પિંડ' તરીકે બિરદાવે છે. આ સંગ્રહમાં એક વૃત્તરચના, બે ગઝલ, છ ગીત અને સોળ અછાંદસ રચનાઓ મળી કુલે પચ્ચીસ કવિતાઓ સમાવિષ્ટ છે. જેમાં કવિ મધુકાન્ત કલ્પિત સાહિલના કાવ્યની મર્યાદા દર્શાવતાં વિવેચકે નોંધ્યું છે કે,

'ક્યાંક પ્રબળ આવેગ ભાવસંતુલન ગુમાવી બેસી પદાવલિને અનિયંત્રિત કરી મૂકે છે ત્યારે કવિતામાં ઘોંઘાટ વર્તાય છે.'[૨]

ગુજરાત દલિત સાહિત્ય અકાદમીના કાર્યક્રમમાં વક્તવ્ય આપતાં રમણિકા ગુપ્તાએ દલિત સાહિત્યના પક્ષધર બનીને કહ્યું હતું કે, ''ત્રણ હજાર વર્ષોથી દલિતો-પીડિતો-શોષિતો પર તમોએ અત્યાચાર ગુજારી તેમની વાણી છીનવી લેવાનું કૃત્ય કર્યું છે અને જ્યારે હવે તેઓને વાણી ફૂટી છે ત્યારે તેઓ ગાળો ના બોલે તો શું વાંસળીના સૂર રેલાવશે ?'' એટલે 'પ્રબળ આવેગ' કાવ્યત્વ અને 'ગાળ પ્રયોજન' વગેરે શબ્દોનું મૂલ્ય અર્થઘટન આધારિત જણાય છે. દલિત સાહિત્ય આંદોલનના ભાગરૂપે સર્જનપ્રવૃત્તિ નક્કર સત્યને પ્રગટ કરી રહી છે. હરીશ મંગલમ્ આમુખમાં કહે છે.''[૩]

સામાજિક કાર્યકર બબલદાસ ચાવડાના કાવ્યસંગ્રહ 'અત્યાચાર થવા દો' ની સામાજિક ભૂમિકા સમજાવીને તેમાંથી આક્રોશપૂર્ણ દલિત કવિતાની વિશેષતાઓ-લાક્ષણિકતાઓ તારવી બતાવી છે, તો મર્યાદાય દર્શાવી છે કે કવિ દલિત જીવનની સમસ્યાઓ, મૂંઝવણોને મથામણોના તંતુઓ જોડીને કવિતા કરવા ધારે છે, પણ કાવ્યસુંદરી અવળી ફરી ઊભી છે. કળાકીય ઓજારોની સજ્જતાનો અભાવ કવિને આંતરી બેઠો છે. સાદ્યંત સુરેખ રચના પ્રાપ્તિ થતી નથી. સામાજિક પરિવેશની સચ્ચાઈ માત્રથી કવિતા ઊગરી શકે નહીં. મધુકાન્તની લલિત્યનિષ્ઠ સાથેની આ કાવ્યસમજ દાદ માંગી લે એવી છે. એમણે કહ્યું છે કવિએ પ્રમાણેલું દલિત જીવન. એની સમસ્યાઓ, મુંઝવણો અને મથામણો અહીં ભિન્ન ભિન્ન તંતુઓથી જોડાઈને

અનિયમિત સંવેગને કારણે કાવ્યોચિત્ત ભાવસંકલન અનિયમિત સંવેગને કારણે સ્થિર સંવેદન પ્રગટાવવાને બદલે વૈધાનિક ઘોંઘાટ કરે છે. દલિત સમાજની સમસ્યાના વૃત્તાંત, ચિત્રો, વર્ણન માત્ર નહીં, પણ તેનું પ્રભાવક સંવેદન કે જે કાવ્યતત્વને મ્હોરાવી શકે. આટલી નિકટતાથી જોયેલા દલિત જીવનની, તેની અકથ્ય પીડાની સંચેતનામાં કળાકીય ઓજારોની સજ્જતાનો અભાવ કવિને આંતરી બેઠો છે. કાવ્યોના વિશેષો-મર્યાદા દર્શાવી, દલિત સાહિત્યના ઉદ્ભવ અંગેના કારણો અને દલિત કવિતાના યોગદાનની વાત પણ વણી લીધી છે.

'રોક ગાર્ડન' થી 'સાયરનરે શહર' સુધીમાં મરાઠી દલિત કવિ અરૂણ કાળેની કાવ્યયાત્રાનો શુભગ પરિચય કરાવ્યો છે. એમની કવિતાનાં મૂળિયાં સિંચાયાં છે. આંબેડકર વિચારધારાથી પણ પ્રથમ સંગ્રહની કાવ્ય રચનાઓમાં સામાજિક સુધારની પ્રક્રિયા અનુષંગે દલિત, પીડિત, ઉપેક્ષિત લોકોની સમસ્યાઓનાં કાવ્યબીજ બહુધા રેખાંકિત થયેલા જોવા મળે છે. વિવેચક શ્રી મધુકાન્ત કલ્પિતે નોંધ્યું છે કે 'માનવ સર્જિત આપદાઓને ધાર્મિક આધારો મળતાં દલિત પ્રજાના ભાગે હકૂમતશાહી જે વેઠવાની આવી. કવિ તેનું પુનરાવર્તન ઇચ્છતો નથી. એને તો નૂતન પરિવર્તન આણવું છે. સમતા, સમાનતા અને બંધુતાના ગીતો ગાતાં ગાતાં તંદુરસ્ત માનવ સમાજનું ઘડતર કરવાની એમની ખેવના છે. એટલે એ નવી છત્રછાયા તરફ ફંટાય છે.

'જખ્મોને
ખાતર-પાણી નાખનારા
દુઃખ દૈન્ય, દાસત્વ-લાદનારા
પ્રદેશ છોડીને
આવ્યા છીએ
એક બોધિવૃક્ષના નિર્જંતુક છાયા નીચે' (પૃ.૧૯)

જીવનના એક મંગલકારી, માનવીય રાહનું જૈવિય તત્વજ્ઞાન અહીં

અખિલાયપૂર્વક અભિવ્યકત થયું છે. એ સાથે જ બોધિવૃક્ષના નિર્જંતુક છાંયામાં આવી જાણે ઈશ્વરશાહીના અંતનો સુખદ વિરામ આપણને હળવાફૂલ બનાવી મૂકે છે.

રશ્મિન્ પટેલની 'શોધ' નવલકથાને લોહીના મૂળમાંથી ઉદ્ભવેલી 'સ્વ' શોધની મનોવૈજ્ઞાનિક કથા' તરીકે ઉપસી આવે છે. કથાનાયક કિશોરના મનોભાવ-જગતને પ્રત્યક્ષ કરી બતાવ્યું છે. વિવેચક કથાની આંતર-બાહ્ય ચિત્ત પ્રક્રિયાઓનું સૂક્ષ્મ અવલોકન કર્યું છે અને માનવમનની નાજુક સમસ્યા મનોવૈજ્ઞાનિક ઢબે માવજત પામી શકી છે.

વિવેચક તરીકે મધુકાન્ત કલ્પિતની દૃષ્ટિ કૃતિ વિવેચન કે પ્રત્યક્ષ વિવેચન, સમીક્ષા અવલોકન અને આસ્વાદ તરફ વિશેષ રહેલી છે. એમણે સૌથી વધુ કાવ્યકૃતિઓના કૃતિવિવેચનો કર્યા છે. એમના કૃતિ વિવેચનમાં એક લાક્ષણિક સાહિત્યિક અને સામાજિક વલણ દલિત સાહિત્ય જોવા મળે છે. મધુકાન્ત કલ્પિત ઉત્તમ વિવેચક તરીકે જોવા મળે છે. મધુકાન્ત કલ્પિતે મુખ્ય કાર્ય પ્રત્યક્ષ સાહિત્ય વિવેચનનું છે પરંતુ મધુકાન્તના કૃતિવિવેચનની સૌથી વધુ નોંધપાત્ર ને ઉત્તમ વિશેષતા તો કૃતિનું નિકટથી કરેલું વિવેચન છે. શબ્દ-વર્ણ-લય-છંદના સૌંદર્યને એમાં પ્રવર્તતા કવિકર્મને તેઓ ખૂબ ઝીણવટપૂર્વક તપાસતા હોય છે. 'અત્યાચાર થવા દો' શ્રી બબલદાસ ચાવડાના કાવ્યસંગ્રહમાં 'ઢ' ને કાંઈ નહી. 'ઢ' તરફ. થોડી મુખરતાને તપાસે છે. મધુકાન્ત કલ્પિત સામાજિક દલિત સાહિત્યને તપાસે છે. 'બરડ સંવેદનાઓનાં ખખડતાં પૃષ્ઠો વચ્ચે' ગુજરાતી દલિત સાહિત્યના અગ્ર સર્જક અને વિવેચકશ્રી ભી.ન.વણકરનો કાવ્યસંગ્રહ છે. જેને કવિ મધુકાન્ત કલ્પિત કાવ્યોના કેન્દ્રવર્તી ભાવને કાવ્યપંકિત દ્વારા સ્પષ્ટ કર્યો છે. એકાદ ઉદાહરણ જોઈએ.

'થોર પર તીતીઘોડાને
ખાઈ જતાં કાચિંડા
ડરાવી નહીં શકે કો' દિ..' (પૃ.૩૪)

અહીં લાચાર દલિતજીવનનું પ્રતીક થોર અને દલિત અસ્તિત્વ રૂપ તીતીઘોડા

સહજ તાદૃશ્ય થાય છે. તીતીઘોડાને ખાઈ જતા કાચિંડાની ક્રિયા સુધીનું શબ્દસાહચર્ય આપણને ઈતિહાસના એવા અધ્યાસો નજીક લાવી દે છે જ્યાંથી અત્યાચાર અન્યાયની બદબૂ સરળતાથી નાકવગી થાય. રંગ બદલતા કાચિંડાના રંગ અને ચાલથી અવગત થયેલા અમને તો વાચા ફૂટી છે. - લીલીકૂંજારવૃક્ષો ક્યારેય કયાં મૂંગા હોય છે ? આપણે એની ભાષા સમજીએ તો કેટલાક ગૂઢાર્થ આપણા કર્ણરંધ્રમાં ખોલી બતાવતાં હોય છે વૃક્ષ.

સવાઈ ગુજરાતી કકા કાલેલકરે ઠીક કહ્યું છે. ''પ્રત્યેક પરિસ્થિતિમાં પડેલું કાવ્ય ખોળી કાઢવું એ જ સર્જકતા છે.''[૩] રચનાઓમાં નિરૂપિત કાવ્યવસ્તુને ખોલી આપ્યું છે. આંબેડકર વિચારધારાને પુરસ્કૃત કરતી રચનાઓ પિતૃસ્મરણ, માતૃવંદના, દલિતહામી સ્વ. પરિક્ષિતલાલ, કડીકાંડ નર્મદાસ્તુતિ કે ટચુકડા હાઈકુ એમ વિવિધ સ્તરે કવિની કલમ વિચરી છે. સઘળા વિષયોમાં દલિત વિચાર કોઈને કોઈ રીતે મૂળમાં રહ્યો છે.

'અસ્મિતાદર્શી કાવ્યયાત્રાનું પગેરૂં' કવિશ્રી અરવિંદ વેગડાનો કાવ્યસંગ્રહ જેમાં ૬૫ રચનાઓમાં ગીત, ગઝલ અને બહુધા અછાંદસ રચનાઓ છે. એમાં ભૂખ, દુઃખ, હતાશા-નિરાશા, અસ્પૃશ્યતા, જાતિપ્રથા, વર્ણવ્યવસ્થા, ધાર્મિક વિટંબણા, અત્યાચાર, અનાચાર, હક્ક, અધિકાર, માનવીય મૂલ્યો, અસ્મિતાની શોધ અને આ સૌની વેદના વિષયક વિચારસામગ્રી કવિતાનું કારણ બની છે. સ્વાનુભૂતિનાં આ નાજુક સંવેદન સંગ્રહના ઉઘાડમાં આમ ઝિલાયા છે :

'ખીલવું છે તોય હવે ખીલીએ રે કેમ ?
અમે તૂટેલી ડાળખીનાં ફૂલ'' (પૃ.૪૧)[૪]

ખીલવું છે, મઘમઘાટ જીવતરની આશા છે, પણ એ સ્વપ્નને નિરાશાપૂર્વક, નિસાસાપૂર્વક અંતરના કો'ક ખૂણે ધરબી દેવું પડે છે. દલિત જીવન એવી ડાળખીનું ફૂલ છે જે ડાળખી તૂટેલી છે. માનવ સર્જિત વિષમતાઓની થપાટોએ આ ડાળખીને તોડી નાંખી છે. 'સાથરી', 'જળાશય', 'ગીધ', 'દુઃસ્વપ્ર',

'પગેરું' આપણને દલિતોની પૂર્વ અવસ્થાનું ધૂત્કારપૂર્ણ સ્મરણ કરાવે છે. 'ઠંડી જ્વાળા', 'સંઘર્ષ, ડૉ.બાબાસાહેબનું 'કોચલામાં રહીને કોઇ લડાઇ લડી શકાય નહીં' એ પૂર્વકથન યાદ આવી જાય છે અને દલિતો હવે કોચલું તોડી બહાર આવે એવી લાગણી સાથે સહભાગી થવાય છે. 'ધુમ્મસ' સાત ગીતોમાં કવિ દલિતોની સમસ્યાને નૈસર્ગિક રીતે વિચારને ભાતિગળ રૂપ આપવા મથામણ કરી છે. છ ગઝલ છે. શબ્દચિત્રો કલ્પનો પણ માણવા જેવાં છે. સંગ્રહમાં Myth નો વિનિયોગ પણ ધ્યાનાર્હ છે. રામ, શંબૂક, એકલવ્ય, કુંતી, ગાંધારી, પારાશર, દુ:શાસન જેવાં પૌરાણિક પાત્રો, આધુનિક અર્થસંદર્ભોથી રસાઈને પોતાનો વિશેષ પ્રગટાવે છે. કાવ્યના વિશેષો પણ સાદીને સરળ ભાષામાં જણાવ્યા છે.

લેખકે લબ્ધપ્રતિષ્ઠ  સમાજશાસ્ત્રીય વિદ્યુત જોષીના 'સાહિત્ય અને સમાજ' પુસ્તકની વિશદ કરી છે અને તે સાહિત્ય અને સમાજના સાહચર્યોનો સંવેદનશીલ ગ્રાફ' ગણાવે છે અને તેમાંથી 'સાહિત્યિક સમાજશાસ્ત્રીય દષ્ટિને પ્રશંસે છે. સૈધ્ધાંતિક સમજૂતીના વિભાગ-૧ ના પ્રથમ પ્રકરણમાં સાહિત્યના સમાજશાસ્ત્રના પરિચયની ભૂમિકાએ વોલ્ટર પેટરની 'કલા ખાતર કલા' અને કાર્લાઇલની 'જીવન માટે કલા' નો સાહિત્ય સંદર્ભો વૈચારિક તફાવતને લેખકે ઉપસાવી જોયો છે. બીજા પ્રકરણમાં સાહિત્યના સમાજશાસ્ત્રનાં મૂળ જાણવા વૈશ્વિક ધારાઓનું વિહંગાવલોકન કર્યું છે. ઓગણીસમી સદીના યુરોપમાં ઈશ્વરના સ્થાને માણસ આવ્યો, એથી સમાજ અને માનવવર્તનને માનવ-માનવ વચ્ચેના સંબંધોના પરિપેક્ષથી જોવાનું શરૂ થયું. આ વિચારણાને મેદમ દ. સેઈલ, કાર્લમાર્કસ, હર્બટ સ્પેન્સર, હિપ્પોલાઇટ ટ્રેઈન, આલ્બ્રેક વગેરેના અભ્યાસો અને વિચારણાના આધારે સમજાવ્યો છે. ત્રીજા પ્રકરણમાં માર્કસવાદી, અંગ્રેજી શાખા, જનવાદી, સંરચનાવાદી, અર્થઘટનવાદી તથા સમૂહ પ્રત્યાયનવાદી એમ છ અભિગમોની સૈધ્ધાંતિક ચર્ચા દ્વારા સાહિત્ય સર્જન અને સામાજિક ઢાંચાને વિગતવાર સમજાવે છે. પ્રકરણ ચારમાં ગુજરાતી સાહિત્યના સમય સંદર્ભની વિગતે વાત તેના પ્રશ્નો સમેત કરી

છે. ગુજરાતી સાહિત્યને પ્રાચીનયુગ, મધ્યયુગ અને આધુનિક યુગના સામાજિક પ્રવાહોથી સમયાંતરે ગુજરાતી સાહિત્ય ક્યારે, કેવી રીતે પ્રભાવિત થયું છે તેની તબક્કાવાર ચર્ચા કરી છે.

પ્રાચીન સાહિત્ય 'ગૌર્જર અપભ્રંશ'થી છેક લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય સુધી વિસ્તરેલું પડ્યું છે. સન ૧૪૫૦ થી ૧૮૫૦ ના મધ્યકાલીન સાહિત્ય યુગમાં સાહિત્યની કરવટ બદલાઈ છે. અંગ્રેજી શાસનના ઉદ્ભવ સાથે (૧૮૧૮) થી પંડિત યુગ, ગાંધીયુગ અને અનુગાંધીયુગમાં ભકિત-ધર્મ પરાયણતાના સ્થાને પંડિત યુગમાં સામાજિક-રાજકીય આંદોલનો, ઉદ્યોગ, વિજ્ઞાન-ટેકનોલોજીમાં થયેલ ક્રાંતિથી સાહિત્યની રૂખ બદલાઈ સાહિત્ય નવા રૂપ-રંગ-છંદ લઈ અવતર્યું. ગાંધીયુગમાં રાષ્ટ્રવાદી આંદોલનો અને ગાંધીવાદી જીવન પધ્ધતિના લીધે સામાજિક પાયાનો વિસ્તાર વધ્યો અનુગાંધી યુગમાં સામાજિક હેતુ વિલાયો. પાંચમા પ્રકરણમાં દલિત સાહિત્ય અને જૂથ સંદર્ભમાં અનુસંધાન જોડ્યું છે. માર્ક ગેલેન્ટરના નિર્દેશ મુજબ સૌ પ્રથમ સયાજીરાવ ગાયકવાડે 'ડિસ્પ્રેસ્ડ ક્લાસીસ મીશન' સમક્ષ અઢાર ઓકટોબર-૧૯૦૯ ના દિવસે કરેલી નોંધમાં અસ્પૃશ્ય શબ્દ વાપર્યો હતો. ભાવવાચક શબ્દનો ઉલ્લેખ સૌપ્રથમ મહારાજાના આશ્રિત એસ.વી.કેતકરે જ્ઞાનનો ઈતિહાસ પુસ્તકમાં કર્યો છે.

દલિત સાહિત્યની વ્યાખ્યા ડૉ.વાનખેડે નોંધી છે. 'દલિત લેખકો દ્વારા, દલિતોના વિષયમાં લખાયેલ ક્ષોભકારી, વિદ્રોહકારી સાહિત્ય એટલે 'દલિત સાહિત્ય' મધુકાન્ત લખે છે. 'દલિત, પીડિત, શોષિત, ઉપેક્ષિત, જનસમૂહની સંવેદનાત્મક અનુભુતિની કલાત્મક અભિવ્યકિત એટલે દલિત સાહિત્ય. દલિત સાહિત્ય પચ્ચીસેક વર્ષના સમયકાળમાં મુખ્ય પ્રવાહને પાતળો બનાવી મૂકે તેવા સત્વશીલ ફાલ સાથે હરણફાળ ભરી શક્યું છે.

છઠ્ઠું પ્રકરણ લોકસાહિત્ય અને લોકસમાજ સંદર્ભે છે. ગુજરાતમાં તળગુજરાત, આદીવાદી પટ્ટી અને સૌરાષ્ટ્ર-કચ્છ વિભાગોમાં વિભાજીત થાય છે.

જંગલો, ડુંગરો, ગીતો, હાલરડાં, મેળાં, સાંસ્કૃતિક ઉત્સવો, ઉખાણાં, મરસિયા, કથા, વાર્તાઓ, દંતકથાઓ, લોકગીતો, એમની આગવી સંસ્કૃતિની પિછાન છે. સૌરાષ્ટ્ર-કચ્છનો લોકસમાજ સ્તરીભૂત થયેલો છે. ત્યાંના રજવાડાં, ખેડૂતપરના અત્યાચારો-જૂલમો લોકગીતોમાં જીવે છે. આમ લોકસાહિત્ય વિશે લોકકિત, લોકકવિતા, લોકવાર્તાઓ રૂપે વહેંચાયેલુ છે. લોકવિદ્યાઓ લોકોની જીવન પદ્ધતિ અને સંસ્કૃતિના તળમાંથી નીપજી આવી છે. તે ત્રણ સ્વરૂપે વિકસે છે. કલા માન્યતા અને વિધિ વિધાન લોકસાહિત્ય, લોકોકિત, લોક કવિતા, લોકવાર્તાઓ અને લોકનાટ્યો-રૂપે વહેંચાયેલું છે. એમની માન્યતાના ક્ષેત્રમાં વિશ્વાસ, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, ભૂત, ડાકણ, લોક-પરલોકનો સમાવેશ થાય છે. લોકસાહિત્યમાં ગીત, સંગીત, નૃત્ય જેવા સાહચર્યો જોવા મળે છે. લોકગીત, લોકગાથા, લોકનાટ્ય અને લોકકિત સ્વરૂપે લોકજીવનની નાડમાં શ્વસે છે.

સાતમા પ્રકરણમાં ગાંધી, રાષ્ટ્રવાદી આંદોલન અને તેથી પ્રેરિત સાહિત્યની વાત થઈ છે. ગુજરાતમાં પણ 'સુધારાનો નાદ' સંભળાયો અને 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે' માં બુલંદી પામ્યો. ગાંધીજીના મૌલિક ચિંતન સ્વરૂપે ગાંધીવાદ કે ગાંધીવિચાર શૈલી વિકસી. સાહિત્ય અને નવા સમાજની તેના સાદગીભર્યા સ્ફટીક જેવી વાસ્તવિકતા સમેતનું અને સમતા, સમાનતા, બંધુતા, સત્ય, અહિંસાથી પ્રેરિત દલિત-પીડિત વર્જિતોનું સ્ત્રીઓ-ઉપેક્ષિતોનું સાહિત્ય લખાવા લાગ્યું. આઠમા પ્રકરણમાં ગુજરાતની સાહિત્ય અને એમાં સ્ત્રીના દરજ્જાની વિગતે વાત કરી છે. નવમા પ્રકરણમાં ક.મા.મુનશીને એમના સાહિત્ય સંદર્ભે સર્જક તરીકે મૂલવી જોયા છે. સાહિત્યનું સમાજશાસ્ત્ર સાહિત્યને સામાજિક સંદર્ભે તપાસે છે. એવી રીતે મૂલવી શકાય તેનું ઉત્તમ નિદર્શન અહીં સાંપડે છે. દશમા પ્રકરણમાં એક સર્જકની મથામણને નિરૂપે છે. 'સરસતી સરસતી તું મોરી મા' ના સર્જનપૂર્વે જે વિચારબીજ લેખકના મનમાં સ્પષ્ટ હતું તેને સાહિત્ય સ્વરૂપમાં ઢાળવાનો પ્રયત્ન કર્યો. અગિયારમા પ્રકરણમાં લેખકની કૃતિને પણ સામાજિક સંદર્ભે મૂલવી શકાય. પંડિત યુગના

શિરમોર સાહિત્યકાર ગો.મા.ત્રિપાઠીની 'સ્ક્રેપ બુકસ' છે. ડાયરી પ્રકારનું લેખન છે. સામાજિક સંદર્ભથી મૂલવે છે. રોજના બનાવો સામે પોતાના વિચારો, નિરીક્ષણો, પ્રતિભાવો, પ્રતિક્રિયા રૂપે આવે છે. એમાં ધાર્મિક વિભાવના, માનવ અસ્તિત્વપરક વિચારણા, અનેકાધિક પ્રશ્નો સાથેનું કૌટુંબિક જીવન રસપ્રદ છે. બે ભિન્ન સંસ્કૃતિઓ વચ્ચેનું દ્વંદ્વ પંડિત યુગની સામાજિક સ્થિતિઓને અનુસંધાને પામી શકાય છે. હિંદુ સમાજના અવિભકત કુટુંબના વડાની ભૂમિકા અર્પિત કરેલી હતી પણ એ 'અર્પિત' માંથી 'અર્ચિત' વચ્ચે તાણ અનુભવે છે. બારમા પ્રકરણમાં ગુજરાતી ભાષા-સાહિત્ય ભાવકવર્ગની વાત થયેલ છે. એના મહાત્મ્યને સ્વીકારીને અહીં લોકોને-ભાવક વર્ગના લોકોથી જુદા સંબંધો વડે વિચારી જોયા છે. ગુજરાતી સાહિત્યના દ્વારપાલોની વિગતે વાત આપી છે. તેરમા અને છેલ્લા પ્રકરણમાં આ બધા પ્રકરણમાંથી 'સાહિત્ય અને સમાજના સાહચર્યોની સંવેદનશીલ ગ્રાફ ગણાવે છે અને તેમાંથી સાહિત્યિક સમાજશાસ્ત્રીય દષ્ટિને પ્રશંસે છે.

કવિ એ.કે. ડોડિયાના દલિત કાવ્યસંગ્રહ 'ઝંખનામાં સૂર્ય' ને તે 'લોહીમાં ફરતી પીડાના સૂર્ય ટહુકા' કહીને નવાજે છે, અને તેમની દલિત વ્યથાત્મક ગઝલોને આવકારે છે. દલિત સાહિત્યકાર શ્રી ભી.ન.વણકરે તેમના કાવ્યસર્જનને સાંપ્રતજીવન અને સામાજિક અસમાનતાના સ્વાનુભવની નીપજરૂપ ગણાવેલું સન્ ૨૦૦૩ માં 'મસીહા' કાવ્યસંગ્રહમાં ડૉ.આંબેડકરની વિચારધારાને જ પ્રગટાવતો ભાવોદ્રેક હતો. 'ઝંખનામાં સૂર્ય' (એ.કે.ડોડિયા) માંના કાવ્યોને ચકાસવા પરિશ્રમ કર્યો જણાય છે. કવિની ૪૫ ગઝલ, ૧૫ નઝમ, ૫ મુક્તક, ૪ અછાંદસ અને ૨ ગેય રચનાઓ છે. ૨૬ જેટલી ગઝલો રમલમાં, બાકીની રજઝ, હજઝ અને મુતકારિબ બહરોમાં ઢાળેલી છે. ગઝલોના અર્થ મૂળે અરબી, ફારસી અને ઉર્દૂમાંની પ્રેમની જબાનનો સંસ્કાર મનમાં બેઠો થાય. સંગ્રહની પ્રથમ ગઝલનો મત્લા શેઅર છે -

'એક શમણું એટલું પગભર થયું
આપમેળે ચાલવા તત્પર બન્યું.'

'કવિ રમેશ પારેખનો એક શેઅર યાદ આવે છે -

એક પુસ્તકમાં છે, એક મસ્તકમાં છે

એમ અંધારું બે વાર છે દોસ્તો' (પૃ.૬૩)

આધુનિક રસબોધ કરાવતી ગુજરાતી ગઝલથી કંઈક ભિન્ન રીતે, વિશેષ તો સામાજિક સંદર્ભોમાં નાજુક બારીક મનોસંચલનો કલાત્મક વિનિયોગથી પુરસ્કૃત થયો છે. દલિત સાહિત્યના અગ્રણી સર્જક-વિવેચક હરીશ મંગલમના વિવેચન સંગ્રહ 'એકવચન' નું પણ સવિગત વિવેચન કર્યું છે. તે એ પુસ્તકને 'દલિત ચેતનાનું સત્યબોધક એકવચન' કહી પ્રશંસે છે. તે યથાર્થ છે. 'એકવચન' નો વ્યાકરણગત અર્થ આપે છે. દલિત સાહિત્યની સમીક્ષા કરતા ૧૯ લેખોનું મૂલ્યાંકન દલિત સાહિત્યની કૃતિઓનાં સમીક્ષાત્મક અવલોકનો આપ્યાં છે. હરીશ મંગલમની મર્મધર્મ કથ્ય-તથ્યની અભ્યાસપૂર્ણ બારીક તપાસ, નિર્ભયતા, તટસ્થતાને નવ્ય વૈચારિકતાને તેમણે અભિનંદી છે તે યોગ્ય છે. 'અગનઝાળના કુળમૂળની સંઘર્ષકથા' 'અગનઝાળ' નું સુભગ અવલોકન કર્યું છે. એના નાવીન્યસભર કથાવસ્તુને વર્ણવી એનાં કલાત્મક પરિમાણોની સુયોગ્ય ચર્ચા અને પ્રશંસા કરી છે.

દલિત કવિ પથિક પરમારની 'કઉ છું ગાંડા કાઢ મા' કાવ્યકૃતિનું રસદર્શન કરાવ્યું છે. તેમાં 'રોષભરી મનઃ સ્થિતિનું સેન્દ્રિય ચિત્રાંકન' અને ગેયતાને પુરસ્કાર્યા છે. મધુકાન્ત કલ્પિતે અન્ય કવિઓ, વાર્તાકારો, નવલકથાકારો ને વિવેચકોનો અને તેમની કૃતિઓનો પરિચય સાથે આત્મ-પરિચયનો ઉપક્રમ પણ રાખ્યો છે. 'પ્રત્યક્ષ' વિવેચનની પ્રસ્તાવના હરીશ મંગલમ અવલોકે છે. પરિશિષ્ટ-૩ છે જેમાં શ્વાસોચ્છવાસના સર્જક મધુકાન્ત કલ્પિત સાથે થોડીક પળો રમેશ દેવમણિએ આ શીર્ષકમાં લખ્યું છે. વિવેચકશ્રી રાધેશ્યામ શર્માએ એમને 'ગુજરાતી ગાળોના ગાલિબ' કહીને એમના કવિત્વને નવાજ્યા છે. સદુભાઈ શાહની પ્રશ્નોત્તરી છે, જે મધુકાન્ત કલ્પિતનો આવશ્યકતા કરતાં વિશેષ પરિચય આપવા પર્યાપ્ત છે. મધુકાન્તનો માણસ અને વિવેચક-સાહિત્યકાર તરીકેનો અહીં સુભગ પરિચય થાય છે.

રાધેશ્યામ શર્માએ એમને જે ગાળના ગાલિબને સફળતાપૂર્વક ગીતમાં ગૂંથી દેવાના કલાકસબને કારણે એમને 'ગુજરાતી ગાળોના ગાલિબ' કહ્યા છે.

મધુકાન્ત કલ્પિતની દલિત જીવન અને સાહિત્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા 'પ્રત્યક્ષ' ને પાને પાને દેખાય છે. એ દલિત જીવન, દલિત આંદોલન, અનામત આંદોલન ને દલિત સાહિત્ય આંદોલનના પરિપ્રેક્ષ્યમાં કવિતા કરે છે તેમ વિવેચન પણ કરે છે. માત્ર કૃતિનિષ્ઠ વિવેચન નથી. સામાજિક અને ચરિત્રાત્મક અવલોકન પણ છે પણ એમની દૃષ્ટિ માત્ર દલિતલક્ષી જ નથી, કાવ્યતત્વલક્ષી છે. દલિત અને લલિત ઉભય દૃષ્ટિએ અવલોકન કરે છે અને જેમ ગુણ મધૂકર નવલરામની જેમ ગુણ મધુકર હોવા સાથે કર્તાને સૂચન પણ કરે છે. 'પ્રત્યક્ષ' પુસ્તકમાં એમનો વિષયભૂત કૃતિઓનો તેમજ દલિત સાહિત્યનો તથા સમગ્ર સાહિત્ય અને કાવ્યશાસ્ત્રનો અભ્યાસ પણ પ્રત્યક્ષ થાય છે એ ભલે કવિ સર્જક તરીકે ભાવોદ્રેક રંગદર્શિતા ને વાસ્તવિકતાના માણસ હોય. વિવેચક તરીકે સ્વસ્થ અને શિષ્ટ છે.

અવલોકન-લેખનાં શીર્ષકો સાર્થક અને સૂચક છે. અવલોકન, વિવેચન, અધ્યયન, વિવરણ ને મૂલ્યાંકન દેખાય છે. ગ્રંથસમીક્ષા સમ્યક્ છે. કૃતિ વિશે સામાજિક ભૂમિકાની વધુ વિગતો રાખવા જેવી ખરી. વિવેચનની પરિભાષા-ભાષાશૈલી ઉપર સારી પકડ જણાય છે. અવલોકનોમાં લેખકની પરિપક્વતા પ્રકટ થાય છે. હંમેશા વિવેચનનું વિવેચન અઘરું છે, તેમ છતાંય જરૂર જણાય ત્યાં મધુકાન્ત કલ્પિતે પોતાનો અવાજ વિના સંકોચે રજૂ કર્યો છે.

આમ, સમગ્ર રીતે 'પ્રત્યક્ષ' ના લેખો જોતાં, તપાસતાં એમાંથી સ્ફૂટ થતું દલિત સાહિત્યિક આંદોલનને એક ધક્કો આગળ ધપાવવાનું સમયસરનું કાર્ય કરે છે. દલિત સાહિત્ય-વિવેચનમાં ગણનાપાત્ર સંગ્રહ એટલે પ્રત્યક્ષ.

# :: પાદટીપ ::

૧. ‘પ્રત્યક્ષ’ લે. મધુકાન્ત કલ્પિત, પૃ.૧

૨. એજન, પૃ.૧૨

૩. એજન, પૃ.૧૯

૪. એજન, પૃ.૪૧

# પ્રકરણ-૪

# મધુકાન્ત કલ્પિતનું અન્ય પ્રદાન

- ❖ વાર્તાકાર મધુકાન્ત કલ્પિત
- ❖ 'કુળકથા' વાર્તા
- ❖ 'હુતાશન' વાર્તા
- ❖ 'લાખું' વાર્તાની કથાવસ્તુ
- ❖ 'માણસ બની ગયો' વાર્તા
- ❖ 'મનજી' વાર્તા
- ❖ મધુકાન્ત કલ્પિના રેખાચિત્રો
- ❖ 'મા જૂજવા રૂપે'
- ❖ 'મધુકાન્ત કલ્પિતનું ફૂમતું'
- ❖ લઘુનવલકથા
    - ⇨ 'તમને ક્યાંક જોયાનું યાદ' નવલકથા
- ❖ પાદટીપ

# પ્રકરણ-૪
# મધુકાન્ત કલ્પિતનું અન્ય પ્રદાન

## ❖ વાર્તાકાર મધુકાન્ત કલ્પિત :

ગુજરાતી સાહિત્યમાં મધુકાન્ત કલ્પિત વાર્તાકાર તરીકે પણ ઓળખાય છે. ગ્રામ્યજીવન, નગરસંસ્કૃતિ, લોકજીવન, જુદા જુદા વ્યકિતઓ અને વિશાળ વિશ્વનો બહોળા અનુભવ હોવાના કારણે એમની વાર્તાઓમાં રચનારીતિનું વૈવિધ્ય સારા પ્રમાણમાં છે. પણ વાર્તામાં કેન્દ્રવર્તી તત્વ છે. દલિતનું સંવેદન, સામાજિક ઘટના તત્વ, અસ્તિત્વની શોધ વાર્તાઓમાં જોવા મળે છે. તળપદી તેમજ શિષ્ટ ભાષાનું સૌંદર્ય જુદી જુદી વાર્તાઓમાં અનુભવાય છે. એમની વાર્તાઓ જેવી કે 'અધૂરો પુલ', 'લાખું', 'હુતાશન', 'કુળકથા'.

'અધૂરોપુલ' તૂટતા જતા સંબંધ સેતુની વાર્તા, સ્વ-માનમાં જ વિસ્તરવાનો કળાત્મક સંદેશ લઈ આવતી વાર્તા છે. દલિત વાર્તાની કથાવસ્તુમાં દલિતચેતના ધ્યાનપાત્ર જોવા મળે છે. આ વાર્તામાં શોષણના પરિણામે મૃત્યુ પામેલી એક ગરીબ સ્ત્રીના પુત્રની મનોસંવેદનાઓનો સંકુલ સંસાર લેખકે આ વાર્તામાં રજૂ કર્યો છે. જે બિંદુઓથી આ વાર્તા શરૂ થાય છે, લગભગ એવા જ કોઈ બિંદુ પર તેનો અંત આવે છે. સ્થૂળ રીતે જોઈએ તો વાર્તા નાયક નવા બંધાઈ રહેલા પુલના એક છેડેથી બીજા છેડા સુધી પહોંચે છે. બીજા છેડે પુલનું બાંધકામ ચાલી રહ્યું છે, એટલે તે 'અધૂરો પુલ' છે. પુલનો એક છેડો એ વાર્તાનું આરંભબિંદુ છે અને અધૂરા બાંધકામવાળો બીજો છેડો, તે વાર્તાનું અંત્ય બિંદુ છે. આવા બે છેડા વચ્ચે થયેલા સ્થૂળ પ્રવાસની સમાંતરે વાર્તાનાયકે પોતાનું વીતક કહ્યું છે.

વાર્તામાં સવર્ણશેઠ અને મજૂરણ વચ્ચેના અનૈતિક સંબંધની રચના કેન્દ્રસ્થાને છે. વળી શેઠની જાતીયવૃત્તિનું સૂચન મળી રહે એવા ઓબ્જેક્ટિવ

કોરિલેટિવ્ઝ પણ વાર્તામાં પ્રયોજાયા છે જેમ કે,

''ગડૂડૂડૂ અવાજમાં સામે બંધાતા નવા પુલનું અધૂરું બાંધકામ થરકતું હતું. થરકી થરકીને હિલ્લોળાતું હતું. છોકરીઓ છાતી હિલ્લોળતી, આંખો ઉલાળતી પસાર થઈ ગઈ. અધૂરા બાંધકામવાળા પુલ જેવી છોકરીઓ.[૧] (પૃ.૮૨)

વર્ણભેદ અને વર્ગભેદ જેવા સામાજિક વ્યવધાનોના બહાને નાયકની માતાની સાથે શેઠે લગ્ન કર્યું નથી પણ તેના દેહનો ઉપભોગ કરવામાં શેઠને આવું કોઈ વ્યવધાન નડતું નથી. ગરીબ અને લાચાર સ્ત્રીના દેહને વર્ષો પર્યંત ભોગવતા રહી પોતાની દૈહિક ભૂખ સંતોષતા રહેલા શેઠ આ સ્ત્રી અને તેના પુત્રના પેટની ભૂખ સમાવવા માટે પ્રસંગોપાત ધન આપતા રહે છે. સતત મજૂરી, માનસિક-શારીરિક શોષણ, અપૂરતું પોષણ તેમજ આત્મગ્લાનિને કારણે આ સ્ત્રીના જીવનનો અકાળે અંત આવે છે. તે ઘટના મુખ્ય બે પ્રત્યાઘાતોને જન્મ આપે છે.

(૧) શેઠ મૃત સ્ત્રીના સ્થાને તેના પુત્રને નોકરી આપવા પોતાની ઓફિસે બોલાવે છે.

(૨) શેઠ પ્રત્યે અને સમગ્ર સમાજવ્યવસ્થા પ્રત્યે વાર્તાનાયકના મનમાં અત્યંત તિરસ્કાર જન્મે છે.

આ વાર્તાના મુખ્ય પાત્ર વાર્તાનાયક, તેની માતા અને શેઠ - આ ત્રણ પાત્રો વાર્તાના કેન્દ્રમાં છે. વાર્તાનાયકે એક પણ પાત્રના નામનો ક્યાંય ઉલ્લેખ કર્યો નથી એ પણ સૂચક છે. 'અધૂરો પુલ' એ શેઠ અને વાર્તાનાયકની માતા વચ્ચેના નામ તથા અર્થ વગરના સંબંધનું પ્રતીક છે. માતાના મૃત્યુ બાદ પુલના એક છેડેથી નીકળી વાર્તાનાયક જ્યાં શેઠની ઓફિસ આવેલી છે એવા પુલના બીજા છેડા તરફ જાય છે. શેઠની ઓફિસ સુધી પહોંચ્યા પછી પણ કોઈ અગમ્ય પ્રેરણાથી દોરવાઈને શેઠને મળ્યા

વગર પાછો ફરી જાય છે. વાર્તાનાયક અને શેઠ વચ્ચે સંબંધનો સેતુ સ્થપાઈ શકતો નથી અથવા એમને જોડી રાખનારો પુલ અધૂરો રહી ગયો છે અર્થાત્ નાયકની માતા મૃત્યુ પામી છે. 'અધૂરો પુલ' આવા બે સંકેતોનો નિર્દેશ કરે છે. શેઠની ઓફિસ સુધી જઈને પણ એમને મળ્યા વગર પાછો ફરતો નાયક પોતાની એવી ચેષ્ટાનું મનોમન વિશ્લેષણ કરીને એક સ્પષ્ટ નિષ્કર્ષ પર આવે છે.

''મા નથી. એની અવેજીમાં નોકરી હતી. આ અવેજીમાં નોકરી હતી. આ અવેજીએ પણ ઘૃણા પ્રગટાવી હતી. મા જીવેલી એમાં નથી વિસ્તરવું હવે...''[૨]

વાર્તાનું પ્રયોજન આ જ છે કે વાર્તાલેખકે અરૂઢ કલ્પનો અને પ્રતીકોથી સભર એવી ગદ્યરીતિ અપનાવી છે. કોઈ એક મોટી ઘટનાને કથનકેન્દ્ર તરીકે અપનાવવાને બદલે લેખકે નાયકચિત્તના સૂક્ષ્માતિસૂક્ષ્મ સંચરણોને બાહ્ય પરિવેશના વર્ણનો અને નાયકના વેધક ઉદ્‌ગારો વડે અશેષપણે અભિવ્યકત કરવાની મથામણ કરી છે.

વાર્તાકથન માટે પણ લેખકે આધુનિક યોજના કરી છે. પ્રારંભમાં નીચેનો ફકરો મૂકવામાં આવ્યો છે :

''અધૂરો બાંધકામવાળા પુલના છેડેથી કશુંક તૂટી પડ્યું હતું. મજૂરો ભેગા થયા હતા, બૂમો પાડતા હતા, ઘોંઘાટ કરતા હતા, વિધ અને વિચિત્ર અવાજો પેદા થતા હતા. અવાજના આંદોલનોને પ્રતિકારતો હું ઝડપથી ચાલવા લાગ્યો.''[૩]

અંતમાં પણ અણધાર્યું કશુંક તૂટી પડ્યાના અવાજનો ઉલ્લેખ આવે છે :

''હું એકદમ ચોંકી ઊઠ્યો. સડેડાટ સપાટી પર આવ્યો. ચારે બાજુ નજર ફેરવી.

બધું જ યથાવત્ હતું.

તો પછી કશુંક તૂટી પડ્યું હોય એવો ભયંકર અવાજ ક્યાંથી આવ્યો?

મેં ડોકિયું કરી, ફરી મારી અંદર જોયું...''[૪]

વાર્તાની શરૂઆતમાં અને અંતમાં, એમ બે વખત કશુંક તૂટી પડયાનો નાયકને આભાસ થાય છે, એમાં બે અનુબંધ તૂટી ગયાની પ્રતીતિનું સૂચન કળી શકાય છે. માતાનું મૃત્યુ થતાં તેનો શેઠ સાથેનો અનુબંધ સમાપ્ત થઈ જાય છે. સાથોસાથ શેઠ સાથેનો વાર્તાનાયકનો અનુબંધ વાર્તાના અંતમાં સમાપ્ત થાય છે. વાર્તાનાયકે પોતાની પ્રતીતિને એક ઠેકાણે મુખરતાપૂર્વક વ્યકત કરી છે.

''શેઠ પર મને અપાર ફિટકાર છૂટયો હતો. હવે લાગે છે કે શેઠ મા સાથે લગ્ન કરી શક્યા હોત અને મા જીવતી હોત !''[૫]

વાર્તાનાયકને શેઠની ખંધાઈ ભરેલી વર્તણૂકનું પણ સ્મરણ થાય છે. જેમ કે - ''નિશાળમાં છોકરું ભણાવતા હોય એમ શેઠ મને રૂઢિગત સમાજરચના સામે માણસ કેવો લાચાર હોય છે એવું બધું સમજાવતા. ક્યારેક માનવજીવનની જાતિગત ગોઠવણનો મહિમા કરતાં કરતાં ગુલતાન થઈ જતા ત્યારે એ બધું ઠીક લાગેલું.''

ભૂતકાળમાં શેઠે આપેલી સમજૂતીઓનું નાયકના ચિત્ત સાંપ્રતમાં સ્વીકારી શકતું નથી. એ પોતાની અસહમતિ સ્પષ્ટતાપૂર્વક પ્રગટ કરે છે :

''હવે થાય છે કે મા કોઈ સારા ઘરની હોત, કાશ.. મા મજૂરણ હતી એટલે મરી ગઈ.''[૬] વાર્તાનાયકનો જન્મ શેઠ અને મજૂરણ સ્ત્રીના સંબંધનું પરિણામ હશે એવું એક સ્થળે સ્પષ્ટ સૂચન મળે છે. જેમ કે - ''લોહીની પાતળી દીવાલ ચીરીને શેઠે મારામાં પાસું ફર્યા. હું ઘડીભર હાલકડોલક થઈ ઊઠયો. સમતુલા જળવાતાં થોડીવાર લાગી. મા મરી ગઈ

ત્યારે અંત્યેષ્ઠિનો સઘળો ખર્ચ શેઠ આપી ગયા હતા.'' વાર્તાનાયક તેની માતા અને શેઠ પરસ્પર કયા સંબંધે જોડાયેલા છે, એ વિશે વાર્તાનાયકના ચિત્તમાં અને વાર્તામાં ઠીકઠીક સસ્પેન્સ જળવાયું છે. એમાં વાર્તાકારની કુનેહ રહેલી છે. વાચક આ વાર્તામાંથી પસાર થાય ત્યારે વાર્તાનાયકની જેમ આંશિક ગુંગળામણ અનુભવી શકે એ માટે ધુમાડા જેવા પ્રતીકનો લેખકે અસરકારક ઉપયોગ કર્યો છે. વાર્તામાં ચાર વખત ધુમાડાનો ઉલ્લેખ થયો છે પણ દરેક તબક્કે તેની જુદી જુદી અવસ્થા રજૂ કરીને લેખકે સ્થગિતતાને કુનેહપૂર્વક નિવારી છે જેમ કે -

(૧) ઝૂંપડામાંથી ધુમાડો નીકળતો હતો. પવન પડી ગયો હતો એટલે ધૂણી ગોટાતી હતી.

(૨) પવન હતો, એટલે ઝૂંપડાના માથા પરથી ધુમાડો બેવડ વળીને ઝડપથી ઊંચે ચડતો હતો.

(૩) દૂર ધુમાડો ઊંચે ચડવાની કોશિશ કરતો હતો.

(૪) ધુમાડો ઊંચે ચડી, અવકાશમાં એક ડાઘ બની સ્થિર થઈ ગયો હતો.

ધુમાડાની જેમ જ વાર્તામાં ત્રણ વખત સપાટી, તળિયું અને તરવાની ક્રિયાના ઉલ્લેખો આવે છે. સપાટી પર કશુંક તરતું હતું. માનું શબ તરતું હશે ? એ વેદના તરતી હતી ? સપાટી પર આ બધું આણુશુદ્ધ તરતું હતું. ધીરેધીરે મારામાં વજન વધતું હતું અને હું ઊંડે ઊંડે સરતો જતો હતો. વાર્તાનાયકે અનુભવેલા ત્રાસના સંવેદનને ભાવક સુધી પહોંચાડવા માટે આ લેખકે પણ આલ્બેર કામૂની નવલકથા 'આઉટ સાઈડર' ની જેમ તડકાના આકરા તાપનો ઉલ્લેખ એકાધિક વખત કર્યો છે. લેખકે પ્રસ્તુત વાર્તામાં દલિતોના દર્દનું સમભાવપૂર્ણ આલેખન છે. વાર્તાકાર તટસ્થ છે. ક્યાંય આવેશ નથી, આક્રોશ નથી. શોષકો પ્રત્યે તિરસ્કાર નથી છતાં વાચકના હૃદયને આ વાર્તાઓ સહજ સ્પર્શ્યા સિવાય રહેતી નથી. મોહન પરમારની

'નકલંક' વાર્તા આ પ્રકારની ગણી શકાય. વાર્તામાં જાતિગત અસમાનતાની સમસ્યા ઊપસી આવે છે. લેખકનું ભાષાકર્મ નોંધપાત્ર છે. કાવ્યમય ભાષાભિવ્યકિત આસ્વાદ્ય બની રહે છે. શેઠ અને મા વચ્ચેનો સંબંધ એ સમાજમાં માન્યો ના હોવાથી અહીં જાતિગત ભેદભાવ જોવા મળે છે. વર્ણવ્યવસ્થાનો ભેદ હોવાથી મા સાથે લગ્ન કરતા નથી. આ વાર્તા પરથી સંદેશ એટલો જ મળે છે કે જાતિ, વર્ણવ્યવસ્થા, ભેદભાવોના કારણે થતા અત્યાચાર, શોષણને હટાવો. જેથી કરીને બીજી મા કે વ્યકિતનું મૃત્યુ ના થાય. લેખકની આ વાર્તાને શ્રી કે.એમ.શરિફે ૧૯૯૪ ના 'ઇન્ડીયન લિટરેચર' માં 'ધી અન્ફિનિશ્ડ બ્રિજ' શીર્ષકથી સંપાદકે રૂબરૂ મળી અંગ્રેજીમાં અનુવાદ કર્યુ હતું. આમ વાર્તાના અંતમાં પણ પુલના સંદર્ભમાં રજૂ કરેલા એક વિધાનમાં સમગ્ર વાર્તાનો ધ્વનિ પ્રતિબિંબિત થાય છે. ''છેક તળિયે સ્થિર થઇ હું ઊભો રહ્યો હતો અને સામે જ હું દેખાયો. મને પસાર કરવા માટે હું પુલ બાંધવામાં મશગૂલ હતો. વાર્તામાં દલિત ચેતનાની વાર્તા તો છે જ પણ એ ચુસ્ત અને કલાત્મક વાર્તા છે. વાર્તાનું શીર્ષક યથાર્થ છે. શીર્ષકમાં એમની સૂઝ, કલ્પનાશકિત, વિચારશીલતા અને સર્જનાત્મકતાનો પરિચય મળે છે. વાર્તાનું શીર્ષક સાવ સામાન્ય કક્ષાના નથી પરંતુ પાત્રોની જીવનસ્થિતિ કથયિત્વ, પરિવેશ અને વર્ણ્યવિષયને આધારિત છે. વાર્તાનું શીર્ષક વ્યંજનાપૂર્ણ, પ્રતીકાત્મક, આકર્ષક અને વાર્તાના હાર્દને પ્રગટ કરનારું છે.

આમ, આ વાર્તાકારે પોતાની આસપાસ જીવાતા જતા જીવનમાંથી ઘટના-પ્રસંગો લઈને તેની ટૂંકી વાર્તામાં માવજત કરી છે. માનવમનમાં બાઝી રહેલી કુંઠાઓ, વિચારોને એઓ વાર્તારૂપ આપે છે. આ વાર્તાકાર સંવેદન કે વિચારને પોતાને અભિપ્રેત બિંદુ સુધી લઈ જાય છે અને વાચક-ભાવકને એમાં પૂરેપૂરો રસ લેતાં કરે છે. એને જ એમની વાર્તા-રચનાની

સૌથી મોટી સિદ્ધિ ગણાવી શકાય. અંતે 'અધૂરો પુલ' વાર્તામાં ઉજળિયાત શેઠ અને મજૂરણ વચ્ચેનો અવૈદ્ય સંબંધની ઘટના કેન્દ્રમાં છે. વાર્તાનો નાયક પોતાની માની પ્રિયતમ પાસે જવા નીકળે છે. પુલનું બાધકામ ચાલુ છે પણ નભકે અને અનૌરસ પિતા વચ્ચે, સંબંધોનો સેતુ અધૂરો રહે છે. પ્રતીકાત્મક ભૂમિકાએ નિરૂપવાનો લેખકનો આશય સ્પષ્ટ થાય છે. એટલે જ તો કે.એમ.શેરિફ કહે છે :

The hero of the Madhukant Kalpit's unfinished bridge realises that all his attempt to build bridges to Hundutva are destined to Fail miserably

'અધૂરો પુલ' વાર્તા વિશે તુલસીભાઇ પટેલે પણ કહ્યું છે કે 'જેમાં દલિતોના દર્દનું સમભાવપૂર્ણ આલેખન છે. વાર્તાકાર તટસ્થ છે. ક્યાંય આવેશ નથી. આક્રોશ નથી. શોષકો પ્રત્યે તિરસ્કાર નથી છતાં વાચકના હૃદયને આ વાર્તાઓ સ્પશ્યો સિવાય રહેતી નથી. આ વાર્તાઓનું સહજ સૌંદર્ય વિશેષણો આકર્ષે છે. 'નકલંક' (મોહન પરમાર) વગેરે વાર્તાઓ આ પ્રકારની ગણી શકાય.

'અધૂરો પુલ' વિશે પથિક પરમાર કહે છે મધુકાન્ત કલ્પિતની 'અધૂરો પુલ' અને નરસિંહ પરમારની શિલ્પા, શીશામહલ, શંકર અને 'હું' વાર્તાના ઘટના કેટલેક અંશે લોપ થઈ છે પણ અલોપ થઈ નથી. આ ઉભય વાર્તાઓ નવી રચનારીતિને અનુસરે છે. 'અધૂરો પુલ' માં માના મૃત્યુ પછી એની અવેજીમાં શેઠ માના દીકરાને નોકરીએ રાખે છે. મા અને શેઠ વચ્ચેના સંબંધનો પુલ અધુરો રહી ગયો છે. એની પ્રતીતિ દીકરાનાં મનોગત સંવેદનો કરાવે છે. મા કઈ સારા ઘરમાં જન્મી હોત તો આ પુલ અધૂરો રહી ગયો ન હોત. મા મજૂરણ હતી એટલે મરી ગઈ. શેઠ મા સાથે લગ્ન કરી શક્યો હોત. તો મા જીવતી હોત એવું દીકરાને લાગે છે. કથા

નાયક, અધૂરા રહી ગયેલા પુલના તાણાવાણા સાધવા મથે છે. તેમાંથી અધૂરો પુલના કારણોમાં જાતિગત અસમાનતાની સમસ્યા ઊપસી આવે છે. આ વાર્તામાં લેખકનું ભાષાકર્મ નોંધપાત્ર છે. કાવ્યમય ભાષાભિવ્યકિત આસ્વાદ્ય બની રહે છે.' (ગુજરાતી દલિત વાર્તા : એક નવોન્મેષ, પૃ.૨૬૧)

"A Short story must be sociaty insignificant'

- વિજય શાસ્ત્રી

'અધૂરો પુલ' વાર્તા એમની 'દલિત વાર્તા : શેષ વિશેષમાં શ્રી હરીશ મંગલમે કહ્યું છે. 'મા' મરી ગઈ એમ કેટલીય મજૂર છોકરીઓ અને દલિત લેખક pool રચવા નિષ્ફળ પ્રયત્નો કરી રહ્યાં છે. એટલે જે તો સામે લટકી રહ્યો 'અધૂરો પુલ' કોયડા સમાન વર્ણ વ્યવસ્થાના પ્રશ્નને લેખકે ક્યાંય પણ બોલકા થયા સિવાય સૂક્ષ્મ રીતે છેડયો છે.''૧૦ (ગુજરાતી દલિત વાર્તા : દલિતવાર્તા શેષ વિશેષ : પૃ.૨૦૯) આ વાર્તા વિશે તુલસીભાઈ પટેલ અને મોહન પરમારે પણ પોતાના તટસ્થ અભિપ્રાયો વ્યકત કર્યા છે.

જોસેફ મેકવાન 'અધૂરો પુલ' માં મધુકાન્ત કલ્પિત વાર્તાને બોઝિલ બનતી અટકાવી નથી શકયા. આવી વાર્તાઓમાં પરિવેશ વ્યકિતનિષ્ઠ રહે છે. એ સમષ્ટિગત નથી બનતો પરિણામે પ્રભાવહીન બની જાય છે.

'જયંત ગાડિત' વાર્તાઓ પર બદલાયેલી વાર્તારીતિનો સ્પષ્ટ પ્રભાવ વર્તાય છે. 'અધૂરો પુલ' અને શિલ્પા, શીશમહલ, શંકરને 'હું' જેવી વાર્તાઓમાં ઘટનાક્રમ અવળસવળ થઈ જાય છે અને ઘટનાતત્વ કરતાં ચિત્તના અસંપ્રજ્ઞાત વ્યાપારો આલેખવા તરફ જ સર્જકનું લક્ષ કેન્દ્રિત થયેલું દેખાય છે.

રાધેશ્યામ શર્મા 'મધુકાન્ત કલ્પિતની અધૂરો પૂલ' 'કન્ટેન્ટલેસ

ફોર્મ'નો એક રૂપકાંકિત નમૂનો છે. જોરદાર કડાકો થતાં એ ક્યાંથી આવ્યો એમ થતાં નાયક પોતાની 'અંદર' જુવે છે. એવી ઈન્ટિરીયર ડિઝાઈન આઉટ ડોર સેટિંગ સાથે મેળમાં રહેનારી છે.

શિરીષ પંચાલ પણ કહે છે 'મધુકાન્ત કલ્પિતની 'અધૂરો પુલ' વાર્તા પણ સામાજિક વાસ્તવને ઓગળવા જાય છે. આ વાર્તામાં પણ ઉજળિયાત શેઠ અને મજૂરણ વચ્ચેના અવૈધ સંબંધની ઘટના કેન્દ્રમાં છે. વાર્તાનો નાયક પોતાની મા ના પ્રિયતમ પાસે જવા નીકળે છે. પુલનું બાંધકામ ચાલુ છે પણ નભકે અને અનૌરસ પિતા વચ્ચે સંબંધોનો સેતુ અધૂરો રહે છે. સેતુને પ્રતીકાત્મક ભૂમિકાએ નિરૂપવાનો લેખકનો આશય સ્પષ્ટ થાય છે. દશ્યો, ઘટનાઓને ઓગળી દેવાનો પ્રયત્ન નોંધપાત્ર હોવા છતાં એ બળકટ બનતી નથી.'

આમ 'અધૂરો પુલ' વાર્તામાં શેઠ અને મા વચ્ચેનો સંબંધ એ સમાજમાં માન્યો ન હોવાથી અહીં જાતિગત ભેદભાવ જોવા મળે છે. આ વર્ણવ્યવસ્થાનો ભેદ હોવાથી મા સાથે લગ્ન કરતા નથી. આ વાર્તાનો સંદેશ છે કે જાતિ, વર્ણવ્યવસ્થા, ભેદભાવોના કારણે થતા અત્યાચાર, શોષણને હટાવો જેથી કરીને બીજી મા કે વ્યકિતનું મૃત્યુ ના થાય. આમ વાર્તા 'અધૂરો પુલ' પૂર્ણ થાય છે.

### ❖ 'કુળકથા' વાર્તા :

મધુકાન્ત કલ્પિતના વાર્તા વિશ્વમાં એક જુદા જ પ્રકારના વર્ણ્ય વિષય ધરાવતી વાર્તા 'કુળકથા' છે. પ્રસ્તુત વાર્તામાં પરાપૂર્વથી ચાલ્યા આવતા જાતિભેદના રાક્ષસના અત્યાચારની કથા છે. વંચિત, પીડિત, દલિત જનસમૂહ માટે વિષમતાનો સ્વીકાર એ જાણે આપણી સંસ્કૃતિની રૂઢિગત દેન છે. આ સ્થિતિમાં કશો જ સામાજિક સુધાર રાતોરાત આવી શકે એમ નથી. આનું કારણ આ વિષમતા દલિતોને પેઢીગત વારસામાં મળે

છે. પ્રસ્તુત વાર્તામાં લેખકે કથાની આગળ 'મારી' વિશેષણ મૂકીને એમના કુળની કથા છે તે સૂચવી દીધું હોત. અલબત્ત પ્રસ્તુત વાર્તા લેખકના 'હું' ની નહિ પણ 'એમ' ની કથા છે. આ એમ કોણ છે ? વાર્તાકથક નવલિકાના આરંભમાં ત્રીજા ફકરામાં કહે છે : ''બોડા માથે ખણતા ખણતા ખૂંખારો ખાય પરાપૂર્વજોથી ચાલી આવતી વાતનો તંતુ સાંધવા આંખો ઝીણી કરે. બંડીનાં પતરાંના બટન ખુલી જતાં નોધારી છાતી પર ત્રાકેલો નાગ છતો થાય. આ 'નાગ' તે 'નાગવંશી' લોકો છે. આ 'નાગવંશી' લોકો સમતાદર્શી શ્રમણ સંસ્કૃતિના વારસદારો છે. આજે વર્તમાન સમયમાં શ્રમણ સંસ્કૃતિના વારસદારો સમાજ, મૂળનિવાસી, શૂદ્રો, પછાતો કે અનામતવાદીઓ તરીકે ઓળખાય છે. લેખકે દાદાના પાત્રનો શ્રમણ સંસ્કૃતિના પર્યાય કે પ્રતિક તરીકે ઉપયોગ કર્યો છે. દેશની મૂળ નિવાસી પ્રજાને ગુલામને લાચાર બનાવી રાખવા આર્ય-બ્રાહ્મણોએ જે સામાજિક વ્યવસ્થાનું નિર્માણ કર્યું. તેને ઈતિહાસકારો 'બ્રાહ્મણવાદ' સંજ્ઞાના નામે ઓળખાવે છે. બ્રાહ્મણવાદ વિષમતાને જાતિવાદનો પુરસ્કર્તા છે ને શ્રમણવાદવિચાર સમતા અને જાતિ વિહિન સમાજરચનાનો પુરસ્કર્તા છે. બ્રાહ્મણવાદી અમાનુષી રીત-રસમોને સ્પષ્ટ કરી આપતાં લેખક લખે છે :

''ક્ષિતિજની ધાર પર સૂરજ ઢળતો જાય. સમથળ ભૂમિ પર પૂર્વે ચાર ખાડા હતા, હવે અઢાર અઢાર ઊંડી ખાઈઓ ખોદાઈ ગયેલી. દરેક ખાઈમાં રૂઢિઓ અને પરંપરાનાં જરાઝૂંટ જાળાં.''[૧૧]

લેખકે અહીં ચાર વર્ણમાંથી પેદા થયેલા અઢાર વર્ણની વાત કરી છે. આર્ય વિષમતાદર્શી વિચારે એક વર્ણ એવા મૂળનિવાસી બહુજન સમાજના અનેક ટુકડા કરીને પ્રસ્તુત સમાજને શકિતહીન બનાવી દીધાં. જેથી વિષમતાદર્શક આર્યવિચાર સામે સંગઠિત શકિત કયારેય બંડ ન કરી શકે. મનુવાદીઓ આટલેથી અટક્યા નથી પણ બહુજન સમાજને શિક્ષણથી

દૂર રાખવાના મૂળમાં આર્યનીતિની વિષમતાદર્શક વ્યૂહરચના ખુલ્લી ન પડી જાય અને બહુજન સમાજના લોકો આ બધી આર્યચાલો સમજી ન જાય તેની તકેદારીઓ પગલાં રૂપે આર્યોએ પછાતોના શિક્ષણ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. અભણ બહુજન સમાજને હવે રૂઢિઓ રિવાજો, કર્મકાંડો ને ધર્માન્ધતાના જંગલમાં રઝળતા કરવાનું કામ હવે સરળ બની ગયું હતું. બહુજન સમાજ અઢી હજાર વર્ષથી ઘાંચીના બળદની જેમ આર્યવિચારની ઘાણીમાં પીલાયા કરે છે. લેખકે બ્રાહ્મણવાદને ભયાનક રાક્ષસના રૂપમાં રજૂ કર્યો છે. બ્રાહ્મણવાદને શ્રમણવા વચ્ચેના સંઘર્ષની એકએક ક્ષણ પર લેખકે રાક્ષસને અમાનુષી મુખમુદ્રાને સ્પષ્ટ કરી આપતાં કહે છે :

'રાક્ષસનું વર્ણન'

'ગળામાં કાળા દોરાનું પાવલું અને છાતી પર ત્રાંકેલો નાગ જોઇ રાક્ષસ અટ્ટહાસ્ય કરી ઊઠે ખી...ખી...ખી..' અને ઘુવડ જેવા ચહેરા પર તીક્ષ્ણ લાંબી ચાંચ, આંગળાં પર વાગોળ જેવા અણિયારો ન્હોર, ગોળમટોળ ભંફલા જેવા શરીર પર રીંછ જેવા બરછટ બરછટ વાળ. લચક ખાય એમ એની પાંખો સહેજ ખુલે-બિડાય. રાક્ષસ હવે ન્હોર વડે વૃદ્ધનું કપાળ ખૂલ્લું કરે ને પૂરી તાકાતથી બે ભ્રમરો વચ્ચે ત્રિકૂટી પર ચાંચનો બળૂકો ઘા કરે. પચ્ચાક્ દઈ ચાંચ ખોપરીમાં ઊતરી જાય. ખોપરીની તિરાડ પહોળી થાય એમ તર્ર્ડ અવાજ સાથે લોહી બહાર ધસી આવે. રાક્ષસ એમાં ચાંચ બોળી ચસક્ લોહી પીવે.''[૧૨]

પ્રસ્તુત વાર્તામાં બ્રાહ્મણી રાક્ષસને દાદાની (અર્થાત્ બહુજન સમાજની) ખોપરીને ફાડી નાખીને લોહી પીતો દર્શાવ્યો છે. લોહી પીતા હત્યારા રાક્ષસનું અમાનુષીને વિકૃત રૌદ્રરસમંડિત શબ્દચિત્ર જોઈને વ્યકિત ડઘાઈ જાય છે. 'પચ્ચાક્' અને 'તર્ર્ડ' આ બે શબ્દો દ્વારા દાદાની હત્યાનો લેખકે આપેલો હેવાલ લેખકની હાજરીમાં હત્યા કરવામાં આવી

રહી હોય એટલો બધો અસરકારકને સાચુકલો લાગે છે. વર્તમાન સમયમાં અમેરિકા જેવા વિકસિત દેશોના માધ્યમથી ભારત જેવા અવિકસિત દેશોના બુદ્ધિધનનું જે શોષણ થઈ રહ્યું છે તેના તરફ અંગૂલિનિર્દેશ કરતાં લેખક કહે છે :

''મારા પગ ઉપર ચઢી ગયેલા રાક્ષસ અટ્ટહાસ્ય કરતો હવે ધીરે ધીરે મારી છાતી તરફ આગળ વધી રહ્યો છે...''

વાર્તામાં પ્રતીક તરીકે છાતી એ બહુજન સમાજની છે. વાર્તાકથકનો 'હું' તે આપણા સૌનો 'હું' બની જાય છે. વાર્તાનાયકની છાતી પર આગળ વધી રહેલો રાક્ષસી આપણી છાતી પર આગળ વધી રહ્યો હોય એવી પ્રતીતિ નથી થતી ? ભારતીય બહુજન સમાજનું હવે વૈશ્વિક સર્વજનમાં સ્વરૂપાન્તર થઈ જાય છે. વિકસિત દેશો જાણે બ્રાહ્મણી રાક્ષસનું મહોરું પહેરી લે છે. વિશ્વના બુદ્ધિધનને ડોલરની શકિતથી ખરીદી લઈને એમની ખોપરીઓને ખાલી કરી નાખનારા દેશના કાર્ય કરવાની પદ્ધતિ હત્યારા બ્રાહ્મણી રાક્ષસના કર્તૃત્વ જેવું છે. વંચિત, પીડિત, દલિત જનસમૂહ માટે વિષમતાનો સ્વીકાર એ જાણે આપણી સંસ્કૃતિની રૂઢિગત દેન છે. આ સ્થિતિમાં કશો જ સામાજિક સુધાર રોતરાત આવી શકે એમ નથી. આનું કારણ આ વિષમતા દલિતોને પેઢીગત વારસામાં મળે છે. દાદાના ખોળામાં બેસી બાળકને મનોરંજન પીરસતી કથાઓ વચ્ચે એકવાર દાદાના મુખે હૃદયવિદારક કુળકથા સાંભળે છે. પરદાદાઓ શૂરવીર હતા છતાં અસમાનતાના રાક્ષસના હાથે હણાઈ જાય છે. આ પેઢીગત વારસો દાદાને મળે છે. પહેલાં તોતિંગ ચાર ખાડા હતા, હવે અઢાર-અઢાર ખાડાઓનાં ઝટાઝૂટ અંધકારમાં દાદા અટવાય છે. હવે વિષમતાનો રાક્ષસ દાદાને ખતમ કરે તે પૂર્વે દાદાની માંસપેશી, મજ્જાતંતુ, નાનીમોટી ચેતનાઓને વીણી-વીણીને પેટમાં પધરાવે છે. દાદાની ચેતનાને ધરાઈને હોઈયાં કર્યા પછી વિકૃત

રાક્ષસ હવે બાળકની છાતી પર ચડવા આગળ વધે છે. એ પછી અત્યાચાર, શોષણ, અસમાનતાની રસમ હવે આવનારી પેઢીઓને આપવાની છે. આ માનવસર્જિત વેદનાની સાંકળને સામાજિક, સાંસ્કૃતિક સંદર્ભે વિચારી, દલિત વાસ્તવને અહીં હૃદયને સ્પર્શી જાય એ રીતે નિરૂપ્યું છે. વાર્તા વૈશ્વિક શોષણની કથા બની રહે છે. સાર્વત્રિક સંવેદન ઝીલતો વાર્તાદેહ દલિતચેતનાનો આબેહૂબ શણગાર પામે છે. પુરાકલ્પનના વિનિયોગ થકી પોતાના મનોગતને અભિવ્યકત કરવામાં પ્રગટતી કર્તાની કળાકીય સૂઝ સભાનતા ધ્યાનપાત્ર છે. પ્રસ્તુત વાર્તાનું શીર્ષક છે ‘કુળકથા’ યથાર્થ છે. શીર્ષકમાં કલ્પનાશક્તિ, વિચારશીલતાનો પરિચય મળે છે. વાર્તામાં શોષણની વાત કરવામાં આવી છે. પ્રસ્તુત વાર્તા ‘નયા માર્ગ’ સામયિકમાં પ્રથમ વાર પ્રગટ થઈ. રઘુવીર ચૌધરી દ્વારા સંપાદિત ‘સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નવલિકા’ ભાગ-૨ માં સંગૃહીત થઈ. ચંદીગઢના 'contemparay vibes' ત્રૈમાસિકમાં 'family saga' નામે પ્રગટ કરવામાં આવી. આસામના Kohinoor વાર્ષિક અંકમાં છપાયેલી દિલ્હીમાં 'Pristincland' નામે અંગ્રેજી ભાષામાં છપાઈ હતી. ‘આકાશવાણી’ અમદાવાદમાં તા.૨૬/૧૨/૧૯૯૧ ના વાર્તાને રજૂ કરવામાં આવી હતી. ‘કુળકથા’ વાર્તા An International Literatary Jurnal, Begusarai (Bihar)માં પણ પ્રખ્યાત થઈ છે. જે ૨૦૦૮ માં પ્રકાશિત થઈ હતી. આમ ‘કુળકથા’ વાર્તામાં જાતિભેદનું આલેખન સરસ રીતે ઉદાહરણો સાથે કરવામાં આવ્યું છે. વાર્તા ખૂબ જ આકર્ષક લાગે છે.

### ❖ ‘હુતાશન’ વાર્તા :

મધુકાન્ત કલ્પિતની ‘હુતાશન’ વાર્તામાં પરિવેશને ચિત્રિત કરવાની સર્જકની સર્જનશકિત માતબર છે. ‘હુતાશન’ માં પણ ગામને છેડે આવેલા વાસનું વર્ણન અને સાથેસાથે ગૂંથાતું આવતાં બે પાત્રો (૧) નરસિંહ અને

(૨) વૃધ્ધ. વાર્તામાં આ બંને પાત્રોની મનની ડામાડોળ સ્થિતિ બંનેનું સરસ આલેખન થયું છે. પ્રથમ સમયપટમાં પરંપરાગતપણે દલિતવર્ગ વેઠતો આવ્યો છે. હોળીપર્વ આવેને ફફડે છે. આ એક દૂષણ જ જામી ગયું છે. બીજા સમયપટ પર નરસિંહ છે. હાથમાં આડી છે. પરંપરાને એ અનુસરે તો છે જ ને એમાંથી જ સદીઓના શોષણને ભાંગવાનો આક્રોશ બળુકો બનાવે છે. પહેલા  સમયપટમાં ભય છે બીજામાં ભયમુકિત છે. આડીનો જુદો ઉપયોગ છે. પ્રથમમાં સ્થિતિચુસ્તતા છે. બીજામાં જબ્બર સક્રિયતા છે.

કથાવસ્તુ માથે બપોરી તડકો રેલાય. દૂરથી ઢોલનો ધ્રુબાંગૂ... ધૂમ.. ધ્રુબાંગ..ધૂમ.. અવાજ કાનમાં ઝિલાય. ફળિયો વચ્ચે ધૂળ ઉડાડતી ઘેરૈયાઓની ટોળી ધમાચકડી મચાવતી નજરે પડે. કોઈના હાથમાં હોળૈયાના હાથડા, કોઈની બાથમાં છૂટ્ટાં લાકડાં તો કોઈ આડે અવળેથી ખોધાં ખેંચી લાવે. આ બધાયની સાથે શોરબકોરનો ઢગ ચોકમાં ખડકાય. ઢગલામાંથી નાનો હાયડો ખેંચી અટકચાળું કોઈ છોકરું ઉલાળે અધ્ધર. ખલાય લીંબડાની ડાળે. એને હેઠે પાડવા બીજાં છોકરાં ઈંટાળા નાખે. એક ટોળકી ગામકૂવા પાસેના કાદવિયા પાણીમાં વાંસની પિચકારી ગૂબાડી થોરિયાની વાડ પર પાણીની સેર મારે. ગંધાતા પાણીથી લૂગડાં લથપથ થાય. કોઈ વળી હાથમાં વરખડાના સોયની બનાવેલી, રમજીથી રંગેલી ખાંડીને તલવાર જેમ વીંઝે. આનંદની લ્હેરખી વચ્ચે ગામ આખું લહેરાયા કરે.[૧૩]

ગામ છેડે સાવ જિંથરિયાળ નકોડો વાસ. નાકે પેસતાં જ થોરિયાની વાડનું નેળિયું. આગળ વધીએ એટલે નાનામોટા મહોલ્લા ફંટાય. એક ઢાળિયાં, માટીનાં મેલાંદાટ દીસતાં ઘરો. કોઈ ઘર આગળ માતાના નાના નાના મઢ. કયાંક પાંચ નાળિયેરનાં તોરણ તો કયાંક ચૂંદડી છત્તર લટકતાં હવામાં ઝૂલે. સામે એક ખંડોલિયા જેવું ઘર. હમણાં જ વૈતરું કૂટી આવેલ

નરસિંહ ઉખડા ખાટલે જરા આડો પડયો બીડી ફૂંકે. એની વહુ ગંગા છાપરી હેઠણથી ચેંટિયાં-સંગથરા લાવી, ભાગી ચૂલે ગોઠવે. પછી દીવો લઈ સામે ધૂણી નીકળતા ઘેર પહોંચે. સાડલાની કડક ઓથે સળગતો દીવો સાચવતી આવે ઘરમાં. બખોલ પડી ગયેલા પેટ પર હાથ ફેરવતો નરસિંહ પડયો પડયો જોયા કરે. બીડીનો ગલ ખંખેરતાં એની નજરમાં ઝિલાય લાકડી ઠપકારતો, હથેળીનું નેજવું કરી અડવાણાપગે આવતો એ વૃદ્ધ. નરસિંહનો કાકો આવે છે. આખા ગામમાં ઘૈડિયાવાળીનો ચાલ આવશે. હોળીના દિવસે આડીઓ ભાગવાનો રિવાજ આડી ભાંગે તો જ હોળી પ્રગટાવાય એવો રિવાજ હતો. નરસિંહ શહેર જન્મેલા અને પછી લગન પછી વહુ સાથે ગામમાં આવેલા. પિતાજીના અવસાન પછી મિલની કાયમી નોકરી છોડી ધરાકવટી સાચવવા વતનમાં જ સ્થાયી રહેવાનું થયું. ગામડાંની રિવાજની ખબર પડતાં નરસિંહ વિચાર કરે છે. ગામમાં ઢોરોને રોગ થયા છે એટલે વૃદ્ધની નજરમાં ભૂતકાળ તરવરે. માતાજીના પરતાપે આજ હૂંદી એવું બન્યું નહિં. જૂનવાણી મ કેસૂઅ ગામ મ રોગ આયેલો. ઢોરોનો રોગ, ટપાટપ ઢોર ફાટી પડ્અ. આખો દન મેલ્લા મ નકરા કાગડા બોલતા હોય. માથે હમડીઓના ચકરાવા. ગામલોકે ઢગલો બાધા આખડીઓ રાખેલી એકધારા અણુંજા પાડેલા. પણ રોગ કેય મારા વારા હોળીના દન કાંક મારગ કાઢવા ગામ ભેગું થયું. વાત વાત જા કો'ક મહારાજે રસ્તો બતાયો : ''જે લાકડાની આડીથી ઢોર તણાય સ ઈના ઉપર કાંક ટુચકું કરશો તો રોગ આકૂરતો ભાગશે..''૧૪૫ એ વેળા ગામના આગેવાનોએ મહોલ્લામાં આવી આ કામ કરાવ્યું ને ગામના માથેથી રોગ ટળ્યો. ત્યારથી પરંપરા પડી ગઈ. આમ આભડછેટ ! ને આમ આફત ટાળવા એનું બલિદાન, એક જ ઝાટકે આડી ભાગવાની એ પછી જ હોળી દહન દર વર્ષે વારા બાંધેલા. આ વર્ષનો વારો નરસિંહના ઘેર હતો. નરસિંહની પાસે ગામની આ પરંપરાનો ઈતિહાસ

નહોતો કેમ કે શહેરનો માણસ હતો ને મિલની નોકરી છોડી. ગામડામાં આવ્યો હતો. વારો તો એણે લીધો પરંતુ એ આડી ભાંગી ન શક્યો. શરૂઆતમાં તો એ ગભરાઇ જાય છે પરંતુ પછી એ સાબદો થઈ જાય છે. એ માર ખાય છે. વાસના લોકો લાચારવશ જોયા કરે છે ને અંતે હારેલો એ અંદરથી હામ નથી હાર્યો. જેમ કાળી નહોતી હારી. નરસિંહ જે રીતે પ્રતિકાર માટે તત્પર થાય છે એ અચાનક નથી જ. 'દિયોરનું ખરૂ લક્ષ લઠ લમણે ઘાલ્યું સ, આ ગામવાળાએ...' આવું એ વારાનું કહેવા આવનાર વૃધ્ધની વાત સાંભળીને કહે છે. ત્યા એના આવનાર પ્રતિકારનાં બીજ પડેલા છે. જેમ વર્ષ પહેલાં કાળીએ રમતુડાને ધક્કો મારેલો ત્યારે જ પ્રતિકાર પાંગરવો શરૂ થઈ ગયો હતો એમ જ ! એમાં ભળે છે એમાં પિતાની ખુમારી. અહીં પણ એ છે. 'નૃસિંહ અવતાર' માં દિવ્યતા છે, દૈવી તત્વ છે. ભગવાને એ રૂપ ધારણ કરવું પડ્યું એની પાછળનું પણ કારણ હતું એ સંદર્ભ પૌરાણિક સાવ જુદો છતાં અહીં એ જ સંદર્ભને વાર્તાની સામાજિક વાસ્તવિકતા સાથે સંયોજીને એને 'નવું પરિમાણ' આપ્યું છે. નાયકનું નામ પણ નરસિંહ છે. લોહીમાંસથી ધબકતો આ નરસિંહ આગળ એ જે બે વાક્યો બોલ્યો એને જ એ નાથવા કાર્યાન્વિત થયો છે. સદીઓથી જે 'આડીથી' ઢોર ખેંચ્યા છે ને એ જ 'આડીથી' ગામમાં તૂટી પડેલા ઢોરરોગમાંથી મુકિત અપાવી ત્યારે એ જ ગામના લોકોએ 'આડી' ના ભાંગતા, એને ઢોરમાર માર્યો, ભરોસો ઊઠી ગયો. વર્ષોથી પરંપરા જાળવી, ગભરાતાં ગભરાતાં જાળવીને હવે.. ? એ જ 'આડી' થી એણે આવડતથી અવ્યકત આક્રોશને હિંસકરૂપ આપ્યું. એણે એમ કરવાની ફરજ પડી. 'પ્રહલાદ' 'હોલિકા' અને 'નરસિંહ' આ ત્રણેય અહીં એકમેક સાથે સંયોજાઈને મૂળ વાર્તા નાયકના મનોગતના સંદર્ભમાં પ્રતીકાત્મકતા સંસિધ્ધ કરે છે. કથન, સંવાદ કે વર્ણનમાં એ અનુભવી શકાય છે. પરિવેશ,

વાતાવરણ તથા પાત્રના કાઠાના સંદર્ભમાં 'ગદ્યબંધ બંધાયેલો છે. શોષણખોર અને શોષણનો ભોગ બનનાર- બંનેનું મનોગત એમની વાણી તથા વર્તનમાં પ્રગટ થાય છે. અંતિમ દશ્ય : 'ક્યાંક' થી ધૂળ ઊઠી. ક્યાંકથી કાંકરી ભેગો પથરો આવ્યો. કો'કે રમરભાઈને પરૂણો ઠોક્યો. ને તડાતડી માઝા મૂકવા માંડી. પારેવા જેમ ફફડતો વાસ છેટે ઊભો ઊભો રાંક જેમ જોયા કરે નરસિંહનો રગદોળાતો, વિંખાતો, પિંખાતો, એક અણિયારો કટકો વાગ્યો ને નરસિંહના લમણે લોહીની ધાર.. નરસિંહનો આખો દેહ ઝણઝણાં થઈ ઊઠે. એના મનમાં સફાળો બેઠો થાય. ફૂંફાડા મારતો એનો બાપ તભો. જો જે હોં.. મારા મૂતરનો હોય તો..' નરસિંહ આખોય અમળાય. બૂચકારા મારતાં એનાં બાવડાં ઊંચકાય ભયંકર ત્રાડ સાથે આડી ચક્રાકારે ઘૂમવા માંડે. તડ્ તડ્.. તડાતડ.. બૂમરાણ, ચિચિયારી, રડારોડ, નાસભાગ, ઘડીમાં ટોળું વેરણ છેરણ. જાણે રાતું ગવન ઓઢી જાય ભાગ્યું ગામ ભણી. ચોક સૂમસામ. આડેધડ હડિયા દોટ કરતો, અઠવાડિયા ખાતો, ગાંડો બની આડી વીંઝયા કરે એકલો નરસિંહ...''[૧૫]

આમ 'હુતાશન' વાર્તામાં અંધશ્રદ્ધામાં જીવતા માણસો જે અન્ય લોકોનું શોષણ કરવા પ્રેરાય છે. દલિત પીડિત સમાજને ઉત્કર્ષના માર્ગે લઇ જવા આવી. વિકાસોન્મુખી ગતિ જ જરૂરી છે. અંધશ્રદ્ધાને નિવારવા માટેની કથા છે. ભાષા તળપદી શબ્દો જોવા મળે છે. શીર્ષક 'હુતાશન' યોગ્ય જ રાખ્યું છે. 'હુતાશન' હોલિકા, કુંવર પ્રહલાદને ખોળામાં બેસાડી, એને ભસ્મીભૂત કરવા આતુર હોલિકાની નજર એકધારી મંડાઇ છે. ગામ તરફ - નરસિંહના હાથમાં તોળાયેલ આડીની જેમ. દલિત સમાજનું ચિત્રણ થયેલું જોવા મળે છે. રીત-રિવાજો, અંધશ્રદ્ધા, પરંપરાની ખોટી માન્યતાઓને તોડવાની કથા છે.

## ❖ 'લાખું' વાર્તાની કથાવસ્તુ :

મધુકાન્ત કલ્પિતની 'લાખું' વાર્તાની કથાવસ્તુ થળી વચ્ચે ખીલ ફોડવા ઊભેલી કાળી છંદ પડેલું દર્પણ ફૂલે ઘસીને સાફ કર્યા પછી આંખોની સામે ધરે છે પણ નવોઢો ચહેરો જોઈ શકાય એવી દર્પણમાં ક્યાંય જગ્યા ન હતી એટલે દર્પણને જરા આઘું પાછું કર્યા પછી એણે એક ઝાંખા ભાગમાં નજર સ્થિર કરી. એ વખતે તેનો આછો પાતળો ચહેરો ઊપસી આવ્યો. કદીમદી જોતી હોય એમ કાળી ચહેરાને અચરજથી જોવા લાગી. આંખો, હોઠ, ગાલ ઉપર થઈને ફરતી ફરતી એની નજર તરમી ઊઠેલા ખીલ ઉપર ઠરી ત્યારે એ જોઈને કાળી મનોમન હરખાઇ ઊઠી, શીલથી મોંકડાશ ચેવી રૂપારી લાગશ નઈ ?' જો તે પ્રશ્ન કરીને કાળી શરમાઇ ગઈ પછી એણે બે ત્રણ વાર આંગળી વડે ખીલને ટપાર્યો તે વખતે એ ક્યાંક એવી ખોવાઈ ગઈ કે, દર્પણમાંથી એની નજર ક્યારે ખસી પડી એનોય કશો ખ્યાલ ના રહ્યો.

પાડી રેંકી, તેથી કાળીનું ધ્યાન એની સામે ગયું. ફળિયામાં જેવો ઘટાદાર લીંબડો હતો એવી જ જોડેના વાડામાં સોટા જેમ ફાલેલી બે આંબલિયો હતી. એના છાંયડામાં વર્ષોથી ઢોર બંધાતા હતાં. અત્યારે એક ખીલે પાડી બાંધેલી હતી. બીજા ખીલા ખાલી હતાં. અહીંથી થોરિયાની વાડ શરૂ થતી, તે સામેના છેડેથી એક રસ્તો ગામમાં જતો અને બીજો રસ્તો વગડા તરફ છેટે તળાવેથી રૂમલાઈને દષ્ટિઘેટમ પાછી ફરેલી ભેંસો માથાં ઉલાળતી નીચલા વાસ તરફ વળી. કાદવથી રગડપગડ ભેંસોની પીઠ અને પીઠ પર ચાંદીની જેમ ચમકતો તડકો કાળીની આંખમાં અંજાઈ ગયા હતા.

'હું કર સ છોડી ?' આ અણધાર્યા અવાજથી કાળી ચોંકી ઊઠી. દર્પણને છાતી સરસું દબાવી આકળવિકળ થઈ ને એણે રમતૂડા સામે જોયું. કાળીની આંખોમાં શરમ હતી, જ્યારે રમતૂડાના ચહેરા પર અંધું સ્મિત.. 'હરજી ઘેર સ ક નઈ ?' એમ પૂછતો રમતૂડો પેલ્લીની આડશે ધારિયું ટેકવી

બેઠો હતો. કાળી માંડ બોલાયું : 'સું કાંમ અતું ?'.. એ ખમચાઈને ઝટપટ ઘરમાં ગઈ. વળગણીએથી લાંબા હાથે ઓઢણું ખેંચી, છાતી પર નાખીને એ ફરી બારણા વચ્ચે ઊભી. એની આ ચેષ્ટામાં પોતાની લાજ મર્યાદા સાચવવાની સભાનતા કળાઈ આવે છે.

'કાંમ તો બઉ અતુ પણ.. બોલીને રમતૂડાએ બીડી બૂટ નીચે કચરી ત્યારે પગના ઝોલ્લાથી ધોતિયાની પલ્લી ફંગાળાઈ કાળીએ નજર ફેરવી દીધી. કાળીનું મન કોઈ અગમ્ય ભયથી થર થર ધ્રુજવા લાગ્યું. આંબલી પરથી કાગડા ઊઠ્યા.. ક્રાંવ..ક્રાંવ.. કરતું ટોળું લીમડે આવીને બેઠું.. એક કાગડો આમથી તેમ ફંગાળાયો. થોડીક વારમાં ત્યાં પાડીની ગરદન પર આવીને બેઠો. પાડીની ગરદન ધીમે ધીમે કોચવા લાગ્યો. પાડી બિચારી રાંકની જેમ ઊભી હતી. કાળીને કાગડાને ઢેખાળો મારવાનું મન થયું. કાગડાની આ ચેષ્ટા અને પાડીની વિવશતામાં કાળીની અસહાયતા તેમજ રમતૂડાની ધૃષ્ટતા-દુષ્ટતાને આગોતરો સંકેત મળે છે.

રમતૂડાએ બીજી બીડી સળગાવી, એ અકારણ નથી. વસ્તુતઃ એ અહીંથી જટ જવા માગતો નથી. આ અંગે સભાન કાળી મનોમન મૂંઝાય-અકળાય છે. એને બરાબર યાદ છે કે ગયા વરસે આ તાકડે રમતૂડો એકવાર ઘેર આવેલો. રાતનું ખાસ્સું અંધારું થઈ ગયું હતું. એ વખતે રમતૂડો બાપુજીને કહેતો હતો. 'કાલે ધરું ચૂંટવાનું સ. એક દાંડિયાની જોગવાઈ કરી આલવી પડશે, હરજી.. કાળી ન ધરું ચૂંટવા મોકલવી પડશે, સું કીધું ?' આ રમતૂડો ખીલાના જોરે કૂદતો હતો, એની હરજીને જાણ હતી. મુખી સ્વભાવે આકળા હતા. ને જૂના ઘરાક હતા, એટલે આમેય જટ કરી ના કેમની પડાય ? છતાં તેમણે બચાવ કરી જોયો. 'તારી વાત લાખની સઃ પણ ગઉ ભૂખથી બપોર વેળાએ છોડી અકેલી ચ્યમની આયી હકૂઅ ? ન તું તો જાણસ, મારી કાળી એટલે નકરી બીકણનું પાદ..'[૧૬]

રમતૂડો મોં બગાડીને બોલ્યો : 'ધરું ચૂંટવાનું તો બે-અઢીયે પતી જવાનું. વળી ધરું મૂકવા ટેસણે એકો આવવાનો સ. ટેસણ ન આ ઘર. અવઅ ચિયો આંધો સ, ભલાદમી ? હરજી કમને સંમત થયા.. બીજે દિવસે સવારે પાણી પીને કાળી બહાર નીકળી ત્યારે હરજીએ યાદ કરાવ્યું : ધરુવાડિયું રામવાડીએ સ, કાળી 'બોર' ઉપર ઈકણ હખણી હેંડજે પાછી, અમથું ચાંક અડી જવાય, ન ઠાલું મફતનું ખિજવાય ના આ લોક...

અસ્પૃશ્ય લેખાતાં દલિત લોકો પ્રત્યેનાં સવર્ણોના વૃત્તિ-વલણોથી કાળી સાવ અજાણ ન હોતી. એને યાદ છે કે નાની હતી ત્યારે એક વાર ગામ વચ્ચેથી નીકળતાં નારસંગભાને એની ઓઢણીની ફડક અજાણતાં સહેજ અડી ગયેલાં. એ પ્રસંગે તીખા મરચા જેવા નારસંગભા તાડૂકી ઊઠયા હતા.: 'ચિપી ગધેડાની સ તે હમૂદુ ભાળતી નહીં ? અને એમણે કાળીને લમણું ફાટી જાય એવી અડબોથ ઠોકેલી. એ વખતે ટોયલીનું સઘળું તેલ ઢોળાઈ ગયેલું. આથી રડતી રડતી ઘેર આવ્યા પછી કાળીએ બાપુજીને પૂછેલું : હેં બાપા ! નારસંગભાએ લાફો માર્યો. એ અભડાઈ જયા નઈ હોય ? ત્યારે બાપુજી દાંત કચકચાવીને તાડૂકી ઊઠેલા : 'લવ ચાંદવી થાય સ, છોઠી. એ લોકવા વૈણ' કે વાય. આપડા અડવાથી એ અભડાય.'...

કાળીને અગાઉનો બીજો એક પ્રસંગ યાદ આવ્યો. એક વાર ઊંચા ટેબલ પર ચઢીને રમતૂજી ઘઉં ઊપણે, કાળી ચપોચપ ઝૂંપડું ભરી આપે. ઉતાવળે આલી સૂપડું આપતાં એનો હાથ રમતૂજીને અડયો એવી જ મુખીની નજર પડી. એ તરત ઊકળી પડયા : 'તુ યે ભાન ધની સ, છોડી ? તારો આથ અડી જાય સ ઈનીયે સાન રઈસ તનઅ ? પાણીનો લોટો લાવી કરડી આંખે છાંટ નાખી ત્યારે રમતૂજી ભોંઠો પડી ગયો હતો. મોડેથી ક્યારે ચલમ પીવા ગયા ત્યારે છાપરીએ ગયા તે વખતે રમતૂજીએ મુખીને

પાર વગરની ગાળો દીધી હતી. એ જોઈ કાળીને મનમાં થયેલું કે, રમતુજી હારા માંહસ લાગઅ સ આંમ તો...

બપોર વેળા થતાં કાળી ધરુંવાડિયામાં પેઠી તે વખતે રમતૂડો કયારામાં ધરું ચૂંટતો હતો. બેઉ જણ મૂંગાં મૂંગાં પોતાના કામમાં વ્યસ્ત હતા પણ ખાસ્સી કલ્લીઓ ભેગી કરીને રમતૂડાએ કાળીના બાવડા પર મૂકવા માંડી. એથી કાળીને સંકોચ થયો. એ ઉતાવળે બોલી પડી : 'તમ તમારે નિરાંતે બેહો.. કલ્લીઓ મું ભેગી કરી લઉં સું. એક ઘડી મ તો ચેટલી વાર અડી જ્યા ?' રમતૂડો બોલ્યો : 'ચેવી વાત કરસઅ, ગાંડી ? આંમ અડયે તે અભડઈ જવાસું અસે ?' લોચા વળતા હોય એ રીતે હસતા રમતૂડાએ કાળીના બાવડા પર કલ્લીઓ મૂકવા માંડી. ફરી એના આંગળાં કાળીના ગળા તળે સરકી ગયાં ! રમતૂડાની આ કુચેષ્ટામાં તેની બદદાનત અછતી રહેતી નથી.'

બોરીની ઓરડીએ ધરું મૂકીને કાળી પાછી ફરી પણ એના મનની ગડમથલ હજુ શમી ન હતી રહી રહીને વિચારો ઊથલો મારતા હતા : જાહેર મ અભડઈ જાય. ન ખાનગીમાં બધું હળંગવળંગ કરી મેલઅ એ વળી ચેવું ? ખરું લોક સ આ. કાળી વિચારોમાં ઊંડે ખૂંપતી જતી હતી. એને અડબોથ મારનાર નારસંગભા કરતાં રમતુભૈ બોલ્યો : 'આ પગે સું થ્યું સ, છોડી ?' એ સાંભળીને ચમકી ઊઠેલી કાળીએ કુતૂહલથી રમતૂડા સામે જોયું. રમતૂડાની નજર કાળીના પગ પર સ્થિર ચોંટી ગઈ હતી. ચણિયો ઊંચો કરી એણે પિંડી ઢાંકી દીધી. ચોખવટ કરતાં એ બોલી : 'લાખું સ એ તો.. એ તો મું ધાવણી થઈ ત્યારનું સ..'

ખડખડ હસતાં રમતૂડો ધરુની કલ્લી બાજુ પર મૂકીને કાળીની સાવ નજીક સરકી આવ્યો. તે વખતે એની ચકરવકર થઈ રહેલી આંખો કામ વાસનાની જાણે ચાડી ખાય છે. 'લાખામ તે વળી સું જોવાનું ? થોડા

ઈમઅ મોચ ડાં ટાંચેલાં હોય સ ?' એમ બોલતાં બોલતાં કાળીએ નિર્દોષ ભાવે પિંડી ખુલ્લી કરી નાખી. એ જોઈને રમતૂડો બોલ્યો : 'લાખું તો શુકનિયાળ સ, છોડી બહુ ભાયગવાળી સ તું તો.'

કાળીને પગની પિંડી જોવામાં મઝા પડી. આજે એનું મન હરખાઈ રહ્યું હતું. લાખું નસીબદાર છે, એવું સાંભળ્યા પછી એ આનંદવિભોર બની ગઈ હતી. એને લાખું પંપાળવાનું મન થયું. રમતૂડો લાખું પંપાળવા લાગ્યો, એ વખતે લજવાઈને કાળીએ પગ ખસેડી લેતા કહ્યું : 'તમેય ખરા સો. મું અહવામ કાઢું સું. ન તમે જબરા વાયરે ચડયા સો ?' ભોળી ભોટ કાળી લુચ્ચા રમતૂડાની લાખું પંપાળવાની ચેષ્ટા અંગે હળવાશ દાખવે છે, કેમ કે કામુક રમતૂડાની બૂરી દાનતથી એ અજાણ છે.

બોરની ઓરડીમાં ધરુંની કલ્લીઓ મૂકીને કાળી બહાર નીકળતી હતી, તે પળે બારણા વચ્ચે ઊભેલા રમતૂડાનો ચહેરો એને ખૂબ બિહામણો લાગ્યો. એણે બહાર નીકળવા પગ ઉપાડયો, ત્યાં જ રમતુડાએ એને બાહુપાશમાં ભીંસવા માંડી. એ કરગરવા લાગી. પછી એણે એવો જોરદાર ધક્કો માર્યો કે રમતૂડો ધરુંની કલ્લીઓ પર પડયો... પૂંઠે ભોરિંગ પડયો હોય એમ દોડતી હાંફ ભરી એ ખેતર વટાવી ગઈ. ઘેર આવીને તરત એ ઢોચણીમાં એવી રીતે પડી કે એના પગ ઢીંચણ સુધી ખુલ્લા થઈ ગયા. ખુલ્લી પિંડી પર લાખું તગતગતું હતું. એણે લાખા પર હાથ ફેરવ્યો, તે ક્ષણે હાથમાં જાણે શૂળ ભોંકાઈ.. આ વાતને પૂરું વરસ વીતી ગયું હતું, છતાંય એ પેલી ઘટના ભૂલી નહોતી, એને પોતાની જાત પર અને રમતૂડા પર ફિટકાર છૂટતો હતો. એની સામે બેઠેલા હવસખોર રમતૂડો બોલ્યો : 'આજ તો પેલું લાખું જોવા આયો સું, કાળી...' કાળીએ કાળ ઝાળ થઈને ત્રાડ પાડી : એટલે ઊભા રહી જોવ, રમતુજી, ડગલુંય આગળ વધ્યા સો તો..' પણ ગાંડા હાથીની જેમ રમતૂડો આગળ ધસ્યો, એટલે કાળીએ

હાથમાં ધારિયું લઈ હવામાં તોળ્યું અને આગળ ડગ ભર્યા. હવે કાળી જાણે સાક્ષાત રણચંડી હતી. જેના ગળામાં કાળીના લાખા જેવાં કેટલાંયે લોહી તરબોળ માથાં હારબંધ પરોવાઈને તગતગતાં હતાં.. ત્યાં વાર્તા પૂરી થાય છે. વાર્તા મુખરતામાંથી એ રીતે બચી ગઈ છે કે પેલું આકર્ષણ અને સમાજ, કુટુંબની ભીંસ, એની તાણ વાર્તાને કિસ્સામાંથી ઉગારી લે છે. 'લાખું' વાર્તા માં કાળી, રમતુજી જેવા પાત્રો દ્વારા વર્ણવ્યવસ્થાની સાથે છૂત-અછૂતની સમસ્યા મુખ્યરૂપ ધારણ કરે છે. ભદ્રવર્ગ અંત્યજોને અછૂત ગણે છે. તેમણે સ્વીકારી પણ લીધું પરંતુ કરૂણતા ત્યાં છે કે પોતાની હવસવૃત્તિને સંતોષતાં ક્યાંય આભડછેટ અવરોધરૂપ નથી બનતો. આ વાર્તામાં અસ્પૃશ્યતા અને નારી શોષણ થવા દેતી નથી. અંતિમ દશ્યોમાં શોષણનો ભોગ બનેલી વ્યકિત અને સમાજ-બેઉનો સદીઓથી અપ્રગટ-અવ્યકત રહેલો બળવાન આક્રોશ પ્રગટ થયો છે.

'લાખું' વાર્તાના પાત્ર થકી જીવંત સમયનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

'લાખું' વાર્તાની મુખ્ય નાયિકા કાળી છે. નાયક રમતુજી અન્ય પાત્રો તરીકે હરજી, નરસંગભા.

કાળી : લાખું વાર્તાની મુખ્ય નાયિકા તરીકે કાળી નિર્દોષ, ભોળાપણ, સહજતા, હિંમતવાન જોવા મળે છે. વાર્તામાં કાળી અંતિમ દશ્યમાં કાળી સાક્ષાત રણચંડી બને છે. તાકાતવાન, ચાલાક સજાગ કાળીનું ચિત્રણ વાર્તામાં પ્રભાવક બને છે. અન્યાય સામે લડનારી કાળી સુંદર પુત્રી હતી. કાળીના અંગ શરીર સુંદર હતા. એથી સૌની નજરમાં તે વસી જાય એવી આકર્ષક હતી. તેથી રમતૂડો એમને ખરાબ નજરે જૂએ છે. કાળી નીચલા વર્ગની હોવાથી એમને છૂત-અછૂત નરસંગભા જેવા વ્યકિત સાથેનો અન્યાયને સહન કરવો પડે છે. બીજી વાર કાળીને રમતુજીની વિષયી નજરને કાળી ઓળખે છે. વર્ષ પહેલાની ઘટનાનું ભોળપણનું એને

પુનરાવર્તન કરવું ન હતી. તેથી બીજી વાર એ સાક્ષાત રણચંડી બની જાય છે.

રમતુજી ખરાબ દષ્ટિવાળો, વિશ્વાસઘાતી, મૂર્ખ, ધોતિયાવાળો હતો. એમનો ચહેરો બિહામણો હતો. તેથી કાળી પર કુદષ્ટિ રાખીને ઘરે આવે છે. દલિત હરજીને ખેતરમાં ઘઉં ચૂંટવા માટે કાળી મોકલવાનું કહે છે અને ત્યાં કાળી પર મૂખીએ ઊકળી પડયા : 'તું યે ભાન વની સ, છોડી? આમ કાળને કહે છે ત્યારે રમતુજી મુખીને ગાળો આપી કાળીની નજર સારા વ્યકિત બને છે. રમતુજી કુચેષ્ટાવાળો બદદાનતવાળો હતો. તેથી કાળીને બપોર વેળા ધરુંવાડિયામાં કામ કરતા હતા. ખાસ્સી કલ્લીઓ ભેગી કરતા કાળીના બાવડા પર મૂકવા માંડે છે રમતૂડો. એથી કાળીને સંકોચ થયો. એ ઉતાવળે બોલી પડી. તમ તમારે નિરાંતે બેહો. કલ્લીઓ મું ભેગી કરી લઉ સું. એક ઘડીમ તો ચેટલી વાર અડી જાય ? આમ અડયે તે અભડઇ જવાતું અસે ? રમતૂડો બોલે છે. લોચા વળતા હોય એ રીતે હસતા રમતૂડાએ કાળીના બાવડા પર કલ્લીઓ મુકવા માંડી. આંગળાં કાળીના ગળા તળે સરકી ગયા ! કામુક રમતુડાની નજરમાં બૂરી દાનત પડી હતી. તેથી કાળી ને વારેવારે હેરાનગતિ કરે છે.

હરજી કાળીનો પિતા વાર્તામાં કાળીને સમજાવે છે. બવ ચાંદવી થાય સ છોડી. એ લોકવા વૈણ કે વાય. આપડા અડવાથી એ અભડાય છે. તેથી ચેતીને ચાલજે આમ કાળીને સમજાવે છે. મોટા લોકો યાની સવર્ણનાં વૃત્તિ-વલણોથી સમજણવાળો કાળીનો પિતા છે. જેમણે સવર્ણના અત્યાચારોને સહન કર્યો છે. તેથી કાળીને સમજાવે છે. આમ પાત્રચિત્રણમાં કાળીનું પાત્ર વાર્તામાં ખૂબ સારી રીતે આલેખન લેખકે કરેલું છે. કાળીને અન્યાય સામે લડતી, નારીશોષણને સામે સભાનતા રાખનારી બતાવી છે. સમય આવ્યા કાળી રણચંડી પણ બને છે. રમતુડો બદમાશ કુદષ્ટિ વાળો

લોકોને હેરાન કરનાર જોવા મળે છે. કાળીને વાસનાભરી નજરે જોનાર લુચ્ચો છે.

⇨ **સંવાદ :**

આ વાર્તામાં ગ્રામ્ય પરિવેશમાં લખાયેલી હોવાથી એમાં પાત્રોના મુખે ગ્રામ્ય ભાષા જ બોલાયેલી જોઈ શકાય છે. એમની બોલી અને લહેકો અલગ જ પ્રકારના જોવા મળી આવે છે. વાર્તામાં પાત્રના આંતરભાવ તથા બાહ્ય આઘાત-પ્રત્યાઘાતોને પળેપળે થતા વૃત્તિપલટા અને આલેખવાનું લક્ષ્ય એમણે સ્વીકારેલું છે. આ વાર્તામાં સંવાદનું મહત્વ ઘણું છે.

'લાખું' વાર્તામાં સંવાદોમાં પાત્રોનું મનોગત તો પ્રગટ થાય છે જ પણ એ ટૂંકા ધારદાર સંવાદોમાં એ પાત્રોની બહારની તથા ભીતરની છબી પણ બરાબર ઊપસી આવે છે. તેમની પાત્રગત, સમાજગત, વાણી, વર્તન વગેરેની વિવિધ લાક્ષણિકતાઓ પણ એમાંથી વ્યંજિત થતી રહે છે. કાળી દર્પણને વારે ઘડીએ ઊંચુ નીચું કરી, બારીક આંખે એણે ગળા નીચે નજર ફેરવતી હતી ત્યારે.

'હું કર સ છોડી ?' આ અણધાર્યા અવાજથી કાળી ચોંકી ઊઠી રમતૂડાએ ફરી સ્મિત કરી.. 'હરજી ઘેર સ ક નઈ ?' એમ પૂછતો રમતૂડો પેલ્લીની આકશે ધરિયું ટેકવી બેઠો હતો. કાળીથી માંડ બોલાયું 'સું કામ અતું ?'.. એ ખચમચાઈને ઝટપટ, ઘરમાં ગઈ. 'કાંમ તો બઉ અતુ પણ..' બોલીને રમતૂડાએ બીડી બૂટ નીચે કચરી ત્યારે પગના ઝોલ્લાથી ધોતિયાની પલ્લી ફંગાળાઈ. રમતૂડાનો ધૃષ્ટતા-દુષ્ટતાનો આગોતરો સંકેત મળે છે.

રાતનું ખાસ્સું અંધારું થઈ ગયું હતું. એ વખતે રમતૂડો બાપુજીને કહેતો હતાં. કાલે ધરું ચૂંટવાનું સ. એક દાડિયાની જોગવાઈ કરી આલવી પડશે, હરજી.. કાળી ન ધરું ચૂંટવા મોકલવી પડસે, સું કીધું એની હરજીને

જાણ હતી. મુખી સ્વભાવે આકળા હતા. ને જૂના ઘરાક હતા, એટલે આમેય ઝટ કરી ના કેમની પડાય ? છતાં તેમણે બચાવ કરી જોયો.

તારી વાત લાખની સ પણ ગઉ ભૂયથી બપોર વેળાએ છોડી એકલી ચ્યમની આયી હક્અ ? ન તું તો જણસ. મારી કાળી એટલે નકરી બીકણનું પાદ..'

રમતૂડો બોલ્યો : ઘરું ચૂંટવાનું તો બે-અઢીયે પતી જવાનું. વળી ઘરું મૂકવા ટેસણે એકો આવવાનો સ. ટેસણ ન આ ઘર. અવઅ ચિયો આંઘો સ. ભલાદમી ?

બીજ દિવસે હરજીએ યાદ કરાવ્યું.

બવ ચાંદવી થાય સ, છોડી. એ લોકવા વૈણ કે'વાય.

આપડા અડવાથી એ અભડાય..'

મુખી 'તું યે ભાન વની સ, છોડી ? તારો આથ અડી

જાય સ ઈનીયે સાંન રઈસ તનઅ ?

રમતૂડો બોલ્યો : 'આ પગે સું થ્યું સ. છોડી ?' એ સાંભળી કાળી બોલી : 'લાખું સ એ તો.. એ તો મું ધાવણી થઈ ત્યારનું સ...'

રમતૂડો કામ વાસનાના કારણે

લાખામ તે વળી સું જોવાનું ? થોડાં ઈમઅ મોય. ડાં ટાંચેલાં હોય સ ?' કાળી નિર્દોષ ભાવે પિંડી ખુલ્લી કરી નાખી. રમતૂડો બોલ્યો : 'લાખું તો શુકનિયાળ સ, છોડી, બહુ ભાયગવાળી સ તું તો.'

રમતૂડાનો ચહેરો એને ખૂબ બિહામણો લાગ્યો. એણે બહાર નીકળવા પગ ઉપાડ્યો. ત્યાં જ રમતૂડાએ એને બાહુપાશમાં ભીંસવા માંડી. એ કરગરવા લાગી. પછી એણે જોરદાર ધક્કો માર્યો કે રમતૂડો ઘરુંની કલ્લીઓ પર પડ્યો. આમ રમતૂડાની સાથેની ઘટના વરસ વીતી ગયું હતું. હવસખોર રમતૂડો બોલ્યો : 'આજ તો પેલું લાખું જોવા આયો સું,

કાળી..'

કાળીએ કાળઝાળ ત્રાડ પાડી : એટલે ઊભા રહી જોવ. રમતુજી, ડગલુંય આગળ વધ્યા સો તો..'

કાળીએ હાથમાં ધારિયું પકડી હવામાં તોળ્યું અને આગળ ડગ ભર્યાં. કાળી સાક્ષાત રણચંડી હતી.

'લાખું' વાર્તાની ભાષા ગ્રામ્યપરિવેશની તળપદી ભાષામાં આ વાર્તાનું વાર્તાકારે લેખન કર્યું છે. વાર્તામાં કાળીનું આક્રોશનું જ એક પ્રગટરૂપ હતું. એનું રૂપ અત્યંત કલાત્મકતાથી પ્રગટ થયું છે. 'કંપારી છૂટી', 'આગ ભડકી', 'ત્રાડ પાડી' આ બદલાતા જતા આંગિક અભિનયમાં ક્રિયાન્વિત થઈ ઊઠયો છે. પેલો અવ્યકત આક્રોશ. પ્રતીકાત્મક સંદર્ભ 'કાળીમાંથી રણચંડી' ધારિયું ધારીયુંય પ્રતીક 'લાખું' પ્રતીકસક્ષમ પ્રતીક. કાળીના સૌન્દર્યનું તો ખરું જ સાથે સાથે એના પર કુદૃષ્ટિ ફેંકનાર માથાનુંય પ્રતીક કેમ કે લાખાથી દોરવાયેલો એ લાખાને ધારણ કરનારીના હાથે જ રગદોળાય. આવો ઉપક્રમ પણ સરસ છે. 'ઉઘાડા બૈઠે..' સું વાત અસે ? ''થીચી..'' માં શોષણ ખોરની તુમાખીનો ડાકુ છે. તો કાળીના પિતાની વાણીમાં લાચારવશતાનો કાકુ છે. શબ્દપ્રયોગ દલિત સમાજની દબાતા કચડાતા રહેવાની માનસિકતા છે. માનવી જીત્યો ને જીવે છે ને એમાંથી સંઘર્ષરત એ ઉપર ઊઠતો આવે છે. આ વાર્તાનો અંત 'થળી' વાર્તાના અંતની ચાલનો છે, પરંતુ મધુકાન્ત કલ્પિત પરિસ્થિતિને અધ્યાહાર રાખી ભાવકના હાથમાં અંતને મૂકી દે છે. આરંભમાં ખીલને મૂળમાંથી દબાવી, ફોડી, કપાસી સાથે લોહી કાઢવાની ક્રિયા વાર્તાના અંતે કાળીને રમતૂડા પ્રત્યે જન્મેલ વૃત્તિ અને ક્રિયા સાથે ઉચિત રીતે જોડાય છે. વાર્તામાં નારીચેતનાનું આલેખન કરેલું છે. વાર્તામાંના નાના નાના પ્રસંગો તથા તદ્સંદર્ભિત સંવાદો વાર્તાના મુખ્ય વસ્તુતત્વને પોષાતા જાય છે. અહીં છૂતઅછૂતની સમસ્યા

મુખ્યરૂપ ધારણ કરે છે. ભદ્રવર્ગ અંત્યજોને અછૂત ગણે છે. જે એમણે સ્વીકારી પણ લીધું પરંતુ કરૂણતા ત્યાં છે કે પોતાની હવસવૃત્તિને સંતોષતાં કયાંય આભડછેટ અવરોધરૂપ નથી બનતો. અદલિત દ્વારા થતા દલિત સ્ત્રીના જાતિય શોષણના કથાતંતુના તાણેવાણે વાર્તાનું પોત વણાય છે. સવર્ણ સમાજનો પ્રતિનિધિ રમતુજી અહીં શોષક છે. રમતુજીની વિષયી નજર કાળી ઓળખે છે. વર્ષ પહેલાંની ઘટનાનું-ભોળપણનું અને પુનરાવર્તન કરવું નથી. એટલે બીજી વાર એ સાક્ષાત રણચંડી બની જાય છે. સમાજમાં થતા શોષણનું પાડીની ગરદન પર બેઠેલો કાગડાના વર્ણન દ્વારા સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું છે. પ્રસ્તુત વાર્તામાં રચના-કૌશલ ગદ્યકૌશલ દ્વારા થોડા શબ્દોમાં પાત્રનો હૂબહૂ વ્યકત કરી આપે છે. ભાષામાં પણ દલિત પરિવેશ વ્યકત કરી આપે છે. ભાષામાં પણ દલિત પરિવેશ વ્યકત કરવા લેખક સફળ રહ્યા છે. આમ પ્રસ્તુત 'લાખું' વાર્તા પ્રશિષ્ટવાર્તા બની રહે છે. સવર્ણ વર્ગની કન્યાઓને કરતાં જ શોષણ પામેલી છૂત-અછૂતના ત્રાસથી દબાયેલી, ગામના છેડેથી જે સ્ત્રી છે, જેને જે નજરે જોવામાં આવે છે. દિવસે અત્યાચારો કરી રાત્રે જેમને હેરાનગતિ કરીને એમના પર કુદષ્ટિ રાખતો સમાજમાં 'લાખું' જેવી હિંમતવાન-તાકાતવાન સ્ત્રીઓ સમય આવ્યા પોતે પોતાની સભાનતા માટે રણચંડી બની જાય છે અને પોતાની રક્ષા કરે છે. અહીં સમાજમાં ચાલતી ખોટી રૂઢિઓ, રિવાજો, જાતિગત અત્યાચારોનો ઉલ્લેખ કર્યો છે. 'લાખું' વાર્તા કળામય વિશેષ બનીને વિકસે છે. વાર્તામાં નારીચેતનાનું આલેખન કરેલ છે.

❖ **'માણસ બની ગયો' વાર્તા :**

પ્રસ્તુત વાર્તામાં મધુકાન્ત કલ્પિતે બંધ મિલકામદારોના વ્યથિત જીવનમાંથી યે મ્હેંકતી માનવતા અહીં અભિવ્યકત થઈ છે. એક સમયમાં કાપડ ઉદ્યોગથી ધસમસતું ભારતનું માંચેસ્ટર ગણાતું અમદાવાદ મિલો બંધ

થતાં જ દારૂણ સ્થિતિમાં પિંખાય છે ત્યારે એના નરક જેવા જીવાતા જીવનમાંય માનવતાની મ્હેંક પ્રસરાવતા તંતુનો વાર્તાકસબ ભાવક ચિત્તે બે ઘડી હલબલાવી મૂકે છે. વાર્તામાં લહેરાતું દલિત તત્વ કળાકીય માવજતથી ઉજાગર થવા પામ્યું છે. દલિત જીવન મૂલ્યનિષ્ઠાના લીરેલીરા ઉડાડતી રચના દલિત અસ્મિતા જગાડી ઉર્ધ્વગામી ચેતના પ્રગટાવી આપવાનું કામ કરી જાય છે.

પ્રસ્તુત વાર્તા તા.૧૮/૪/૨૦૦૩ ના રોજ આકાશવાણી અમદાવાદમાં રજૂ કરવામાં આવી હતી. 'હયાતી' વિશેષાંકમાં પણ પ્રકાશિત કરવામાં આવી હતી. પ્રસ્તુત વાર્તામાં દલિત પીડિતોની સંવેદના, ગરીબી-ભૂખમરો અને તેમની અવદશાનું હૃદયસ્પર્શી નિરૂપણ કર્યું છે. મહેનત કરી માંડ-માંડ પેટિયું રળતો આ મિલમજૂર મિલો બંધ થતો દારૂણ, ગરીબી ભોગવી રહ્યો છે. તેની પાસે ખાવા માટે અન્નનો દાણો નથી. રહેવા માટે ઘર અને પહેરવા માટે કપડાં નથી. ગંદી વસ્તીમાં રહેતો આ દલિત-પીડિત-શોષિત વ્યકિત અચાનક બેકાર બન્યો છે. પોતાની તૂટેલી-ખાટલીમાં પડયો-પડયો નિસાસા નાખી રહ્યો છે. ને ભૂતકાળના સ્મરણો સંભારી રહ્યો છે. દારૂણ ગરીબી હોવા છતાં બે ટંક રૂખું-સૂકું તો ખાવાનું મળતું હતું પરંતુ આજે તે પણ તેના ભાગ્યમાં નથી. કાળા પાણીએ રડતી પત્નીના નિસાસા માટે આવડું મોટું આકાશ પણ ઓછું પડે છે. વાર્તામાં સામાજિક અસમાનતાની ભયંકર વાસ્તવિકતાને અહીં છતી કરી દે છે. આમ 'માણસ બની ગયો' વાર્તા લેખકની દલિત અસ્મિતા જગાડી ઉર્ધ્વગામી ચેતના પ્રગટાવી જાય છે.

### ❖ 'મનજી' વાર્તા :

મધુકાન્ત કલ્પિત 'મનજી' વાર્તામાં છેવાડાના વાલ્મીકિ સમાજના જનજીવનના તાણાવાણાને વણી લેતી ગરીબ, અભણ, પીડિત લોકો પણ

સંબંધના નાતે મૂક ઊંચેરાં નીવડી આવી નિજી અસ્મિતાને ઉજાગર કરી આપે છે. વાંસ ચીરીને એમાંથી સમાજોપયોગી ચીજવસ્તુઓ બનાવતો. આ સમાજ આ વ્યવસાયમાંથી નામની જ ઉપજ કરે છે. આર્થિક રીતે ભીંસાયેલો અને સાવ દુબળો આ સમાજ અહીં વાર્તામાં પ્રગટતાં જોવા મળે છે. તેમના ઉમદા માનવવર્તન અને સદ્‌ભાવના કારણે આ અતિ પછાત અને અતિશુદ્ધમાં પણ છેડે ગણાતો માનવ સમાજ વાર્તામાં વિશેષ પ્રતિષ્ઠા પામે છે.

મનજીની લાડલી દીકરી હતી. દીકરીએ પોતાના દેહની પરવા કર્યા વગર મનજીને જીવલેણ બીમારીમાંથી લાંબી સારવારની જહેમત પછી બેઠો કર્યો છે. આ દીકરીનાં લગ્ન કરવાનાં છે ત્યારે મનજીએ શહેરમાં વસતા પુત્રોને દીકરી માટે કિંમતી ઘરચોળું/પાનેતર લાવવાની હઠપૂર્વક કહેલું પણ લગ્નની ખરીદી કરી ઘેર આવેલ દીકરાઓ પાસેથી પાનેતર મળતું નથી ત્યારે મનજી દુઃખી થઈ જાય છે ત્યારે કોઈ વિકલ્પ ના મળતા માતાજીના મઢ પર ચઢાવેલ તાંબાના કળશને વેચીને દીકરી માટે પાનેતર ખરીદી કરે છે. આવા પિતા-પુત્રીના પ્રેમભર્યો નાજુક સંવેદનો અહીં ઝિલાયા છે. પુત્રીના પ્રેમ આગળ માતાજીને ચઢાવેલી તાંબાનો કળશનું પણ કશું જ મહત્વ નથી રહેતું. એ અતિ પછાત જાતિના જનમાનસમાં જાગૃતિ લાવવાનો સરસ વિચાર તણખો છે. નવો ધાર્મિક વિચાર ક્રાંતિ કરી પ્રસ્તુત થયો છે. વાર્તામાં વાર્તાતંતુ ચોટદાર કે સચોટ નથી પરંતુ મધુકાન્ત કલ્પિતની આ વાર્તામાં પિતા-પુત્રીનો પ્રેમ અતૂટ જોવા મળે છે. મધુકાન્ત કલ્પિત એક બીજી વાર્તા 'ચંદા' આ વાર્તામાં ગૃહજીવનના ક્ષુલ્લક નાના ઝઘડાને મોટું સ્વરૂપ આપી છેક છૂટાછેડા સુધી પહોંચી ગયેલ વાઘરી સમાજની એમની જ વિશિષ્ટ બોલીમાં પ્રયોજાયેલી સામાજિક તાણાવાણાની પ્રેમકથા છે. આ વાર્તા 'સર્વનામ' ૧૯૯૧ માં પ્રકાશિત થયેલી છે.

'ચંદા' વાર્તા સમાજના જ્ઞાતિપંચો, એમની રીતરસમ, સામાજિક રિવાજોની જડતા, દેવ-દેવીના સમાજિક પ્રશ્નોમાં પ્રવેશઅને કારણ વગર ભેદભાવ દામ્પત્યજીવનની ઝીણી ઝીણી વિગતો આ વાર્તા ને રસાળ, સાદ્યંત અને વાંચન ક્ષમ બનાવે છે. સામાન્ય કક્ષાની વાર્તા એના પરિવેશ, બોલી, લઢણ તથા ભાષાના અસરકારક વિનિયોગથી ધ્યાનાર્હ બને છે.

મધુકાન્ત કલ્પિતની 'રમતી' વાર્તામાં સામાજિક વિષમતાની જનની ભારતીય વર્ણ-વ્યવસ્થાના કારણે ગામડા ગામના ભેળાભટ્ટાક જીવ પરસ્પરના આકર્ષણ નિર્મળ ચાહ્ય છતાંય એક થઈ શકતાં નથી. ને ઉલ્ટાનું સંસાર ભગ્નભર્યું કારણ બને છે. એવી નળકીય બનતી ઘટના અહીં સુંદર કળાઘાટ પામી છે. હુંફાળી શૈલીમાં નિખરી આવતું ચોખ્ખું ચણક સંવેદન આસ્વાદ બની રહે છે. મધુકાન્ત કલ્પિતે સામાજિક વાસ્તવનું યથાર્થ નિરૂપણ કરી અમૂર્તથી મૂર્ત સ્વરૂપ આપે છે.

'રમતી' વાર્તા 'જલારામ દીપ' ૧૯૯૮ માં પ્રતી ઉડિયા (કટક) સપ્ટેમ્બર ૧૯૯૯ માં પ્રકાશિત થઈ હતી.

મધુકાન્ત કલ્પિતની બધી વાર્તાઓ અલગ અલગ દૈનિક, વાર્તાઓમાં, કેન્દ્રિય અકાદમી, સર્વનામ, તાદર્થ્ય, ગુજરાતી દલિત વાર્તાઓનો સમીક્ષાત્મક અભ્યાસ' જેવા અનેકોમાં એમની વાર્તાઓ પ્રકાશિત કરવામાં આવી છે. 'અધૂરો પુલ' 'લાખું' 'કુળકથા' 'માણસ બની ગયો' 'રમતી' 'મનજી' 'ચંદા' જેવી વાર્તાઓમાં દલિતસમાજની પીડા વેદના છે. દલિત સમાજના જુદાંજુદાં ચહેરા-મ્હોરાને આલેખતી આ વાર્તાઓમાં શોષિત-દમિત, પીડિત, તિરસ્કૃત કે બહિસ્કૃત માનવીની વ્યથાને વાચા મળી છે. આ વાર્તાઓમાં સમાજના ઉજળિયાત ગણાતા વર્ગથી છુદાયેલા માનવીઓની વિવિધ ભાવ-સંવેદનાઓ ઝીલાઈ છે. તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ, રોષ-અણગમો આલેખાયો છે. ક્યાંક દલિત સમાજનો પુણ્યપ્રકોપ અત્યંત

જલદ અભિવ્યકિત પણ પામ્યો છે. આ વાર્તાઓ સાચા અર્થમાં છેવાડાનાં માનવીઓની વાર્તાઓ છે. 'મનજી' વાર્તાનું પાત્ર મનજી ગરીબ હોવા છતાં પુત્રી પ્રેમના કારણે પોતે સમાજનો ડર પણ રાખતા નથી. 'મનજી' પુત્રી માટે પાનેતર લાવી દે છે. આ વાર્તાનું શીર્ષક પણ સાર્થક થાય છે. 'ચંદા' વાર્તામાં વાઘરી સમાજની રૂઢિ-રિવાજોના કારણે સામાજિક ઝઘડો થાય છે. જેના કારણે ચંદાને છૂટાછેડા આપવામાં આવે છે. વાઘરી બોલીનો ઉપયોગ કરવામાં આવે છે. 'રમતી' વાર્તામાં એક સમાજના લોકો પ્રેમ કરે છે પરંતુ લગ્ન કરી શકતા નથી પરંતુ બંને વચ્ચેનો સંબંધ કાયમ બનાવી શકતો નથી. સામાજિક વાસ્તવ જોવા મળે છે. આ બધી વાર્તાઓ સામાજિક વાસ્તવનું આલેખન જોવા મળે છે.

### ❖ મધુકાન્ત કલ્પિતના રેખાચિત્રો :

ગુજરાતી સાહિત્યના કવિ શ્રી મધુકાન્ત કલ્પિતે કવિતા, વાર્તા, વિવેચન, નવલકથા, રેખાચિત્રો જેવા ગુજરાતી સાહિત્યના સ્વરૂપોનું ખેડાણ કરેલ છે. જેમાં રેખાચિત્રો એમણે બે આપ્યા છે. 'મા જૂજવા રૂપે' અને 'મધુકાન્ત કલ્પિતનું કૂમતુ'. મા અને પ્રિયંકાનું સુંદર, પ્રભાવશાળી અને તાદશ રેખાચિત્ર ઉપસાવ્યું છે. મધુકાન્ત કલ્પિતે રેખાચિત્રોમાં મા ની સેવાનું સંસ્મરણ કરીને સહજ અને સાહજીક રીતે રજૂ કરે છે. પ્રિયંકાની સેવાભાવી, નારીચેતનાનું ઉત્ક્રાંતનું આલેખન રેખાચિત્રમાં દષ્ટિગોચર થાય છે.

### ❖ 'મા જૂજવા રૂપે' :

'મા જૂજવા રૂપે' રેખાચિત્ર મધુકાન્ત કલ્પિતનું મહત્વનું રેખાચિત્ર છે. માના રૂપોને વિવિધ પ્રસંગોમાં એમણે માના પ્રેમ, ભાવને ગોઠવીને આપણી સમક્ષ મૂકી આપે છે.

સંધ્યા વીતી ગયેલો લાકડાની દીવાધર પર મૂકેલા દીવાના અજવાળે મા દાથળામાં ઘેંશ ઓતતી. ત્યારે એમનો હાથ દાથળામાં પડી

જાય છે અને હાથનું ચામડું નીકળી જાય છે ત્યારે માની પરિસ્થિતિ માની વ્યાકુળતા ચીસાચીસ કરતી રુવે, કકળે, ઝટિયું ચૂંટે, હુસમુસ જાણે ગાંડી હોય તેમ દોટમદોટ કરે છે. ઓસડિયાથી એમના હાથને રૂઝ લાગી ત્યારે મા એમની શાંતિ અનુભવે છે. માનો પુત્ર પ્રેમ અનુભવ થાય છે. બીજો પ્રસંગમાં લેખક વાસની પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે વાતવાતમાં છોકરાં સાથે ઝગડો થયો. એક દિવસ છોકરાંઓની સાથે ઝગડો થયો. છોકરાંઓએ એમને નીચે પડીને ઉપર ચઢીને મારતા હતા અને માને ખબર પડી એટલે તરત જ નિશાળમાં આવી બધા જ છોકરાઓને મારીને ભગાડ્યા અને માસ્તરને એમની મા એ કહ્યું કે ‘છોકરા ભણવા મોકલી ય સીય. તમારી માર ખાવા નઈ. આંતડે ગાંઠો બાંધીય સ તાણ છિયાં મોટાં થાય સે, હમજ્યા ?’[૧૭] આમ લેખકની માની માસ્તરનો ઝગડો થાય છે. એમની મા લેખકને ઘરે લઈને આવીને પૂછે આખાયે શરીરે વિહ્વળ હાથ ફેરવી ‘ચાંય કથલું વાજ્યું તો નહીં ? ખાતરી કરતી. માના દાંત ન હતા એટલે તાપમાં રોકાયેલ રુક્ષ ચામડીવાળો ચહેરો બિહામણો લાગે તેવો હતો. ત્રીજો પ્રસંગમાં મુખી સાથે ઝગડો કરે છે. મુખીને માનભેર બોલાવતા શીખવાડે છે. આખો દિવસ હાથ વલૂરો ને રાત્રે જીવને ચૂંથતી જરોજથામાં માનું ગાવું ગબડાયે જાય, ક્યારેક સમય મળે ત્યારે માથામાં આંગળીઓ ફેરવતાં ફેરવતાં એમને મા કોઈ પરીકથા કહેવાને બદલે નિજી કથા ઉચ્ચારી બેસતા. ‘કદી ટપલીયે ના મારૂં બેટા, પણ શું કરું ? વિયાદીઓ મ એવી જધઈ જઉં સુક..’’ મા આગળ બોલી વિયાદીઓ મ એવી ઝધઈ જઉ સું ક.. મા આગળ બોલી શકતી નથી, પારેવું ગળું ફૂલાવે એવો માત્ર અવાજ ક્યાં સુધી સંભળાય કરતો.’ સવર્ણ માતાની સરખામણીએ દલિત માતાને જ હંમેશા વધારે સહન કરવાનું ભાગે આવ્યું છે. વ્યાવસાયિક, સામાજિક, શૈક્ષણિક એમ બધી રીતે પછાત એવા વર્ગની માતાને તો હંમેશા શોષાવું જ

પડ્યું છે. માએ કવિ મધુકાન્તને બાળપણથી તો પોતાના મૃત્યુ સુધીનો સાથ આપ્યો છે. મા કરૂણાની મૂર્તિ સમાન છે. પ્રસ્તુત રેખાચિત્ર 'માડી મુને સાંભરે રે' માં પ્રગટ થાય છે. કાચી સામગ્રીમાં 'વતનની વાત' મારા બાપ એટલે અલ્લાની ગાવડીની આત્મકથાનક્નું પહેલું પાનું રાધેશ્યામ શર્મા 'માના હૈયાના તારલા' માં લખે છે :

મધુકાન્ત કલ્પિત કહે છે મા જે દારુણ જીવી છે એની હદપાર થતી વેદનાના સમસ્યામૂલક મૂળને રતિભાર કમજોર કરવામાં મારી કલમ યોગ્યમાર્ગે ચાલી છે. એનો રોષપૂર્વકનો સંતોષ થાય છે. એમની મા બાળકોને સંભાળવાનું વિદ્યાને ઘરકામ શીખવવાનું બધું કામ એમણે કર્યો હતો. માનું હૃદય ઘણું જ દયાળુ તટસ્થતા જોવા મળે છે. એમની માએ ઘણું સહન કરવું પડ્યું હતું. તેની વાત પ્રસ્તુત રેખાચિત્રોમાં ખૂબ સરલ શબ્દોમાં એમની ભાષામાં જ આલેખન કરેલ છે. 'મા જૂજવા રૂપે' રેખાચિત્રોમાં માનવીય દુઃખો, દર્દ, વેદના, પીડા, વિરાટ સમસ્યાઓ જોવા મળે છે. 'મા' માં સેવાભાવ, દયા, પુત્ર, ઘર પરિવાર માટે જોવા મળે છે. આમ પ્રસ્તુત રેખાચિત્રમાં માની વ્યાકુળતા અનુભવતી, શકિતરૂપ અંબા જેવી એમના સ્વરૂપની અનેક પ્રસંગોથી નિરૂપણ કર્યું છે. 'માડી મને સાંભરે રે...માં પ્રકાશિત કરવામાં આવી છે. મધુકાન્ત કલ્પિતે બંને રેખાચિત્રોમાં મા અને પુત્રીની બંનેની વ્યથાને રેખાચિત્રોમાં આલેખન કર્યું છે. લેખક મધુકાન્ત પર મા નો પ્રેમ અને પ્રિયંકાનો પ્રેમ જોવા મળે છે. રેખાચિત્રોમાં માની છબિ મધુકાન્ત કલ્પિત સરસ રીતે ઉપસાવી શકયા છે. તળપદી બોલીમાં આ રેખાચિત્રોનું આલેખન કરવામાં આવ્યું છે.

આમ 'મા' માં પત્નીને માતા એ બંને સ્ત્રીત્વનાં પાસાં જોવા મળે છે. સેવા, ત્યાગ, વિશુદ્ધ પ્રેમ અને આત્મબલિદાનનો ઊંચો આદર્શ તે ચરિતાર્થ કરી બતાવે છે. આ રેખાચિત્રો 'માડી માને સાંભરે રે' માં સંપાદક

ચંદુ મહેરિયા એ પ્રકાશિત કરી હતી. 'મા જુજવા રૂપે' માના હૈયાના તારલા 'શબ્દસૃષ્ટિ' જાન્યુઆરી ૧૯૯૫ માં પ્રકાશિત થાય છે. પ્રસ્તુત રેખાચિત્રો વિશે રાધેશ્યામ શર્મા લખે છે ''કવિ મધુકાન્ત કલ્પિત માને જૂજવા રૂપે આરેખતાં તળભાષાનો જે સ્વાદ ચખાડે છે તે આંગળું્ક પીઓ' મા કહેતી, હુલ્લી ભરીન ચાંદીની જણસો અતી. સું કરીએ ? ટાણાં હાચવવામ આંમ બાવળિયા જેવી ઉઘાડી થઈ જી...' એક 'નસેને' નો પ્રયોગ પણ જુઓ : નસેને આવોય રમતસ કોશી ન વળજી ના પડ્અ...'' મંછીમા ને નખશિખ અવતારી છે.

## ❖ 'મધુકાન્ત કલ્પિતનું ફૂમતું' :

'મધુકાન્ત કલ્પિતનું ફૂમતું' રેખાચિત્ર મધુકાન્ત કલ્પિતનું નારીચેતનાને આલેખન કરતું રેખાચિત્ર છે. પ્રિયંકા કલ્પિતની નારીચેતનાને ઉત્ક્રાંતનું આલેખન છે. 'દીકરી હેતની હેલી' માં જોસેફ મેકવાન લખે છે : 'કવિ પિતા મધુકાન્ત કલ્પિતે કવયિત્રી પુત્રી પ્રતીક્ષાને નખશીખ અવતારી છે. 'કેસરિયા ટશરના આકાશનો' એનો ઊર્મિઉછાળ પ્રતીક્ષાની કવિમૂર્તિને પરિપ્લાવિત કરી ગયો છે. એમાં જે પ્રતિબિંબાયું છે એ જ એનો વિશેષ છે.'[૧]

આ રેખાચિત્રોમાં પુત્રીના જન્મથી થતા વિદ્યાની અસહ્ય પીડા બા-બાપુજીની સેવા, નાનકડી પ્રિયંકાનો ચાળો, અભ્યાસ, લગ્ન, કવયિત્રી આમ વિવિધ રૂપ પ્રસ્તુત રેખાચિત્રોમાં મૂકવામાં આવ્યો છે. સાંજે 'હાડ થીજવી મૂકે એવી ઠંડી રાતમાં નિર્જન શાંત વાતાવરણમાં સૂસવાટાભેર ફૂંકાતો પવન સાવ ટાઢાબોળ થઈ ગયેલા સૂમસામ વાતાવરણમાં ઉગમણેથી તીણા અવાજ હતા. વિદ્યા ઘાસલેટિયા દીવાના પ્રકાશમાં અમળાઈ અમળાઈને કણસતી હતી. ચિંતામાં એમની મા એના માથે હેતાળ હાથ ફેરવી ફોસલાવતી હતી. 'વિદ્યા આક્રંદતી માના બંને હાથને જોશથી પેટ ઉપર

ખેંચી લાવી ચિત્કાર કરી ઊઠતી 'જરી કાઠી થા. વઉ..ર આમ વિદ્યાને લેખકની મા કહેતી પરંતુ વિદ્યાને અસહ્ય પીડા થતી હોવાને કારણે આંખોમાં શ્રાવણ ભાદરવો રેલાતા હતા. એમની મા ઊભી થઈ અને પાતળી ગોદડી ઓઢીને ખાચણિયા પરથી ધકેલી લીધું. ઉતાવળે ઉપડી બારણું ખખડાવ્યું ! અલી મૂળી. વઉં ન દખ ઉપસયું સ, બઈ ?' મૂળી ખાટલાની નીચે બીડી પીતી હતી અને ઊભી થતાં બોલી 'હવારમ' વઉ ન જોઈ' તો તારનું મનમ્અ 'અ' તુ જ ક, આજનો દન નેંકળી જાય તો ભલો, બાકી રાત નઈ ખેંચાય.. લે હેડ.' વાતોમાં ઘેર આવી પહોંચી પછી એમની માએ ચૂલો સળગાવીને પાણી ગરમ કરે છે. વિદ્યાને લીધે ઘરમાં વિહ્વળ બોઝિલ અને પીડાજનક ક્ષણો કંતાતી રહી અને રાત્રિના બારે વાગ્યે દીકરીનો જન્મ થાય છે. ઘરમાં ઉમંગ છલકાય જાય છે. મૂળી સફારી બોલી ઊઠી. 'લખમી આયી, મંછી.. પીડાથી લેવાઈ ગયેલા વિદ્યાના ચહેરા ઉપર હાસ્ય ફરી વળ્યું જન્મ આપતી માની અસહ્ય પીડાનું આલેખન પ્રસ્તુત રેખાચિત્રોમાં કરવામાં આવ્યું છે. માને મન જાણે સોનાની સવાર ઊગી હોય એ રીતે એમણે જે કોઈ મળ્યું એને હરખ વહોંચ્યા. આ હરખની જ ઘરમાં પ્રતીક્ષા હતી. તેથી દીકરીનું નામ પ્રતીક્ષા જ પાડ્યું. છોડિયાળું ઘર એટલે પૈસેની તાણ રહેતી. લેખકની નોકરી લગી એટલે અમદાવાદમાં રહેવા જતા રહ્યા અને વિદ્યાની સાથે બે સંતાનો સાથે ગામડે-પરિવાર સાથે રહેવા લાગ્યા. મા એને નિર્ભર બનાવવા  લીપવું, થેપવું, વાઢવું-ઢાળવું, લણવું ચાર પૂળો કરવાનું બધું એમની મા ને બા શીખવતા. નાના બાળકોની સંભાળ પણ બા કરતા. પ્રતીક્ષા બોરડી ઝૂકવા માંડતી. દૂરથી બોરડી ઝેરાતી જોઈ દાદી એમને નજીક આવી પૂગે. પ્રતીક્ષા કાચા નખ બોરડી ઝંઝેડી નાસ્યાં તૂયે તો બોલતાં ખીલ ખીલ હસી પડે. જાણે કોઈ પરાક્રમ કર્યું હોય એ રીતે પ્રતીક્ષા ઊભા પગે કુદરતી કિલકારીયો કરી ઊછળકૂદ પગની

ઝાંઝરીનો રૂપેરી રણકાર સાથે તાનમાં કરતી. ઘર તરફ પ્રયાણ આદરે ત્યારે અડધે રસ્તે આવીને પ્રતીક્ષા ડૂસકા ભરવાનું ચાલુ કરે. નાની મુઠીથી આંખો ચોળતી અવળી ફરી ઊભી રહી જાય. દાદી પાસે આવીને પૂછે એ જ પહેલાં પ્રતીક્ષા રેતી વચ્ચે ઢગલો થઈ જાય. દાદી એમને ગરદન ઉપર બેસાડે. પ્રતીક્ષા હાથો વડે દાદીનું માથું પકડી રાખી. ફરી કિલકિલાટ કરતી. વન્ય સૃષ્ટિને અચરજથી નિહાળતી ઘેર આવે 'હેઠી ઊતર, બાપ ! ટાંગા ભમી જયા મારા ! આમ દાદી પ્રતીક્ષાને હેઠે ઊતારી દોડતી વિધાના ખોળામાં ગૂબી જાતી. નાની પ્રતીક્ષા પિતાની સાથે બહારના જાય ત્યારે અન્ય તેમને પ્રશ્નો પૂછતા 'કેમ એકલા ? ક્યાં ગયું તમારું ફૂમતું ? ત્યારે લેખકના મોં જાણે સાકરની ગાંગડીથી ભરાઈ જાય. આ વાક્યથી લેખકનું મન અત્યંત ખુસ થાય છે. પુત્રી પ્રતીક્ષાના વિવિધ નામો પાડવામાં આવ્યા. દાદાએ 'પદમા' સંબંધી સૌ 'પદી' અને ઘરમાં સૌ 'પલ્લી' કહે લેખક પોતે 'પ્રિયંકા' કહેતા અને બધાં લોકો 'મધુકાન્તનું ફૂમતું' કહેતા. તે સમયે છોકરીઓ ઓછી ભણતી. તેથી છોકરી ઘેર બેસતા પરંતુ પ્રિયંકાને નિશાળે જવું પડતું ત્યારે 'દસિયા' આપવાથી નિશાળે જતી. પ્રિયંકા પેન્ટ શર્ટ હંમેશા પહેરતા. સાત બેહનો લેખકની પ્રતીક્ષા વિશે કહેતા ત્યારે પ્રતીક્ષા કહેતી કે હું પપ્પાનું ફૂમતું છું ને એટલે.. લેખન અને સમાજચિંતન વખતે પ્રિયંકા પ્રશ્નો પૂછતી 'આપણે સૌ દલિત છીએ પપ્પા ? આમ પ્રશ્નો પૂછતી ઘર બદલાયું. નવા રહેઠાણ અને નવા પરિવેશમાં પ્રિયંકાનો કોલેજકાળ શરૂ થયો. દાદા-દાદીને પથારી કરી આપતા ખાવા-પીવાથી માંડીને બધી જ જવાબદારી પ્રિયંકાએ સ્વીકારેલી. પ્રિયંકાનું સેવાભાવી સ્વરૂપનું આલેખન કરેલ છે. દાદા-દાદી પાસે ઘર, ગામ, સમાજ, રીત-રશમથી માંડીને કથા, લોકકથા, દંતકથાના દરિયામાં એ સહેલ કરવા નીકળી જાય. દાદાને પ્રશ્નો પૂછતી 'વાવંદર એટલે શું ? હવામાન બદલાતાં

દાદીને સખત ઝાડા થયા ઘણી સારવાર કરવા છતાં ઝાડા મટવાનું નામ ટેક ન થાય અને દાદા ઉંમરનો નવમો દાયકો વટાવી ચૂકેલા એટલા સમયના બીમાર દાદાનું અવસાન થાય છે. દાદીના અંતકાળ સુધી પ્રિયંકાએ કાળજી રાખી. પ્રિયંકાનો સેવાભાવ જોઈ શકાય છે.

પ્રિયંકા ઘરમાં સૌની લાડકી હતી. એમના ઘરમાં સાહિત્યિક હલચલથી ગૂંજતું. સતત કલાકીય આબોહવામાં ઉછરેલી. ટીપાયેલી પ્રિયંકા લખતી. સામાયિકો, અવલોકનાર્થે પુસ્તકોને વાંચતી આમ પ્રથમવાર એમની કવિતા કોલેજમાં ભીંતપત્રો પર ઝળકી. ગુજરાતીમાં સ્નાતક થયા. પ્રિયંકા વિદ્યાપીઠમાં પત્રકારત્વમાં જોડાયેલા. દલિત કવિતાઓ પણ લખતી. પ્રિયંકા વિશે શ્રી રાધેશ્યામ શર્માએ પ્રિયંકાનો ‘સાહિત્યનો સાક્ષાત્કાર લખતાં સખેદ એની નોંધ પણ કરી. એનો કાવ્યસંગ્રહ ‘હાંસિયામાં હું’ સાહિત્ય મહર્ષિ શ્રી કે.કા.શાસ્ત્રીના વરદ હસ્તે લોકર્પિત થઈ ચર્ચાસ્પદ બન્યો અને ડૉ.રમણિકા ગુપ્તા એવોર્ડ પણ મળ્યો હતો.

પ્રિયંકા પોતાના પિતાની બીમારીમાં પણ કાળજી રાખતા. દવા ગળાવવા સુધીની દેખભાળ એ જાતે કરતી. પ્રિયંકાના લગ્ન માટે પિતા માટે ઘણી ચિંતા હતી. પ્રિયંકા ઘણી હોશિયાર હોવાથી છોકરાએ લગ્ન માટે શરત મૂકી તો  પ્રિયંકાએ કહ્યું કે ‘અહીં શું અર્થ છે વ્યકિતનિષ્ઠ જાગૃતિનો ? ઢગલો સમજ કેળવીનેય આખરે સ્ત્રીએ શું પામવાનું ? પુરસ્કૃત મૂલ્યોના પાયામાં નારીમુકિતની ઇંટ મૂકવા જગ્યા જ કયાં છે ? નારી સમાજે હવે કઈ સમાનતા-સ્વતંત્રતાના બિલોરી સપનાં જોવાનાં ? એમણે ‘હાંસિયામાં હું’ ની કેફિયત લિપિબદ્ધ કરી.

‘‘અહીં સંવેદનાનું એક વિશ્વ છે. તકરારી વિશ્વ છે. સમયના કાળમીંઢ ખડક પર મોજાં જેમ માથું પટકીને વિખરાઈ જવાના, જિંદગીના સત્યને જાણ્યા છતાંય કયારેક એક માણસ ખાસ તો ભારતીય નારી તરીકે

ટકી રહેવા હેવાતિયાં મારતા એકલા-અટૂલાં, તૂટયાં-ભાંગ્યા, છિન્ન-ભિન્ન, સાવ ભંગાર જેવા, હાંસિયામાં આવી ચડેલા મારા અસ્તિત્વને ભળભોંખરામાં ભલેને અધુરું અને અલપ-ઝલપ જ નિરખ્યું હોય પણ એનો મારા મનોખંડમાં જે પ્રલંબ સંવાદ ચાલ્યો છે. એ ચિત્તને ખળભળાવી મૂકનારો છે. મારા ચેતોવિસ્તારની ડાળીઓ પર એ ઓસબિંદુથી લળૂંબી રહેલાં જેને મેં સાચવીને હૃદયને કંપવા દીધા વગર, અશ્રુથી આંખને ખરડવા દીધા વગર, કલમસજ્જ આંગળીઓને સહેજે ધ્રૂજવા દીધા વગર અહીં કાગળ પર લેખકે લીધાં છે.''[૧૮]

પ્રિયંકાની જીવનમાં પ્રકૃતિપ્રેમ, વૃક્ષ, વન, પહાડ, નદી, દરિયો બધું વિશેષ ગમે. પ્રિયંકાના સગપણની વાત છેડાઈ બાયોડેટા લેવાયા ગમતી જગ્યાએ પ્રિયંકાનું સગપણ ગોઠવાયું.

મધુકાન્ત કલ્પિતના દીકરીના લગ્ન જાણે બાવળીયો શણગારવો ! કેવડો મારો પ્રસંગ ! આમ ઘરમાં લગ્નગીતો રચાયા સખીઓએ પ્રિયંકાને શણગારી. સપ્તપદી પતી. દીકરી હવે પરઘરની થઈ ત્યારે મધુકાન્તના મનની લાગણીઓ સાથે જાન વળાવવાની વેળા થઈ. તેમણે અશ્રુ સાથે 'મારા ફૂમતાને લહેરાતું રાખજે'. એમની મનઃ સ્થિતિ શબ્દસ્થ થઈ. આમ પ્રિયંકાના લગ્નની વિદાયની આખું ચિત્રનું સરસ આલેખન થાય છે. ૨૦૦૪ ના અંતિમ સાહિત્ય અકાદમી, દિલ્હીના ઉપક્રમે અમદાવાદમાં ન્યુ વોઈસના કાર્યક્રમ અંતર્ગત કવિ સંમેલનમાં પ્રિયંકા ગુજરાતી કવયિત્રી તરીકે પ્રસ્તુત થઈ. તે વખતનું દશ્ય જોઈ કવિ ખૂબ જ આનંદમાં આવી ગયા હતા. લેખકને મનમાં પ્રિયંકા વિશેની જે લોકવાયકા હતી તે એમનું 'ફૂમતું' હતું. જે સાચા અર્થમાં મધુકાન્ત કલ્પિતનું ફૂમતું છે.

આમ મધુકાન્ત કલ્પિતની પુત્રી પ્રિયંકાના જન્મથી તો કવયિત્રી બની ત્યાં સુધીનું આલેખન કરેલું છે. દુનિયાદારીના પડછાયા ટૂંકાતા જાય છે.

બૌદ્ધિક સ્તરનાં ઓજારો સજ્જ કરી દટાયેલા, દૂભાયેલા, દલિત, ઉપેક્ષિત વંચિતો માટે વૈચારિક પરિવર્તન લાવવાની મથામણ ઘર આંગણેથી જ આરંભાય એ માટે પ્રિયંકા અને મધુકાન્ત કલ્પિત હંમેશા સંઘર્ષરત છે. આવી ચેતનાથી રસાયેલો શબ્દ કોઈની ચેતનાને ઢંઢોળે ક્યાંક પોતાની જગ્યા કરે અને ઝળઝળે એવી એમની આશા પ્રગટ થાય છે. પ્રિયંકાની કલમમાંથી ખરેલી નારી સંવેદનાની નકશી નીચે મુજબ છે.

મૃગજળનાં
ઝાંઝર પહેરી
હું રણમાં ઊભી
બળતા પગે
રણ દોડે છે મારી
હથેલી પર
રાત બેઠી છે
હવે ચૂંદડી ઓઢી
નવોઢા જેમ
ઘૂંઘટ પ્રથા
શ્વાસ રૂંધે એટલું
બાકી મજા છે !
છીપલા તળે
ઘર વસાવવા હું
વલખાં મારું
નગ્ન જિંદગી,
ચીંથરેહાલ જાત
કોને ઢાંકું હું ?

હાથ અડે, ને

વેદના રણઝણે

ઝાલર જેમ

બેડી પહેરી

ફર્યા કરું છું, કેવી

સ્વતંત્ર છું હું ?[૧૯]

પ્રિયંકાએ કોઈ નમતી સાંજે દુલ્હન શણગારીને સ્મશાન તરફ લઈ જવાતી સ્ત્રી જીવતે જીવ ક્યારેય દુલ્હન ન હોય એ વેદના નારી જીવનના કારુણ્યને કેવુ ઘેરું બનાવે છે ? તેનું આલેખન કરે છે. પ્રિયંકા આધુનિક ચેતનાથી રસાઈ છે. વિચારશીલ છે. સ્ત્રી સન્માન અને નારી ગૌરવની ભાવનાથી પૂરી સજ્જ અને સભાન છે. પરંપરાઓ અને વિષમ સ્થિતિઓ સામેના વિદ્રોહ અને આક્રોશથી એની કલમ તીખી બને છે પણ એ તોછડી કે ઉદ્ધંડ નથી. એને સ્વાતંત્ર્ય જોઈએ છે પણ સંવાદિતાના ભોગે નહીં. અધિકાર માટે ઝઝૂમવું છે, પણ અન્યના ન્યાય ડૂબાડીને નહીં. એની ગતિ લગભગ સ્પષ્ટ છે. પ્રિયંકામાં નાનપણથી જ દલિતોની વ્યથાને જોઈ હતી. તેથી એમણે પણ પિતાની જેમ દલિતની વ્યથાને વ્યકત કરવા માટે મનોમન મંથન કરે છે. સામાન્ય ગૃહિણીની જેમ જીવન જીવતાં ગૌરવ અનુભવે છે. એ અનુભૂતિ કવિતામાં ઊતરી આવે છે.

‘બેટ ઉપર બેસી

અનિમિષ રાહ જોતી હતી

ત્યાં

એકવાર

ખભે મોજાં નાખીને

પરસેવે રેબઝેબ

દરિયો આવી ચઢેલો
મારા પગ પલાળતો
હું
નાની મીઠાની પૂતળી
લસરક કરતી જેવી લળી
એવી જ સાંગોપાંગ ઢળી,
ને
પલમાં તે
થઈ ગઈ અભિન્ન.
આજેય હું
ખભેમોજાં નાખીને
પટકાયા કરું છું બેટ ઉપર
એક પ્રતિપ્રશ્ન થઈને.
બેટ ઉપર રાહ જોતી હતી
એ
હું ક્યાં છું ?'[૨૦]

પ્રિયંકાના બે રૂપો છે ને બંને જાજરમાન છે. પ્રિયંકા વધુ પુખ્ત થઈ છે. સ્વભાન અને સ્વમાનના અગ્નિકુંડમાંથી પ્રગટતા તણખા એની સ્ત્રી હોવાની સભાનતાને, નારી ચેતનાની ધારને વીંધી નાખે તેટલી તેજ બનાવે છે. સામાજિક, વ્યાવહારિક અને ખાસ તો વૈચારિક ભૂમિકા એ અવમૂલ્યન અનુભવતી એ કહે છે. આ જગતમાં સ્ત્રી હોવું જ એક ઘાતક ઘટના છે. સ્ત્રી હોવું અને એમાંય સજાગ સ્ત્રી હોવું એ તો હદપાર થતી આકરી પ્રસવ પીડા છે. એને લાગે છે. સ્ત્રીનું જીવન એટલે કતલખાનું. આખી જિંદગી એને પરાધીન અવસ્થામાં જ જીવવું પડે છે. પ્રથમ પિતૃગૃહે, પછી પતિગૃહે

અને ત્યારબાદ પુત્રગૃહે, સ્ત્રીને અબળા કહીને કમજોર કરવામાં પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થા અને તેની અમાનવીય પરંપરાઓએ જ મોટો ભાગ ભજવેલો હોય છે. સ્ત્રી ભયભીત છે, લાચાર છે છતાં જીવતી જાગતી આપવીતીઓનું ધગધગતું સંવેદન લઈ નારી સામાજિક સ્તરે પોતાના અસ્તિત્વની લડાઈ માટે ઝઝૂમે છે એ લગભગ નિષ્ફળ જાય છતાંય પ્રાપ્ત કરેલ આટલીયે જાગૃતિનું કંઈ ઓછું મૂલ્ય નથી. આત્મસાત કરેલી આ સભાનતા જ પ્રિયંકાને ધારદાર બનાવે છે. ભેદમૂલક, વિષમતાવાદી અને અભાવમુકત અવદશાનું પાંજરું ધર્મનું હોય, સમાજવ્યવસ્થાનું હોય કે સ્ત્રીસહજ લાચારીનું હોય, પ્રિયંકાએ તેને તીખો તમતમતો શબ્દ આપ્યો છે.

પ્રિયંકા સમજદાર, જવાબદાર છતાં એક સાવ સામાન્ય ગૃહિણી છે. હવે એ સાસરી, સંતાનો અને સ્વજનોની સુખાકારીની ખેવનામાં સતત વ્યસ્ત રહે છે. આમ એનાં બે રૂપો છે. પ્રિયંકાએ કલમથી પોતે અનુભવેલું, જોયેલું, કલ્પેલું વિપરીત જગતને ચોખ્ખુંચણાક ઉતારે છે. 'ઘસરકો', 'પ્રતિક્રિયા' લેખ સંગ્રહ જેવું સાહિત્ય એમના હાથવગું થાય છે. સર્જક તરીકે પ્રિયંકાને ઊડવા મોકળું આકાશ મળ્યું છે. પ્રાદેશિક-રાષ્ટ્રીય પ્રચાર-પ્રસાર માધ્યમોમાં એ માનભેર પ્રગટ થઈ છે. આમ 'મધુકાન્ત કલ્પિતનું કૂમતું' રેખાચિત્રમાં પુત્રી પ્રિયંકાને નખશિખ અવતારી છે. પુત્રી પ્રિયંકા કલ્પિત જાણીતા દલિત સાહિત્યકાર છે. ગુજરાતી વિષય અનુસ્નાતક થયેલા સાહિત્યિક-સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી ધમધમતા ઘરમાંથી સાહિત્યથી સર્જનાત્મક વિચારશૈલીનો વારસો મેળવનાર આ કવયિત્રી એ કોલેજકાળથી જ 'વેદનાના ભાવોની ભરતીનો રમણીય અહેસાસ કરાવતું સાહિત્ય રચ્યું. હાંસિયામાં 'હું' કાવ્યસંગ્રહ દલિત સાહિત્ય ક્ષેત્રના મહત્વના પ્રદાન હોવાનું પ્રશસ્તિપત્રમાં નોંધાયું છે. તેમને વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂપિયા

પચાસ હજારનો 'સાવિત્રી બાઈ ફૂલે દલિત મહિલા કલા-સાહિત્ય એવોર્ડથી પુરસ્કૃત કરવામાં આવ્યા છે. આમ, 'મધુકાન્ત કલ્પિતનું ફૂમતું' ખરેખર આજે સૌથી મોટી કવયિત્રી, પત્ની તરીકે દલિત સાહિત્યકાર તરીકે ઓળખાય છે.'

## ❖ લઘુનવલકથા :

### ⇨ 'તમને કયાંક જોયાનું યાદ' નવલકથા :

ગુજરાતી સાહિત્યના આઠમા દાયકાના કવિશ્રી મધુકાન્ત કલ્પિતે નવલકથા પર પણ હાથ અજમાવ્યા છે. તેઓ શ્રી રશ્મિન્ પટેલની સાથે મળીને લઘુનવલકથાની રચના કરી છે. ગુજરાતી સાહિત્યમાં નવલિકાનું સ્વરૂપ વિસ્તૃત કરીને ઘણી નવલકથાઓ રચાઈ છે, પણ નવલિકાનું સ્વરૂપ યથાતથ રાખીને નવલકથાનું સર્જન થયું હોય એવું કવચિત જ બન્યું છે. આ નવલકથામાં રશ્મિન્ પટેલની નવલિકા સંગ્રહ 'લોહીની વમળ' માંથી નવલિકા 'પરિચય' ને નવલકથા માટે પસંદ કરવામાં આવી છે. આ નવલકથાના લેખક રશ્મિન્ પટેલ અને મધુકાન્ત કલ્પિત નવલકથામાં શૈલી રશ્મિન પટેલની આપવામાં આવી છે. નવલકથા નવ પ્રકરણોમાં વિભાજીત કરવામાં આવી છે. ડૉ.ચિનુ મોદી સાથેની પ્રશ્નોત્તરી મૂકવામાં આવી છે. એક પ્રયોગશીલ કૃતિનું સર્જન છે. લઘુનવલકથા ૮૮ પેજમાં પ્રકૃતિનાં વર્ણનો સૂચક રીતે આવે છે અને પાત્રોનાં ખાસ કરીને નાયિકા બિન્દુનાં મનોસંચલનો તેમજ દિવાસ્વપ્નો માનસશાસ્ત્રીય તથા સાહિત્યિક અભિરૂચિને ઉત્તેજે છે.

'તમને ક્યાંક જોયાનું યાદ' મધુકાન્ત કલ્પિત અને રશ્મિન્ પટેલની કીર્તિદા, અતિશય લોકપ્રિય થયેલી એવી, ગુજરાતી નવલકથા સાહિત્યની એક ચિરંજીવ કલાકૃતિ છે. મધુકાન્ત કલ્પિતની જન્મજાત સર્જક પ્રતિભાનો નવોન્મેષ એમાં સ્વયંભૂત લેખકની આત્મસ્ફૂરણાથી સહજ રીતે પ્રગટયો છે. ડૉ.ચિનુ મોદી આમુખમાં પ્રશ્નાવલિમાં તારવે છે કે

'સદર હું લઘુનવલમાં આકર્ષણનાં જે કેટલાંક સ્થાનો છે એમાં પહેલું સ્થાન છે રચના રીતિનું. જ્યાં પણ જરૂરી લાગ્યું છે ત્યાં ડાયરીથી માંડીને નવલિકા સુધીના કોઈપણ સ્વરૂપને અહીં સર્જનાત્મક રીતે ઉપયોગી બનાવવાનું તમારા બેઉનું લક્ષ્ય છે. પ્રકૃતિનું અહીં પાત્ર ભાવે આલેખન થઈ શક્યું છે અને એ પણ વૃત્તિમય ભાવાભાસની રીતે નહી લઘુનવલની જેટલી લાક્ષણિકતાઓ છે એ લાક્ષણિકતાઓ અહીં પ્રણયકથા નિમિત્તે તણી શકાય છે. જે થયું છે તે પ્રમાણમાં સંતર્પક છે. પ્રતીકો ઓગળીને જ આવવાં જોઈએ અને વસ્તુ સાથે તદ્દાકાર બની જવા જોઈએ. અહીં ઘોડો, સમડી, નાગ, કાગડો, આદિમાં એમ થઈ રહ્યું છે. અહીં ચરિત્ર જે રીતે થયું છે તે જિજ્ઞાસા રસને દ્રવતો રાખે એ રીતે થયું છે. પાત્રોના ઈતિહાસને સાંપ્રતમાં સંવેદનાત્મક વિશ્વ મળે એ માટે તેમ ઉપયોગમાં લીધો છે. બિન્દુ તો નાયિકા છે અને આમેય એમાં રસ પડે તેવું એનું સૌષ્ઠવ પણ છે પણ અલપઝલપ ડોકાતું ચિતલનું પાત્ર બહુ ઓછા ભાર સાથે પરોક્ષ રીતે અહીં વધારે સુંદર બનાવી શક્યા છે. સમીરનું પાત્ર તમારા અને ભાવકના ચિત્તમાં સ્પષ્ટ મુદ્રા ઉપસાવે છે. આ પાત્ર જેટલાં જ બીજા પાત્રો with their fallies જો ચિત્રિત થયા હોત તો આવી મુદ્રા ઊભી કરી શકયાં હોત.''

લઘુનવલકથામાં પ્રથમ પ્રકરણમાં નાયિકા બિંદુથી નવલકથાની શરૂઆત થાય છે. આ લઘુનવલકથાના કથાવસ્તુ, પાત્રો, ભાષા, વાતાવરણ, જીવનદર્શન આદિ ઘટકતત્વો વિશેની વિભાવનામાં પણ આમૂલાગ્ર પરિવર્તન આવ્યું. નવલકથાની શરૂઆત કથાનાયિકાથી થાય છે. નાયિકાનું નામ બિંદુ છે. બિંદુ બારી ખોલીને બહાર જોઈ છે. બહાર વરસાદ છે. ચિનાર અને પાઈનનાં વૃક્ષો પરથી વરસાદની બુંદો દડી રહી હતી. મોસમની શરૂઆત હતી. બિંદુએ સડકના કિનારે એક પહાડી પુરુષ સેવ લઈને જતો હતો. તેમને બિંદુ એકીટશે જોઈ રહે છે. પહાડી પુરુષની પાછળ ચાલે છે. ચમકી ઊઠી મનમાં

વિચારે છે કે તે કોણ હશે ? બિંદુએ બારી બંધ કરી છતાં પેલી વ્યકિત તેની સામે નજરે જોઈ રહી હોય એમ લાગ્યા કરે છે. ત્યાં તેમનો પતિ આવે છે છતાં પેલી વ્યકિતને ક્યાંક જોયાની યાદ એવો સ્મૃતિભ્રમ થાય છે અને પોતે વિચારોમાં ડૂબી જાય છે. બિન્દુ મનમાં મેહુલની સાથે નૈનીતાલ હોટેલના પગથિયા ચડી રહી હાથમાં હાથ પરોવીને બિંદુ મેહુલના વિચારો કરે છે. બિંદુને તેના પતિ અપરિચિત લાગે છે. બંને ફરવા જવાના હોય છે. ત્યાં સમીર આવી જાય છે એટલે બિંદુને મનના અનેકો વિચારો આવે છે કે મેહુલની સાથે ફરતા જોઈ હોય અને સાગરને જણાવી ના દઉં એમ વિચારે છે. ત્યાં મિત્ર સમીર આવે છે. સમીર સાગરને બધું જ વાત કહી દેશે. એવી બીક બિંદુના મનમાં હલચલ મચાવી દે છે અને બિંદુ કલ્પનોમાં પોતે અનેકો સ્થળે નવલકથામાં પ્રકરણમાં જોવા મળે છે. ચિતલની હત્યાની વાત કરવામાં આવે છે. બિંદુને ડાયરી દ્વારા બધું જ જાણી લઈને મનમાં કલ્પના દ્વારા એમને સમડીઓ, સમીર, નૈનિતાલ, શ્રીનગર, ટેક્સી, આ બધું જ ક્યાંક બનતું હોય તેમ બિંદુને લાગ્યા કરતું અને છેલ્લે ફોટાઓને જોઈને સાગર કહે છે કે આ વ્યકિતને ક્યાંક જોયાની યાદ છે અને બિંદુ એ ફોટાને સ્તબ્ધ નજરે જોઈ રહે છે અને પોતે પરિચયના મહેલમાં આવી ઊભી છે. મહેલના બધા જ દરવાજા બંધ છે અને દીવાલો પર ગોઠવેલી શબ્દની ઇંટો ધીરે ધીરે ખસી રહી છે. આમ, કથામાં ક્યાંક આભાસી ચિત્રો ખડા થાય છે. જેના દ્વારા નવલકથા જીવંત પાત્રોસૃષ્ટિ રચતી હોય તેમ લાગે છે. ઘટના, પાત્રો, પ્રતીકો, કલ્પનોમાં રચાયેલી નવલકથા છે. આમ કથા પૂરી થાય છે.

લઘુનવલકથામાં પાત્રો બિંદુ, સાગર, સમીર, મેહુલ, ડ્રાઈવર જેવા પાત્રોમાં નાયિકા બિંદુ છે. બિન્દુના પાત્રોમાં મનોસંચલનો, મનોમંથનો, દિવાસ્વપ્નો રચતી બતાવી છે. બિન્દુને થતી કલ્પનો સ્મૃતિભ્રમ થાય છે.

સાગર અને બિન્દુ ફરે છે. ચરમેશાહીનો ઢાળ ઊતરતાં બિન્દુએ આકાશમાં જોઈ છે. ધીરે ધીરે આકાશમાં અંધકાર ઊગી રહ્યો હતો. બિંદુ ખચાઈને પાછળ જોઈ લે છે. હજી પેલી બે આંખો તેનો પીછો કરી રહી હતી. બિંદુ એ વિચારતી હોય છે. આંખો પરિચિત હતી. ક્યાંક જોઈ હતી. ફક્ત આંખો જ નહિ, પણ સમગ્ર ચહેરો ક્યાંક જોયાનું યાદ હતું છતાં યાદ આવતું નથી. બિંદુને પ્રશ્ન થાય છે કે સ્મૃતિભ્રમ તો નહિ હોય ? કે પછી સવારે તેની સામે ટગર ટગર જોતી હતી એ વ્યકિત હતી કે શું ? અચાનક સૂર્ય આકાશમાં ન હતો. બરફીલા પહાડો પાછળ ઠંડો પડી ગયો હતો. બિંદુને હજી પણ બે આંખો તેની પીઠ પાછળ ચોંટી રહી છે. પાછળ જોઈ લીધું. ચોમેર અંધકાર છવાઈ રહ્યો હતો. કાળો ધબ્બ અંધકાર હવે પેલી બે આંખો દેખાતી ન હતી. શ્રીનગર ખૂબ જ રળિયામણું લાગતું હતું. આવી જ એ રાત હતી. બિન્દુએ વિચાર્યું અને ધીરે ધીરે વિચારોમાં દશ્ય વિસ્તરતું ગયું.

– નૈનિતાલની એક હોટેલનાં પગથિયાં બિન્દુ ચઢી રહી હતી. મેહુલના હાથમાં હાથ પરોવીને. અચાનક સાડીનો કિનારો પગ નીચે આવી જતાં તે લપસી હતી અને બીજી જ ક્ષણે મેહુલની વિશાળ બાહુઓમાં...ઓહ ! મેહુલ તો ખૂબ જ દૂર હતો. હજારો માઈલ દૂર...છેક ન્યૂયોર્કમાં છતાં એ હાથની મજબૂત પકડ કેમ અનુભવતી હતી ? એકાએક બિન્દુના અસ્તિત્વમાં અજબ સ્ફૂર્તિ આવી ગઈ. બિન્દુને લાગ્યું કે મેહુલ એકદમ નજીક ઊભો હતો. હાથ લંબાવીને અડકી શકાય એટલો નિકટ.. અને બિન્દુ એને વળગી પડી. સ્મૃતિભ્રમમાં બિન્દુ કલ્પનો રાચે છે. લેખકે કલ્પનો એની રીતે રચી છે જેમાં બિન્દુ અને મેહુલ નિકટ હોય તેમ લાગે છે પણ પાત્રો આભાસી છે. હવે બિન્દુ પલંગમાં સૂતાંની સાથે એમના મનમાં ક્યાંય જોયાનું યાદ આવતું નથી છતાં ગાઢ પરિચય હોય એવું

કેમ લાગ્યા કરે છે ? કદાચ બિન્દુ સાગરને આયોડેક્સ છાતી પર ઘસી આપવા માંગે છે. ત્યાં છાતી તરફ દષ્ટિ ફેરવી એકાએક તેની નજરમાં વાળનું એક મોટું જંગલ ઊગી નીકળ્યું. ધીરે ધીરે વાળમાં આંગળીઓ ફરવા લાગી. બિન્દુની આંખોમાં જંગલ વિસ્તરતું ગયું..[૨૨]

ગીચ જંગલ વચ્ચે એક લાંબી કાળી સડક પર બસ દોડી રહી હતી. દૂરથી પહાડ પરનાં વૃક્ષો છાતી પર ઊગેલા વાળના ગૂંચળાં જેવા લાગતા હતા, ને મકાનો પહાડની આંખો જેવા. મેહુલે બિન્દુના ગાલ પર આંગળીઓ ટેકવીને પૂછ્યું : 'જો પેલ્લો પહાડ.. જાણે ભરનિંદ્રામાં કોઈ સ્ત્રી સૂતી હોય એવો લાગે છે. નહિ ?'' બસ પણ કોઈ સ્ત્રી જેવી ને અચાનક તેનું ધ્યાન સામેની સીટ પર બેઠેલા યુવાન તરફ ગયું. બિન્દુ શરમાઈને નીચું જોઈ ગઈ. બસ નૈનિતાલ તરફ જવાની હતી. લીલાં લીલાં દશ્યો આંખોમાં ઊગીને દૂર સરી જતા હતા. બિન્દુના મનમાં દિવાસ્વપ્નો ઊભા થાય છે. તેમની પાસે કંઈક ઊભું છે. એ રીતે પૂછે છે 'એક વાત પૂછું?'

'પૂછ'

'ન્યુયોર્ક ગયા પછી તું મહિનામાં કેટલા પત્ર લખીશ મને ?'

'મહિનામાં ત્રીસ !'

'અને ન આવે તો ?'

'તો સમજી લેવું કે..'

'શું ?'

'તારા જેવી કોઈ છોકરી મને મળી ગઈ છે !'[૨૩] કહીને મેહુલ હસ્યો. બિન્દુને મનમાં મેહુલ સ્મૃતિભ્રમ થાય છે એટલે પોતે મેહુલ સાથે છે એવું અનુભવે છે. બિન્દુ અને મેહુલ વચ્ચે વાર્તાલાપ થાય છે. બસ એકાએક અટકી ગઈ કદાચ પાછળના ટાયરમાં પંચર થયું હોય એમ લાગે

છે.' બિન્દુ આ બધું જોઈ રહી હતી.

'મને લાગે છે કે હવે નૈનિતાલ પહોંચતાં બાર-એક તો વાગી જશે.' મેહુલે લાયટર સળગાવતાં કહ્યું.

''કદાચ એવું પણ બને.'' ''પણ આવી બસને પંચર પડે તો પણ કશો વાંધો ન આવે !'' આ સીઝનમાં બધી જ હોટેલ ભરચક હોય છે ? 'ના...ના', એવું કશું નથી. જગ્યા તો મળી રહે છે' 'તમે કોઈ હોટેલમાં ઊતરવાના છો ?' 'વુલડોર્ફામાં'[૨૪] આ અજાણ્યો માણસ વિવિધ પ્રશ્નો પૂછે છે અને 'અચાનક તેનું નામ પૂછવામાં આવે છે. તેઓ જણાવે છે 'સમીરને મેહુલ બિન્દુને મારી બિન્દુ છે આમ કહ્યું. અહીં મેહુલ સાથેના વિચાર કરતી હતી ત્યાં સમીરની હાજરી થઈ. સાગર બિન્દુને સૂઈ જવા કહે છે. બિન્દુ ! તું સૂઈ જા હવે.' બિન્દુના મનમાં વ્યથા ચાલી રહી છે. ડર વ્યાપી રહ્યો છે. સમીરના કારણે એ પોતાને હવે મનમાં ગુંગળામણ અનુભવે છે. બિન્દુ સાગરને ઘેર બોલાવે છે પણ ''બિન્દુ ! કેવી વાત કરે છે તું ? આપણને અહીં આવ્યે બે દિવસ પણ થયા નથી. હજી તો બધું જોવાનું છે. માણવાનું છે. હવે તો સાથે સમીર પણ છે. મજા આવશે અને તું..'' આમ પ્રથમ પ્રકરણમાં બિન્દુને મનમાં અનેક વિચારો આવે છે. તેનું આલેખન થયું છે.

બીજા પ્રકરણમાં બિન્દુ ફરી બહાર જોઈ ધુમ્મસનાં થર હવામાં સ્થિર હતા ભારેલો અગ્નિ પ્રજળતાં ગોટાતી ધૂણીની જેમ. દૂર દૂર ચિનાર અને પાઈનનાં વૃક્ષો ઝાંખા પડછાયા જેવા લાગતાં હતાં. સામે ડાલ લેકમાં તરતાં ખેતરો સરોવરની છાતી પર હિમશીલાની જેમ ઊભા હતા. બિન્દુ હવે ડર અનુભવે છે. સમીર સાગરને બધું વાત ના કહી દે અને સમીર બોલી ઊઠે છે. ''ભાભી ! તમને ક્યાંક જોયાનું યાદ આવે છે. નવલકથામાં શીર્ષક વારંવાર આવતું રહે છે.

'કોણ ભૈરવી ? સાગરે પૂછ્યું.

'યાર ! તું પણ ભૂલી ગયો ? ભૈરવી લપ્પી ! એસ.વાય. માં આપણે સાથે હતી એ..'

'હા.. સાલી કમાલ છોકરી હતી !' ને પેલી ચિતલના શું સમાચાર છે ?'[૨૫]

નવલકથામાં ચિતલ પાત્રની વાત કરવામાં આવી છે. બિન્દુને મનમાં ડર બેસી ગયો છે. સમીર અને સાગરની વાત સાંભળે છે. સાગર સાયકોલોજી માનવીનો અભ્યાસ કરે છે. ''માનવીનો નહિ, માનવીના મનનો અભ્યાસ કરે છે. માનવીની બાહ્ય સ્થિતિ પરથી તેના આંતર મનનો તાગ કાઢી આપે તે સાયકોલોજી..' આમ લેખકે પ્રકૃતિનાં, પાત્રોનાં, પ્રસંગોમાં પણ જ્યાં જ્યાં વર્ણનો કર્યા છે, તે પણ એમણે નિરૂપવા ધારેલ રસને ઉપકારક થઈ પડે છે. કથન, વર્ણન, સંવાદ એ બધા દ્વારા રસ નિરૂપવાનું લેખકનું કૌશલ આ રચનામાં ઠેર ઠેર જોવા મળે છે.

લેખકે કરેલી વસ્તુસંકલના પણ ભાગ્યે જ રસપ્રવાહમાં ખંડિત કરે છે. એક પ્રસંગોમાંથી બીજો પ્રસંગ, એક પ્રકરણમાંથી બીજું પ્રકરણ સ્વયંભૂ ઊગી નીકળતું જણાય છે અને તે મુખ્ય તથા ગૌણ રસના પ્રવાહને અસ્ખલિત વહેતો રાખે છે. સંવાદ પણ પાત્રો સાથે નવલકથામાં વણી લીધા છે. બિન્દુને સમીર કહે છે. જાદુગરની જેમ સાયકોલોજીનું કામ પણ ગજબનું હોય છે !'' સમીર અને સાગર, બિન્દુ વચ્ચે સંવાદ ચાલે છે. બિન્દુને પોતાની વાત થશે એનો ડર અનુભવે છે. સમીર અને સાગર બંને વાતચીત કરે છે. લગભગ દરેક બાબતમાં સ્ત્રી સૈકા જૂની લિપિ જેવી હોય છે !'' 'મતલબ એ જ કે.. સાત જન્મ પૂરા થાય તો પણ સ્ત્રીને ઉકેલી ન શકાય !' ક્ષણાર્ધ અટકીને સાગરે સમીરને પૂછેલું તું પણ લિપિ લઈને આવ્યો હશે ?' હજી લિપિ ઉકેલવાની તક મળી નથી ! પણ.. સાથે એક

મિત્ર છે. તારી માફક એ પણ હનીમૂન માટે આવ્યો છે.'' બિન્દુ બોલી ઊઠે છે ત્યારે તો તેમ કબાબમાં હડ્ડીની જેમ. ત્યારે સમીર બોલી ઉઠે છે કે ''તમે ય ભાભી.. ખરેખર, મારા મિત્રની પત્ની જેવાં જ છો. ઓછું બોલવું અથવા તો બોલવાનું ટાળવું, પણ જ્યારે બોલો ત્યારે ખૂબ જ સૂચક હોય !'' નૈનિતાલ ન્યૂયોર્ક.. રંગીન માણસ... પત્રો.. આ બધું સાંભળતાં જ બિન્દુ ચમકી ઊઠી. નીલરંગી સાડી પહેરીને તે આવતી હતી ત્યાં જ તેના પગ સ્થિર થઈ ગયા. સમીર સામે એકટીશે તે તાકી જ રહી. તેને મનમાં ફરી દિવાસ્વપ્નો રચવા લાગ્યા. કોઈક સાડી ખેંચી રહ્યું છે અને બિંદુ તદ્દન નિરાવરણ થઈને સાગર સામે ઊભી છે. આમ બીજું પ્રકરણમાં નારીની વાત કરે છે. ત્રીજું પ્રકરણમાં બિન્દુ સ્તબ્ધ થઈને હજીય ત્યાં ઊભી હતી. ''બિન્દુ ! ત્યાં કેમ ઊભી છે તું ? હજી તો તારો ફરવાળો કેટ પણ સૂટકેસમાંથી કાઢવાનો છે.'' હવે ગુલમર્ગ જવાના છે. બિન્દુ કોઈ પૂતળાની જેમ બિન્દુ ત્યાંથી ખસી ને પછી પલંગ પાસે આવી સૂટકેસ ખોલી કોટ ઉપર હાથ ફેરવ્યો ને રોમાંચનું ગુલમહોર હથેળીમાં ઊગી ગયું. મેહુલનું મીઠું સ્મરણ હતું. મેહુલે એમને કહ્યું હતું કે આ કોટ પહેર્યા પછી તને મારા વિચારો જ આવ્યા કરશે. ફક્ત મારા જ.. બિન્દુએ આશ્ચર્યથી પૂછયું હતું : ''એમ ?'' ''હા... ખરેખર, આ જાદુઈ કોટ છે !'' ને ફૂલ પર ઝૂલતા શિયાળાના તડાકા જેવું મેહુલ હસી પડયો હતો. ''ખરેખર, આ કોટ તમને ખૂબ સરસ લાગે છે. એસ્કિમોના પ્રદેશમાંથી આવ્યા હોય તેવો!'' નૌકામાં બેસીને ત્યારે ફોટા પાડી લેજો.'' આમ ગુલમર્ગ જવા નીકળે છે. બિન્દુ બંધ આંખોએ વિચારતી હતી. કૉલેજ, ચિતલ, હેષા, આપઘાત, સમીર, નૈનિતાલ, મેહુલ, સાગર, શ્રીનગર, ટેક્સી, ગુલમાર્ગ આ બધું મળીને કશુંક બનતું હતું. કોઈ ઘટના આકાર લઈ હતી એ ઘટનાના આકાર વચ્ચે તે પોતે પણ ચોથા પ્રકરણમાં બિન્દુ મનમાં અકળામણ

અનુભવે છે અને રડી પડે છે. 'બિન્દુએ પેટમાં દુઃખે છે એટલે' રડવાનું કારણ બતાવ્યું. આમ અનેક કારણ બતાવે છે. આમ અનેક પ્રશ્નોથી વાતચીત કરે છે તે પછી બિન્દુ એક પગે કશીક દ્વિધા સાથે બીજા પગ સામે જોયું. પાંચમા પ્રકરણમાં જમ્યા પછી બિન્દુનું મન બેચેન હતું. સમીરે પાડેલા ફોટા દેખાતા હતા. ક્યારેક એના શબ્દો સંભળાતા હતા. બિંદુ પલંગ પર સૂઈ ગઈ છે. અચાનક બિન્દુને યાદ આવ્યું કે બારણું ખુલ્લું છે. પલંગમાંથી એકદમ તે બેઠી થઈ ગઈ. બારણા પાસે આવીને ઊભી રહી. એટેચીની એક પછી એક બધી જ વસ્તુઓ બિન્દુ જોવા લાગી. પેન્ટ, બુશર્ટ, પાયજામો, બ્રશ, ટૂથપેસ્ટ, રેજર અને છેક નીચે લીલા રંગની એક ડાયરી હતી. ડાયરીમાં ફોટા હતા નીચે સરી પડયા. પોતાનો ફોટો પણ એમાં હોય એવી શંકા હતી. પછી ડાયરીમાં સમીર શું લખતો હશે ? એવા પ્રશ્ન ઉદ્ભવતાં એમણે ડાયરીનાં પાનાં ફેરવ્યાં, ને ત્રીજી જાન્યુઆરીથી દસમી મે સુધીનું ડાયરીમાં લખ્યું હતું. જેમાં ચિત્તલની વાત કરવામાં આવી હતી. બિન્દુએ ડાયરી બંધ કરી પલંગમાં સૂઈ ગયા પછી તેને લાગ્યું કે ડાયરીના શબ્દો સમડીની જેમ મનના આકાશમાં ઊડી રહ્યા છે.

'આખ્ખુંય આકાશ જાણે સમડીઓથી છવાઈ ગયું છે. આકાશમાં એવી કોઈ જગા નથી કે જ્યાં સમડી ન હોય. સમડીઓ ચાંચ મારે છે. એવા કલ્પનો એમનું શરીર લોહીલુહાણ થઈ ગયું હોય આમ લાગે છે. બિંદુના મનમાં સંવેદના અભિવ્યકત થાય છે. છેલ્લે પ્રકરણમાં સાગર ફોટા જોઇ રહ્યો છે. જેમાં મેહુલ ફોટા જોઈને બિન્દુને કહે છે. આ વ્યકિતને ક્યાંક જોયાનું યાદ આવે છે. મને બિન્દુએ પરિચયના મહેલમાં આવીને ઊભી છે. મહેલના બધા દરવાજા બંધ છે અને દીવાલો પર ગોઠવેલી શબ્દની ઈંટો ધીરે ધીરે ખસી રહી છે. પ્રસ્તુત લઘુનવલકથામાં બિન્દુના વિચારો, કલ્પનો, સ્મૃતિભ્રમના કારણે આખી લઘુનવલમાં બિન્દુનું પાત્ર જ આપણને

સંવેદનાઓથી ભરેલું લાગે છે. શીર્ષક લઘુનવલકથાના આરંભ અને અંતમાં સાર્થક થાય છે. 'તમને ક્યાંક જોયાનું યાદ' માં એકથી નવ પ્રકરણમાં આપણે અનુભવી શકીએ છીએ. કોઈકને શોધે છે. બિન્દુ પાત્ર જીવંત હોય તેમ લાગે છે. આખી લઘુનવલકથામાં કલ્પનોમાં તરતી બતાવી છે. સતત સ્મૃતિભ્રમ થાય છે એટલે તો રાધેશ્યામ શર્મા કહે છે કે 'તમને ક્યાંક જોયાનું યાદ' કાવ્યાત્મક લઘુનવલ બનવાનું તાકે છે છતાં કવિતાવેડાથી માવજત ખરડાઈ નથી. પ્રકૃતિનાં વર્ણનો પણ સૂચક રીતે આવે છે અને પાત્રોનાં ખાસ કરીને નાયિકા બિન્દુનાં મનોસંચલનો તેમજ દિવાસ્વપ્નો માનસશાસ્ત્રીય તથા સાહિત્યિક અભિરુચિને ઉત્તેજે છે. બિન્દુની ગિલ્ટસેન્સમાં અશ્વ એક સંકુલ અને સમૃધ્ધ પ્રતીક રૂપે વણાઈ જતાં એની ગતિમય છબીઓનું આલેખન મને ગમ્યું છે. વાસ્તવિકતા અને ફેન્ટસિનું ઈન્ટરસ્પસિંગ લેખકો સુભગ રીતે કરી શક્યા છે ને હજુ કરશે એવા આશાવાદને લીધે અભિનંદન પાઠવ્યા છે. (ટાઈટલ પેજ-૪ નો ફ્લેપ)[૨૬]

આમ લઘુનવલકથા પ્રારંભ છે તે નવલિકા સંગ્રહનો અંત આપવામાં આવ્યો છે અને નવલિકાનો અંત નવલકથાનો પ્રારંભ ગણાય છે. આમ અશ્વ એક સંકુલ અને સમૃધ્ધ પ્રતીક રૂપે વણાઈ જતાં એની ગતિમય છબીઓનું આલેખન સરસ રીતે કર્યું છે. લેખકની લઘુનવલકથામાં ભાષાશૈલી સરળ, સાદી જોવા મળે છે. અંતમાં શીર્ષક ઉપસી આવે છે. શીર્ષક યથાર્થ જોવા મળે છે.

આમ, મધુકાન્ત કલ્પિતે કવિતા, વાર્તા, વિવેચન, નવલકથા, સંપાદન વગેરે જેવા ગુજરાતી સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં અમૂલ્ય પ્રદાન આપણે જોઈ ગયા જે દલિત સાહિત્યમાં જ જોવા મળે છે.

## :: પાદટીપ ::

(૧) 'તાદર્થ્ય : કુમાર જૈમિની શાસ્ત્રી' ઓકટોબર-૨૦૧૨, પૃ.૪૧

(૨) એજન : પૃ.૪૨

(૩) એજન : પૃ.૪૨

(૪) એજન : પૃ.૪૩

(૫) એજન : પૃ.૪૩

(૬) એજન : પૃ.૪૪

(૭) 'હયાતી' 'મધુકાન્ત કલ્પિત' માર્ચ-જૂન-૨૦૦૪, પૃ.૫૯

(૮) 'ગુજરાતી દલિત વાર્તા : એક નવોન્મેષ', ડૉ.પથિક પરમાર, પૃ.૨૬૧

(૯) 'ગુજરાતી દલિત વાર્તા', વિજયશાસ્ત્રી, પૃ.૧૫૮

(૧૦) 'ગુજરાતી દલિત વાર્તા' શેષ : વિશેષ શ્રી હરીશ મંગલમ્, પૃ.૨૦૯

(૧૧) 'વાર્તાલોક' (દલિત વાર્તા સંચય) સં.મધુકાન્ત કલ્પિત (અન્ય), પૃ.૧૦૧

(૧૨) એજન : પૃ.૧૦૧

(૧૩) એજન : પૃ.૧૦૨

(૧૪) એજન : પૃ.૧૦૬

(૧૫) એજન : પૃ.૧૦૮

(૧૬) 'હયાતી' બાબુ ધવલપુરા, જૂન-૨૦૧૨, પૃ.૪૧

(૧૭) 'માડી મુને સાંભરે રે' ચંદુ મહેરિયા (સં), પૃ.૧૧૮

(૧૮) 'દીકરી હેતની હેલી' જોસેફ મેકવાન (સં), પૃ.૭૦

(૧૯) એજન : પૃ.૭૩

(૨૦) એજન : પૃ.૭૪

(૨૧) એજન : પૃ.૭૬

(૨૨) 'તમને ક્યાંક જોયાનું યાદ' લે.મધુકાન્ત કલ્પિત, પૃ.૩

(૨૩) એજન : પૃ.૬

(૨૪) એજન : પૃ.૭

(૨૫) એજન : પૃ.૧૨

(૨૬) એજન : પૃ.૪

# પ્રકરણ-૫
# ઉપસંહાર

મધુકાન્ત કલ્પિત ગુજરાતી સાહિત્યના દલિત સાહિત્યકારનો જન્મ લાંધણજ ગામમાં પાદર સીમ, શેઢાઓને ખૂંદતો લીલોતરી અને ખેતરનો ટહૂકો પ્રકૃતિ સાથે બચપનથી પ્રીતિ ધરાવતા કોઈ પારકી જિંદગીને ઉદાસીનતાપૂર્વક જોતો તૂટેલાં, ફૂટેલાં, છિન્નભિન્ન ને વેરવિખેર કેટકેટલાય એમના રૂપો છે. પુરાણી પરંપરાઓ, રૂઢિઓ, રીતરસમોના સંસ્કારને અનુકૂળ થવા પ્રત્યક્ષ સ્થિતિઓ, પરિસ્થિતિઓ, સંયોગોના કારણે ક્યારેક એકાંગી રીતે તો ક્યારેક પિતૃક, પારિવારિક અને સામાજિક વારસાની સામૂહિક પકડના લીધે એમને કોચલામાં રહીને કેળવળવું પડયું છે. ધગધગતી કાળઝાળ વેદના, કરપીણ અને જીવલેણ વેદના, જાતિગત વેદના, એ તો વળી વેદનાની ચરમસીમા છે. સમતા, સમાનતા અને બંધુતાનું સોનેરી સ્વપ્ન ચાંપી દઈને દલિત મુકિતની સૂર્યાન્મુખ અભિમુખતા ચીંધી બતાવી છે. જાતઅનુભવની કવિતા હોવાથી દલિતકવિતાનો પહેલો અવતાર જ નર્યો, નકરો અને સાચુકલો છે. કવિનું સંવેદન જ સીધેસીધું કવિતામાં ઊતરે છે. કવિતામાં મૂળભૂત સંવેદનની કથા છે. જેમ કોઈ ખેડુત પોતાના જ ખેતરમાં પાકેલું અનાજ કોઈ આડતીઆ કે વચગાળાના માણસને રાખ્યા વગર જ પોતે સીધેસીધું વેચે એમ દલિત કવિ પોતાનું સંવેદન સીધેસીધું કરી દેતો હોય છે. આથી એમની કવિતામાં સાચુકલાઈ અને સત્યનો રણકાર સંભળાય છે. એમનો જન્મ, અભ્યાસ, સાહિત્યસર્જનમાં એમણે દલિતસાહિત્યની છબી ચિતારી છે. એમને મળેલા પારિતોષિકની માહિતી મળી રહે છે.

આધુનિક યુગમાં શ્રી મધુકાન્ત કલ્પિતના ગીતોમાં મનુષ્યના મનના ભાવો નિરૂપે છે. એમણે ધરતી માતાને પુજીને તાપ-ટાઢ-વરસાદમાં પણ પોતાના જીવનને જીવતા શ્રમજીવીઓના દલિતોની વેદનાના મનના વિવિધ ભાવોને આલેખ્યા છે જે ઘણું હૃદયસ્પર્શી બની રહે છે. એમની રીતિ સાદી, સરળ અને સીધી બને છે.

એમણે ગુજરાતી સાહિત્યમાં કાવ્યો, નવલકથા, વાર્તા, રેખાચિત્રો, વિવેચન જેવામાં કલ્પના, વિચાર અને ચિંતનમનન રજૂ કરીને અત્યાર સુધી સૌનું ધ્યાન ખેંચતા રહ્યા છે. એમની કવિતામાંથી તાજગી અને કવિત્વની સમૃદ્ધિનો અનુભવ થાય છે જે એમની સૌથી મોટી સિદ્ધિ ગણાય છે. એમણે ત્રણ કાવ્યસંગ્રહો આપ્યા છે. 'કેસરિયા ટશરનું આકાશ' (૧૯૭૯), 'તરજુમો' (૨૦૦૮), 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' (૨૦૦૮) માં પ્રકાશિત થાય છે.

'તરજુમો' (૨૦૦૮) શ્રી મધુકાન્ત કલ્પિતનો વેદનાનો તરજુમો છે. જેમાં ૩૬ કાવ્યો આપવામાં આવ્યા છે. ૨૯ કવિતા, સાત ગીત, એક અભ્યાસ લેખ અને પાંચ આસ્વાદ સમાવાયા છે. દલિત-પીડિત શોષિતની વેદનાનું હૃદયસ્પર્શી નિરૂપણ કરતા ગીતો, અસ્તિત્વની આત્માનુભૂતિ કરાવતા ગીતો, જાત સાથેનો સંઘર્ષના ગીતો જેવા કે 'મને', 'જાતનું', 'હું', 'હિજરતી', 'ગતિપર્વ', 'પરંપરા', 'નોંધારા', 'માણસનું ભંગાર ગીત', 'પરિવર્તન', 'પ્રાર્થનાઓ' અને 'સભાનતા' ગીતોમાં ભાવ ઘૂંટાયા છે. મજૂર સ્ત્રી, દલિત-ગરીબ પર થતા અત્યાચાર, પશુતા અને શોષણની કરુણ કથા જીવંત રૂપે ચિત્રિત થઈ છે. કાવ્યોમાં આક્રોશની સાથે સ્વાનુભૂત, દર્દ-પીડા છે સાથે-સાથે માનવતાની ચોક્કસ દિશા, સમજ અને શકિત છે. કાવ્યમાં કવિએ જાતિવાદ, ધર્મવાદ, વર્ણભેદના અસામાજિક તત્વને મૂળથી નષ્ટ કરવાની વાત કરી છે. દલિત-પીડિત-શોષિત અને વંચિત કચડાયેલા વર્ગની આશાનાં ખંડિત સપનાં અને કરૂણ જીવની વાસ્તવિકતાને વાચા આપવામાં આવી છે સાથે સાથે એના માણસ થવાના અભરખાની જીવંત આકૃતિ પણ કવિએ દોરી છે. 'તરજૂમો' કાવ્યસંગ્રહોમાં સળગતી વેદનાના સૂર કવિતામાં જોવા મળે છે. કવિએ 'અર્થસભર શબ્દો' કાવ્યમાં દલિતો પોતાની વ્યથાને તો રજૂ કરી શકે છે . હવેથી સવર્ણો જે કંઈ પણ જુલમ કરે તે ન્યાય ગણી તેની સામે વિરોધ તો નોંધાવી શકે છે. આ સ્થિતિએ પ્રગતિ માટેનું પ્રથમ સોપાન છે. કવિ માને છે. દલિતનો અવાજ કવિએ ગીતોમાં ખૂબ સારું ચિત્રણ કર્યું છે. 'તરજુમો' કાવ્યોમાં વેદનાનું આલેખન થયું છે. 'કેસરિયા ટશરનું

આકાશ' (૧૯૭૯) અને 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' (૨૦૦૮). આ બંને કાવ્યસંગ્રહો લલિત કાવ્યસંગ્રહો તરીકે ઓળખાય છે. કવિએ નીડર બનીને પોતાની વેદનાને સ્પષ્ટ રીતે કલ્પનો દ્વારા રજૂ કરી છે. કવિ દેશ-વિદેશમાં ઘણું ફર્યા હોવાથી અનુભવ સમૃદ્ધ, સૂક્ષ્મ સંવેદનશીલ, ઈતિહસ પુરાણ આદિના અભ્યાસી અને કવિપદનું ગૌરવ ન કરનારા અને રાષ્ટ્ર પ્રત્યે દીનદલિતો પીડિતો પ્રત્યે પ્રેમ-સહાનુકંપા ધરાવતા હોવાની પ્રતીતિ એમના કાવ્યો કરાવે છે. નારીજીવનની કરુણતા 'મજૂરણ' 'લાચારી' 'અમને અધિકાર આપો' જેવા ગીતોમાં પ્રગટાવી છે. જાત પ્રત્યેની સભાનતા, સપના, નાયિકા તરીકે આલેખીને વેદનાને વ્યકત કરી છે. શુદ્રો-દલિતો-પીડિતોની લાચાર સ્થિતિ 'એકલવ્ય' 'કર્ણ' ના ઉદાહરણો દ્વારા એમણે કાવ્યોમાં ભારતીય સંસ્કૃતિએ માનવતાના 'શૂદ્રવર્ગને અપમાન-હડધૂત-તિરસ્કાર-શોષણ-ભૂખને અભાવો વિના બીજું કશુંય નથી. 'આપ્યું' જેવા અનેક ગીતોમાં કવિએ ચિત્રણ કર્યું છે. કવિના કાવ્યોમાં નાટકીય વેશ માનવીય વેદનાને વ્યકત કરી આપ્યાં છે. સમાજ વચ્ચે સમાજના ઉપેક્ષિત અને સમાજની નિષ્કારિત રખાયેલા વર્ગોએ અશ્વેત, નારી, વિકલાંગ, દલિત વગેરેએ પહેલી વાર સભાનપણે અવાજ ઉઠાવ્યો છે. આ રીતે તાત્વિક વિચ્છેદના બૃહદ વર્તુળ પરથી સામાજિક વિચ્છેદના આંતરવર્તુળ પર વાત આવે એ સ્વાભાવિક હેતુ, એમાંય સદીઓથી ધર્મ અને રૂઢિઓને બહાને ગામને છેવાડે અસ્પૃશ્ય રખાયેલા દલિતોની પીડા અને એમનો આક્રોશ જુદાં હતાં. આને કારણે પરંપરાનું સાહિત્યશાસ્ત્ર ખાસ્સું હચમચ્યું. આ કાવ્યસંગ્રહોમાં કવિ દલિત પીડાને આલેખન ગીતોમાં કરે છે. મધુકાન્તે તો 'કુમાર' બુધસભામાં ખેડાણ કર્યું છે. કવિ ગીતકવિતામાં થોડુંક તળપદુ કે થોડુંક અલગ પોતાનું લાવે છે. દલિત ચેતનાએ કવિતા પ્રવેશમાં એમને સ્પ્રિંગબોર્ડ જેવી સહાય કરી છે. ક્યારેક 'રાખ નીચે સૂતેલો ભડાકો હું/ફૂંક જરા વાગી કે જાગ્યો ફૂંફાડીને જેવા બલિષ્ઠ ક્રાંતિકારી વેગ છે. તો મનઅ ભગાથી જીવવા દો, માવતરમાં ભીતરી લાચારીમાંથી ફૂટતા કટાક્ષથી ઉપસતી કરુણરેખા છે તો 'ભગલો તભલા' માંથી ભગવાનદાસ ત્રિભોવનદાસ

બન્યાનું સ્વપ્ન તોડતો પંચાયતનો પગીક્રૂરતા કોઠે પડી ગયેલા સમાજનો પ્રતિનિધિ છે. 'તક' નાનુ પણ તીખું કાવ્ય છે : સોમપુરાને / હાથ ન લાગેલો હું પથ્થર / ગામ છેવાડે / કાશઃ / આમથી તેમ / ભટકતો / ભીતરા, ભારોભાર ખટકતો.. કર્ણ, એકલવ્ય, ડીસા, ગૌતમીના પાત્રોની દલિત સંવેદનામાં નવી રીતે વેધક છે. દલિતના મનુષ્ય તરીકેના અસ્તિત્વને ભૂંસતા સમાજ સામેનો શાંત વિપ્લવ અદ્ભૂત છે : 'મને માણસ કહે ને ? સારું લાગે ?' આમ કવિશ્રી મધુકાન્ત કલ્પિત કવિતામાં પોતાની ભીતરની આજુબાજુની વેદનાને ગીતોમાં સરળ ભાષામાં આલેખન કર્યું છે. જે હૃદય સ્પર્શી જોવા મળે છે. કવિએ ત્રણેય કાવ્યસંગ્રહોમાં મૂંગી વેદનાને ભડાકા સાથે વ્યકત કરી આપી છે. ગીતોમાં પ્રગટતી પ્રકૃતિ શૃંગાર મૂલક ગીતોમાં કાવ્યસૌંદર્યની સમીક્ષા કરી છે. ગીતોમાં કલ્પનો દ્વારા, શ્વાસોચ્છવાસ દ્વારા લખાયેલાં ગીતોમાં કવિની વ્યથાને એમણે આબેહૂબ ચિત્રણ કરી આપ્યું છે. પ્રામાણિકતા અને પ્રતિષ્ઠાવાન ગીતકવિ તરીકે સુખ્યાત થાય છે. ગીતોમાં લય, નાદ અને માધુર્યના ત્રિવેણી સંગમ સાથે ગેયતા, શબ્દલીલા, અલંકારસમૃદ્ધિ, ભાવતત્વ, સૌંદર્યતત્વ, કલ્પનાવૈભવ આદિ વિશેષતાઓ જોઈ શકાય છે. સદીઓથી હડધૂત થયેલા અસ્પૃશ્યતાથી પીડાતા માણસની ભીષણ વેદના અસહ્ય છે. 'એક ગાંમેતી ગીત' માં ગાળ નિર્દોષ લાગે ત્યારેય તુચ્છકાર તો પ્રગટ થાય જ એનો ઉપયોગ કર્યો છે. પરંપરા, રૂઢિઓ, નિયમો વગેરે પીડના ગીતો જોવા મળે છે. માનવીની વાસ્તવિકતા વ્યકત કરતા ગીતો, વેદનાને વ્હાલ કરતી કવિતામાં હથેળીમાં સભાનતાની રેખા નવી નકોર ફૂટી છે. 'અંધકાર', 'બેની મા' દલિતો પ્રત્યેનો ભાવનો ઉલ્લેખ જોવા મળે છે. ગીતોમાં તિરસ્કારભર્યા, તુચ્છકરાયેલા, અત્યાચારો, અપમાનો, વેદનાને સહન કરતા મનુષ્યની વેદનાને વ્યકત કરતા ગીતોમાં જોવા મળે છે. પોતીકી પીડાને 'મને', 'હું', 'જાત' કાવ્યમાં જોવા મળે છે. વર્ણવ્યવસ્થાના ખાનામાંથી બહાર આવવા ગીતોમાં જોવા મળે છે. નર્મ-મર્મ પણ કાતિલ આગભર્યું ગીત, અસ્તિત્વની આત્માનુભૂતિનું ગીત, આંતરપીડાનો ચિત્કાર, સ્વસમાજની પીડાનો ચિતારની

ગીતોમાં જોવા મળે છે. 'શ્વાસોચ્છવાસના કવિએ કલ્પનો દ્વારા લખેલા ગીતોમાં જોવા મળે છે.

દલિત સાહિત્યકાર વિવેચક શ્રી મધુકાન્ત કલ્પિત કૃત 'પ્રત્યક્ષ' એમના એકમાત્ર વિવેચન સંગ્રહ છે. જેમાં પંદર વિવેચન લેખોનો સંગ્રહ છે. દલિત જીવન અને સાહિત્ય પ્રત્યેની પ્રતિબધ્ધતા પાને પાને દેખાય છે. 'ગુજરાતી દલિત વિવેચન - એક દૃષ્ટિ' લેખમાં ૩૬ જેટલા દલિત સાહિત્યિક વિવેચન ગ્રંથોમાંથી તારવી આપ્યું છે. એ દલિત જીવન, દલિત આંદોલન, અનામત આંદોલન ને દલિત સાહિત્ય આંદોલન પરિપ્રેક્ષ્યમાં કવિતા કરે છે તેમ વિવેચન પણ કરે છે. માત્ર કૃતનિષ્ઠ વિવેચન નથી. સામાજિક અને ચરિત્રાત્મક અવલોકન પણ કરેલું છે. રશ્મિન્ પટેલના વાર્તાસંગ્રહ 'લોહીનાં વમળ' સાહિલ પરમાર અને શંકરપેન્ટર સંપાદિત 'વ્યથાપચીસી એક', 'અત્યાચાર થવા દો' (બબલદાસ ચાવડા), 'અનુબંધ' (ભી.ન.વણકર), 'પગેરું' (અરવિંદ વેગડા) 'ઝંખનાનો સૂર્ય' (એ.કે.ડોડિયા) વિશેના અવલોકનો પ્રાપ્ત થાય છે. ઉપરાંત હરીશ મંગલમ્‌ના વિવેચન ગ્રંથ 'એકવચન' અને નવલકથા 'અગનઝાળ' ની સમીક્ષામાં એમની અભ્યાસનિષ્ઠાનાં દર્શન થાય છે. વિવેચનની પરિભાષા-ભાષાશૈલી ઉપર સારી પકડ જણાય છે. અવલોકનોમાં લેખકની પરિપકવતા પ્રકટ થાય છે. આમ, 'પ્રત્યક્ષ' દલિત સાહિત્ય વિવેચનમાં ગણનાપાત્ર વિવેચન સંગ્રહ છે.

હાલ 'સાભિપ્રાય' વિવેચનમાં પ્રકાશનમાં જેમાં કેશુભાઈ દેસાઈ 'સેતુ સ્વરૂપ સર્જક ચેતનાના સમીક્ષા લેખો' વિવેચનનો આવકાર આપ્યો છે. જેમાં લેખકે કહ્યું છે કે ૧૩ જેટલા લેખો સમાવિષ્ટ છે. ગુજરાતી દલિત વાર્તા, મારા વળાંક વચ્ચે કેફિયત, 'મારી પરણેતર' માં તણખાતો આક્રોશ, રકિતમ વેદનાની સંવેદનાગાથા, લાલ લોહીની સંકેતલિપી, ભેદમૂલક સંસ્કૃતિમાં અસ્મિતા-બોધ, કેફિયત, પ્રશ્નોત્તર રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં રજૂ કરેલા સાહિત્ય વિવેચનનાં વકતવ્યો છે. જેના પરથી આપણને બધી માહિતી મળશે પણ હાલ પ્રકાશનમાં છે.

વાર્તાકાર શ્રી મધુકાન્ત કલ્પિત દ્વારા લેખિત વાર્તામાં પણ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરેલી જોવા મળે છે. તેમની વાર્તાઓ જેવી કે 'અધૂરો પુલ', 'કુળકથા', 'હુતાશન', લાખું', 'રમતી', 'ચંદા', 'માણસ બની ગયો' જેમાં દલિત ચેતનાનું આલેખન થયું છે.

'અધૂરો પુલ' વાર્તામાં શેઠની હીનતા, માની ગરીબી સમાજમાં ચાલતા ઉચ્ચ વર્ગ અને નિમ્ન વર્ગ વચ્ચેના ભેદના કારણે થતા શોષણ, અત્યાચાર જેવા કષ્ટો આ વાર્તાની નાયિકા યાની માતા સહન કરે છે. વાર્તાનાયક શેઠ ઉચ્ચ જાતિના હોવાને કારણે નિમ્ન વર્ગની માને સ્વીકારી એમની સાથે લગ્ન કરી શકાતાં નથી. અહીં મા મજૂરણ હોવાથી શેઠે સ્વીકારી નહિ, દુઃખોના કારણે, મજૂરીના કારણે, પીડાના કારણે મા મરી ગઈ. અહીં આ વાર્તામાં શોષણનું આલેખન કરવામાં આવ્યું. મા ની નિમ્ન જાતિના તેથી શેઠ સમાજના રૂઢિરિવાજોથી બંધનના કારણે વાર્તાનાયકના મા સાથે લગ્ન કરી શકાતો નથી. આ વાર્તામાં રૂઢિ-રિવાજો, પરંપરા, વર્ગભેદ-નડતર બને છે. તેથી પુલ બની શકતો નથી. અધૂરો રહી જાય છે. આથી શીર્ષક 'અધૂરો પુલ' યથાર્થ છે. 'કુળકથા' બીજી વાર્તા જે 'વાર્તાલોક' દલિત વાર્તા સંચયમાં (૨૦૦૮) માં પ્રકાશિત થાય છે. આ વાર્તામાં પરાપર્વથી ચાલ્યા આવતા જાતિભેદના રાક્ષસના અત્યાચારની કથા છે. વાર્તાકારે અત્યાચાર, શોષણ કરતા ઉચ્ચ વર્ગ જેમને રાક્ષસ માન્યા છે. દાદાના પાત્રો એમણે નિમ્ન વર્ગને ઉચ્ચ વર્ગના લોકો રાક્ષસ જેવા બની ન્હોરથી પીડા આપી લોહીલુહાણ કરે છે. આ વાર્તામાં માનવસર્જિત વેદનાની સાંકળને સામાજિક, સાંસ્કૃતિક સંદર્ભે વિચારી, દલિત વાસ્તવને અહીં હૃદયને સ્પર્શી જાય છે. એ રીતે નિરૂપે છે. બાળકની આંતરચેતનામાં ઢબુરાઈ રહેલી, દાદાજીની વાર્તા સાંભળીને સળગાયા કરતી પ્રચ્છન્ન સંવેદનાઓને વ્યકત કરવા માટે પ્રયોજાયેલ કપોળકલ્પિતના કલ્પનોમાં કર્તાનો આયાસ અછતો રહેતો નથી. 'હુતાશન' વાર્તામાં ઉત્તર ગુજરાતની ગ્રામીણ પરંપરા રૂઢિ સામેના નકારની કથા છે. ભૂતકાળમાં ગામમાં ઢોરોનો રોગ ફૂટી નીકળતા ગામના લોકો ઢગલો બાધા-

આખડી માનતા રોગ કાબૂમાં ના આવતા લોકો હોળીના દિવસે ઉપાયો શોધવા ગામલોક ભેગા થતા. મહારાજ જે બાધા વિશે કહેતા જેનું માની ગામમાં રીત-રિવાજ અપનાવતા. લાકડીની આડીથી ઢોર તણાય સ ઈના ઉપર કાંક ટુચકું કરશો તો રોગ અકૂરતા ભાગશે. એવા અનેક ભુવાઓને માનીને અંધશ્રદ્ધામાં જીવતા માણસો જોવા મળે છે. આવી અંધશ્રદ્ધામાં જીવતા લોકોના અંધશ્રદ્ધાને નરસિંહ અને વાર્તાનાયક ધાર્મિક ઓઠા હેઠળ વિકસીને મજબૂત બનેલી અન્યાયી અને અત્યાચારી જૂની પરંપરાનો વિરોધ અહીં સામાજિક સંદર્ભે વિસ્તારી દલિત થીમને પ્રગતિશીલ વિચારથી લોકાભિમુખ કર્યું છે.

'માણસ બની ગયો' વાર્તામાં બંધ મિલકામદારોના વ્યથિત જીવનમાંથી યે મ્હેંકતી માનવતાને અભિવ્યકત કરે છે. દલિત જીવનની દુર્દશાના પોષક ધાર્મિકતત્વો સામેનો નકાર સહજ અને પ્રેરક નિરૂપણ પામ્યો છે. માનવીય મૂલ્યનિષ્ઠાનાં લીરેલીરા ઉડાડતી રચના દલિત અસ્મિતા જગાડી ઉધ્વગામી ચેતના પ્રગટાવી આપવાનું કામ કરી જાય છે. છેવાડાના સમાજના જનજીવનના તાણાવાણાને વણી લેતી, ગરીબ, અભાવ પીડિત અને લોકો પણ સંબંધના નાતે મૂઠ ઊંચેરાં નીવડી આવી નિજી અસ્મિતાને ઉજાગર કરી આપે છે. 'ચંદા' વાર્તામાં આછાપાતળા દલિતતત્વ સાથે ભોળાભટ્ટાક ગામીણ માનવીના સંપન્ન-ભગ્નતાના શિલ્પ નાટકીય ઘટના લઈ કળાઘાટ પામે છે. 'મનજી' છેવાડાના વાલ્મીકિ સમાજના જનજીવનના તાણાવાણાને વણી લેતી ગરીબ, અભાવ પીડિત માનવસમાજ વાર્તામાં વિશેષ પ્રતિષ્ઠા પામે છે. આ વાર્તાના પાત્રો મનજી અને તેમની દીકરી, દીકરો. દીકરીના લગ્ન, પિતાનો પુત્રી પ્રત્યેનો પ્રેમ નાજુક સંવેદના આ વાર્તામાં ઝિલાયા છે. પુત્રીના પ્રેમની આગળ માતાજીને ચઢાવેલી ત્રાંબાની કૂંડીઓનું પણ કશું જ મહત્વ મનજીને મન નથી રહેતું. એ અતિ પછાત જાતિના જનમાનસમાં જાગૃતિ લાવવાનો સરસ વિચાર તણખો છે. વાર્તાકારે નવો ધાર્મિક વિચાર ક્રાંતિ રજૂ કરી આપી છે. 'રમતી' વાર્તામાં સામાજિક વિષમતા વર્ણવ્યવસ્થાના કારણે ગામડા ગામમાં ભોળા જીવ પરસ્પરના આર્કષણ

થતા મળી શકાતાં નથી. ઉલટાનું સંસાર ભગ્નતાનું કારણ બને છે. ઘટના સુંદર કળાઘાટ પામી છે. 'અધૂરો પુલ', 'હુતાશન', 'કુળકથા', 'લાખું', 'માણસ બની ગયો', 'રમતી', 'ચંદા', મનજી' જેવી વાર્તામાં સામાજિક દૂષણો જોવા મળે છે. અંધશ્રધ્ધા, છૂત-અછૂત, રીત-રિવાજો રહેણી કહેણી જોવામાં મળે છે. સમાજમાં વિવિધ પરંપરાઓ જે બીજાને દુ:ખી કરે જેના નાશ થવા જોઈએ એટલે કે દલિતચેતનાને આલેખન કરેલ છે.

શ્રી મધુકાન્ત કલ્પિત કૃત રેખાચિત્રો જેવા કે 'મા જૂજવા રૂપે' અને 'મધુકાન્ત કલ્પિતનું ફૂમતું' આ બે રેખાચિત્રો આપ્યા છે. 'મા જૂજવા રૂપે' રેખાચિત્રમાં માની મમતા, ભાવ, માની વ્યાકૂળતા, સવર્ણ સ્ત્રીઓનો ત્રાસ સહન કરતી મા ને અનેકો પ્રસંગો સાથે ગૂંથી આપી છે. 'વતનની વાત' બાપાની વાત' તળભાષાનો સ્વાદ છે જે આગંતુક છે. 'મા કહેતી, હુલ્લી ભરી ન ચાંદીની જણસો અતી શું કરીશ ? ટાણાં હીચવવામ આંમ બાવળિયા જેવી ઉઘાડી થઈજી...' જેવી ભાષા તળની ઉત્તરપ્રદેશની જોવા મળે છે. 'મધુકાન્ત કલ્પિતનું ફૂમતું' આ રેખાચિત્રોમાં દીકરી પ્રિયંકાનું પાત્રચિત્રણ કરવામાં આવ્યું છે. 'દીકરી હેતની હેલી' માં જોસેફ મેકવાન લખે છે. પુત્રીના જન્મથી તો કવયિત્રી બને છે ત્યાં સુધીનુ આલેખન કર્યું છે. પ્રિયંકાનું બાળપણ, સેવાભાવને સરસ પ્રગટ કરી આપ્યું છે.

મધુકાન્ત કલ્પિત અને રશ્મિન્ પટેલ સાથે મળીને 'તમને ક્યાંક જોયાની યાદ' નવલકથા આપી છે જે નાનકડી નવલકથા હોવા છતાં સરસ, ઘટના, વાતાવરણ, પાત્રચિત્રણ, સંવાદ, ભાષાશૈલી સરસ જોવા મળે છે. બિંદુના મનોસંચલનો તેમજ દિવાસ્વપ્નો માનસશાસ્ત્રીય તથા સાહિત્યિક અભિરુચિને ઉત્તેજે છે. બિન્દુની બિલ્ટ સેન્સમાં અશ્વ એક સંકુલ અને સમૃધ્ધ પ્રતીકરૂપે વણાઈ જતાં એની ગતિમય છબીઓનું આલેખન કર્યું છે. વાસ્તવિકતા અને ફેન્ટસિનું ઈન્ટરસ્પસિંગ લેખકો સુભગ રીતે કરી શક્યા છે. પ્રકૃતિનાં વર્ણનો પણ સૂચક રીતે આવે છે. બિન્દુ અને સમીર બેઉને આ ચૈતસિક પ્રવાહો ભીંજવી આપે છે. વ્યકિતગત માનવીય

સંવેદનાઓ અહીં અચૂક અભિવ્યકત થઈ છે. દલિતોનાં સુખ-દુઃખનું આશા-આકાંક્ષાઓનું અને નિરાશા-હતાશાનું સાહિત્ય વર્ષોથી જે સાહિત્ય રચાતું આવ્યું છે તે સમાજની વર્ણવ્યવસ્થાના ચોકઠામાં જકડાયેલું છે. વર્ણવ્યવસ્થાને નામે સમાજનો કહેવાતો શૂદ્રવર્ગ પીડિત-શોષિત રહ્યો છે, તેમની વ્યથા-વેદનાને આનંદ-ઉલ્લાસને સાહિત્યમાં સમાજના જાતિવાદ ધર્મ-સંપ્રદાયનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો ને માનવહક્ક અને અધિકાર મેળવવા જે સર્જનાત્મક સાહિત્ય રચાયું તે દલિત સાહિત્ય વાર્તા, કવિતા, રેખાચિત્રો, નવલકથામાં દલિત સાહિત્યનો આલેખન થયું છે. એટલે જ મધુકાન્ત કલ્પિતનું સમગ્ર સાહિત્ય સર્જન જોતા એમણે મૂલ્યવાન પ્રગતિ સાધી છે. તેથી તો એમને ‘ગુજરાતી ગાળોના ગાલિબ’ તરીકે ઓળખી શકાય છે. આમ મધુકાન્ત કલ્પિતના ગીતોમાં વેદના, આક્રોશને આપણે અનુભવી શકીએ છીએ. કવિતા, વાર્તામાં દલિત વેદના પ્રથમ સ્થાને આવે છે. ગીતોમાં જાત અનુભવ દ્વારા લખેલી કવિતા દ્વારા આત્માનુભૂતિના ગીતો ‘સભાનતા’ માં જોઇ શકાય છે. આમ ગીતોમાં દલિત પ્રત્યે સમતા, સમાનતા અને બંધુતાનું સોનેરી સ્વપ્ન ચાંપી દઈને દલિત મુકિતની સૂર્યોન્મુખ અભિમુખતા ચીંધી શકાશે. પ્રજ્વલિત થઈને સમાજમાં ચાલતા દૂષણો, આક્રોશ છે. જેને દૂર કરવા માટેનું એક અભિયાન છે. વાર્તામાં નારી પ્રત્યેની ભાવના સ્ત્રીનું અસ્તિત્વ, અંધશ્રધ્ધામાં જીવતા લોકોની બ્રાહ્મણવાદ દ્વારા જાતિભેદ, ગરીબી વાર્તામાં આલેખન કર્યું છે. આમ, મધુકાન્ત કલ્પિતનું સમગ્ર સાહિત્યસર્જન જોતાં દલિતચેતના માટે આલેખન કર્યું છે. દલિતવેદનાને પ્રથમ પ્રગટાવ્યું છે. નાદુરસ્ત તબિયતને અવગણીનેય સર્જનરત રહ્યા છે. એના મૂળમાં પાકી સામાજિક નિસબત અને દલિત વાસ્તવને એમણે પ્રામાણિકપણે કલ્પિતના ગીતોમા, લેખોમાં દલિત સર્જકોથી નોખી-અનોખી એવી સંસ્કૃત તત્સમ શબ્દોની મોંઘેરી મિરાત છે. એનો વિનિયોગ એમની સર્જનાત્મક કૃતિઓમાં જોવા મળે છે.

# પરિશિષ્ટ-૧

## ❖ મધુકાન્ત કલ્પિત સાથેની મુલાકાત :

- જન્મ તારીખ : ૧૮-૧૧-૧૯૪૫
- જન્મ સ્થાન :

  લાંઘણજ, તા.જિ.મહેસાણા (ઉત્તર ગુજરાત)
- નામ અટક :

  મધુકાન્ત કલ્પિત
- પિતા-માતાનું નામ :

  શંકરાભાઈ-મંછીબેન
- મૂળ વતન :

  લાંઘણજ, તા.જિ.મહેસાણા (ઉત્તર ગુજરાત)
- ડિગ્રી ઉપાધિ :

  મનોવિજ્ઞાનના સ્નાતક
- નોકરી કે વ્યવસાય :

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં નોકરી, હાલ 'હયાતી' મુખપત્રનો પદભાર સંભાળે છે અને ગુજરાતી દલિત સાહિત્ય, અકાદમી, અમદાવાદના ટ્રસ્ટી છે.

- લગ્નસાલ-લગ્ન સ્થાન :

  ૧૯૬૭ માં વિજાપુર તાલુકાના મંડાલી ગામે લગ્ન.
- પત્નીનું નામ અને શિક્ષણ :

  વિદ્યાગૌરી, આઠમું ધોરણ અપૂર્ણ
- સંતાન સંખ્યા :

  નિરો, નિકેતન અને પુત્રી પ્રિયંકા કલ્પિત

- સાહિત્યસર્જન :
- કાવ્યસંગ્રહો :

'કેસરિયા ટશરનું આકાશ' (૧૯૭૯-જાન્યુઆરી)

'તરજુમો' (જૂન-૨૦૦૮)

'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' (૨૦૦૮)

- વિવેચન :

'પ્રત્યક્ષ' (ડિસે.૨૦૦૮)

હાલ 'સાભિપ્રાય' (૨૦૧૮)

- નવલકથા :

'તમને ક્યાંક જોયાનું યાદ' (સહ લઘુ નવલકથા)

(સપ્ટે-૧૯૯૦) - મધુકાન્ત કલ્પિત

- રશ્મિન્ પટેલ

- વાર્તાઓ :

'અધૂરો પુલ', 'લાખું', 'હુતાશન', 'કુળકથા', 'ચંદા', 'રમતી', 'માણસ બની ગયો'

- સંપાદન :

'વાર્તાલોક' (ગુજરાતી દલિત વાર્તા સંચય) ૨૦૦૮ (અન્ય સાથે)

'બ્રેઈન વોશ' ગુજરાતી દલિત કવિતા-અન્ય સાથે (જુલાઈ-૨૦૧૨)

'ગુજરાતી દલિત કવિતાનો ઉદ્ભવ અને વિકાસ-અન્ય સાથે (ફેબ્રુ-૨૦૧૫)

'સમર્થ સર્જક જોસેફ મેકવાન - (સહસંપાદક) (જાન્યુ-૨૦૧૨)

'અનન્ય' આંબેડકરવાદી સાહિત્ય (અન્ય સાથે) (એપ્રિલ-૨૦૧૭)

- રેખાચિત્રો :

'મા જૂજવા રૂપે'

'મધુકાન્ત કલ્પિતનું ફૂમતું'

➢ હાલ પ્રકાશન છે.

'મધુકાન્ત કલ્પિત-સમગ્ર'

'હુતાશન' વાર્તાસંગ્રહ

➢ સાહિત્ય-સર્જન માટે મળેલ પારિતોષિક એવોર્ડ-ઇનામો :

ગુજરાત સાહિત્ય સંગમ, અમદાવાદનો ૨૦૦૧ માં 'હસિત બૂચ' એવોર્ડ 'Home of letters (India) ભુવનેશ્વર ઓરિસ્સાના 'Creative Gaint-2007' એવોર્ડ ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી દ્વારા 'તરજુમાં' કાવ્યસંગ્રહને શ્રી ચીમનભાઈ સોમાભાઈ પટેલ શ્રેષ્ઠ દલિત કવિતા એવોર્ડ-૨૦૧૧, ગુજરાત સરકારશ્રીનો ૨૦૧૧ નો સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ, ડૉ.બાબાસહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણીના ભાગ રૂપે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીની નિશ્રામાં મારા સમાજ કલ્યાણ ક્ષેત્રે આપેલ વિશિષ્ટ યોગદાન બદલ શાલ, સ્મૃતિચિહ્નથી સન્માન કરવામાં આવ્યું છે.

➢ સર્જનમાં કોઈ પ્રેરણામૂર્તિ હતી ? છે ?

મારા સર્જનની પ્રેરણામૂર્તિ મારા સામે શ્વસતું વિશ્વ છે. હું દોટ મૂકી વિશ્વના ખોળે લપાઉં, વિશ્વ માટે ગજવો ભરી આપે, સ્ફટીક જેવાં સંવેદનોથી. આ રમતમાં જયારે શબ્દ સામેલ થઈ જાય ત્યારે ભયો...ભયો...

**(૧) 'તરજુમો' કાવ્યસંગ્રહની રચના કરતી વખતે કોની પ્રેરણા મળી ?**

મારી ચોપાસ વિપરિત, વિષમતાવાદી, ભેદમૂલક અને અલ્પતાથી પીડાતું વિશાળ વિશ્વ શ્વસે છે. એમની પીડામય ચીસ અને નાભિગત વેદના મને અંદરથી હચમચાવી મૂકે છે. આ તીવ્ર અનુભૂતિ સંવેદનરૂપે ક્યાંક અભિવ્યકત થવા મારી અંદર ધમપછાડા મારે છે. હું આવી જ સૃષ્ટિનો

અવિભાજ્ય અંશ છું, એટલે એના પ્રશ્નો, સમસ્યાઓ, તેનાં દુ:ખ-દર્દ, પીડા-યાતનાઓને વાચા આપવી એને મારી સામાજિક નિસબત અને નૈતિક પ્રતિબધ્ધતા સમજું છું. આ પ્રેરણાઓને શબ્દબધ્ધ કરું એ મારી નિષ્ઠા છે.

**(૨) સાહિત્ય સર્જનમાં કુટુંબના સભ્યોનો ફાળો ખરો ?**

હા. દીકરી નીવડેલી કવયિત્રી છે. એટલે મને એનો સહયોગ સાંપડયો સ્વાભાવિક છે. બાકીનો પરિવાર માનવવિદ્યાઓથી પ્રભાવિત નથી પણ એ સૌએ મને અવગણ્યા વિના, કશી જ દખલ વિના મને સહી લીધો છે. એ પણ નાની સૂની વાત નથી. પરોક્ષ રીતે એમનો સહયોગ મારા પર વર્ષ્યા કરે છે.

**(૩) ત્રણ કાવ્યસંગ્રહોમાંથી તમારો પ્રિય કાવ્યસંગ્રહ કયો છે ? તે કૃતિ વિશે થોડી માહિતી આપો.**

ત્રણેય સંગ્રહો મારાં ત્રણે સંતાનો જેવા જ પ્રિય છે. કાવ્યસંગ્રહોનાં એની અંદર સમાવિષ્ટ સર્જન સામગ્રીથી પોતપોતાના આગવાં મૂલ્ય છે. તેથી એમને એક બે ત્રણ નંબરથી ઓળખાવી ન શકાય. દરેક સંગ્રહને પોતાનો કલાકીય મહિમા છે એટલે એ સમાન મૂલ્યઆંક ધરાવે છે એટલે એમની વચ્ચે સરખામણીનો પ્રશ્ન નથી. 'કેસરિયા ટશરનું આકાશ' કાવ્યસંગ્રહની કલ્પનલીલા પ્રયોગશીલ છે. પ્રસ્તાવનાકાર હસિત બૂચે 'બીજું આકાશ ક્યારે ?' એવા પ્રશ્નાર્થ સાથે સંગ્રહને આવકારતાં લખ્યું છે કે સંગ્રહમાં કવિત્વ-કવિકર્મ, કવિમુડ અને લયવાહી પીંછી 'કેસરિયા ટશરનું આકાશ' માં જે લિજ્જત સર્જે છે એ કવિની શકિતનું ઊંડાણ અનુભવાવે છે. એમાં પ્રગટતાં પાસાં જાત-ભાતનાં છે. એવા જ સત્વથી પુલકિત છે. એમાં મસ્ત-સ્વસ્થ રંગ છે. સુરેખ મૃદુતા, એકાગ્રતા છે અને કોઈ સળંગ વરતાતી વિશાળતા, ગહરાઈ, આત્મિયતા છે. અવનવીન કે બોલકાં

જણાતાં પણ રચના બળે માતબર કરતાં શીર્ષકો ધ્યાન ખેંચવાના, કવિકર્મ લગભગ સળંગ પોતાનું નિશાન અચ્છું વીંધી લે છે. રમણલાલ જોશી લખે છે કે 'ચિત્રાત્મકતા ધ્યાન ખેંચે છે. લય અસરકારક છે. ગામડાની બોલચાલની લઢણો સાથે નગરજીવનની સંસ્કૃતિના સંકેતો પણ તે ક્ષમતાપૂર્વક યોજે છે. કવિની ફાવટ સવિશેષ એમણે યોજેલાં કેટલાંક તાજગીભર્યા ઉપમાનોમાં છે. તો ડૉ. હરીશ વ્યાસ એમને નિજ સંવેદનોને સૌંદર્યપૂર્ણ ઢબે આકૃત કરવા માટે તરવરતા એ ઉત્સાહી કવિ છે. એમની પાસે અનુભવની સચ્ચાઈ, સહજતા, અકૃત્રિમતા, ભાષાની પ્રવાહિતા, વેધકતા, સરળતા તથા કલ્પનો, પ્રતીકો અને પુરાકલ્પનો વગેરેને પ્રયોજવાની કલાત્મક દૃષ્ટિ, અભિવ્યકત કરવાની ભાષાક્ષમતા, કલાસૂઝ અને સૌંદર્ય દૃષ્ટિ પણ છે તો ડૉ.પ્રવીણ દરજી નોંધે છે કે 'કેસરિયા ટશરનું આકાશ' માં વેદનાનો સૂર પ્રણયરૂપે કાવ્યાકાશ પામ્યો છે.

ગીતાસંગ્રહ 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' માટે પ્રસ્તાવનાકાર ઉશનસ્ લખે છે. આ ગીત સંગ્રહમાં રમેશ પારેખની જેમ જ કન્યાના સોળ વર્ષની ઉઘાડના અસમંજસવાળી મનોવૃત્તિવાળી શૃંગારમૂલક રચનાઓ છે, પણ કશું નામ પાડયા વિના જ એને એવી ભાષાનો હિલ્લોળ મળે છે. આ વાગર્થની સંપૃકિત, આ ભાષાઠાઠ, આ લથલચકને હિલ્લોળ એ જ માણવાનું છે. એનો એના અસબાબથી અલગ તારવીને કોઈ બીજો, નામ પડાય તેવો અર્થ શોધવાનો નથી. આ લય-હિલ્લોળ એ જ એનો અર્થ છે. આ ષોડશીના ભાવોને મધુકાન્તની ભાષા અને લય પહોંચી વળે છે એ જ મધુકાન્તની ગીતશકિતનું પરિચાયક તત્વ છે. ગીતસંગ્રહમાં મધુકાન્ત કલ્પિતની ગીતશકિત બરાબર હિલ્લોળે ચઢી છે જે ભાવકને, અલંકરણનો ઉપયોગ થયો છે. કિસા-ગૌતમી, કર્ણ, એકલવ્ય વગેરે પાત્રોનો પુરાકલ્પનીય પ્રયોગ પણ છે. અછાંદસ રચનાઓમાં કવિની પ્રતીતિ

પ્રબળપણે વ્યકત થઈ છે. અહીં નાની અછાંદસ રચનાઓ પણ પાસેની સઘનતા લઈને આવે છે. અહીં જીવાતા જીવનની વાસ્તવિક સ્થિતિનું કેવળ અભિધા સ્તરનું બયાન પણ છાતી સોંસરવું નીકળી જાય એવું છે.'

**(૪) વાર્તાનું લેખન કર્યું છે ? હવે પછી બીજી વાર્તા રચવા માંગો છો? માંગો છો તો કેવા સ્વરૂપની વાર્તાની રચના કરશો ?**

આજ સુધીમાં આઠેક વાર્તાઓ લખાઈ છે. વાર્તાઓ અંગ્રેજી, મરાઠી, હિન્દી, ઉડીયામાં ભાષાંતર થઈ પ્રકાશિત થઈ છે. વાર્તાઓ પ્રતિષ્ઠિત સામયિકો, ઐતિહાસિક સંકલનોમાં પ્રગટ થઈ છે. તજજ્ઞો દ્વારા સારા અભિપ્રાયો રળી પડ્યા છે. પાંચેક વાર્તાના મુસદ્દા મનમાં ઘડાઈ પડ્યા છે. એટલી વાર્તાઓ લખાયા પછી એનો સંગ્રહ કરવાનો મનસૂબો છે. હવે પછી સર્જાનાર વાર્તાઓ પણ દલિત, પીડિત, શોષિત, ઉપેક્ષિત, વંચિત જન સમુદાયના પ્રશ્નો-સમસ્યાઓ તથા તદ્‌જનિત દુઃખ-દર્દ, પીડાયાતનાની વેદના સાથે માનવીય ન્યાય, માનવીય ગૌરવ તથા માનવમૂલ્યની પ્રસ્થાપનાને કેન્દ્રમાં રાખીને જ રચવાનો ઉપક્રમ છે.

**(૫) વિવેચનક્ષેત્રે હાલ 'સાભિપ્રાય' પ્રકાશનમાં છે ? જેની ટૂંકમાં માહિતી આપશો.**

દલિત સાહિત્ય હવે મુખ્ય પ્રવાહમાં પોતાની ઓળખ ઊભી કરીને પ્રતિદિન વિકસતું જાય છે એટલે દલિત સાહિત્યની સંજ્ઞા, સ્વરૂપ, વિભાવના, હેતુ તેમજ એના ભાવિ વિષયક પાયાની જાણકારી માટે ઠેર ઠેર ચર્ચાઓ, ગોષ્ટિઓ, પરિસંવાદો, સેમિનાર યોજાતા રહે છે. આમંત્રિત વકતા તરીકે મારે ઘણા દલિત કાર્યક્રમોમાં ગુજરાતી દલિત સાહિત્યનાં વિવિધ સ્વરૂપો વિશે વકતવ્યો આપવાનું બને છે. અવલોકનાર્થે આવતાં પુસ્તકોમાંથી ગમતાં પુસ્તકો વિશે અભ્યાસ લેખો લખવાનું પણ થાય છે. ઘણા પુસ્તકોની પ્રસ્તાવના માટે પણ કહેણ આવે છે. સાહિત્ય-કલાના

સંશોધનમાં કાયમથી રસ-રુચિ હોવાથી એ નિમિત્તે પણ લેખો લખાય છે. આવા લેખોનું મારા 'સાભિપ્રાય' વિવેચન પુસ્તકમાં સંકલન કરેલું છે. એમાં ૧૩ જેટલા લેખો સમાવિષ્ટ છે. જેવા કે (૧) ગુજરાતી દલિત વાર્તા (૨) મારા વળાંક વચ્ચે-કેફિયત (૩) 'મારી પરણેતર' માં તણખાતો આક્રોશ (૪) રકિતમ વેદનાની સંવેદનગાથા (૫) લાલ લોહીની સંકેત લિપી (૬) ભેદમૂલક સંસ્કૃતિમાં અસ્મિતાબોધ (૭) ગુજરાતી દલિત કવિતા (૮) આસ્ફલ્ટની કાળી સડક પર ઝીબ્રાક્રોસિંગના પટ્ટાઓ (૯) ગુજરાતી સાહિત્યમાં ગુજરાતી દલિત સાહિત્યનો વિકાસ (૧૦) ગુજરાતી દલિત કવિતા અને ભૂમંડલીકરણ (૧૧) વેદનામય ભાવસૃષ્ટિના ઉઘાડની કવિતાઓ (૧૨) અનુભૂતિના આગિયા વચ્ચે (૧૩) પ્રશ્નોત્તર. આમાંના ઘણા લેખો રાજ્ય કક્ષાના રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં રજૂ કરેલા સાહિત્ય વિવેચનમાં વક્તવ્યો છે.

'સેતુ સ્વરૂપ સર્જક ચેતનાના સમીક્ષા લેખો' કેશુભાઇ દેસાઇએ મને મારા 'સાભિપ્રાય' વિવેચન માટે કહ્યું છે.

''સાભિપ્રાય'' માં સમાવિષ્ટ લેખો એમના સ્વવિવેક અને સૂક્ષ્મ સાહિત્યસૂઝની પ્રતીતિ કરાવે છે. તેમ ગુજરાતી દલિત સાહિત્યનો સુરેખ આલેખ પણ ઉપલબ્ધ કરાવે છે. મૂકનાયકની ફરજનિષ્ઠા પણ એમાં પાને પાને છલકાય છે. સંગ્રહના તમામ લેખો ગંભીર છતાં પ્રાસાદિક વિવેચનશૈલીમાં લખાયા છે. એમાં લેખકની કેફિયત અને મુલાકાતનો પણ સમાવેશ થયો હોઈ અભ્યાસીઓને મધુકાન્ત કલ્પિતના પ્રદાન અને સાહિત્યિક દષ્ટિનો પણ આછોપાતળો ચિતાર મળી રહે છે. એમની મૂળ રગ કવિની છે એટલે આ વિવેચન લેખોનું ગદ્ય પણ કવિતાની છાંટવાળું છે. શુષ્ક વિવેચન લેખો સામાન્ય વાચક માટે કંટાળાપ્રેરક બની રહેતા હોય છે. મધુકાન્ત કલ્પિતની વિવેચન શૈલી રૂઢ વિવેચનનો ચીલો ચાતરી એમની મૂળ

રગ તરફ વળતી વરતાય છે. એમની આ ગદ્યછટા લેખોનાં શીર્ષકોથી લઈ વિવેચનની ભૂમિકામાં દષ્ટિગોચર થતી રહે છે.

મધુકાન્ત કલ્પિત પાસે અન્ય દલિત સર્જકોથી નોખી-અનોખી એવી સંસ્કૃત તત્સમ શબ્દોની મોંઘેરી મિરાત છે. એનો વિનિયોગ એમની સર્જનાત્મક કૃતિઓ જેટલો જ આ વિવેચનલેખો અને કેફિયતમાં થયો છે. કદાચ દલિત સાહિત્યની પ્રસ્થાપિત પરિભાષા મુજબ આ લેખકની ભાષાને માની લેવાય અને ખુદ દલિત સાહિત્યકારો જ એમની નિંદા કરે પણ મધુકાન્ત કલ્પિત એમની વિશિષ્ટ શૈલીને કારણે મુખ્ય પ્રવાહ અને દલિત સાહિત્ય વચ્ચેનો સેતુ જરૂર બની રહેશે. આખરે સાહિત્ય તો સાહિત્ય જ રહેવાનું છે.

કવિ મધુકાન્ત કલ્પિતના અમૃતપર્વે આ વિશિષ્ટ ગ્રંથ એમની સર્જતા પોંખતું છોટું બની રહેશે. કવિ ઉપરાંત એમનું કવિત્વમય ગદ્ય તરીકેનું સ્વરૂપ પ્રસ્તુત લેખોમાં ઊડીને આંખે વળગે તે હદે મહોર્યું છે એવા એક વરિષ્ઠ અને સર્વાશ્લેષી સર્જકને અંતઃકરણની શુભેચ્છાઓ પાઠવું છું.

**તા. : ૧૭-૦૯-૨૦૧૮** **કેશુભાઈ દેસાઈ**

**ગાંધીનગર**

કેશુભાઈએ 'સાભિપ્રાય' વિવેચનનો અભિપ્રાય આપ્યો છે.

## (૬) દલિતોની હાલની પરિસ્થિતિમાં સુધારો જોવા મળે છે ખરો ?

દલિતોની દુઃખતી રાગ છે. જાતિવાદ, વર્ણવ્યવસ્થા અને અસ્પૃશ્યતા અને આ ત્રણેયની જનક છે. ભારતીય સંસ્કૃતિમાં કાલક્રમે વિકસેલી વિષમતા અને ભેદમૂલક વ્યવસ્થા-રૂઢિઓ, પરંપરાઓની પકડ એટલી પોલાદી છે કે એમાં માનસિક બદલાવની ભાવના કેળવાતાં ઘણો સમય જાય. એટલે મૂળે તો પરિવર્તનનો પવન પૂરો ન ફૂંકાય ત્યાં સુધી

દલિતોધ્ધારની ખેવના એક માત્ર સપનું બની રહેવાનું દલિતો હવે શિક્ષિત થવા લાગ્યા છે. એમનામાં સ્વભાનની ડુંખ ફૂટી છે. એટલે સ્વમાનની એક સંઘર્ષ ચેતના તેમનામાં ઉન્નત થવા લાગી છે. જાગૃતિ અને સમજના કારણે દલિતોના જીવનધોરણ અને જીવવાની પધ્ધતિમાં સુધારની ધીમી ગતિ જોવા મળે છે પણ સુધાર મામૂલી અને નહિવત છે.

**(૭) 'હુતાશન' વાર્તાસંગ્રહ પ્રકાશનમાં છે ? જેમાં કેટલી વાર્તાઓનો સંગ્રહ છે ?**

'હુતાશન' વાર્તાસંગ્રહ માટે તૈયાર કરેલ હસ્તપ્રતમાં હાલ ૮ વાર્તાઓ છે. (૧) 'અધૂરો પુલ' (૨) 'લાખું' (૩) 'હુતાશન' (૪) 'ચંદા' (૫) 'કુળકથા' (૬) 'મનજી' (૭) 'રમતી' (૮) 'માણસ બની ગયો'. આમાં નવી પાંચ વાર્તાઓ સર્જન આધિન છે. તે પૂર્ણ થયે 'હુતાશન' શીર્ષકથી પ્રકાશિત થશે.

**(૮) હાલમાં એવી કઈ દલિતકૃતિ છે જે ભારતીય ભાષાઓના દરબારમાં આપણે ગૌરવભેર મૂકી શકીએ ?**

જોસેફ મેકવાનનાં રેખાચિત્રો 'વ્યથાનાં વીતક'

**(૯) 'મધુકાન્ત કલ્પિત- સમગ્ર' વિવેચન સંકલન હાલમાં પ્રકાશનમાં છે? જેની થોડી માહિતી આપશો ?**

'મધુકાન્ત કલ્પિત: શેષ-વિશેષ' નામનું વિવેચન સંકલન હવે પછી પ્રગટ થશે. આ પુસ્તકમાં મારાં પ્રકાશિત થયેલ ૧૦ પુસ્તકો પર તજજ્ઞો દ્વારા જે વિવેચનાત્મક લખાયું એવા લેખો આસ્વાદો, કૃતિ સમીક્ષાઓ કે તેને લગતાં નાનાં મોટાં ટાંચણો મુલાકાતો સંકલિત થશે. એમાં ૪૫ વિવેચન લેખો, ૨૫ કવિતાના આસ્વાદો, વાર્તા આસ્વાદો, ૧૭ મોટાં ટાંચણો, ૧૯ નાનાં ટાંચણો, ૯ મુલાકાતો મળી ૧૨૨ લેખો ગ્રંથસ્થ થશે.

**(૧૦) દલિત સાહિત્યકારની ભાવિપેઢી માટે આપનો 'સંદેશ' શો છે ?**

માનવીય ન્યાય અને અધિકારથી તસુ ભારેય ઓછું કંઈ ના ખપે એક માણસને...

- મધુકાન્ત કલ્પિત સર, તમારો ખૂબ ખૂબ આભાર...
- તમારો પણ હાર્દિક આભાર, ગાયત્રીબેન..

# પરિશિષ્ટ-૨

## ફોટોગ્રાફ્સ



મધુકાન્ત કલ્પિત સાથેની મુલાકાત



મધુકાન્ત કલ્પિત સાથેની મુલાકાત

# પરિશિષ્ટ-૩

## :: સંદર્ભ સૂચિ ::


### (૧) આધાર ગ્રંથો :

૧. મધુકાન્ત કલ્પિત - 'તમને ક્યાંક જોયાનું યાદ' (અન્ય સાથે) ૐ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, સપ્ટેમ્બર-૧૯૯૦.

૨. મધુકાન્ત કલ્પિત - 'તરજુમો' ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : જૂન-૨૦૦૮.

૩. મધુકાન્ત કલ્પિત - 'મધુકાન્ત કલ્પિત એક અફવા છે' રન્નાદે પ્રકાશન, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૮

૪. મધુકાન્ત કલ્પિત (સં) (અન્ય સાથે) - 'વાર્તાલોક' (દલિત વાર્તા સંચય), ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, જાન્યુઆરી-૨૦૧૨

૫. મધુકાન્ત કલ્પિત - 'કેસરિયા ટશરનું આકાશ', નવોદિત લેખક સહકારી પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : જાન્યુ.૧૯૭૯

૬. મધુકાન્ત કલ્પિત - 'પ્રત્યક્ષ' ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૮

### (૨) સહાયક ગ્રંથો :

૧. વિજયશાસ્ત્રી 'ગુજરાત દલિત વાર્તા' રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ (૧૯૮૭)

૨. જોસેફ મેકવાન (સં), 'દીકરી હેતની હેલી', સમાજમિત્ર ચેરિટીબલ ટ્રસ્ટ, ગાંધીનગર (૨૦૧૩)

૩. ચંદુ મહેરિયા (સં.), 'માડી મુને સાંભરે રે' ઉત્તમ સાહિત્ય પ્રકાશન સહકારી મંડળી લિ. સુરેન્દ્રનગર, ૧૯૯૪

૪.	ડૉ.પથિક પરમાર, 'ગુજરાતી દલિત વાર્તા : એક નવોન્મેષ' (૧૯૮૭)

૫.	શ્રી હરીશ મંગલમ્ 'ગુજરાતી દલિત વાર્તા : શેષ:વિશેષ' આર.સી.કંપની, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ (૧૯૮૭)

**(૩) સામયિક / લેખો :**

૧.	મધુકાન્ત કલ્પિત 'હયાતી' ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ ચાંદખેડા, માર્ચ-જૂન-૨૦૦૪

૨.	મણિલાલ હ. પટેલ 'હયાતી' માર્ચ : ૨૦૧૫
ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ

૩.	બાબુ દાવલપુરા 'હયાતી' જૂન-૨૦૧૨
ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ

૪.	રાધેશ્યામ શર્મા (લોકસત્તા-જનસત્તા, અમદાવાદ, તા.૮-૪-૨૦૦૯ (દૈનિક સમાચારપત્ર)

૫.	ડૉ.સિલાસ પટેલિયા 'હયાતી' ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, જૂન-૨૦૦૯

૬.	ડૉ.સિલાસ પટેલિયા 'હયાતી' ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, સપ્ટેમ્બર-ડિસેમ્બર-૨૦૦૯


❖ **વિશેષ :**

મધુકાન્ત કલ્પિત લેખકે ચાંદખેડા, અમદાવાદથી પોસ્ટ દ્વારા પોતાના હસ્તાક્ષરોમાં તેમનું કવન અને પુસ્તકો પણ કુરિયર દ્વારા મોકલી આપ્યા હતા. મેં ફોન દ્વારા પણ તેમની સાથે વાતચીત કરીને માહિતી મેળવી હતી.